ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા, શનિવાર, તા. ૨૯-૧-૧૯૮૩ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૧-૧૯૮૩
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	શ્રી. એન. ગોપાલસ્વામી, ઉચ્ચ શિક્ષણસંચાલકશ્રી, ગુજરાત રાજ્ય	હાજર
૪.	ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન	ગેરહાજર
૫.	ડૉ. ઓ. પી. ગુપ્તા, ડિરેક્ટર ઑફ હેલ્થ ઍન્ડ મેડિકલ સર્વિસીસ ઍન્ડ મેડિકલ એજ્યુકેશન	હાજર
૬.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૭.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	હાજર
૮.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૯.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર
૧૦	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૧.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૧૫.	શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ	હાજર
૧૬.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૭.	શ્રી. અનંતરાય ટી. અજમેરા	હાજર
૧૮.	શ્રી. શાન્તુભાઈ સી. પટેલ	હાજર
૧૯.	શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ, કુલસચિવશ્રી	હાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	હાજર
૨૧.	આચાર્ય હરિશંકર પી. પંડ્યા	હાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર.

યાદી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં કુલપતિશ્રીએ નવરચિત એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોને આવકાર આપ્યો અને યુનિવર્સિટીના કામકાજમાં તેમના સાથ અને સહકાર મળતા રહેશે તેવી આશા વ્યક્ત કરી.

તા. ૨૯—૧—૧૯૮૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

બાબત નં. ૩૭ના પાઠની પહેલી લીટીમાં 'તલોદ' એ શબ્દને બદલે 'દાહોદ' એ શબ્દ મૂકીને છાપભૂલ સુધારવી.

[એક્ઝિક્યુટિવ કાઉન્સિલ : તા. ૨૬—૩—૧૯૮૩

એકિઝકયુટિવ કાઉન્સિલ

જાન્યુઆરી માસની સભા : તા. ૨૯–૧–૧૯૮૩

૧. તા. ૨૮-૧૨-૧૯૮૨ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૮–૧૨–૧૯૮૨ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૨ની પેટાબાબત નં. (૨૦)ની બીજી લીટીમાંથી 'આ સાથેની યાદીમાં જણાવેલ' એ શબ્દો રદ કરવા.

(૨) બાબત નં. ૨૪ના પાઠની ત્રીજી લીટીમાં '૧૯૮૧–૮૨' એ શબ્દને ૧૯૮૨–૮૩ એ છાપભૂલ સુધારવી.

(૩) બાબત નં. ૪૬ના પાઠની બીજી લીટીમાં 'રોકર્ડમાં' એ શબ્દને બદલે 'રોકડમાં' એ શબ્દ મૂકીને છાપભૂલ સુધારવી.

(૪) બાબત નં. ૩૧ના પરિશિષ્ટ "ક"માં દર્શાવેલ સ્થાયી સમિતિની તા. ૨૨–૧૦–૧૯૮૨ અને તા. ૧૨–૧૨–૧૯૮૨ની સભાની બાબત નં. ૪ અંગેની ભલામણ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવી :

"આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ બાબત અંગે સ્થાયી સમિતિએ નીમેલ પેટાસમિતિની તા. ૧૩–૧૦–૧૯૮૨ની ભલામણ મુજબ નામાભિધાન રાખવાં. વધુમાં, સૂચિત પગારધોરણો સુધારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(સદરહુ ભલામણો પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)"

(૫) બાબત નં. ૧૧૪ના પાઠની પહેલી લીટીમાં '૧૯૮૧–૮૨' એ શબ્દને બદલે '૧૯૮૨–૮૩' એ છાપભૂલ સુધારવી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) એમ.ડી. બ્રાન્ચ–૧૨ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થી શ્રી. કે. બી. પટેલે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ-અરજી કરેલ હોવાથી તે કેસ માટે એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવા તેમ જ તેમનો ખર્ચ મંજૂર કર્યાનું;

(૨) એમ.ડી.એમ.એસ ડિગ્રીમાં પ્રવેશ અંગેના નવા નિયમોનો અમલ જાન્યુઆરી, ૧૯૮૩થી કરવાનો છે, તે અંગે ડૉ. હિમાંશુ પી. બાવીસી અને બીજાઓએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ-અરજી કરેલ હોઈ તે બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, મહેસાણાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ ગુજરાતની વડી અદાલતમાં અધ્યાપક શ્રી. આર. એમ. કડિયાને મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણામાં પુનઃ નોકરીમાં લેવા બાબતમાં ટ્રિબ્યુનલે આપેલ હુકમના અનુસંધાનમાં સિવિલ એપ્લિકેશન

નં. ૪૩૦૦/૧૯૮૨ કરેલ તે પરત્વે કોર્ટે આપેલ હુકમ પરત્વે લેટર પેટન્ટની અરજી ક્રમાંક ૪૬૧/૧૯૮૨ કરી છે તે કામમાં શ્રી. સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક તથા આનુષંગિક ખર્ચ મંજૂર કરવાનું;

(૪) નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદના બિનશિક્ષક કર્મચારી શ્રી. ઉમાકાન્ત વ્યાસે સંલગ્ન કૉલેજીસ સર્વિસીસ ટ્રિબ્યુનલે હેડક્લાર્કની જગ્યા માટેના વિવાદ પર આપેલ ચુકાદા પરત્વે ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ ઍપ્લિકેશન નં. ૫૨૨૬/૧૯૮૨ કરી છે તે કામમાં યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક તથા આનુષંગિક ખર્ચ મંજૂર કરવાનું;

(૫) શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલીએ જૂન, ૧૯૮૩થી વાણિજ્ય વિદ્યાશાખાના જોડાણ માટે કરેલી અરજી પર મૂકવામાં આવેલી શરતોનું પરિપાલન સંતોષકારક થયું હોઈ સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩. યુનિવર્સિટી અનુદાન આયોગ તરફથી "ઍવોર્ડ ઑફ રિસર્ચ ઍસોસિયેટશિપ" ૧૯૮૨–૮૩ અંગે આવેલ તા. ૨૭–૧૦–૧૯૮૨ના પત્રાંક ઍફ. ૧૬–૪(૮૨) આર.એફ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮–૧૨–૧૯૮૨ની સભામાં યુનિવર્સિટીના ૧૯૮૧–૮૨ના વર્ષનો ઉરમો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે નીમેલ સમિતિએ તૈયાર કરેલ મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનો ઉરમો વાર્ષિક હેવાલ મંજૂર કરવો અને તે યુનિવર્સિટી કોર્ટની વિચારણા માટે મોકલવો.

૫. સ્વ. ડૉ. ન. મૂ. શાહ સ્મારક સન્માનનિધિ ગ્રંથમાળા માટે નીમેલી પ્રકાશન સલાહકાર સમિતિ પર વિજ્ઞાન વિષયના બે વિદ્વાનો પૈકી આચાર્ય એમ જે. પટણી નિવૃત્ત થયેલા હોઈ તેમની જગાએ અન્ય કોઈ વિદ્વાનની નિમણૂક કરવા બાબત :

[**નોંધ.**—સદરહુ સમિતિની રચના નીચે મુજબ છે :

૧. કુલપતિશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી
૩. બે વિજ્ઞાન વિષયના વિદ્વાનો

હાલ બે વિદ્વાનો (૧) આચાર્ય એમ. જે. પટણી અને (૨) આચાર્ય જે. પી. ત્રિવેદી છે, જેમની સમયમર્યાદા તા. ૨૩–૭–૧૯૮૩ના રોજ પૂરી થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સલાહકાર સમિતિ પર આચાર્ય એમ. જે. પટણીની જગ્યાએ ડૉ. એમ. એન. દેસાઈને સદરહુ સમિતિ પર નીમવા.

૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા અને ૧૯૮૩ના વર્ષની પરીક્ષાશુદ્ધિ સમિતિ પર સભ્યોની નિમણૂક કરવા બાબત.

નોંધ.—સને ૧૯૮૨ના વર્ષમાં સભ્યોની યાદી :

(૧) કુલપતિશ્રી
(૨) ડૉ. એમ. એન. દેસાઈ
(૩) પ્રિ. બી. એમ. પીરજાદા
(૪) શ્રી. વી. સી. શાહ
(૫) ડૉ. પી. પી. મહેતા
(૬) પ્રિ. જી. બી. પરીખ
(૭) પ્રિ. ડી. એમ. શીખ
(૮) શ્રી. એ. આર. શાહ
(૯) પ્રો. વી. બી. પટેલ
(૧૦) શ્રી. નરહરિ હીરાલાલ અમીન

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૮૩ના વર્ષની પરીક્ષાશુદ્ધિ સમિતિ પર નીચેના સભ્યોને નીમવા :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય બી. એમ. પીરજાદા
૪. શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ
૫. ડૉ. પી. પી. મહેતા
૬. આચાર્ય ધનશ્યામભાઈ બી. પરીખ
૭. આચાર્ય દર્શનસિંગ એમ. શીખ
૮. શ્રી. કનુભાઈ શાહ
૯. ડૉ. હર્ષદભાઈ દેસાઈ
૧૦. શ્રી. નરહરિ હીરાલાલ અમીન

૭. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા માટે વરણી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મદદનીશ કુલસચિવની જગ્યા માટે નીચેના સભ્યોની વરણીસમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. ઉપકુલપતિશ્રી
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. આચાર્ય એમ. સી. શાહ
૫. આચાર્ય બી. એમ. પીરજાદા
૬. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી
૭. શ્રી. કુલસચિવ.

૮. એ. ડી. શોધન આઈ. એ. એસ. સેન્ટરના ડે. ડાયરેક્ટરની જગ્યા માટે વરણી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એ. ડી. શોધન આઈ.એ.એસ. સેન્ટરના ડેપ્યુટી ડાયરેક્ટરની જગ્યા માટે નીચેના સભ્યોની વરણીસમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. ઉપકુલપતિશ્રી
૩. ડૉ. એમ. એન. દેસાઈ
૪. આચાર્ય બી. એમ. પીરજાદા
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી.
૬. આચાર્ય દર્શનસિંગ શીખ
૭. શ્રી. પ્રો. નરહરિભાઈ પરીખ
૮. આઈ.એ.એસ. સેન્ટરના અધ્યક્ષ
૯. શ્રી. કુલસચિવ

૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧ (૧) (૫) મુજબ એકેડેમિક કાઉન્સિલ પર બે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ કલમ 21 (i) (v)ના પાઠ નીચે મુજબ છે :

21 (1) (v) " Two persons nominated by the Executive Council from amongst its members."]

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ પર નીચેના બે સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ

૨. શ્રી. નરહરિભાઈ પરીખ.

૧૦. કોમ્પ્યુટર સમિતિની તા. ૮-૧૧-૧૯૮૨ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" It is recommended that Rs. 100/- (total) may be paid as honorarium to seminar lectures who have delivered seminars in Diploma in Computer Science course and who may be invited in future subject to total 10 seminars per term."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. શ્રી. મ. લ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસા સંચાલિત કૉલેજોનો વહીવટ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, મોડાસાને સોંપવા માટે ઓ. ૧૨૦-કે અનુસાર અરજી આવી હોઈ તે બાબતમાં સ્થાનિક તપાસ સમિતિ નીમવા બાબત.

[નોંધ.—(૧) જરૂરી અનામત અને બંને મંડળના તે અંગેના ઠરાવો સાથે અરજી આવી છે.

(૨) શિક્ષકોની લેણી રકમ તથા પી.એફ.ની જવાબદારી અને નોકરીના સાતત્યની બાંયધરી આપેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ

૨. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ

૩. આચાર્ય દર્શનસિંગ શીખ

૪. શ્રી. કનુભાઈ શાહ

૧૨. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ તરફથી સંશોધન અને તાલીમ કેન્દ્રને Curriculum design and textbook production વિષયમાં તાલીમ અને સંશોધન માટે જૂન ૧૯૮૩થી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ અનુસાર માન્યતા આપવા માટે વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૩૪).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે

તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને Curriculum design and textbook production"ના વિષયના તાલીમ અને સંશોધન માટે પીએચ.ડી. પદવી માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૪ સુધીની માન્યતા આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંક કરવામાં આવે :
   (૧) અધ્યક્ષશ્રી (પીએચ.ડી. માટેના માર્ગદર્શક શિક્ષકની પાત્રતા ધરાવતા)
   (૨) એક રીડર (,, ,, ,,)
   (૩) એક વ્યાખ્યાતા
   (૪) આવશ્યક રિસર્ચ ફેલોઝ.;
૨. ગ્રંથાલય, સેમિનાર ખંડ, વર્ગ ખંડ, ઑડિયોવિઝ્યુઅલ હૉલ વગેરે જરૂરી સુવિધાઓ સાથેનાં મકાનોની વ્યવસ્થા કરવામાં આવે;
૩. ઑર્ડ, ૧૨૦-સીની નીચે મુજબની કંડિકા (૩) અનુસાર ગ્રંથાલય સુસજ્જ કરવામાં આવે;

ઓ. ૧૨૦-સી (૩) :

That it has a well-equipped library with an adequate number of books, periodicals, old numbers of periodicals manuscripts, if necessary, etc. in the subject.

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું ઘરભાડા ભથ્થું, પ્રો. ફંડ તેમ જ ગ્રેચ્યુઇટી ફંડના લાભો આપવામાં આવે;
૫. અનુસ્નાતક કક્ષાની આ સંસ્થા માટે બંધારણમાં સુયોગ્ય જોગવાઈ કરવામાં આવે; અને
૬. ગ્રંથાલયમાં પુસ્તકો માટે રૂ. ૫૦,૦૦૦નું ખર્ચ કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૩. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (પ્રિન્સિ.) માં ઇતિહાસ અને બી.એ. (સબો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ. કા.બા.ક. ૩૫).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા બી.એ. (સબો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારીભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૪. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩ થી બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક.૩૬).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ કહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૫. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (સબો.)માં સંસ્કૃત અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ અને બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક. ૩૭).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર, નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે

તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (સબો.)માં સંસ્કૃત અને બી.એસસી. (જન.) માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા

(૨) વનસ્પતિવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા

(નવી નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ મોંઘવારી, ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેજ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૬. એમ. એન. કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૮૩થી બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી તથા બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર, બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ તથા બી.એસસી.(સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૩૮).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગર, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ તથા બી.એસસી.(સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના વિષયના એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવાની ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. આંકડાશાસ્ત્રના વિષય માટે બે જર્નલ્સ વસાવવામાં આવે;
૫. આંકડાશાસ્ત્ર વિષયના રૂ. ૨,૦૦૦ની રકમનાં પુસ્તકો વસાવવામાં આવે;
૬. ઇલેક્ટ્રોનિક કેલ્કયુલેટર વસાવવામાં આવે; અને
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૭. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩થી ફર્સ્ટ બી.કૉમ. અને સેકન્ડ બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા સેકન્ડ બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્રના અભ્યાક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા થર્ડ બી.કૉમ. (મુખ્ય)માં ઍડ.ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૩૯).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સાહતની નીચે જણાવેલ શરતોનું પાલન ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૩ સુધીમાં કરે તો તેને એફ.વાય.બી.કૉમ.(મુખ્ય)માં ઍડ. ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, સેકન્ડ બી.કૉમ.(મુખ્ય)માં ઍડવાન્સ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, સેકન્ડ બી.કૉમ.(ગૌણ)માં એસ. પી. અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૬ સુધીનું ચાલુ તથા થર્ડ બી.કૉમ.(મુખ્ય)માં ઍડ. ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૨) કૉમર્સ-ઍકાઉન્ટન્સીના વિષયોના ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા
   (૩) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા
   (૪) બિઝનેસ લૉના ખંડ સમયના એક વ્યાખ્યાતા
   (વધારાની નિમણૂક કરવા માટે રાજ્ય સરકારના પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)
૨. મકાનમાં આવશ્યક વર્ગખંડો ઇત્યાદિ સુવિધાઓ કરી તે મરામત કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષય માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૮. અમદાવાદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી બી.કૉમ.(મુખ્ય)માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ.(ગૌણ)માં એસ.પી અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૪૦).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદને નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ.(મુખ્ય)માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ.(ગૌણ)માં એસ.પી. અને આંકડાશાસ્ત્રના અભ્યાસ મો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. વર્ગોની સંખ્યાના પ્રમાણમાં જરૂરી વ્યાખ્યાન ખંડો અને ટ્યુટોરિયલ અંગેની વ્યવસ્થા કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને

વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૯. એસ. એલ. યુ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩થી એસ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ તથા ટી.વાય. બી.કૉમ.(મુખ્ય)માં ઍડ. ઍકાઉન્ટિંગ-ઍન્ડ ઑડિટિંગ, બિઝનેસ મૅનેજમેન્ટ અને ઍડ. સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૪૧).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. એલ. યુ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને એસ.વાય.બી.કૉમ.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ તથા ટી.વાય.બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બિઝનેસ મૅનેજમેન્ટ અને ઍડ. સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂંકો કરવામાં આવે;

(૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૨) ઍકાઉન્ટન્સી વિષયમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા

(૩) આંકડાશાસ્ત્ર વિષયમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા

(૪) કૉમર્સ વિષયમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા

(૫) બિઝનેસ મૅનેજમેન્ટ વિષયનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા

(૬) બિઝનેસ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા

(નવી નિમણૂંકો કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૪. વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૦. સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાશિનોર તરફથી જૂન ૧૯૮૩ થી બી.એ. (પ્રિન્સિ.) માં અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

(એ.કા.બા.ક્ર. ૪૨)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. ઍન્ડ એસ. એસ. દેસાઈ આર્ટ્સ ઍન્ડ એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાશિનોર, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી તારીખ તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

ઑ. ૧૨૦—એ.ના સંદર્ભમાં અંગ્રેજી તથા સંસ્કૃતના વિષયો માટે જરૂરી અધ્યાપકગણ (નવી નિમણૂંક કરતાં પહેલાં રાજ્ય સરકારની પૂર્વમંજૂરી લઈ યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ પુસ્તકો પાછળ રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે, અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૧. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ તરફથી જૂન ૧૯૮૩ થી બી.એ. (પ્રિન્સિ)માં હિંદીના અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક્ર. ૪૩)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩ થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૨. ડીસા નગરપંચાયત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ડીસા તરફથી જૂન ૧૯૮૩ થી બી.એ. (પ્રિન્સિ) માં અર્થશાસ્ત્ર. ગુજરાતી; બી.એ. (સબો.) માં સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અંગ્રેજી; બી.કૉમ. (મુખ્ય) માં ઍડ.એકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.ના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ તેમ જ બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાક્રમો શીખવવા ચાલુ જોડાણ તથા બી.એ. (સબો.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૪૪)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ડીસા નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (સબો.)માં સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અંગ્રેજી; બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં સેક્રેટરિયલ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪–૬–૧૯૮૩થી કાયમી જોડાણ; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૮ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (સબો.)માં ઇતિહાસના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) ઇતિહાસના એક વ્યાખ્યાતા

(૨) કૉમર્સ અથવા એકાઉન્ટન્સીના (જેની જરૂર હોય તે) એક વ્યાખ્યાતા

(૩) સંસ્કૃતના એક ખંડ સમયના વ્યાખ્યાતા

(૪) મનોવિજ્ઞાનના એક ખંડ સમયના વ્યાખ્યાતા

(નવી નિમણૂંકો કરવાની થાય તે માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે);

૨. કૉલેજનું મકાન યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણેની સુવિધાવાળું તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે તથા જરૂર પ્રમાણે રમતગમતના મેદાનની વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઇતિહાસના વિષય માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે, અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૩. એમ. ઍન્ડ વી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હાલોલ તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ.કા.બા.ક્ર. ૪૫)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. ઍન્ડ વી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હાલોલ, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આચાર્યને ભાડામુક્ત મકાન કે યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણેનું મકાનભાડા ભથ્થું આપવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. સંસ્કૃતનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો ચૂકવી આપવામાં આવે.'

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર, હિન્દી, ગુજરાતી; બી.એ. (સબો.)માં સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, અંગ્રેજી; બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ) માં ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સ અને એસ.પી. ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક. ૪૬).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં અર્થશાસ્ત્ર, હિન્દી, ગુજરાતી; બી.એ. (સબો.)માં સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, અંગ્રેજી; બી.કૉમ.(મુખ્ય)માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ.(ગૌણ)માં ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સ અને એસ.પી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. જૂન ૧૯૮૪ સુધીમાં સંસ્થાનું શૈક્ષણિક કામકાજ જરૂરી સગવડવાળા સંસ્થાની માલિકીના મકાનમાં થશે એવી સ્પષ્ટ બાંયધરી સંચાલક મંડળ આપે અને ત્યાં સુધી કૉલેજના હાલના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે જરૂરી સવલતો ઊભી કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે, અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. એમ. ડી. શાહ કૉમર્સ અને બી. ડી. આર્ટ્સ કૉલેજ, મહુવા તરફથી જૂન ૧૯૮૩ થી બી.એ. (સબો.) માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૪૭).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. ડી. શાહ કૉમર્સ ઍન્ડ બી. ડી. આર્ટ્સ કૉલેજ, મહુવા, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે"

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૬. આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (સબો.)માં હિન્દી, માનસશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર તથા સહકાર અને બી.કૉમ. (ગૌણ) માં બિઝિનેસ સ્ટેટિસ્ટિક્સ અને સહકારના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૪૮).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે

તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ.(સબો.)માં હિન્દી, માનસશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સહકાર; બી.કૉમ. (ગૌણ)માં બિઝનેસ સ્ટેટિસ્ટિકસ અને સહકારના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) હિન્દીના એક વ્યાખ્યાતા
   (૨) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૪) સહકારના એક વ્યાખ્યાતા
   (નવી નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજ પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામાયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. હિન્દી, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર, બિઝનેસ સ્ટેટિસ્ટિકસ અને સહકારના વિષય માટે વિષય દીઠ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. વડનગર નાગરિક સહકારી બંક લિમિટેડ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર તરફથી જૂન ૧૯૮૩થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ.(સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન; બી.કૉમ.(મુખ્ય)માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ. (ગૌણ) માં એસ.પી. તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૪૯).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વડનગર નાગરિક સહકારી બંક આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વડનગર નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ (પ્રિન્સિ.) અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન; બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા

બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉલેજના હાલના મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા નથી તે ઊભી કરવામાં આવે :
   (૧) આચાર્ય, અધ્યાપકગણ અને ઑફિસ સ્ટાફ માટે "ટોયલેટ"ની વ્યવસ્થા.
   (૨) વિદ્યાર્થીઓ માટેના કૉમન રૂમની વ્યવસ્થા, અને
   (૩) ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓ માટે બેસીને વાંચવા માટેની પૂરતી સુવિધા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલા જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. પ્રૉવિડંટ ફંડ ટ્રસ્ટની રચના કરી માન્યતા મેળવવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩ થી બી.કૉમ. (મુખ્ય) માં એડ. એકા. ઍન્ડ ઑડિટિંગ, એડ. બિઝનેસ મૅનેજમેન્ટ, એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સ તથા બી.કૉમ. (ગૌણ) માં એસ.પી., બિઝનેસ કૉમ્યુનિકેશન અને મૅથેમેટિક્સ ફૉર સ્ટેટિસ્ટિક્સના વિષયો શીખવવા માટે વધારાના જોડાણની અરજી (એ.કા.બા.ક્ર. ૫૦).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કૉલેજ, અમદાવાદ, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ.(મુખ્ય)માં એડ. એકા. ઍન્ડ ઑડિટિંગ, એડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટ, એડવાન્સ સ્ટેટિસ્ટિક્સ તથા બી.કૉમ (ગૌણ)માં એસ. પી., બિઝનેસ કૉમ્યુનિકેશન; મૅથેમેટિક્સ ફૉર સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂંક કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;
   (૨) એકાઉન્ટન્સી વિષયના ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા;
   (૩) કૉમર્સ વિષયના ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા;

(૪) આંકડાશાસ્ત્રના વિષયમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા

(૫) બિઝનેસ મૅનેજમેન્ટના વિષયમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા;

(૬) બિઝનેસ લૉના ખંડ સમયના એક વ્યાખ્યાતા.

(અગાઉ મૂકેલી શરતોના સંદર્ભમાં અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને અંગ્રેજીના વ્યાખ્યાતાઓની નિમણૂક કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. જોડાણના પ્રત્યેક વધારાના મુખ્ય વિષય દીઠ રૂ. ૩,૦૦૦ અને પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૮૩થી બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (ઍ.કા.બા.ક્ર. ૫૧).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એસસી (સ્પે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગણિતના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે);

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગણિતશાસ્ત્રનાં પુસ્તકો ખરીદવા માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. નવજીવન સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન, ૧૯૮૩ થી બી.એસસી. (જન.)-માં વનસ્પતિવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ, તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રનો અલગ અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા ક્ર. ૫૨).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે;

(૧) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૨) ગણિતશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા

(નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનાં પુસ્તકો માટે પ્રત્યેક વિષય દીઠ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩થી બી.કૉમ. (મુખ્ય)માં આંકડાશાસ્ત્રના વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (ઑ.કા.બા.ક્ર. ૫૩).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (મુખ્ય)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના વિષયમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોના ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્રનાં પુસ્તકો પાછળ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે અને આંકડાશાસ્ત્રને લગતા ઓછામાં ઓછાં ૩ સામયિકો મંગાવવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩ થી બી.કૉમ. (ગૌણ)માં ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૫૪).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના વિષયમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે (વધારાની નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે);

૨. કૉલેજ મકાનમાં વધારાના જરૂરી વર્ગખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારીભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેજ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૫૫).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્ર વિષયમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે. (નવી નિમણૂક કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.);

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્રનાં પુસ્તકો પાછળ ઓછામાં ઓછાં રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે અને આંકડાશાસ્ત્રને લગતાં ઓછામાં ઓછાં ત્રણ સામયિકો મંગાવવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. તોલાણી કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુર તરફથી જૂન ૧૯૮૩થી બી.કૉમ. (મુખ્ય અને ગૌણ)માં ઍડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટ તથા ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (ઍ.કા.બા.ક. ૫૬).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ કૉમર્સ, આદિપુર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સ તથા ઍડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટમાં અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) બિઝનેસ મૅનેજમેન્ટના વિષયમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા.

(૨) આંકડાશાસ્ત્રના વિષયમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા એક વ્યાખ્યાતા.

(નવી નિમણૂક કરવાની થાય તો તે માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ વર્ષનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ઍડવાન્સ્ડ-બિઝનેસ મૅનેજમેન્ટ અને ઍડવાન્સ્ડ સ્ટૅટિસ્ટિક્સના વિષયો માટે પ્રત્યેક વિષય દીઠ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટેપ્રતિ વર્ષે ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે, અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ, અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણા તરફથી જૂન, ૧૯૮૩થી ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ તથા ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક્ર. ૫૭).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ, મહેસાણા, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન, એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૫-૬-૧૯૮૩થી તા. ૨૪-૬-૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) લેબર લૉઝના એક વ્યાખ્યાતા

(૨) ટેક્ષેશન લૉઝના એક વ્યાખ્યાતા અને

૨. જરૂરિયાત પ્રમાણેના વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. લેબર લૉઝ તેમ જ ટેક્ષેશન લૉઝનાં પુસ્તકો ખરીદવા માટે પ્રત્યેક વિષયદીઠ રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેજ્યુઈટી ફંડ અને ઘર ભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૬. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૮૩ થી ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક.૫૮).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૩ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૨૪-૬-૧૯૮૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :
   (૧) પાત્રતા ધરાવતા આચાર્ય
   (૨) કાર્યભાર પ્રમાણે વ્યાખ્યાતાઓ.
૨. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે અલગ અલગ કૉમન રૂમની વ્યવસ્થા કરવામાં આવે;
૩. ગ્રંથાલયની વ્યવસ્થા કૉલેજના મકાનમાં કરવામાં આવે;
૪. આચાર્યશ્રી માટે અલગ મોટા રૂમની વ્યવસ્થા કરવામાં આવે;
૫. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૬ પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૭. છાત્રાલયના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર વ્યવસ્થા કરવામાં આવે; અને
૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૭. નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૮૩થી બી.કૉમ. (મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (ઍ.કા.બા.ક્ર. ૫૯).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષે ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ માટે) :

(૧) યુનિવર્સિટી વર્કશૉપ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. જી. એમ. અગ્રવાલને તેમના મકાનમાં સુધારા-વધારા કરવા માટે રૂ. ૩૭,૦૦૦ની પ્રૉવિડંટ ફંડ લોન મંજૂર કર્યાનું;

(૨) ગુજરાત રાજ્યની વડી અદાલતમાં નીચે જણાવેલ વિગતની રજૂ થયેલ સ્પે. સિવિલ અરજીઓના કામમાં શ્રી. સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

સ્પે. એપ્લિકેશન નં.	વિગત
૧ ૩૮૮૧/૧૯૮૨	પી. એચ. પટેલ, વ્યાયામ શિક્ષક ન્યૂ મેડિકલ કૉલેજ તથા બીજાઓ વિરુદ્ધ ૧. સ્ટેટ ઑફ ગુજરાત ૨. ડાયરેક્ટર ઑફ ઍજ્યુકેશન ૩ ડાયરેક્ટર ઑફ ટેકનિકલ ઍજ્યુકેશન ૪. ગુજરાત યુનિવર્સિટી પગારધોરણ અંગે

સ્પે. એપ્લિકેશન નં.	વિગત
૨ ૪૮૬૪/૧૯૮૨	પ્રા શંકરલાલ એલ. ચાવરી વિરુદ્ધ ૧. ગુજરાત રાજ્ય ૨. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન ૩. ગુજરાત યુનિવર્સિટી પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદમાંથી સર્વિસ ટર્મિનેટ કર્યા અંગે.

(૩) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુરની બે વિદ્યાર્થિનીઓ અનુક્રમે કુ. અનિલાબહેન શાહ અને કુ. ગીતાબહેન શાહે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ રિટપિટિશનના સંદર્ભમાં આવેલા ચુકાદાને અને તેમાં કરેલ ભલામણોના આધારે કુ. ગીતાબહેન શાહને થર્ડ બી.એ.ના વર્ગમાં તેમણે જે મુખ્ય વિષય રાખ્યો છે તે જ વિષય મુજબ સેકન્ડ બી.એ. પાસ કરવાની શરતે અને અનિલાબહેન શાહને જૂન–૧૯૮૨થી સેકન્ડ બી.એ.ના વર્ગમાં જોડાવાની પરવાનગી આપ્યાનું;

(૪) ડાયરેક્ટર ઑફ મેનપાવર, ગુજરાત રાજ્ય તરફથી ગ્રાન્ટની મદદથી કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગ અંગેના અભ્યાસક્રમ માટેની તાલીમ યોજના ચાલે છે તેમાં વિદ્યાર્થી પાસેથી કોઈ પણ પ્રકારની ટ્યૂશન ફી લેવી નહીં તેવી શરત હોવાથી અલ્પ સાધન વિદ્યાર્થીઓને માટે તે યોજના સરકારી ગ્રાન્ટના નિયમોને અનુલક્ષીને પૂર્વવત્ ચાલુ રાખવાના તથા વધારાનો એક તાલીમ વર્ગ સ્પર્ધાત્મક ધોરણે પ્રવેશ આપી એ અભ્યાસક્રમ માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૫૦૦ (પાંચસો પૂરા)ની ફી લઈને તેમાંથી થનાર આવકમાંથી આ તાલીમ વર્ગનો ખર્ચ નીકળી રહે તે રીતે શરૂ કરવા માટેની મંજૂરી આપ્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩૯. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ મુકામે તા. ૨૯/૩૦ ૩૧ ડિસેમ્બર ૧૯૮૨ના રોજ યોજાયેલ ઑલ-ઇન્ડિયા પર્શિયન ટીચર્સ ઍસોસિયેશન માટે રૂ. ૫,૦૦૦નું અનુદાન મંજૂર કર્યાની જાણ કરતા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૩૦–૧૨–૧૯૮૨ના ઠરાવ ક્રમાંક યુએસજી–૧૦૮૨–૭૬૯૫૭(ખ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુદાનની સાભાર નોંધ લેવી.

૪૦. ડૉ. એ. બી. વોરાના માર્ગદર્શન હેઠળ બોટાની વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રી. એ. જી. પરાપ્પલીએ રજૂ કરેલ મહાનિબંધ પર આવેલ બાહ્ય રેફરીઓના અહેવાલ પર વિચારણા કરવા બાબત :

રેફરી	અભિપ્રાય
૧. ડૉ. જે. ડી. બ્રેવલી કૅનેડા	If the student cannot satisfactory answer the criticisms and questions in some or all of the eight points. I have written them regrettably. I cannot recommend that the thesis be accepted. My general feeling is negative.

રેફરી	અભિપ્રાય
૨. ડૉ. બી. કે. ગોર	મહાનિબંધ પીએચ.ડી. માટે માન્ય ગણે છે.
૩. ડૉ. એ. બી. વોરા	,, ,,
૪. ડા ગેરી એમ. પોલસન કાનસસ	I find that the thesis is aminently be acceptable.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. જે. પરાપ્પલીએ રજૂ કરેલ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકારવો.

૪૧. સંલગ્ન કૉલેજો/સંસ્થાઓમાં જૂન ૧૯૮૩થી જુદી જુદી પદવીઓ અને વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા આવેલ અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. યુ. પી. આર્ટ્સ કૉલેજ, શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ અને શ્રી. વી. એલ. શાહ કૉમર્સ કૉલેજ, પિલવાઈની જૂન ૧૯૮૨થી જોડાણ મેળવવાની અરજી પર શિક્ષકોની નિમણૂકો કરવા માટે મૂકેલી શરતના સંદર્ભમાં શ્રી. એમ. જી. પટેલની કૉમર્સ સ્ટેટિસ્ટિક્સના વ્યાખ્યાતા તરીકે કરેલ નિમણૂક ચાલુ વર્ષ માટે ગ્રાહ્ય રાખવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા અંગે.

[**નોંધ.**—(૧) તેઓ યુનિવર્સિટીના નિયમાનુસાર Consistantly good academic record ધરાવતા નથી.

(૨) સદરહુ કૉલેજનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવા કુલપતિશ્રીએ મંજૂરી આપેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. પટેલની નિમણૂક, ખાસ કેસ તરીકે, ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ ગ્રાહ્ય રાખવી, અને જૂન, ૧૯૮૩થી જરૂરી પાત્રતા ધરાવતા શિક્ષકની નિમણૂક કરવા સદરહુ કૉલેજને જણાવવું.

૪૩. યુ. જી. સી. એ તા. ૬-૩-૧૯૮૨ના પત્રાંક એફ—૪-૪-૧૯૮૦ (બી-૨)થી આ યુનિવર્સિટી માટે છઠ્ઠી પંચવર્ષીય યોજના માટે યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના વિવિધ વિભાગો માટે મંજૂર કરેલ વધારાના શિક્ષકોની જગાઓ ઉપર નિમણૂકો કરતાં પહેલાં અગાઉ પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરેલ પૈકી ખાલી રહેલ જગાઓ તથા નોન-પ્લાનની જગાઓ પર નિમણૂક કરવા અંગેના યુ.જી.સી.ના તા. ૫-૫-૧૯૮૨ના પત્ર ક્રમાંક એફ—૪-૪-૧૯૮૦—(બી.૨) નો નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ રજૂઆત કરવી.

૪૪. તા' ૨૭-૧-૧૯૮૩ ની બજેટ સમિતિએ ઘડેલ સને ૧૯૮૨-૮૩ના પુનર્નિર્મિત બજેટ તેમજ ૧૯૮૩-૮૪ ના વર્ષ માટેના અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બજેટ કમિટીની ભલામણ મુજબ સને ૧૯૮૨-૮૩નું પુનર્નિર્મિત બજેટ તેમ જ ૧૯૮૩-૮૪ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું અને તે યુનિવર્સિટી કોર્ટની વિચારણા માટે મોકલવું.

૪૫. શ્રી. એ ટી. અજમેરાના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

(૧) "તા. ૪–૧–૧૯૮૩ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટ સભાના તમામ પ્રસ્તાવો અને હવે પછી આવનાર કોર્ટસભાના વણ-હાથ ધરાવનાર તમામ પ્રસ્તાવો યોગ્ય પૃથક્કરણ કરી જે તે સત્તામંડળમાં તાત્કાલિક હાથ ધરવા માટેની વ્યવસ્થા વિચારવા માટે એક કાયમી સમિતિની નિમણૂક કરવી."

(૨) "એજ્યુકેશન કોલેજોના અધ્યાપકોને પાઠનિરીક્ષણ માટે દૂર દૂરની શાળાઓમાં જવું પડતું હોય છે. આથી આ સભા ઠરાવે છે કે અધ્યાપકોને પ્રતિમાસ રૂ. ૫૦/– કે યોગ્ય વાહનભથ્થું આપવા સરકારશ્રીને તાત્કાલિક ભલામણ કરવી."

(૩) "સ્ટેચ્યૂટ–૧૦ (૨) હેઠળ દંતવિદ્યાશાખાની બેઠક ફાળવણીની પુનર્વિચારણા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. શાહ સી. કે. મ્યુનિ. કોમર્સ કોલેજ, કલોલમાં કોમર્સ વિષયના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. બી. એમ. પટેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નહીં હોવાથી તેમની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવાની વાણિજ્ય વિદ્યાશાખાની ડીનશ્રીની ભલામણ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. શ્રી. બી. એમ પટેલ સ્નાતક કક્ષાએ સરાસરી ૫૨.૫ ટકા કે યુનિવર્સિટીની કોઈ પણ બે પરીક્ષામાં ૫૦ ટકા ગુણ ધરાવતા નથી.
૨. ગયા વર્ષે સદરહુ નિમણૂક ગ્રાહ્ય રાખવામાં આવી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. પટેલની નિમણૂક, ખાસ કેસ તરીકે, ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ ગ્રાહ્ય રાખવી, અને જૂન, ૧૯૮૩થી જરૂરી પાત્રતા ધરાવતા શિક્ષકની નિમણૂક કરવા સદરહુ કોલેજને જણાવવું.

૪૭. ડી. ડી. ચોકસી કોલેજ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરે, જુલાઈ ૧૯૮૩થી જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો શીખવવા માટે માંગેલ પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજને જુલાઈ, ૧૯૮૩થી જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે શીખવવા માટે ત્રણ વર્ષ માટે મંજૂરી આપવી.

૪૮. આચાર્યશ્રી એસ. ડી. આર્ટ્સ અને બી. આર. કૉમર્સ કૉલેજ, માણસા તરફથી ૧૯૮૨-૮૩ના શૈક્ષણિક વર્ષની ઑર્ડિ. ૯૬ અન્વયે શિક્ષકવર્ગના કર્મચારીગણની આવેલ માહિતીમાં અર્થશાસ્ત્ર, કૉમર્સ અને એકાઉન્ટન્સી વિષયોમાં ઑ. ૧૨૦—એમાં નિર્દિષ્ટ કાર્યભાર કરતાં વધુ કાર્યભાર અપાયેલ છે તે તરફ ધ્યાન દોરતાં સદરહુ કૉલેજના આચાર્યે તેમના તા. ૨૨—૯—૧૯૮૨ ના પત્રથી જણાવ્યું છે કે શિક્ષણ નિયામકશ્રી, અનુસ્નાતક કક્ષાએ જે તાસ લેવામાં આવે છે તેની સામે તેટલા જ તાસ (૧ જેમ ૧) અનુદાનના હેતુસર મંજૂર રાખેલ છે તે અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, ગ્રાન્ટ અંગે રાજ્ય સરકાર સાથે વિચારણા કરવા નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૯. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટના શેડયુલ—૨ માં સ્ટે ૬ ની કલમ (vii) અને (viii) પ્રમાણે બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર ત્રણ વર્ષ ૧૯૮૨—૮૩, ૧૯૮૩—૮૪, ૧૯૮૪—૮૫ માટે નીચે પ્રમાણે નિમણૂક કરવા બાબત :

(૧) યુનિવર્સિટીના એકિઝક્યુટિવ કાઉન્સિલના સભ્યો પૈકી એક,

(૨) હેડઝ ઑફ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ્સમાંથી એક અને

(૩) યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાંથી એક આચાર્યશ્રી

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર ત્રણ વર્ષ માટે નીચે જણાવેલા સભ્યોની નિમણૂક કરવી :

૧. આચાર્ય દર્શનસિંગ શીખ

૨. ડૉ. એમ. એન. દેસાઈ

૩. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ.

૫૦. સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોમાં લેબોરેટરી સ્ટાફને વૅકેશન સ્ટાફ ગણવા એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫-૨-૧૯૭૯ ની સભામાં કરેલ ઠરાવનું પરિપાલન કરાવવા માટે સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોના આચાર્યોને ઘટતી સૂચના મોકલવા અંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ લેબોરેટરી સ્ટાફ યુનિયન, અમદાવાદના મંત્રીશ્રીએ તા. ૧૫—૯—૧૯૮૨ ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કૉલેજોના કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૧. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરી ભલામણ કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૨૨—૯—૧૯૮૨ ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. ડૉ. યોગેન્દ્ર વ્યાસ સંપાદિત "ગુજરાતી વ્યાકરણ" પુસ્તકની રોયલ્ટી આપવા અંગેની બાબતમાં સાહિત્ય મુદ્રણાલયના વ્યવસ્થાપકશ્રી તરફથી આવેલ તા. ૨૦ ઑગસ્ટ ૧૯૮૨ ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ**—૧. સદરહુ પુસ્તકના વેચાણ અંગે સાહિત્ય મુદ્રણાલયે યુનિવર્સિટીને ચૂકવવાની રોયલ્ટી બાબતમાં તા. ૨–૯–૧૯૭૮ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીચે પ્રમાણે ઠરાવેલ છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રકાશકે યુનિવર્સિટીને જે રોયલ્ટી ચૂકવવાની થાય તેની ચુકવણી નીચે મુજબ કરવામાં આવે :

પ્રથમ ૧૦૦૦ નકલોનું વેચાણ થયેથી કુલ મળેલ રોયલ્ટીની ૫૦ ટકા જેટલી રકમ;

બીજી ૧૦૦૦ નકલોનું વેચાણ થયેથી કુલ મળેલ રોયલ્ટીની વધુ ૨૫ ટકા એટલે કે ૭૫ ટકા જેટલી રકમ; અને છેલ્લી નકલોનું વેચાણ થયેથી બાકી રહેલી રોયલ્ટીની રકમ ચૂકવવામાં આવે."

૨. સદરહુ પ્રકાશન માટે હરિ ૐ આશ્રમ તરફથી યોગદાન રૂપે યુનિવર્સિટીને રૂ. ૨૦૦૦ (અંકે રૂપિયા બે હજાર) મળેલ છે, જેમાંથી ડૉ. વ્યાસને રૂ. ૩,૭૬૮-૦૦ ઉચ્ચક રોયલ્ટી રૂપે ચૂકવી આપેલ છે.

૩. સદરહુ પુસ્તકની વેચાણ કિં. રૂ. ૨૫/– રાખવામાં આવેલી છે અને આજ સુધીમાં લગભગ ૧૦૦૦ નકલનું વેચાણ થયું છે, જે માટે હાલ રૂ. ૧,૮૭૫-૦૦ યુનિવર્સિટી રોયલ્ટી પેટે ચૂકવવાના થાય છે.

૪. પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં ૩૦૦૦ નકલ છાપી હતી જે માટે મુદ્રણ, બાઇન્ડિંગ અને કાગળ વગેરેનો કુલ ખર્ચ રૂ. ૪૫,૦૦૦ સદરહુ પ્રેસે ભોગવેલો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સાહિત્ય મુદ્રણાલય સાથે થયેલા કરારમાં કોઈ ફેરફાર કરવો નહીં.

૫૩. ગયા વર્ષે ખંભાતના આર્ટ્સ, સાયન્સ તથા કૉમર્સ કૉલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસેથી રૂ. ૫૦/– શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળના વિકાસાર્થે પછાતવર્ગના બધા જ વિદ્યાર્થીઓ પાસેથી પણ લેવામાં આવે છે તેવી ફરિયાદના સંદર્ભમાં સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૫-૮-૧૯૮૨ના પત્ર પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ નક્કી કરેલી ફી સિવાયની બીજી ફી લેવી તે યુનિવર્સિટીના નિયમો વિરુદ્ધ છે; તેથી તે લઈ શકાતી નથી, તેમ સદરહુ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું.

૫૪. દરામલી એજ્યુકેશન કૉલેજના અધ્યાપકશ્રી એમ. પી. ચૌહાણની કૉલેજ વિરુદ્ધ ફરિયાદ અંગેની તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૫. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ નીચેની સમિતિઓની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓની સેવાની શરતો ઇત્યાદિના પ્રશ્નો અંગેની સમિતિ

૨. સંલગ્ન કૉલેજોના વિવિધ પ્રશ્નો અંગે રચના—સરકાર સમક્ષ રજૂઆત કરવા અંગેની સમિતિ

૩. કૉલેજોના જોડાણ-શરતોના પરિપાલન અંગેની સ્થાયી સમિતિ

૪. કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિ

૫. સ્ટે. ૨૧૦ અન્વયે પેનલમાં ડૉ. વી. સી. શાહની જગ્યાએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના એક સભ્યની નિમણૂક કરવા બાબત.

[**નોંધ.**—ચાલુ પેનલની મુદત તા. ૨૨-૪-૧૯૮૩ સુધીની છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સમિતિઓ પર સભ્યોની નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૬. શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ કુલસચિવશ્રી તરીકે તા. ૩૧-૭-૧૯૮૩ના રોજ નિવૃત્ત થતા હોઈ, સ્ટે. ૧૩૧-એ અન્વયે આ જગા માટે કયા કયા વર્તમાનપત્રોમાં જાહેરખબર આપવી તથા યુનિવર્સિટીમાં ૨૦ વર્ષ કે તેથી વધુ સમય માટે કામ કરતા કર્મચારીઓ માટે લાયકાતનાં ધોરણો હળવાં કરવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સ્ટે. ૧૩૧-એ નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે છે :

The post of the Registrar shall be filled by selection by advertising the same in prominent news-papers in the State to be determined by the Executive Council.).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે નીચે જણાવેલાં વર્તમાનપત્રોમાં જાહેરખબર આપવી :

(૧) 'ગુજરાત સમાચાર', અમદાવાદ

(૨) 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા', અમદાવાદ

(૩) 'ગુજરાતમિત્ર', સુરત

(૪) 'ફૂલછાબ', રાજકોટ

વધુમાં ઠરાવવામાં આવે છે કે ૨૦ વર્ષ કે તેથી વધુ સમય માટે યુનિવર્સિટીમાં સેવાઓ આપી હોય તેવા સ્નાતક ઉમેદવારોની બાબતમાં સ્ટે. ૧૩૧-બી હેઠળ નક્કી કરવામાં આવેલી લાયકાતનાં ધોરણોમાં છૂટછાટ મૂકી શકાશે એમ જાહેરખબરમાં સ્પષ્ટતા માટે ઉમેરવું.

૫૭. ઑર્ડિ. ૧૬૬—૨ (બી) (૧) (૩) (૪) અને (૫) તથા સદરહુ ઑર્ડિ. ના પ્રોવિઝો મુજબ કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ પર સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ઑર્ડિ. ૧૬૬ ની ઉપર નિર્દિષ્ટ કલમો અને પ્રોવિઝો નીચે ટાંકયા છે:]

1. Two members nominated by the Executive Council from amongst its members.
3. Five principals of affiliated colleges nominated by the Executive Council.
4. Two teachers of the University Departments nominated by the Executive Council; and
5. five teachers of the affiliated colleges nominated by the Executive Council.

O. 166—PROVISO :

While nominating members under 2 (b) (1) (3) and (5) above, the Executive Council shall ensure that (i) at least one representative–(1) from the colleges selected by the U.G.C. as lead colleges and (2) at least one representative of the colleges selected by the U.G.C. under the COSIP and COHSIP Programme of the U.G.C. is included.

Moreover, the Executive Council shall also ensure that, as for as possible at least one representative from the colleges in each district under the jurisdiction of the University is included.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ પર સભ્યો નિયુક્ત કરવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૮. "એક્ઝિક્યુટિવ કાઉન્સિલની પુનર્રચનાના સંદર્ભમાં નીચે જણાવેલ બૅંકો સાથે ચાલુ ખાતાની લેવડદેવડ કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોમાંથી ચાર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા	—	યુનિવર્સિટી શાખા	
સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા	—	ભદ્ર	
બૅંક ઑફ ઇન્ડિયા	—	નવરંગપુરા	ગુજરાત યુનિવર્સિટી
બૅંક ઑફ બરોડા	—	યુનિવર્સિટી કૅમ્પસ	જનરલ ફંડ એકાઉન્ટ

નોંધ.— હાલમાં નીચે જણાવેલ વ્યક્તિઓને સહી કરવાની સત્તા આપેલી છે :

૧. શ્રી કે. એસ. શાસ્ત્રી	કુલપતિશ્રી
૨. શ્રી ક. ચં. પરીખ	ઉપકુલપતિશ્રી
૩. આચાર્ય શ્રી એમ. સી. શાહ	એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો
૪. શ્રી પરેશ મજમુદાર	
૫. શ્રી એ. આર. શાહ	
૬. શ્રી એમ. એન. દેસાઈ	
૭. શ્રી બી. એમ. પટેલ	કુલસચિવશ્રી.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, યુનિવર્સિટી શાખા, (૨) સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, ભદ્ર, (૩) બેંક ઑફ ઈન્ડિયા, નવરંગપુરા અને (૪) બેંક ઑફ બરોડા, કેમ્પસ બ્રાન્ચ સાથે ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ એકાઉન્ટ્સના ચાલુ ખાતાની લેવડદેવડ કરવા માટે નીચેના સભ્યોમાંથી કોઈ પણ બે સભ્યોની સહીથી કરવા સત્તા આપવી :

૧. શ્રી. કે. એસ શાસ્ત્રી	કુલપતિશ્રી
૨. શ્રી. કે સી. પરીખ	ઉપકુલપતિશ્રી
૩. ડૉ. એમ. એન. દેસાઈ ૪. શ્રી. એન. એમ. પરીખ ૫. શ્રી. એમ. પી. ભટ્ટ ૬ શ્રી. એમ સી. શાહ	એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો
૭. શ્રી. ભૂ. મ. પટેલ	કુલસચિવશ્રી

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે ચેકોની રકમ રૂ. ૫૦૦/– સુધીની હોય તેવા ચેકોની લેવડદેવડ ચીફ એકાઉન્ટ્સ ઑફિસરની સહીથી કરી શકાશે, અને જે ચેકો રૂ. ૫,૦૦૦/– સુધીની રકમના હોય તેવા ચેકોની લેવડદેવડ યુનિવર્સિટીના ચીફ એકાઉન્ટ્સ ઑફિસર તથા યુનિવર્સિટીના ડેવલપમેન્ટ ઑફિસરની સહીથી કરી શકાશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે ચેકો રૂ. ૧૦,૦૦૦/– સુધીની રકમના હોય તેવા ચેકોની લેવડદેવડ ચીફ એકાઉન્ટ્સ ઑફિસર અને કુલસચિવશ્રીની સહીથી કરી શકાશે.

૫૯. સર્ટિફિકેટ ઇન કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગ કોર્સ અંગે યુનિવર્સિટી કૉમ્પ્યુટરની સમિતિની તારીખ ૮-૧૧-૧૯૮૦ ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

૧. સદરહુ કોર્સ માટે સાંજે પોતાનો સમય આપી શકે તેવા માનદ કોર્સ ડાયરેક્ટર રૂ. ૩૦૦–૦૦ પ્રતિમાસના ઉચ્ચક દરે નીમવા.

૨. એક પાર્ટટાઇમ કલાર્ક રૂ. ૭૫–૦૦ પ્રતિમાસના દરે નીમવા.

૩. એક ટેકનિકલ આસિસ્ટંટ (હંગામી) રૂ. ૫૦૦–૦૦ પ્રતિમાસના દરે નીમવા.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬૦. બાંધકામ સમિતિની તા. ૨૫–૧–૧૯૮૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૫-૧-૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૫-૧-૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૬૧. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩ થી બી.એ.(પ્રિન્સિ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, મનોવિજ્ઞાન તથા બી.એ. (સબો.) માં હિન્દી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સંસ્કૃત તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા સ્ટેટિસ્ટિકસના અભ્યાસ ક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, મનોવિજ્ઞાન; બી.એ. (સબો.)માં હિન્દી, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સંસ્કૃત તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૨) એકાઉન્ટન્સી—કૉમર્સમાં એક વ્યાખ્યાતા (ખંડ સમયનાને સ્થાને પૂર્ણ સમય)

(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા (ખંડ સમયનાને સ્થાને પૂર્ણ સમયના)

(૪) હિન્દીમાં એક ખંડ સમયના વ્યાખ્યાતા અને

(૫) થર્ડ બી.એ.માં ગુજરાતીના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તો એક પૂર્ણ સમયના અને એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે તથા અર્થશાસ્ત્રના એફ.વાય. બી.એ.ના વિદ્યાર્થીઓ એસ.વાય.બી.એ.માં પ્રવેશ મેળવે તો વધારાના એક પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે તેમ જ ચાલુ જોડાણના જે વિષયમાં હાલ વિદ્યાર્થીઓ નથી ત્યાં જો દાખલ થાય તો જે તે વિષયમાં નિમણૂક કરવામાં આવે.

(નવી નિમણૂકો કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.)

૨. કૉલેજમાં વર્ગખંડોની જરૂરિયાત પૂરી કરવા માટે વધારાના વર્ગખંડોનો પ્રબંધ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધોરણ મુજબ શિક્ષકવર્ગનાં તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં

આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૨. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નિમણૂકો અંગે નીચેની યાદીઓની નોંધ લેવા બાબત :

૧. સંલગ્ન કૉલેજોમાં માન્ય થયેલ શિક્ષકોની યાદી.

૨. આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો—જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

૩. જૂન ૧૯૮૧થી જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં માન્ય થયેલા શિક્ષકોની યાદી.

૪. જૂન ૧૯૮૨થી જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં માન્ય થયેલા શિક્ષકોની યાદી.

૫. સંલગ્ન કૉલેજોની જે શિક્ષકોની નિમણૂકો અમાન્ય કરવામાં આવી છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

૬૩. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓએ અજમાવેલ ગેરવાજબી કૌલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૦–૧–૧૯૮૩ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦–૧–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦–૧–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૬૪. યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટરમાં One Year Post B.Sc. Diploma Programme in Computer Science and Application અંગેનો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે યુ. ગ્રા. ક. તરફથી છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળ તા. ૩૧–૩–૧૯૮૫ સુધી આવર્તક તથા અનાવર્તક ખર્ચ માટેની આર્થિક સહાય આપવાનું સ્વીકારેલ હોઈ ત્યાર પછી કાયમી ધોરણે સદરહુ અભ્યાસક્રમ ચાલુ રાખવા માટે જરૂરી અનુમતિ મેળવવા માટે સરકારશ્રીને વિનંતી કરતાં સરકારશ્રી તરફથી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૦૮૨ / ૭૪૮૫૭–ખ, તા. ૩૧–૧૨–૧૯૮૨ અન્વયે જરૂરી અનુમતિ આપ્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના ઉપરોક્ત ઠરાવની નોંધ લેવી અને One-Year Post-B.Sc. Diploma Programme in Computer Science and Applicationનો અભ્યાસક્રમ જૂન, ૧૯૮૩થી શરૂ કરવો.

૬૫. યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ નિયામક તરીકે કામ કરતા શ્રી. લાલજીભાઈ એ. ઠક્કરને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે તેમના ખાતામાંથી રૂ. ૪૩,૦૦૦ ની પ્રો. ફંડની લોન મકાનમરામત માટે આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. લાલજીભાઈ એ. ઠક્કરને મકાનમરામત માટે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી રૂ. ૪૩,૦૦૦ (અંકે રૂપિયા તેંતાળીસ હજાર)ની લોન યુનિવર્સિટી ધારાધોરણો પ્રમાણે મંજૂર કરવી.

૬૬. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યો (જાણ માટે) :

" અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના ઈગ્લુ ટાઇપ ક્વાર્ટર્સને યુનિવર્સિટીના વૉટર વર્કસમાંથી આપવામાં આવતા પાણીપુરવઠાનો વાર્ષિક ચાર્જ તા. ૧-૧-૧૯૮૦થી રૂ. ૨,૦૦૦/-ને બદલે રૂ. ૪,૦૦૦/- (અંકે રૂ. ચાર હજાર પૂરા) મંજૂર કર્યા તે. "

(નોંધ.—વાર્ષિક પાણી ચાર્જ રૂ. ૨,૦૦૦/- અગાઉની તા. ૨૧—૧—૧૯૭૬ની ઈ.સી.માં ઠરાવ નં. ૬૦(૪)થી મંજૂર થયેલ હતો.)

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૭. સને ૧૯૮૨-૮૩ના વર્ષના પુનર્નિર્મિત અંદાજપત્ર તેમ જ ૧૯૮૩-૮૪ ના વર્ષના અંદાજપત્ર જોઈતપાસીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા કુલપતિશ્રીએ નીચેની બજેટ સમિતિ નીમી તેની નોંધ લેવા બાબત.

(૧) ડૉ. એમ. એન. દેસાઈ

(૨) શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૮. ઑર્ડિ. ૬૨—એ હેઠળ ફાઈનાન્સ સમિતિની પુનર્રચના માટેની વિચારણા કરવા બાબત :

[નોંધ.— ૧. ફાઇનાન્સ સમિતિ ઉપર ત્રણ વર્ષ માટે સભ્યો નીમવામાં આવે છે.

૨. ઑ. ૬૨—એ નીચે મુજબ છે :

The members of the Finance Committee shall be :

1. The Vice-Chancellor, Ex-Officio (Chairman)
2. the Pro-Vice-Chancellor if any
3. three other persons appointed by the Executive Council from amongst its members.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર સભ્યોની નિમણૂંક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૬૯. શૈક્ષણિક વર્ષ ૧૯૮૨ દરમ્યાન લેવામાં આવેલ જુદી જુદી વિદ્યાશાખાઓની, પરીક્ષાઓમાં બેઠેલા કેટલાક વિદ્યાર્થીઓના પરિણામો વેરિફિકેશન, આંતરિક ગુણાંકન વિગેરે બાબતમાં થયેલી ભૂલો સુધાર્યાના કારણે, સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યનો નોંધ લેવા બાબત.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ. /૧૩૬૪૭૯/ ૧૯૮૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯.
તા. ૨૧–૨–૧૯૮૩

ભૂ. મ. પટેલ
કુલસચિવ

પરિશિષ્ટ " ક "

કામકાજ ક્રમાંક ૬૦

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૫—૧—૧૯૮૩ ને બુધવારના રોજ સાંજના ૪—૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	હાજર
૩.	શ્રી પી. બી. પટેલ	ગેરહાજર
૪.	શ્રી વી. જે. મિસ્ત્રી	હાજર
૫.	શ્રી એચ. એચ. ભગવતી	ગેરહાજર
૬.	શ્રી આર. સી. સોનપાલ	ગેરહાજર
૭.	શ્રી એમ. સી. શાહ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૪—૧૧—૧૯૮૨ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૪—૧૧—૧૯૮૨ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગેસ્ટ હાઉસના વિકાસ-બાંધકામના સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીને તેઓએ તૈયાર કરેલા પ્લાન એસ્ટિમેટ અંગેની ફી ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગેસ્ટ હાઉસના વિકાસ-બાંધકામ માટે સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીને ફી ચૂકવવા અંગે સ્થપતિ સાથે વિચારવિમર્શ કરીને જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

પ્રમુખશ્રી તરફથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૩. વિદ્યાર્થીઓના છાત્રાલયના બ્લોક " જી "ના મકાન-બાંધકામ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલય બ્લોક " જી "ના બાંધકામ અંગે એડવોકેટ શ્રી. અશ્વિન શાહ સલાહ આપે તો કંત્રાટી મે. ન્યૂ કન્સ્ટ્રકશન કંપનીને માલસામાનનો કબજો લેવા અંગે જાણ કરી, તે ન આવે તો પંચ સમક્ષ માલસામાનનો કબજો લેવા અને કંત્રાટી મે. શંખેશ્વર કન્સ્ટ્રકશન કંપનીને કામ શરૂ કરવા તાકીદ આપવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૨૬--૩—૧૯૮૩ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૬-૩-૧૯૮૩
૧.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૬.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૭.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	હાજર
૮.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૯.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર
૧૦.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૧.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૧૫.	શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ	હાજર
૧૬.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૭.	શ્રી. અનંતરાય ટી. અજમેરા	હાજર
૧૮.	શ્રી. શાન્તુભાઈ સી. પટેલ	ગેરહાજર
૧૯.	શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ, કુલસચિવશ્રી	હાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	હાજર
૨૧.	આચાર્ય હરિશંકર પી. પંડ્યા	હાજર
૨૨.	આચાર્ય ડૉ. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ એ. શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

તા. ૨૬-૩-૧૯૮૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૭ના પાઠની પહેલી લીટીમાં 'કેમિસ્ટ્રા'ને બદલે 'કેમિસ્ટ્રી' મૂકીને છાપભૂલ સુધારવી.

(૨) બાબત નં. ૯૩ના ઠરાવની બીજી લીટીમાં '૩. ૪,૦૦૦-૦૦'ને બદલે '૩. ૪૦,૦૦૦/-' એ આંકડો મૂકીને છાપભૂલ સુધારવી.

(૩) બાબત નં. ૧૦૪ના પાઠની બીજી લીટીમાં 'પચાસ હજાર યેનનું' એ શબ્દોને બદલે 'પચાસ મિલિયન યેનનું' એ શબ્દો મૂકીને છાપભૂલ સુધારવી.

[એક્ઝિક્યુટિવ કાઉન્સિલ : તા. ૨૫-૬-૧૯૮૩

૧૪૯૬-૫૦૦-૫-૧૯૮૩

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

માર્ચ માસની સભા : તા. ૨૬-૩-૧૯૮૩

૧. તા. ૨૯-૧-૧૯૮૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૯—૧—૧૯૮૩ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

બાબત નં. ૩૭ના પાઠની પહેલી લીટીમાં 'તલોદ' એ શબ્દને બદલે 'દાહોદ' એ શબ્દ મૂકીને છાપભૂલ સુધારવી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ):

(૧) એજ્યુકેશન કૉલેજ, પેટલાદના વૉચમૅન રાયસંગ કુલાભાઈની ફરિયાદની બાબતમાં ટ્રિબ્યુનલે આપેલા ચુકાદા ઉપર સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ ગુજરાતની વડી અદાલતમાં સિવિલ એપ્લિકેશન નં. ૫૬૧૭-૧૯૮૨ કરી છે તેના સંદર્ભમાં શ્રી સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૨) અનુસ્નાતક કક્ષાએ મેડિકલમાં પ્રવેશ અંગેના નિયમોની બાબતમાં ડૉ. કે. ભાસ્કર શાસ્ત્રી અને બીજાઓએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટપિટિશન નં. ૨૧૪ કરેલ હોવાથી તે બાબતમાં ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) ભાષા-સાહિત્ય ભવનના હિંદી વિભાગના વ્યાખ્યાતા ડૉ. ભોળાભાઈ એસ. પટેલની વિશ્વભારતી યુનિવર્સિટી શાંતિનિકેતનમાં તુલનાત્મક ભારતીય સાહિત્ય (Comparative Indian Literature) ક્ષેત્રમાં અધ્યયન-સંશોધન કરવા માટે તેઓની તા. ૭-૧-૧૯૮૩ની અરજીના સંદર્ભમાં તેઓશ્રીના તા. ૯—૨—૧૯૮૩થી તા. ૮—૨—૧૯૮૪ સુધી એક વર્ષ માટેની લિયન રાખી બિનપગારી રજા મંજૂર કર્યાનું;

(૪) રાજ્ય સરકારનાં મુદ્રણાલયમાં પ્રત્યેક શનિવારે કામકાજના કલાકો ૪॥ રહેતા હોઈ તે દિવસે આકસ્મિક રજા પર રહેનાર કર્મચારીની ૦॥ દિવસની આકસ્મિક રજા ગણાતી

હોઈ, તે ધોરણ મુજબ યુનિવર્સિટી મુદ્રણાલયમાં પણ શનિવારના દિવસે આકસ્મિક રજા પર રહેનાર કર્મચારીની ૦॥ દિવસની રજા ગણવાનું મંજૂર કર્યાનું;

[**નોંધ.**—યુનિવર્સિટી મુદ્રણાલયમાં કામકાજના કલાકો અને રજાઓનું ધોરણ રાજ્ય સરકારનાં મુદ્રણાલયો મુજબ રાખવામાં આવ્યું છે.]

(૫) વાણિજ્ય વિદ્યાભવનમાં કલાર્ક-ટાઇપિસ્ટ તરીકે નિમાયેલા શ્રી. કે. એસ. પટેલનો અજમાયશી સમય પૂરો થયા બાદ તેઓશ્રીને તા. ૧૦–૬–૧૯૭૮થી કાયમ કર્યાની યાદી પાઠવેલ તેમાં ફક્ત 'જુનિયર કલાર્ક'નો હોદ્દો દર્શાવવામાં આવ્યો હતો તેના બદલે મૂળ નિમણૂક યાદી મુજબ 'કલાર્ક-ટાઇપિસ્ટ'ના હોદ્દા ઉપર તે પ્રમાણે વાંચવા અંગે સુધારો કર્યાના;

(૬) ફેબ્રુઆરી ૧૯૮૪માં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ જોગ્રાફરની ૫મી વાર્ષિક કૉંગ્રેસ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજવા માટે એ સંસ્થાને તેના પ્રમુખશ્રી દ્વારા આમંત્રણ આપ્યાનું;

(૭) ઇન્ડો-જી.ડી.આર. કાર્યક્રમ હેઠળ, યુનિવર્સિટીના ફિઝિક્સ વિભાગમાં જર્મનીથી ૫૫ દિવસ માટે આવેલા ડૉ. જે. ડબલ્યુ. ક્રેમરના યુનિવર્સિટીના અતિથિગૃહમાં રહેવા-જમવાના આઉટ ઑફ પોકેટ ઍલાવન્સના લોન્ડ્રો, લોકલ ટ્રાન્સપોર્ટના, ઇન્ટરનલ ટ્રાવેલના અને ઇન્સિડેન્ટલ માર્જીસ વિ.ના મળી કુલ રૂ. ૫,૫૦૦નું ખર્ચ મંજૂર કર્યાનું;

(૮) કૉમ્પ્યુટર સેન્ટરમાં ચાલતા ડિપ્લોમા અને સર્ટિફિકેટ અભ્યાસક્રમોમાં મુલાકાતી વ્યાખ્યાતાઓને માનદ પુરસ્કારના દરો કૉમ્પ્યુટર સમિતિની ભલામણ મુજબ મંજૂર કર્યાના.

તાસ દીઠ	રૂ. ૩૦/—	લેક્ચરર સમકક્ષ અથવા નીચે
,,	રૂ. ૪૦/—	રીડર સમકક્ષ અથવા લેક્ચરરથી ઉપરના માટે
,,	રૂ. ૫૦/—	પ્રોફેસર સમકક્ષ અથવા રીડરથી ઉપરના માટે.

(૯) "કૉમ્પ્યુટર સેન્ટરને એપ્રિલ માસમાં ઍન્જિનિયર્સ માટે કૉમ્પ્યુટર્સ અને ફોરટ્રાન પ્રોગ્રામિંગ પર વર્ગો ચલાવવાની મંજૂરી આપ્યાના;

(૧૦) નવેમ્બર, ૧૯૮૨ના વાવાઝોડાના કારણે રાજ્યમાં ભણતા વિદ્યાર્થીઓને ટ્યુશન ફીમાં માફી આપવા અંગે શિક્ષણ વિભાગ, ગાંધીનગર તરફથી બહાર પાડેલ તા. ૧૨–૧–૧૯૮૩ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૫૮૨–૭૫૧૩૯–(ખ)ની સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કર્યાનું.

(૧૧) ૧૯૮૨–૮૩ના શૈક્ષણિક વર્ષ દરમિયાન નીચે જણાવેલ વિદ્યાર્થીઓને તેમની કૉલેજોમાં ભૂલથી વાણિજ્ય વિદ્યાશાખાના પ્રથમ વર્ષ બી.કૉમ.ના વર્ગમાં દાખલ કરવામાં આવ્યા હતા તે ધ્યાનમાં આવતાં બીજા સત્રથી તેમને પ્રથમ બી.એ.ના વર્ગમાં જે તે કૉલેજના આચાર્યશ્રી મારફત આવેલ તેમની વિનંતી ગ્રાહ્ય રાખ્યાના;

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કૉલેજનું નામ
૧.	પટેલ પ્રવીણકુમાર ડાહ્યાલાલ	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨.	મકવાણા મગનભાઈ સોમાભાઈ	,, ,,

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કૉલેજનું નામ
૩.	રાણા કીર્તિસિંહ પ્રતાપજી	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
૪.	ખાંટ ગણેશ ગાભાજી	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫.	કોઠારી પરાગ નરેશચંદ્ર	,, ,,
૬.	પરમાર કાન્તાબહેન અરજણભાઈ	એલ. જે. કૉમર્સ ફક્ત વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજ હોવાથી વિદ્યાર્થિનીને સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજમાં પ્રવેશ આપેલ છે.
૭.	પટેલ જયેન્દ્રભાઈ રમણલાલ	સરકારી આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
૮,	ચૌહાણ કીર્તિસિંહ પ્રતાપજી	આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પિલવાઈ
૯.	ચૌધરી ડાહ્યાભાઈ દેવજીભાઈ	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માણસા
૧૦.	ડામોર રામસિંગ કાળુભાઈ	આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર
૧૧.	ખાંટ નાગજીભાઈ રંગજીભાઈ	,, ,,
૧૨.	માલ વિરસિંહજીભાઈ સોમાભાઈ	,, ,,
૧૩.	મહાજન હેમંતકુમાર રજનીકાન્ત	,, ,,

(૧૨) પીએચ.ડી. પદવી માટેના વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તે પદવી માટે પાત્ર જાહેર કર્યાના.

સભાગૃહે સદરહુ બાબતોની નોંધ લીધી.

૩. (૧) વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગનાં ડૉ. સવિતા રૉયની સંશોધન યોજના "Cytogenetic and Biochemical studies on the etiology of non disjunction in down syndrome" માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૮—૨—૧૯૮૩ના પત્રાંક એફ ૨૫—૭/૧૩૬૨૩/૮૩ (એસ.આર. ૧) થી રૂ. ૬,૦૦૦ (અંકે રૂપિયા છ હજાર પૂરા) ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

(૨) મનોવિજ્ઞાન ભવનના ડૉ. કે. જી. દેસાઈની સંશોધન યોજના "The survey the Programmes of Sex Education in different Schools of Gujarat and to find out their impact on the social and psychological adjustment of boys & girls" માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેના તા. ૧-૨-૧૯૮૩ના પત્રાંક એફ ૧૭-૬-૮૨ (એસ.આર.૨) થી રૂ. ૭,૭૦૦ (અંકે રૂપિયા સિત્તોતેર સો પૂરા)ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

(૩) વિજ્ઞાન ભવનના બોટાની વિભાગના વ્યાખ્યાતા ડૉ. એ. પી. સક્સેનાની સંશોધન યોજના "Germination Studies on Quayute" માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૧–૧–૧૯૮૩ના પત્રાંક એફ ૨૫–૪–૧૩૪૨–૧–૮૩ (એસ. આર. ૧) થી રૂ. ૧૦,૦૦૦ (રૂપિયા દસ હજાર પૂરા) ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

(૪) નિવૃત્ત શિક્ષકોને મેજર રિસર્ચ પ્રોજેક્ટ ઇન ધી હ્યુમેનિટીઝ સોશિયલ સાયન્સીઝ અને સાયન્સ-એન્જિનિયરિંગમાં સહાય આપવાની યોજનામાં ઉંમર અંગે નીચે પ્રમાણેની સ્પષ્ટતા કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના તા. ૧–૨–૧૯૮૩ના પત્રાંક એફ ૨૩–૧૦–૮૨ (એસ.આર. ૨) ની નોંધ લેવા બાબત :

I am directed to say that the University Grants Commission has decided not to entertain proposals from retired teachers who are not likely to have three years on the project before attaining 65 of age under the scheme of financial support for Major Research Projects in the Humanities, Social Sciences and Science subjects/Engineering.

(૫) ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે આઈ.આઈ.જી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયન જ્યોગ્રાફર્સનું પાંચમું વાર્ષિક અધિવેશન ફેબ્રુઆરી ૧૯૮૪ માં ભરવા માટેનું આમંત્રણ સ્વીકાર્યાની જાણ કરતા તે સંસ્થાના પ્રમુખશ્રીના તા. ૧૮–૨–૧૯૮૩ના પત્રની નોંધ લેવા બાબત.

(૬) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૮ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યા બાબતના રાજ્ય સરકારના તા. ૨૫–૧–૧૯૮૩ના ગુજરાત ઑર્ડિ. નં. ૩ની નોંધ લેવા બાબત :

"2. The Gujarat University Act, 1949 (Bom. L of 1949).	Disputes as to constitution of University authority or body.	For section 58, the following shall be substituted namely: 58 where any question arises as to— (1) the interpretation of any provision of this Act, or any Statute, Ordinance, Regulation or Rule, or (2) Whether a person has been duly elected or appointed as, or is entitled to be or ceases to be entitled to be a member

of any authority or other body of the University—

(*a*) if may be referred to the State Government if it relates to a matter specified in).

(*b*) it shall be referred to the State Government if—

(*i*) it relates to a matter specified in clause(2) or

(*ii*) if twenty members of the court so require irrespective of whether if relates to a matter specified in clause (1) or clause (2) and the State Government shall after making such inquiry as it deems fit including giving opportunity of being heard where necessary) decide the question and its decision shall be final.

(૧)
(૨) } આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા આગળનાં ઘટતાં પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.
(૩)

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને તે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોને પરિપત્રિત કરવી.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને તે અંગે આગળનાં પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં લાઇફ સાયન્સના અભ્યાસક્રમ અંગે સને ૧૯૮૨-૮૩ના ચાલુ વર્ષ માટે વધારાના રૂ. ૬૫,૦૦૦ નો અંદાજી ખર્ચ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮-૮-૧૯૮૨ની બાબત ક્રમાંક ૨૪ થી મંજૂર કરેલ તેના સંદર્ભમાં કુલપતિશ્રીએ આ માટેની વધારાની સેવાઓ, સદરહુ ભવનના સંબંધકર્તા શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વધારાના કામ માટે વેતન આપવા તથા તે માટેના વધારાના પુરસ્કારની રકમ રૂ. ૧૦૦૦ (એક હજાર) સત્ર દીઠ મંજૂર કર્યાની નોંધ લઈ આ અંગેના વાર્ષિક કુલ અંદાજી ખર્ચમાં રૂ. ૨૦૦૦ (રૂ. બે હજારના) વધારાની જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં લાઈફ સાયન્સના અભ્યાસક્રમ અંગે સને ૧૯૮૨-૮૩ના ચાલુ વર્ષ માટે રૂ. ૨,૦૦૦ના વધારાના ખર્ચની બજેટમાં જોગવાઈ કરવી.

૫. આ યુનિવર્સિટીની બી.કોમ. (બૅંકિંગ વિષય સાથે) પદવી પરીક્ષામાં 'ધી સહયોગ કો.-ઓ. બૅંક લિ. ચન્દ્રક' એનાયત કરવા અંગે મૅનેજર, ધી સહયોગ કો.-ઓ.બૅંક લિ. તરફથી રૂ. ૮,૨૫૦-૦૦ (રૂ. ૭,૫૦૦—૦૦ વત્તા ૭૫૦—૦૦ વર્ષ ૧૯૮૩ માટે)ના પ્રદાનનો સ્વીકાર કરવા અંગે આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(બૅંક તરફથી રૂ. ૮,૨૫૦—૦૦નું પ્રદાન યુનિવર્સિટીને મળેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૬. પ્રોફેસર ઑફ એજ્યુકેશનની જગ્યા માટે વરણી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ઑફ એજ્યુકેશનની જગ્યા માટે વરણીસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન કેમિસ્ટ્રી અને લેક્ચરર ઇન ઝૂલોજીની જગ્યાઓ માટે વરણી સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—અગાઉ આ જગ્યા માટે વરણી સમિતિના નીચેના સભ્યો હતા :

૧. લેક્ચરર ઇન કેમિસ્ટ્રી

૧. પ્રો. વિ. વિ. એસ. મૂર્તિ

૨. ડૉ. જે. એન. ગોર

૨. લેકચરર ઇન ઝૂલોજી

૧. ડૉ. સી. એમ. એસ. દાસ

૨. પ્રો. એન. બી. ઈનામદાર.

આથી ઠરાવવામાં આવે છે કે લેકચરર ઇન કેમિસ્ટ્રી અને લેકચરર ઇન ઝૂલોજીની જગ્યાઓ માટે વરણીસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. કૉમ્પ્યુટર સેન્ટરમાં ડિપ્લોમા ઇન કૉમ્પ્યુટર સાયન્સના કોર્સ માટે રીડર અને લેકચરરની જગ્યા માટે વરણી સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન કૉમ્પ્યુટર સાયન્સના કોર્સ માટે રીડર અને લેકચરરની જગ્યાઓ માટે વરણીસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. સ્ટેચ્યૂટ ૧૩૧–એ પ્રમાણે કુલસચિવશ્રીની જગ્યા માટે વરણી સમિતિની સ્ટેચ્યૂટ ૧૩૧–એ (iii) હેઠળ રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.— (૧) સ્ટેચ્યૂટ ૧૩૧–એ ના પાઠ નીચે પ્રમાણે છે :

No persons shall be appointed Registrar except on the recommendation of a Selection Committee constituted for the purpose and consisting of :

(*i*) The Vice–Chancellor, Ex–Officio Chairman

(*ii*) Pro–Vice-Chancellor, if any

(*iii*) Four persons nominated by the Executive Council from Court members.

The Post of the Registrar shall be filled by selection by advertising the same in prominent news papers in the State to be determined by the Executive Council.

[(૨) સ્ટેચ્યૂટ ૧૩૧—એ (*iii*) પ્રમાણે ચાર સભ્યો નીમવાના રહેશે.]

કુલસચિવશ્રીની જગ્યા માટે વરણીસમિતિ પર એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી ચાર સભ્યોની નિમણૂક કરવા માટે કેટલાક સભ્યોની માગણી પરથી ગુપ્ત મતદાન યોજવામાં આવ્યું. તેના સંદર્ભમાં કુલપતિશ્રીએ ઉપકુલપતિ શ્રી કં. ચં. પરીખની અને કુલસચિવ શ્રી. ભૂ. મ. પટેલની ચકાસણીદાર તરીકે નિમણૂક કરી. તે પછી ગુપ્ત મતદાનની કાર્યવાહી પૂરી થતાં નીચેના ચાર સભ્યોને સદરહુ વરણીસમિતિ પર વધુમતે નીમવામાં આવ્યા :

૧. ડૉ. એમ. એન. દેસાઈ

૨. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી

૩. આચાર્ય દર્શનસિંગ એમ. શીખ

૪. પ્રો. નરહરિભાઈ પરીખ.

૧૦. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના પરિશિષ્ટ "૨" ના સ્ટે. ૫ હેઠળ બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની રચના કરવા માટે તેની કલમ નં. ૫ પ્રમાણે એકેડમિક કાઉન્સિલના ત્રણથી ઓછા નહીં તેવા સભ્યો સહિત સાત સભ્યોને એ બોર્ડ પર નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

કલમ ૫ :

Seven other members nominated by the Executive Council not less than three of whom shall be from the Academic Council.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. શ્રી. એ. આર. શાહ હવે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય રહેતા ન હોવાથી ચીફ એકાઉન્ટ્સ ઑફિસરની જગ્યા માટે વરણી સમિતિના સભ્ય તરીકે તેમને ચાલુ રાખવા કે કેમ અને ન રાખવા હોય તો તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ. — વરણી સમિતિના બાકીના સભ્યો નીચે પ્રમાણે છે :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. શ્રી. બી. એમ. પટેલ, કુલસચિવશ્રી.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ચીફ એકાઉન્ટ્સ ઑફિસરની જગ્યા માટે વરણીસમિતિ પર શ્રી. એ. આર. શાહની જગ્યાએ અન્ય સભ્યને નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓ. સ્ટોર્સ લિ.ની વહીવટી સમિતિએ વર્ષ ૧૯૮૨-૮૩ માટે મૅનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી. બી. જે. પંડ્યાની નિમણૂક કરી તેને મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓ. સ્ટોર્સ લિ.ની વહીવટી સમિતિએ ૧૯૮૨-૮૩ના વર્ષ માટે મૅનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી. બી. જે. પંડ્યાની નિમણૂક કરી છે તેને મંજૂરી આપવી.

૧૩. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની ત્રણ વર્ષની મુદત તા. ૩૧-૧૨-૧૯૮૨ના રોજ પૂરી થઈ ગઈ હોવાથી તેની પુનર્રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. — આ સમિતિમાં નીચેના સભ્યો હતા :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. એમ. એન. દેસાઈ

૩. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
૪. શ્રી. અરવિંદભાઈ આર. શાહ
૫. શ્રી. નરહરિભાઈ અમીન
૬. શ્રી. નરહરિભાઈ પરીખ
૭. શ્રી. શરદભાઈ પટેલ.]

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન એનાલિટિકલ કેમિસ્ટ્રી તરીકે કામ કરતા ડૉ. સી. બી. શાહ ભવનમાં તા. ૧-૮-૧૯૭૮ થી જોડાયા તે પહેલાં એમ. જી. સાયન્સ કૉલેજમાં ચાલુ રહ્યા હોત તો તેમનો મૂળ માસિક પગાર તા. ૧૬-૬-૧૯૮૩ના રોજ રૂ. ૭૪૦-૦૦ મળતો હોત, તેના સંદર્ભમાં તેમને તેઓ તા. ૧-૮-૧૯૭૮થી જોડાયા તે તારીખથી રૂ. ૭૦૦ ને બદલે રૂ. ૭૪૦ નો મૂળ માસિક પગાર આપવા અંગેની તેમની તા. ૧૪—૨—૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કર્મચારીગણના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૫. સેન્ટર ફૉર ડેવલપમેન્ટલ કૉમ્યુનિકેશનમાં કૉ-ઑર્ડિનેટર કમ પ્લેઇસમેન્ટ ઑફિસર તરીકે કામ કરતા શ્રી ડી. એ. અવાસિયાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૪-૩-૧૯૮૩ના રોજ પૂરો થતો હોઈ તા. ૫-૩—૧૯૮૩ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. ડી. એ. અવાસિયાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ડી. એ. અવાસિયાને સદરહુ કેન્દ્ર કૉ-ઑર્ડિનેટર કમ પ્લેઈસમેન્ટ ઑફિસરની જગ્યા પર તા. ૫-૩-૧૯૮૩થી કાયમ કરવા.

૧૬. યુનિવર્સિટી પ્રેસના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણ અને તારીખથી કાર્યક્ષમતા-અંતરાય (E.B.) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

કર્મચારીનું નામ	હોદ્દો	પગારધોરણ	કયા પગારથી	કઈ તારીખથી
		રૂ.	રૂ.	
૧. શ્રી. યુ. એ. શેખ	કંપોઝ ફોરમેન	૩૮૦—૧૨—૪૪૦—૧૫—૪૭૦ ઈબી—૧૫—૫૬૦ ઈબી—૨૦—૬૪૦	૪૭૦	૩-૧૨-૧૯૮૨

	કર્મચારીનું નામ	હોદ્દો	પગારધોરણ	ક્યા પગારથી	કઈ તારીખથી
			રૂ.	રૂ.	
૨.	,, સી. એસ. જૈન	આસિ. કંપોઝ ફોરમેન	૩૫૦–૧૨–૪૧૦–ઈ.બી–૧૨ –૪૭૦ ઈબી ૧૫–૫૬૦	૪૭૦	૨–૧–૧૯૮૩
૩.	,, એન. એ. મહેતા	,,	,,	૪૭૦	૧૫–૧–૧૯૮૩
૪.	,, એ. સી. આચાર્ય	,,	,,	૪૭૦	૨–૧–૧૯૮૩
૫.	,, એચ. એસ. પટેલ	,,	,,	૪૭૦	૨૫–૧–૧૯૮૩
૬.	,, ડી. સી. દીક્ષિત	,,	,,	૪૭૦	૨૧–૨–૧૯૮૩
૭.	,, એ. એફ. પટેલ	,,	,,	૪૭૦	૩૧–૧–૧૯૮૩
૮.	,, પી એચ. પટેલ	,,	,,	૪૭૦	૨૧–૨–૧૯૮૩
૯.	,, એફ. બી પટેલ	,,	,,	૪૭૦	૨૨–૨–૧૯૮૩
૧૦.	,, યુ. એમ. દરબાર	,,	,,	૪૭૦	૭–૪–૧૯૮૩
૧૧.	,, કે. પી. પટેલ	,,	,,	૪૭૦	૨૦–૩–૧૯૮૩
૧૨.	,, એમ. એસ. જોશી	,,	,,	૪૭૦	૧૬–૩–૧૯૮૩

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં અને તારીખથી રૂ. ૪૭૦/– પછીનો કાર્યક્ષમતા–અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૭. કૉમ્પ્યુટર સેન્ટરમાં ડિપ્લોમા કોર્સ ઇન કૉમ્પ્યુટર સાયન્સના કોર્સ માટે રૂ. ૫૦૦ના માસિક માનદ વેતનથી નિમાયેલા માનદ કો-ઑર્ડિનેટર શ્રી. એસ. આર. ઠાકોરની મુદ્દત તા. ૧૧–૪–૧૯૮૩ના રોજ પૂરી થતી હોઈ તે મુદ્દત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા કોર્સ ઇન કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ માટે નીમવામાં આવેલ માનદ કો-ઑર્ડિનેટર શ્રી. એસ. આર. ઠાકોરની મુદ્દત તા. ૩૦–૯–૧૯૮૩ સુધી લંબાવવી.

૧૮. યુનિવર્સિટીના કામકાજ માટે અગાઉથી રકમ આપવાની (એડવાન્સ પેમેન્ટ) ઉપકુલપતિશ્રીને સત્તા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કામકાજ માટે advance તરીકે રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર રૂપિયા) સુધીની રકમ અગાઉથી આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા સાથે બેંકના કામકાજની લેવડદેવડ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯–૧–૧૯૮૩ની સભામાં બાબત નં. ૫૮ થી ચાર સભ્યોને

સહી કરવાની સત્તા આપેલી છે તેમાંથી એક સભ્ય પ્રો. એમ. પી. ભટ્ટે દર્શાવેલી અસંમતિ જોતાં અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

પ્રો. એમ. પી. ભટ્ટે સદરહુ ચેકો ઉપર સહી કરવાની સંમતિ સભાગૃહમાં દર્શાવતાં સદરહુ બાબત અંગે કશું કરવાપણું રહેતું નથી.

૨૦. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ડિસેમ્બર ૧૯૮૨ની આખરમાં આવેલ Visiting Committeeના સભ્યો પૈકીના એક સભ્ય પ્રો. એમ. કે. દાસગુપ્તા કલકત્તા જઈ આવ્યા પછી અચાનક માંદા પડી જતાં તેઓને મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વાડીલાલ સારાભાઇ હૉસ્પિટલ, અમદાવાદમાં અંદરના દર્દી તરીકે દાખલ કરવા પડેલા હતા. તેના તા. ૨૩-૧૨–૧૯૮૨ થી તા. ૩૧–૧૨–૧૯૮૨ સુધીનું તબીબી સારવારનું રૂ. ૧,૭૧૩–૭૦ પૈસાનું કુલ ખર્ચ તથા ગેસ્ટ હાઉસનું બિલ રૂ. ૧૦૪–૨૦ પૈસા મળી કુલ ખર્ચ રૂ. ૧,૮૧૭–૯૦ પૈસા થયું છે તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તબીબી સારવારનું કુલ ખર્ચ રૂ. ૧,૭૧૩–૭૦ પૈસામાંથી યુનિવર્સિટી કાર્યાલયે રૂ. ૨૮૩–૮૦નો ખર્ચ ભરપાઈ કર્યો છે અને રૂ. ૧૪૨૯–૯૦ પૈસા હાલ તરત વિઝિટિંગ કમિટીના સભ્ય પ્રો. દાસગુપ્તાએ ચૂકવ્યા છે.),

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીએ ખર્ચેલી રકમ ખાસ સંજોગો જોતાં માંડી વાળવી.

૨૧. ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્ર વિભાગ માટે અને ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ સાયન્સ રિસર્ચના સંયુક્ત ઉપક્રમે આગામી ઑક્ટોબર નવેમ્બર ૧૯૮૩ માં "National Seminar on Economics Parameters of Indian Polity" વિષય ઉપર યોજાનાર પરિસંવાદ માટે આઈ.સી.એસ.એસ.આર.એ મંજૂર કરેલ રૂ. ૧,૫૦૦–૦૦ની આર્થિક સહાય ઉપરાંતનો વધારાનો ખર્ચ રૂ. ૪,૦૦૦–૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પૂરા) મંજૂર કરવાની રાજ્યશાસ્ત્ર વિભાગના વડાશ્રીના તા. ૪–૨–૧૯૮૩ ના પત્રાંક કેડીડી–૮૩-૨૭૦૨ની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ કાર્યક્રમ માટે રૂ. ૧૫,૦૦૦ આઈ.સી.એસ.એસ.આર.એ મંજૂર કરેલ છે જેની ડિસેમ્બર ૧૯૮૨ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નોંધ લઈ ઘટતાં પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદ માટે રૂ. ૨,૦૦૦ (અંકે રૂપિયા બે હજાર)નો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૨૨. યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં "મિલિટરી સાયન્સ"નો વિષય દાખલ કરવા માટે તથા એન.સી.સી.માં જોડાવા માટે પ્રોત્સાહન આપવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૪-૧૯૮૨ની સભામાં આ બાબત પરત્વે વિગતવાર અહેવાલ રજૂ કરવા માટે નીમવામાં આવેલી સમિતિની તા. ૨૧-૭-૧૯૮૨ના રોજ મળેલી સભામાં કામકાજની યાદી ક્રમાંક — ૨ થી લેફ્ટનન્ટ કર્નલ શ્રી. એચ. એમ. પટેલ, એન.સી. ગ્રૂપ હેડક્વાર્ટર્સ,

અમદાવાદ–૬, એન.સી.સી. માં જોડાવા પ્રોત્સાહન આપવા અંગે કેટલીક છૂટછાટો આપવાનાં સૂચનો પર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭–૧૨–૧૯૮૨ના રોજ મળેલી સભામાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે જે પર વિચારણા કરવા બાબત :

(૧) "આ સમિતિ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોને ભલામણ કરે છે કે પોતપોતાના એન.સી.સી ના એકમોમાં કામ કરનાર એન.સી.સી. કેડેટ્સને જુદી જુદી આઈટેમ્સ જેવી કે બેસ્ટ કેડેટ, બેસ્ટ ટર્નાઉટ, બેસ્ટ શોટ, બેસ્ટ લાઈન્ડ, ડ્રેસિંગ ઈન ધ કેમ્પ, અખિલ ભારતીય કેમ્પમાં વિશિષ્ટ કામગીરી બદલ અને "સી" સર્ટિફિકેટ ઉત્તીર્ણ કરનારની જાહેરમાં કદર સ્વરૂપે વાર્ષિક દિન ઉજવણી પ્રસંગે ઈનામો અથવા ચંદ્રકો આપવા.

(૨) કૉલેજ યુનિયનોમાં એન.સી.સી.ના બેસ્ટ કેડેટને કો–ઓપ્ટ કરવા સંલગ્ન કૉલેજોને ભલામણ કરવી."

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તારીખ ૨૧–૭–૧૯૮૨ની સભાની ભલામણો મંજૂર કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૨૩. યુનિવર્સિટી કેન્ટીન ઉપર સામાન્ય દેખરેખ રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી કેન્ટીન સમિતિની તા. ૯–૨–૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ચાલુ વર્ષના કૉન્ટ્રાક્ટર શ્રી. લલિતકુમાર ભોગીલાલને વર્ષ ૧૯૮૩–૮૪ના એક વર્ષ માટે તેઓનો કૉન્ટ્રાક્ટની મુદત ચાલુ ટેન્ડરની શરતોએ વધારી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૦–૧–૧૯૮૩ના પત્રાંક એફ. ૧–૨૨.૭૭ (સી.પી.) થી નીચે પ્રમાણે જણાવ્યું છે તો તે પર વિચારણા કરવા બાબત :

"The University Grants Commission at its meeting held on 31st December, 1982 reviewed the scheme and agreed to continue providing assistance to the Universities for the College Development Councils upto the end of the Sixth Plan period i.e. 31—3—1985 only.

The Commission also noted that it had earlier been decided that the Director of College Development Council may be paid a fixed salary of Rs. 2000—2500 p.m. and agreed that incumbents may be paid other allowance as admissible to the corresponding employee of the Universities but this would not have a retrospective effect.

The functioning of the College Development Council set up in your University will be reviewed again a year before the close of the current plan so as to decide whether the Scheme may be continued in the Seventh Plan period for which the University will be addressed at the approprite time.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૫. યુનિવર્સિટી બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલફેરમાં ચૂંટાઈ આવેલા વિદ્યાર્થી સભ્યોનો કુલપતિશ્રી સાથે તા. ૩૦—૧૨-૧૯૮૨ના રોજ યોજવામાં આવેલા શુભેચ્છા મિલનના કાર્યક્રમમાં કરવામાં આવેલ નીચેનાં સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

સૂચન :

"યુવક મહોત્સવના આયોજન માટે અત્યારે ઉઘરાવવામાં આવતી ફીમાં જરૂર જણાય તો વધારો કરવો."

નોંધ. — ઑર્ડિ. ૧૭૦ મુજબ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટી ભવનો પાસેથી સત્ર દીઠ રૂ. ૦-૫૦ પૈસાની ફી ઉઘરાવવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે યુવક મહોત્સવના આયોજન માટેની ફીમાં વધારો કરવાની હાલ જરૂર જણાતી નથી.

૨૬. ફેકલ્ટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ હેઠળ ટીચર ફેલો પાસેથી રજિસ્ટ્રેશન ફી, ટ્યુશન ફી, પરીક્ષા ફી, લાઇબ્રેરી ફી, થિસિસ ફી, વગેરે ન લેવાની શકયતા તપાસવાનું સૂચન કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૬-૧—૧૯૮૩ના પત્રાંક એફ. ૨-૨. ૮૧(ટી.એફ. ૧) પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** —૧. યુ.જી.સી.ની ટીચર ફેલોશિપ યોજના હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શિક્ષકોને ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૯/૧૦-૧૨-૧૯૭૮ની સભાએ ઠરાવેલ છે.

૨ જ્યાં પ્રાયોગિક કામ હોય ત્યાં ટ્યુશન ફી સાથે લેબોરેટરી ફીમાંથી મુક્તિ આપવા અંગે વિચારણા કરવાની થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ટીચર ફેલોશિપ યોજના નીચે કામ કરતા શિક્ષકોને રજિસ્ટ્રેશન ફી, ટ્યુશન ફી, પરીક્ષા ફી, લાઇબ્રેરી ફી તથા થિસિસ ફી ભરવામાંથી મુક્તિ આપવી.

૨૭. એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮-૧૨-૧૯૮૨ની સભામાં લેખકોને આપવાના પુરસ્કારની બાબતમાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે તેને અનુલક્ષીને લેખક-લેખકો સાથે કરવાના કરારના મુસદ્દામાં નીચે મુજબ ફેરફાર કરવાનો થાય છે જે મંજૂર કરવા બાબત :

"પ્રકાશન માટેની હસ્તપ્રતો સ્વીકાર થયેથી લેખક-લેખકોને સંયુક્ત રીતે આપવાના પુરસ્કારના ૪૦ ટકા જેટલી રકમ હસ્તપ્રત પ્રકાશન માટે સ્વીકૃત થયેથી ચૂકવવી અને પુસ્તક પ્રકાશિત થઈને બહાર

વેચાણ માટે મુકાય ત્યારે પુરસ્કારના બીજા ૩૦ ટકા જેટલી રકમની ચુકવણી કરવી અને છેલ્લે બાકીના ૩૦ ટકા પુરસ્કાર પુસ્તકના વેચાણના ઉપલક્ષમાં પ્રત્યેક વર્ષે તા. ૩૧મી માર્ચ પછી ચૂકવવાનું રાખવું."

નોંધ.—ગણતરીમાં ૧૦૦૦ નકલ લેવી.

આમ ઉપરોક્ત ઠરાવને લક્ષમાં લઈ નીચે પ્રમાણે કરારનો મુસદ્દો સુધારવો :

(*iv*) The amount of royalty as per clause (*ii*) and (*iii*) shall be paid as under :

1. 40% of the total amount shall be paid to the author/authors jointly on the acceptance by the publisher of the manuscript.
2. 30% of the remaining, amount shall be paid to the author/authors jointly when the book is published.
3. The remaining amount i.e. 30% shall be paid on the basis of the sales effected during the year ending 31st March every year. The amount shall be calculated on the basis of the sales in proportion to the amount due to be paid to the author/authors jointly.

(For this purpose 1000 copies printed for sale only to be considered).

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનો અંગે લેખકોને ચૂકવવાની થતી રકમ મંજૂર કરવા માટેનો પ્રસ્તાવ નીચે પ્રમાણે મંજૂર કરવો :

(*iv*) The amount of royalty as per clause (*ii*) and (*iii*) shall be paid as under :

1. 40% of the total amount shall be paid to the author/authors jointly on the acceptance by the publisher of the manuscript.
2. 30% of the remaining amount shall be paid to the author/authors jointly when the book is published.
3. The remaining amount i.e. 30% shall be paid on the basis of the sales effected during the year ending 31st March every year. The amount shall be calculated on the basis of the sales in proportion to the amount due to be paid to the author/authors jointly.

(For this purpose copies printed for sale only to be considered.)

૨૮. વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૭-૧૨-૧૯૮૨ ની સભામાં ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૮૨ની સભાની ભલામણ મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ગૃહવિજ્ઞાનનો વિષય વિજ્ઞાન વિદ્યાશાખાના વિજ્ઞાનના વિષયો જેવો હોવાથી લેબોરેટરી માટે એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક લેબોરેટરી ઍટેન્ડન્ટની

જરૂરિયાત સ્વીકારવી અને તે માટે ઘટતાં પગલાં લેવા વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ગૃહવિજ્ઞાન, ભૂગોળ અને મનોવિજ્ઞાનના વિષયોમાં લેબોરેટરી માટે એક લેબોરેટરી આસિસ્ટન્ટ અને એક લેબોરેટરી ઍટેન્ડન્ટની જરૂરિયાત સ્વીકારવા રાજ્ય સરકારને ભલામણ કરવી અને સદરહુ બાબત રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવાના મુદ્દાઓ અંગે નિયુક્ત થયેલી સમિતિને પણ મોકલવી.

૨૯. તા. ૪–૧–૧૯૮૩ ના રોજ મળેલ યુનિવર્સિટી કોર્ટની સભાની પ્રશ્નોત્તરીના સંદર્ભમાં મંગાવેલ માહિતી જોતાં સંલગ્ન કૉલેજોમાં કામ કરતા ગ્રંથપાલોને સુધારેલા પગારધોરણમાં બાકી રહેલી રકમ (એરિયર્સ)ની ચુકવણી કેટલીક કૉલેજોએ કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના ગ્રંથપાલોને સુધારેલા પગારધોરણમાં બાકી નીકળતી રકમ ચૂકવવા માટે સંબંધકર્તા કૉલેજોને જણાવવું.

૩૦. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ તથા એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના કર્મચારીઓને રજાનું રોકડમાં રૂપાંતર, મુસાફરી તથા મેડિકલ લાભ આપવાની બાબતમાં ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તેની તા. ૫–૩–૧૯૮૩ ના પરિપત્રાંક પી.એચ.એમ. ૧૦૮૦–૬૭૮ (૮૨) ઝ થી નીચે પ્રમાણે જણાવ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

"એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ અને એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના કર્મચારીઓને રજાનું રોકડમાં રૂપાંતર, મુસફારી અને મેડિકલ લાભ વિગેરે સવલતો આપવાના સરકારશ્રીએ તા. ૨૫–૧૦–૧૯૮૨ના રોજ હુકમો કરેલ છે. ઉક્ત હુકમ અન્વયે સવલત મેળવવાને પાત્ર થતા કર્મચારીઓએ હુકમ થયાની તારીખ પહેલાં જો મુસાફરી કરી હોય તેઓ તે બ્લોક વર્ષ માટે લીવ ટ્રાવેલિંગ કન્સેશન માટે માન્ય રહેશે નહીં; પરંતુ બ્લોક વર્ષના સમયમાં જેઓએ મુસાફરી ન કરી હોય તેઓને નિયમાનુસાર ત્રીજા વર્ષમાં લાભ મળી શકશે."

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારનો સદરહુ ઠરાવ સ્વીકારવો અને તેનો અમલ કરવા ઉપરોક્ત કૉલેજોને જણાવવું.,

૩૧. ફી અંગેનો ઑર્ડિ. ૧૫૯ નીચેના મુદ્દાઓને આવરી લઈ સુધારવાની વિચારણા કરવા બાબત :

૧. કલમ (૧)માં Arts પછી Education ઉમેરવામાં આવે.

૨. કલમ (૩)ની પેટાકલમ (iii)માં Examination & Stationery fee રૂ. ૫ મુકરર કરી છે તેને બદલે રૂ. ૭–૫૦ કરવામાં આવે.

૩. કલમ (૫)માં વિદ્યાર્થી ફી પરત માગણી કરે તે સંબંધિત કૉલેજોની સ્પષ્ટતા "an Arts Education, Science, Commerce or Law શબ્દો "College"ની પૂર્વે ઉમેરવામાં આવે.

૪ કલમ (૫)ની પેટાકલમ (૩)માં " Studies " શબ્દો પછી in a statutory University or a course of studies determined by the Vice-Chancellor as a Professional course of studies for the purpose of such refund. —એ શબ્દો ઉમેરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૫૯માં ઉપર મુજબ સુધારા કરવા અને તે મુજબ સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૨. એપ્રિલ ૧૯૮૨માં લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષામાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓ એકાઉન્ટન્સી વિષયમાં એકસરખા સૌથી વધુ ગુણ યુનિવર્સિટીની પરીક્ષામાં મેળવતા હોવાથી તે વિષય માટે નિયત કરવામાં આવેલ " શ્રી. બાલુભાઈ ગિરધરલાલ ચંદ્રક " કોને એનાયત કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ વિદ્યાર્થીઓએ બધા જ વિષયોના મળી કુલ ગુણ યુનિવર્સિટી પરીક્ષામાં કેટલા મેળવ્યા તે અંગેની વિગતો તેમની સામે દર્શાવવામાં આવી :

બેઠક નંબર	એકાઉન્ટન્સી વિષયમાં મેળવેલ યુનિવર્સિટી પરીક્ષાના ગુણ	યુનિવર્સિટી પરીક્ષામાં મેળવેલ કુલ ગુણ
૧. ૨૫૮૨	૯૦	૩૨૩
૨. ૨૬૦૮	૭૦	૩૭૯
૩. ૨૬૧૩	૭૦	૩૩૧
૪. ૨૭૦૧	૭૦	૩૦૪
૫. ૨૭૩૨	૭૦	૩૬૪
૬. ૨૯૮૬	૭૦	૩૪૨
૭. ૩૦૦૧	૭૦	૩૬૨
૮. ૩૦૨૩	૭૦	૩૬૮
૯. ૩૦૪૧	૭૦	૩૪૮
૧૦. ૩૦૬૫	૭૦	૩૮૫
૧૧. ૨૭૭૬	૭૦	૩૨૭

[**નોંધ.**—એક કરતાં વધુ વિદ્યાર્થીઓ ચંદ્રક માટે થતા હોય તેવા કેસોમાં દરેક વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરવામાં આવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચંદ્રક ઉપરોક્ત વિદ્યાર્થીઓ પૈકી ફર્સ્ટ બી.કૉમ.ની યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થી બેઠક ન. ૩૦૬૫ને એનાયત કરવો.

૩૩. માર્ચ-એપ્રિલ-મે ૧૯૮૩ માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા માટે જે તે કૉલેજોના આચાર્યો-ભવનોના વડા મારફતે આવેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ-મે ૧૯૮૩માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા માટે આવેલી ભલામણો ઉપરથી જરૂરી નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. ડૉ. ટી. એસ. પપોલાના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રી. ખેમરાજ પિછોલિયાએ રજૂ કરેલ મહાનિબંધ પરના બાહ્ય રેફરીઓના આવેલ હેવાલ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	રેફરીઓનાં નામ	રેફરીઓના અભિપ્રાય
૧.	પ્રો. રથ (પૂના)	મહાનિબંધ સ્વીકારતા નથી.
૨.	પ્રો. એસ બી. રાંગણેકર	મહાનિબંધ સ્વીકારે છે.
૩.	ડૉ. ટી. એસ. પપોલા (ગાઈડ)	પ્રો. રથના હેવાલ સાથે સંમત થતા નથી.
૪.	ડૉ. ડી. ડી. નરૂલ્લા (ચોથા રેફરી)	મહાનિબંધ સ્વીકારવા જણાવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ખેમરાજ પિછોલિયાનો મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકારવો.

૩૫. નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદમાં જૂન ૧૯૮૩થી બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તદર્થ (એડહૉક) ધોરણે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—વાણિજ્ય વિદ્યાશાખાના ભૂતપૂર્વ અધ્યક્ષશ્રીનો અભિપ્રાય મંગાવતાં તેમણે જણાવ્યું છે કે વાણિજ્ય વિદ્યાશાખામાં આંકડાશાસ્ત્ર વિષય તરીકે વધુ સ્વીકાર્ય બને તે આવકારદાયક છે તે લક્ષમાં લેતાં અને આંકડાશાસ્ત્ર વિભાગનું કાર્ય વધે તો કાર્ય વધારે સારી રીતે થાય તેવી રજૂઆતને લક્ષમાં લઈ આ સંસ્થાને ગૌણ વિષય તરીકે આંકડાશાસ્ત્ર ભણાવવાની છૂટ આપવી જોઈએ.]

આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદને જૂન ૧૯૮૩થી બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે એક વર્ષ માટે તદર્થ ધોરણે પરવાનગી આપવી.

૩૬. મ્યુનિસિપલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (મુખ્ય)માં સંસ્કૃતના અભ્યાસક્રમ શીખવવા માટેની વિનંતી પર એડહૉક ધોરણે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાને જૂન ૧૯૮૩થી બી.એ.(મુખ્ય)માં સંસ્કૃતનો અભ્યાસક્રમ શીખવવા માટે એક વર્ષ માટે તદર્થ ધોરણે પરવાનગી આપવી.

૩૭. ગુજરાત કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૨થી વાણિજ્ય વિદ્યાશાખાના જોડાણ માટેની અરજીના સંદર્ભમાં મૂકેલી શરતો પૈકી નીચે જણાવેલ ત્રણ વ્યાખ્યાતાઓની નિમણૂકને ગ્રાહ્ય રાખવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શરત	વ્યાખ્યાતાનું નામ
૧.	એકાઉન્ટન્સીના ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા વ્યાખ્યાતા	શ્રી. લાલભાઈ પ. પટેલ
૨.	કૉમર્સના ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ ધરાવતા વ્યાખ્યાતા	શ્રી. નરેન્દ્રભાઈ પ. ચૌહાણ
૩.	બિઝનેસ મૅનેજમેન્ટના ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ ધરાવતા વ્યાખ્યાતા	શ્રી. જીરાલ્ડ ફ્રેન્ક

[**નોંધ.**—૧. ત્રણે વ્યાખ્યાતા શૈક્ષણિક પાત્રતા ધરાવે છે પરંતુ શૈક્ષણિક અનુભવ ધરાવતા નથી.

૨. કૉલેજના આચાર્યે ડી. ઈ. ને લખેલા પત્રની નકલ અત્રે મોકલી છે તેમાં જણાવ્યા પ્રમાણે "સરકારી નિયમ મુજબ પાંચ વર્ષનો અનુભવ ધરાવતા ઈસમને ત્રણ એડવાન્સ ઇન્ક્રિમેન્ટ આપવાની જોગવાઈ છે. પણ પાંચ વર્ષના અનુભવી ત્રણ ઇન્ક્રિમેન્ટના વધારાથી નોકરીમાં જોડાય તેવો સંભવ નથી. એટલે નિમણૂક કરી છે તે શિક્ષકોને અનુભવ નથી.

૩. ગુજરાત કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૯–૧–૧૯૮૩ના પત્રાંક મકમ–વાણિજ્ય વિદ્યાશાખા—૮૨–૮૩–૫૩૭૪–૭૫થી જણાવ્યું છે કે કૉલેજમાં ૧૯૮૧થી એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. આર. સી. મહેતાને એક વર્ષ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નિષ્ણાત તરીકે ૧૯૮૧થી કૉલેજના વ્યાખ્યાતા તરીકે અને પોલિટેકનિકમાં ત્રણ વર્ષ ત્રણ માસનો એમ કુલ પાંચ વર્ષ જેટલો અનુભવ ધરાવે છે તેથી વિભાગના વડા તરીકે તેમને સ્વીકારવા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ગ્રાહ્ય રાખવી, અને જૂન ૧૯૮૩થી જરૂરી પાત્રતા ધરાવતા શિક્ષકોની નિમણૂકો કરવા સદરહુ કૉલેજને જણાવવું.

૩૮. આદિવાસી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સંતરામપુરમાં જૂન ૧૯૮૩થી જોડાણ મેળવવા અંગેની શરતોના પરિપાલનના સંદર્ભમાં નિમાયેલ અર્થશાસ્ત્રના લેક્ચરર શ્રી. કે. સી. સોની જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. કે. સી. સોની કન્સિસ્ટન્ટલી ગુડ ઍકેડેમિક રેકૉર્ડ ધરાવતા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ ગ્રાહ્ય રાખવી, અને જૂન ૧૯૮૩થી જરૂરી પાત્રતા ધરાવતા શિક્ષકની નિમણૂક કરવા સદરહુ કૉલેજને જણાવવું.

૩૯. સૈફી જ્યુબિલી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરમાં વિનયન વિદ્યાશાખા બંધ કરી ક્રમશઃ અંગ્રેજી માધ્યમની વાણિજ્ય વિદ્યાશાખા કરવા અંગેના મંડળના ઠરાવની આચાર્યશ્રીએ જાણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ઑ. ૧૨૦-ઈ કંડિકા (ii) અનુસાર જે વર્ષે બંધ કરવા માગતા હોય તેના આગળના વર્ષના ઑગસ્ટની ૩૧મી તારીખ સુધીમાં અરજી આપવી જોઈએ; જ્યારે અરજી તા. ૧૯-૨-૧૯૮૩ના રોજ આપી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી મુદત બહાર આવેલી હોવાથી સ્વીકારી શકાય નહીં તેમ સદરહુ કૉલેજને જણાવવું.

૪૦. (ક) ૧૯૮૨ના ગુજરાત ઍક્ટ ક્રમાંક ૧૦ થી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ અનુસાર વિનયન અને શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા અલગ થતાં શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા માટે યુનિવર્સિટી કોર્ટની બેઠકોમાં શું પ્રમાણ રાખવું તે પર વિચારણા કરવા બાબત.

(ખ) બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની જોગવાઈઓ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. શ્રી. એ. ટી. અજમેરાના નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ-૧

તા. ૪—૧—૧૯૮૩ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટ સભાના તમામ પ્રસ્તાવો અને હવે પછી આવનાર કોર્ટ સભાના વણ હાથ ધરાનાર તમામ પ્રસ્તાવો યોગ્ય પૃથક્કરણ કરી જે તે સત્તામંડળમાં તાત્કાલિક હાથ ધરવા માટેની વ્યવસ્થા વિચારવા માટે એક કાયમી સમિતિની નિમણૂક કરવી.”

પ્રસ્તાવ-૨

“એજ્યુકેશન કૉલેજોના અધ્યાપકોને પાઠ નિરીક્ષણ માટે દૂર દૂરની શાળાઓમાં જવું પડતું હોય છે. આથી આ સભા ઠરાવે છે કે તે અધ્યાપકોને પ્રતિમાસ રૂ. ૫૦ (રૂ. પચાસ) કે યોગ્ય વાહનભથ્થું આપવા સરકારશ્રીને તાત્કાલિક ભલામણ કરવી.”

પ્રસ્તાવ-૩

“સ્ટેચ્યૂટ ૧૦(૩) હેઠળ દંત વિદ્યાશાખાની બેઠક ફાળવણીની પુનર્વિચારણા કરવી.”

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ ફાઈનાન્સ સમિતિની વિચારણા માટે મોકલવો.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

૪૨. આ યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજમાં કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાતનાં ધોરણો અંગે પ્રો. સી. પી. જોશીના આવેલા નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી આ સભા ઠરાવે છે કે સંલગ્ન કૉલેજોના તેમ જ ભવનોના વ્યાખ્યાતાઓ માટેના લાયકાતનાં ધોરણોમાં 'B Grade'ના અર્થઘટનમાં 'More than 50% of marks' એમ લખવામાં આવ્યું છે તેને બદલે 50% of Marks (More than કાઢી નાખવું) તેમ વંચાય તે રીતે સુધારવું."

આથી ઠરાવવામાં આવે છે કે જોગવાઈ—not less than 50% of marks હોવાથી સદરહુ પ્રસ્તાવ જરૂરી નથી.

૪૩. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૧૨-૧૯૮૨ની સભાની ભલામણ અનુસાર સ્ટે. ૧૦૮ ની હાલની જોગવાઈમાં વિદ્યાશાખા હેઠળ નીચેના વિષયો ઉમેરવા બાબત :

૧. બાયોકેમિસ્ટ્રી
૨. લાઇફ સાયન્સીઝ
૩. કૉમ્પ્યુટર સાયન્સ-એપ્લિકેશન.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૪. ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭-૧૨-૧૯૮૨ના સભામાં શિક્ષણની અભ્યાસ-સમિતિની તા. ૨૫-૯-૧૯૮૧ ની સભાની નીચેની ભલામણનો સૈદ્ધાન્તિક સ્વીકાર કરવા અને ઘટતાં પગલાં લેવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"બી.એડ. પાર્ટ ૧ની પરીક્ષામાં ડમી નંબરો અને મોડરેશનની પ્રથા દાખલ કરવા શિક્ષણની આ અભ્યાસસમિતિને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે બી એડ. પાર્ટ ૨ની પરીક્ષા શરૂ થઈ ગઈ હોવાથી સદરહુ ભલામણ હાલ ને તબક્કે સ્વીકારી શકાય તેમ નથી.

૪૫. એમ.એ. ભાગ ૧ અને ૨ ની પરીક્ષામાં ડમી નંબર રદ કરવાનો પ્રસ્તાવ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૨-૧૯૮૦ ની સભામાં વિનયન વિદ્યાશાખાના વિચારણા માટે મોકલેલ તે અંગેની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮-૧-૧૯૮૧ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭-૧૨-૧૯૮૨ની સભામાં કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિનયન વિદ્યાશાખાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કક્ષાએ પરીક્ષામાં ડમી નંબરની પ્રથા રાખવી તથા દરેક પ્રશ્નપત્રમાં બે વિભાગો પાડી જુદા જુદા પરીક્ષકોને તપાસવા માટે મોકલવામાં આવે છે તે પ્રથા બંધ કરી અગાઉની માફક ડબલ એસેસમેન્ટની પ્રથા દાખલ કરવી."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. ભાગ ૧ અને ૨માં હાલની જોગવાઈ પ્રમાણે બે વિભાગો રાખીને જુદા જુદા પરીક્ષકોને પરીક્ષણ માટે મોકલવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. ભાગ ૧ અને ૨ની પરીક્ષણ અંગેની હાલની પ્રથા ચાલુ રાખવી.

૪૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-સ્ટેટિસ્ટિક્સની એક જગ્યા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૩૧-૩-૧૯૮૨ના પત્રથી મંજૂર કરી છે તે જગ્યા સ્થાપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૧૨-૧૯૮૨ નો સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા ઊભી કરવી અને રાજ્ય સરકારની મંજૂરી મળેથી તે ભરવા પગલાં લેવાં.

૪૭. એસ. વાય. બી.એસસી.માં ગૌણ વિષય શીખવા માટે જે કૉલેજોએ જોડાણ મેળવેલું ના હોય તેવી કૉલેજોને ગૌણ વિષય શીખવવાની પરવાનગી આપવાની વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૮૨ની સભાની ભલામણ મંજૂર કરવા અને આ માટે જોડાણ માગવાની જરૂર રહેશે નહીં તેવી સ્પષ્ટતા કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૧૨-૧૯૮૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૮. તબીબી વિદ્યાશાખાની તા. ૧૩-૭-૧૯૮૨ની સભાની ભલામણ પ્રમાણે ઑર્ડિ. એમ.ડી. ૧૪ અને ઑર્ડિ. એમ.એસ. ૧૩ રદ કરવા અને ઑર્ડિ. એમ.ડી. ૧૩, ઑર્ડિ. એમ.એસ. ૧૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૧૨-૧૯૮૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"A candidate after having passed post-graduate diploma in a subject registering for a post-graduate degree in the same subject will be required to put in atleast two academic years or four academic terms' regular training in the department concerned prior to appearing at M.D./M.S. degree examination.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૯. માર્ચ-એપ્રિલ ૧૯૮૨નાં વર્ષ માટે નિયત કરેલ જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાયોગિક ધોરણે અપનાવવામાં આવેલ પુનર્મૂલ્યાંકન અંગે કાર્યાલયના અહેવાલને અનુલક્ષીને જરૂરી નિર્ણય લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પુનર્મૂલ્યાંકન અંગેની હાલની યોજના ચાલુ રાખવી.

૫૦. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને આઇનોસ્ફેરિક રિસર્ચ પ્રોજેક્ટ (Ionospheric Research Project) માટે સ્ટાફ ક્વાર્ટર્સમાં ૫-૨૫ વધુ ત્રણ વર્ષ (તા. ૩૧-૩-૧૯૮૫ સુધી આપવા માટે પી.આર.એલ.ના તા. ૧૯-૪-૧૯૮૨નો પત્ર તથા યુનિવર્સિટીના ભૌતિક વિભાગના વડાના પત્ર નં. ૧૩૪૪, તા ૬-૧૦-૧૯૮૨ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અગાઉ એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૨૬/૨૭-૪-૧૯૮૦માં ઠરાવ નં. ૮૮થી આ રહેઠાણની સમયમર્યાદા તા. ૩૧-૩-૧૯૮૨ સુધી વધારી આપેલ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના માટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને ફાળવવામાં આવેલુ યુનિવર્સિટીનું રહેઠાણ તેમને વધુ એક વર્ષ માટે આપવું.

૫૧. (૧) ચંદ્રક એનાયત કરવા અંગેની એક શરત જે નીચે પ્રમાણે છે :

"ચંદ્રક વિજેતાનું નામ શક્ય હશે ત્યાં સુધી પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે તથા ચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે."

ઉપરોક્ત શરતને બદલે હવે પછી ચંદ્રક અંગે મળતાં પ્રદાનોમાં ઉપરોક્ત શરત નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે વિચારણા કરવા બાબત :

"ચંદ્રક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે."

(૨) વધુમાં નીચેના ચંદ્રક એનાયત કરવા અંગેની શરતો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત:

૧. ડૉ. જી. આર. બોડીવાલા ચંદ્રક
૨. સ્વ. નરોત્તમદાસ એસ. શાહ રૂપાલવાલા તથા નાનીબહેન એન. શાહ ચંદ્રક
૩. શ્રીમતી સંતોકબા અમથારામ પટેલ ચંદ્રક
૪. પ્રો. એચ. એન. રાવલ ચંદ્રક.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચંદ્રક એનાયત કરવા માટેની સદરહુ સુધારેલી શરત મંજૂર કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ચંદ્રકો એનાયત કરવા માટેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ક (૧)"થી "ક (૪)" તરીકે સામેલ છે.)

૫૨. એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮-૧૨-૧૯૮૨ની સભામાં સ્વીકારવામાં આવેલ "શ્રી કેશવલાલ નાથુરામ પંડ્યા અને શ્રીમતી મહાલક્ષ્મી કેશવલાલ પંડ્યા સંસ્કૃત સ્કોલરશિપ" ગુજરાત યુનિવર્સિટીની બી.એ. પરીક્ષા માટે એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્કોલરશિપ અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૫૩. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧-૮-૧૯૮૨ની સભામાં સ્વીકારવામાં આવેલ "શ્રી ચંદ્રકાંત દરુ મેમોરિયલ ટ્રસ્ટ ચંદ્રક" આ યુનિવર્સિટીની એમ.એલ.ડબલ્યુ પરીક્ષા માટે એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧-૧૯૮૦ની સભામાં સ્વીકારવામાં આવેલ "ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયા પારિતોષિક" ગુજરાત યુનિવર્સિટીની થર્ડ બી.કૉમ. પરીક્ષા માટે એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૫૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન ૧૯૮૩ થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારની સુવિધાઓ કરવામાં આવે અને વિદ્યાર્થીઓને બેસવા માટે જરૂરી પાટલીઓ વસાવવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનો પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

૬૨. દરામલી એજ્યુકેશન કૉલેજના અધ્યાપકશ્રી એચ. પી. ચૌહાણની કૉલેજ વિરુદ્ધ ફરિયાદ અંગેની તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત :

બાબત નં. ૫૫ અને બાબત નં. ૬૨ ઉપર સાથે વિચારણા કરવામાં આવી. તે પછી બાબત નં. ૫૫ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. બાબત નં. ૬૬ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે વધુ તપાસ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. આચાર્ય બી. એમ. પીરઝાદા
૩. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
૪. આચાર્ય હર્ષદભાઈ દેસાઈ
૫. શ્રી. નરહરિભાઈ અમીન.

૫૬. દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાન અને બી.કૉમ. (મુખ્ય)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને એફ.વાય.બી.એ.માં ગૃહવિજ્ઞાન અને એફ.વાય. બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૨) ગૃહવિજ્ઞાનના ત્રણ વ્યાખ્યાતા
(તબક્કાવાર પ્રથમ બી.એ.–૧, દ્વિતીય બી.એ.–૧, તૃતીય બી.એ.–૧)
(૩) જનરલ સાયન્સ માટેના એક પૂરા સમયના અથવા બે ખંડ સમયના વ્યાખ્યાતા
(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે જરૂરી લેબોરેટરી સ્ટાફ

નવી નિમણૂંકો કરતી વખતે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે;

૨. પ્રયોગશાળાઓ માટે ઓરડાઓ તથા વ્યાખ્યાન ખંડોની યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે પૂરતી જોગવાઈ કરવામાં આવે;

૩. પૂરતા હવા-ઉજાસવાળી તથા જરૂરી સાધનોથી સજ્જ એવી ફૂડ અને ન્યુટ્રિશન, હોમ મૅનેજમેન્ટ, ક્લોથિંગ ઍન્ડ ટેક્સટાઈલ તેમ જ જનરલ સાયન્સના પ્રયોગશાળાઓનો પ્રબંધ કરવામાં આવે;

૪. રૂ. ૩૦૦૦ના આંકડાશાસ્ત્રના વિષયને લગતાં આધુનિક અભિગમ ધરાવતાં પુસ્તકો ખરીદવામાં આવે તેમ જ રૂ. ૩,૦૦૦નાં ગૃહવિજ્ઞાનને લગતાં વિવિધ વિષયનાં પુસ્તકો ખરીદવામાં આવે;

૫. ગૃહવિજ્ઞાનના વિષયનાં ઓછામાં ઓછાં ત્રણ અને આંકડાશાસ્ત્ર વિષયનાં ઓછામાં ઓછાં બે સામયિકો ખરીદવામાં આવે;

૬. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળ-માંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૭. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦ને આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.''

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫-એ અન્વયે ફૉરેન્સિક સાયન્સ લેબોરેટરી, અમદાવાદને સ્થાનિક તપાસસમિતિની ભલામણ મુજબ સ્વીકૃત સંસ્થા તરીકે માન્યતા આપવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૧૨-૧૯૮૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકા. બાબત ક્રમાંક-૭૯)

આથી ઠરાવવામાં આવે છે કે ફૉરેન્સિક સાયન્સ લેબોરેટરી, અમદાવાદને સ્વીકૃત સંસ્થા તરીકે તા. ૧૫-૬-૧૯૮૩થી માન્યતા આપવી.

૫૮. આંતરિક શિક્ષકોને ક્રેડિટ ગુણાંક તથા તેના સંદર્ભમાં પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક માટેના અગ્રતાક્રમ પદ્ધતિમાં જરૂરી ફેરફારોની વિચારણા માટે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧/૭-૭-૧૯૮૧ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૨ (૧) થી નીમેલ સમિતિની અને તા. ૧૯–૪–૧૯૮૨ અને તા. ૨૭-૪-૧૯૮૨ની નોંધ ઉપર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૬-૧૨-૧૯૮૨ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઍકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૧૪) :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ 'અનુસ્નાતક શિક્ષણકાર્ય કરેલ દરેક વર્ષ માટે ૧ અને વધુમાં વધુ ૫ ગુણાંક આપવા' એ સુધારા સાથે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૫-૭-૧૯૮૨ની ભલામણ પ્રમાણે ઑર્ડિ. એન્જિ.-૧ સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૧૨-૧૯૮૨ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા. બાબત ક્રમાંક ૯).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે ઑર્ડિ. એન્જિ. ૧ સુધારવો અને તે મુજબ સુધારેલા સદરહુ ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. એન્જિ. ૧ની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૦. મે. બાટલીબોય ઍન્ડ કં. લિ., મુંબઈ તરફથી પાટણ અને સુરત જિલ્લાઓમાં જમીનનું બિનક્ષારીકરણ કરવા અંગે આવેલ રૂ. ૧,૧૦,૦૦૦ (રૂપિયા એક લાખ દસ હજાર પૂરા) ની દરખાસ્ત પર તેઓના તા. ૧૯-૧-૧૯૮૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(દરમિયાન પ્રદાનની રકમ રૂ. ૧,૧૦,૦૦૦ યુનિવર્સિટીને મળી ગયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૬૧. બાંધકામ સમિતિની તા. ૨૮-૨-૧૯૮૩ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૨-૧૯૮૩ની સભાની ભલામણ નં. ૩ સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૨-૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૨. સદરહુ બાબત અંગેની વિચારણા બાબત નં. ૫૫ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૩. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો, ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરી ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૨૨-૯-૧૯૮૨ ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૯-૧૯૮૨ની સભાની ભલામણ નં. ૪ની વિચારણા મોકૂફ રાખવી અને તે સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૯-૧૯૮૨ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૬૪. યુનિવર્સિટી અનુદાન આયોગ, ટીચર્સ ફેલોશિપ યોજના હેઠળ યુનિવર્સિટીઓનાં આઇડેન્ટિટી ફાઇડ ડિપાર્ટમેન્ટ મારફતે અપાતા ટીચર્સ ફેલોશિપ એવોર્ડ આપવાનું બંધ કરી. આ યોજના ઉપર પુનર્વિચારણા કરી રસ ધરાવતા શિક્ષકો માટે કૉલેજોની

છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં ઘટતી જોગવાઈ કરેલ છે તેના અનુસંધાને કેટલીક સ્પષ્ટતાઓ કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના યુ.ગ્રા.ક.ના તા. ૨૯મી જાન્યુઆરી ૧૯૮૩ ના પત્રાંક એફ-૧-૧-૭૮ (ટી.એફ-૧)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા આ અંગે યોગ્ય રજૂઆત કરવા કુલપતિશ્રીને વિનંતી કરવી.

૬૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અને રાજ્ય સરકારની આર્થિક સહાયથી સાંતેજ મુકામે વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદની હૉસ્ટેલ અને વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદની "ટીચર્સ ક્વાર્ટર્સ"ના" નાં બંધાવેલ મકાનો "મહર્ષિ ઍકેડેમિક વૈદિક સાયન્સ" (મારું) સંસ્થાને ટ્રાન્સફર કરવા પરવાનગી માગતી મૅનેજિંગ ટ્રસ્ટીશ્રીના તા. ૫-૨-૧૯૮૩ ના પત્રાંક વિવેક–સી–૮૨૭–૮૨ ૮૩ પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૬. યુનિવર્સિટીમાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે ખાસ સેલ ઊભો કરવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૩-૨–૧૯૮૩ ના પત્રાંક એફ. ૯–૨૪–૮૩ (એસ.સી.ટી.)થી નીચેની જગ્યાઓ માટે ચાલુ પ્લાન સમય દરમિયાન આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યા અંગેની નોંધ લઈને ઘટતી વિચારણા કરવા બાબત :

જગ્યાનું નામ	સંખ્યા
ડે. રજિસ્ટ્રાર	૧
સુપરિન્ટેન્ડન્ટ	૧
સ્ટેટિસ્ટિકલ આસિ.	૧
ક્લાર્ક	૧
સ્ટેનો-ટાઈપિસ્ટ	૧
પટાવાળા	૧

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સદરહુ યોજનાનો સાભાર સ્વીકાર કરવો તથા આગળની જરૂરી કાર્યવાહી કરવી.

૬૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૩-૧૧-૧૯૮૨ના પત્રાંક એફ ૧–૮૭ (સીપી) ભાગ-૧ થી યુનિવર્સિટીઓમાં "યુનિવર્સિટી ટીચર્સના મેરિટ પ્રમોશન" અંગેની મંજૂર કરેલ યોજનાનો અમલ કરવા માટે રાજ્ય સરકારશ્રી તરફથી તા. ૫-૨-૧૯૮૩ના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૮૦–૨૦૫-૮૩–ખ થી આપેલ અનુમતિ અંગે ઘટતાં પગલાં લેવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ પત્રની નોંધ લેવી તથા તે બાબતમાં ઘટતાં પગલાં સૂચવવા માટે સમિતિ નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૮. ગુજરાત યુનિવર્સિટીને ગુજરાત રાજ્યના રિજિયોનલ પ્રોવિડંટ ફંડ કમિશનરશ્રીના તા. ૭–૩–૧૯૮૩ ના પત્ર અન્વયે ભારત સરકારની એમ્પ્લોઈઝ પ્રોવિડંટ ફંડ સ્કીમ-૧૯૫૬ માંથી હાલ પૂરતી મુક્તિ આપ્યાના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૯. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેર-વાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા કરવા તા. ૩-૨-૧૯૮૩, તા. ૧૦-૨-૧૯૮૩, તા. ૧૭-૨-૧૯૮૩, તા. ૨૪-૨-૧૯૮૩, તા. ૨૫-૨-૧૯૮૩, તા. ૩-૩-૧૯૮૩, તા. ૧૦-૩-૧૯૮૩, તા. ૧૧-૩-૧૯૮૩ અને તા. ૧૭-૩-૧૯૮૩ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ સમિતિની તા. ૩–૨–૧૯૮૩, તા. ૧૦–૨–૧૯૮૩, તા. ૧૭-૨-૧૯૮૩, તા ૨૪-૨-૧૯૮૩, તા. ૨૫-૨-૧૯૮૩, તા. ૩-૩-૧૯૮૩, તા. ૧૦–૩–૧૯૮૩, તા. ૧૧–૩–૧૯૮૩ અને તા. ૧૭–૩–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૭૦. ફાઇનાન્સ સમિતિની તા. ૨૮–૨–૧૯૮૩ ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૨૮-૨-૧૯૮૩ની સભાની ભલામણો નં. ૨, ૫, ૮ ૧૧, ૧૨, ૧૯, ૨૧, ૨૫ અને ૨૬ કુલપતિશ્રીએ મંજૂર કરી છે તેની જાણ સભાગૃહને કરવામાં આવી. તે પછી સભાગૃહે સદરહુ બાબતોની નોંધ લીધી.

આથી ઠરાવવામાં આવે છે કે બાબત નં. ૩ની ભલામણ અંગે યોગ્ય કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી. તે પછી સભાગૃહે બાકીની બાબતો પરની ભલામણો મંજૂર કરી.

(સદરહુ સમિતિની તા. ૨૮-૨-૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ 'ઝ' તરીકે સામેલ છે.)

૭૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭–૧૨–૧૯૮૨ ની સભાએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫-એ અન્વયે "Birbal Sahni Institute of Palaeobotany, Lucknow"ને સ્વીકૃત સંસ્થા તરીકે માન્યતા આપવા માટેની સ્થાનિક તપાસસમિતિની નીચેની ભલામણ સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલે ભલામણ કરી હોઇ તે પર વિચારણા કરવા બાબત. (એ.કા.બાબત ક્રમાંક ૧૧).

"We wish to recommend Birbal Sahni Institute of Paleobotany as an approved institute for the award of Ph.D. degree in Botany and Geology, Birbal Sahni Institute of Paleobotany is an educational Institution of international repute. In addition to ambracing the soil and plant life problems of all

the states in India, they are concentrating their studies on pollen of Nal lake and fossils from Cutch in Gujarat.

It will add to the brilliant scientific persuits of Gujarat University by recognising the rendezvous institute as an approved one."

આથી ઠરાવવામાં આવે છે કે "Birbal Sahni Institute of Palaeobotany, Lucknow"ને સ્વીકૃત સંસ્થા તરીકે તા. ૧૫–૬–૧૯૮૩થી માન્યતા આપવી.

૭૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૮–૧૦–૧૯૮૨ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭–૧૨–૧૯૮૨ ની સભાએ મંજૂર કરવા ભલામણ કરી. હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર લેક્ચરરને મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવાનું ઍકેડેમિક કાઉન્સિલે મંજૂર કર્યું છે તે બાબતમાં જે જુનિયર લેક્ચરર પાસે એમ.ડી. અથવા એમ.એસ.ની પરીક્ષા જે તે વિષયમાં હોય તેમને જ માન્યતા આપવી અને તે સિવાય માન્યતા આપી શકાય નહીં તેમ આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૭૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧. બી. આર. મુખરજીના એક ગૃહસ્થ વસિયતનામાથી જે રકમ યુનિવર્સિટીને પ્રદાન કરી ગયા છે તે વસિયતનામાની પ્રોબેટ મેળવવાની કાર્યવાહી કરવા માટે યુનિવર્સિટીના એડવોકેટ તરીકે કલકત્તાની સોલિસિટર ઍન્ડ એડવોકેટ પી. ડી. હિંમતસિંગકા ઍન્ડ કં.ને રોકવાના તથા તે પેટે થનાર જરૂરી આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨. ગુજરાત રાજ્યની વડી અદાલતમાં નીચે જણાવેલ વિગતોની અરજીઓના સંબંધમાં શ્રી સુરેશભાઈ શેલતની એડવોકેટ તરીકે નિમણૂક કર્યાના તથા તે બાબતમાં આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

નં.	એપ્લિ. નં.	વિગત
(૧)	૧૦૨–૧૯૮૩	નવગુજરાત કૉમર્સ કૉલેજના સીનિયર ક્લાર્ક ઉમાકાન્ત આર. વ્યાસે તેઓને હેડક્લાર્કની જગાની નિમણૂક ન આપ્યાના વિવાદ પર ટ્રિબ્યુનલે આપેલ ચુકાદા પરત્વે મૅનેજિંગ ટ્રસ્ટી, વિદ્યાભવન ટ્રસ્ટ વિરુદ્ધ કરેલ અરજી.
(૨)	૪૮૬૪–૧૯૮૨	પ્રા. એસ. એલ. ચૌધરી અને બીજાઓએ ગુજરાત રાજ્ય વિરુદ્ધ કરેલ અરજી.
(૩)	૧૦૬૫–૧૯૮૩	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કપડવંજના વૉચમૅનની નોકરી ટર્મિનેટ કર્યાની ફરિયાદ પરત્વે તેઓને પુનઃ સ્થાપિત કરવા ટ્રિબ્યુનલે કરેલ હુકમ પરત્વે કપડવંજ કેળવણી મંડળ, કપડવંજે કરેલ અરજી.

૩. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં નીચે જણાવેલ બે વિદ્યાર્થીઓએ જે ફાઇનલ એલિજિબિલિટી પ્રમાણપત્રો રજૂ કરીને એસ.વાય.બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ મેળવ્યો છે તે પ્રમાણપત્રો શંકાસ્પદ જણાયાં હોવાથી તે અંગે પોલીસ કેસ કરવાના :

૧. શ્રી. શાહ જિગીશા વિનોદભાઈ

૨. દેસાઈ રમેશભાઈ નટવરલાલ

૪. ચોથા વર્ગના કર્મચારીઓ માટે યુનિફોર્મ સીવવા માટે ૨૩૦૦ (ત્રેવીસો) મીટર ખાદી ખરીદવા માટે રૂ. ૨૬,૪૦૦ (રૂપિયા છવીસ હજાર ચારસો)ના ખર્ચને મંજૂરી આપ્યાના;

[**નોંધ.**—ગાંધી જયંતી અંગે ૨૫ ટકા વળતર લેવામાં આવ્યું છે.]

૫. નીચે જણાવેલ કૉલેજોમાં તેનાં નામ સામે જણાવેલ શિક્ષક યુનિવર્સિટીએ નિયત કરેલી જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા ન હોવા છતાં કૉલેજ તરફથી આવેલ રજૂઆતને લક્ષમાં લઈ આ વ્યવસ્થા અપવાદરૂપે ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખ્યાનું :

નં.	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય અને હોદ્દો	ન્યૂનતા
(૧)	એલ. એમ. સાયન્સ કૉલેજ, માણસા	શ્રી. ડી. કે. પટેલ	ભૌતિકવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	"કન્સિસ્ટન્ટલી ગુડ ઍકેડેમિક રેકૉર્ડ" ધરાવતા નથી.
(૨)	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વડનગર	વર્ષાબહેન સી. જોષી	ગુજરાતીનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	,,
(૩)	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઊંઝા	કે. આર. બ્રહ્મભટ્ટ	અંગ્રેજીના વ્યાખ્યાતા	"બી–પ્લસ" એટલે કે અનુસ્નાતક કક્ષાએ ૫૦ ટકા ગુણ ધરાવતા નથી.

૬. દેસાઈ સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામમાં સંસ્કૃત વિષયમાં ઑર્ડિ. ૧૨૦—એ અનુસાર પૂરા સમયના લેક્ચરરને બદલે ખંડ સમયનાં લેક્ચરર અંજનાબહેન એમ. રામી દ્વારા શૈક્ષણિક કાર્યની કરેલી વ્યવસ્થા ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખ્યાનું.

સભાગૃહે સદરહુ બાબતોની નોંધ લીધી.

૭૪ (૧) યુ.જી.સી.એ છઠ્ઠી યોજનાના એલોકેશન બહાર છઠ્ઠી યોજના દરમ્યાન આ યુનિવર્સિટી ખાતે ટ્રેઇન્ડ ઇન્સ્ટ્રક્ટર-ઇન ડ્રામા-પરફૉર્મિંગ આર્ટ્સની જગ્યા મંજૂર કરેલ તે માટે તા. ૩૧–૩–૧૯૮૫ સુધી રાજ્ય સરકારે ૨૫ ટકાનો ખર્ચ તથા તા. ૧-૪-૧૯૮૫થી રાજ્ય સરકારે ૧૦૦ ટકા ખર્ચ કાયમી ધોરણે ભોગવવા માટે આપેલ મંજૂરી અંગેના રાજ્ય સરકારશ્રીના તા. ૨૪–૨–૧૯૮૩ના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૦૮૧-૩૬૦૫-૮૩-ખની નોંધ લેવા તેમ જ આગળની કાર્યવાહી કરવા બાબત.

(૨) સને ૧૯૮૦ના વર્ષ માટેની શ્રી હરિ ૐ આશ્રમપ્રેરિત શ્રી. ગોકુલદાસ બાંભરોઇ સંશોધન ઍવોર્ડ વિજ્ઞાન વિદ્યાશાખાના રસાયણવિજ્ઞાન વિષય માટે ડૉ. જે. ડી. તલાટીને એનાયત કરવામાં આવ્યો તેની નોંધ લેવા બાબત.

(૩) ૧૯૮૨ના વર્ષ માટેના શ્રી. હરિ ૐ આશ્રમપ્રેરિત ઍલોપ્થિક સંશોધન ઍવોર્ડ (૧) સર્જિકલ ઍન્ડ ઍલાઇડ બ્રાન્ચીઝ"ના વિષય માટેનાં ડૉ. નિખીલેશ જી. શાહને અને (૨) મેડિકલ ઍન્ડ પેડિયાટ્રિક્સના વિષય માટેના ડૉ. જી. એમ. શાહને પાત્ર જાહેર કર્યાની નોંધ લેવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ પત્રની નોંધ લેવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી કરવી

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૫. ફાર્મસી વિદ્યાશાખાની ભલામણો અનુસાર—

(૧) ડિપ્લોમા ઇન ફાર્મસીના પહેલા વર્ષના અભ્યાસક્રમોને લગતા ઑર્ડિ. ૧, ૨ અને ૩માં શાબ્દિક સુધારો કરી તેને જૂન ૧૯૮૨થી અમલમાં મૂકવાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ માટે) :

(૨) બીજા વર્ષના અભ્યાસક્રમોને લગતા ફાર્મસી ઑર્ડિ. ૪, ૫ (જૂનો ઑર્ડિ. ૬), ૬ (જૂનો ઑર્ડિ. ૭) સુધારી તેને જૂન ૧૯૮૩ થી અમલમાં મૂકવાની તથા પહેલા અને બીજા વર્ષના સુધારેલા અભ્યાસક્રમોને લીધે જૂના અભ્યાસક્રમમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે નિયમ મુજબ બે પરીક્ષાઓ લેવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૧૨-૧૯૮૨ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર ૧૯)

(૧) સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

(સુધારેલા સદરહુ ઑર્ડિનન્સીસની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૭૬. પ્રો. વાય. આઇ. દીક્ષિતના માર્ગદર્શન હેઠળ ઇતિહાસ વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રી. આર. એસ. ઉમરજવાલાએ રજૂ કરેલ મહાનિબંધ પર મતભેદ (ટાઇ) પડતાં ઓ. ૩૨૧ મુજબ ચોથા રેફરીની નિમણૂક કરતાં તેઓના આવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત :

૧. ડૉ. આર. જી. પરીખ —મહાનિબંધ સ્વીકારે છે.

૨. શ્રી. વી. કે. ચાવડા —રિ-રાઇટ કરવા સૂચવ્યું છે.

૩. પ્રો. વાય. આઈ. દીક્ષિત (ગાઈડ) — શ્રી. ચાવડાના અહેવાલ સાથે સંમત નથી.

૪. પ્રો. ઘનશ્યામ શાહ — મહાનિબંધ રિજેક્ટ કરવાની ભલામણ કરે છે.

[**નોંધ.**—ઑ. ૩૨૧ અન્વયે ચોથા રેફરીનો નિર્ણય છેવટનો હોઈ આ કેસમાં રિજેક્ટ કરવાનો થાય.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. ઉમરજવાલાએ રજૂ કરેલ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકારવો નહીં.

૭૭. ડૉ. સી. આર. ભાટિયાના માર્ગદર્શન હેઠળ બોટાની વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રી. અબ્રાહમ વર્ગીસે રજૂ કરેલ મહાનિબંધ પરના રેફરીઓના અહેવાલમાં ઑ. ૩૨૧ મુજબ મતભેદ (ટાઈ) પડતાં ચોથા રેફરી નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. ડૉ. કે. મિકાલસેન ટીક નીચે પ્રમાણે જણાવ્યું છે :
I believe the candidate would benefit from carrying some more work and gaining more knowledge.

૨. ડૉ. ડબલ્યુ. જી. વેલન્ગકર અમદાવાદ મહાનિબંધ સ્વીકારે છે.

૩. ડૉ. સી. આર. ભાટિયા બી.એ. મુંબઈ પરદેશથી રેફરીના અહેવાલ સાથે સંમત થતા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરી તરીકે Prof. G. Wottschaltને નીમવા.

૭૮. તા. ૨૫-૨-૧૯૮૩ના રોજ મળેલી બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલ્ફેરની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આગામી ઉનાળા, દિવાળી અને નાતાલની રજાઓમાં કે સત્ર દરમિયાન [illegible] તી પ્રવૃત્તિઓ પૈકી નાણાકીય જોગવાઈઓ, વ્યવસ્થાતંત્ર વૅકેશનનો સમય, ઉપલબ્ધ સાધનો વગેરે બાબતોને અનુલક્ષીને કઈ પ્રવૃત્તિ સારી રીતે યોજી શકાય તે નક્કી કરવા માટે તથા તેનો અગ્રતાક્રમ નક્કી કરવા માટે તથા નીચે જણાવેલ પ્રવૃત્તિઓમાંથી શક્ય તેટલી વધુ પ્રવૃત્તિઓ યોજવા અને તે અંગે જરૂરી તમામ કાર્યવાહી અને ખર્ચ મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવા માટે આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

નોંધ.—સદરહુ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :

૧. વિદ્યાર્થી ભાઈઓ માટે બે પર્વતારોહણ તાલીમ શિબિર
૨. વિદ્યાર્થિની બહેનો માટે એક પર્વતારોહણ તાલીમ શિબિર
૩. હાઈ ઑલ્ટિટ્યૂડ ટ્રેકિંગ—આઈસ ઍન્ડ સ્નો કન્ડેન્સ્ડ કોર્સ

૪. જળરમત શિબિર—સઢવાળી નૌકા પાણી પર સક યુ અને કેનોઈંગની તાલીમ—હોડીપ્રવાસ
૫. લાંબા અંતરનો સાઇકલ પ્રવાસ
૬. જંગલ પ્રવાસ (પગપાળા પ્રવાસ)
૭. જૂડા તાલીમ
૮. યોગ તાલીમ
૯. બૉર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલફેરના સભ્યો માટે આંતરરાજ્ય, આંતરયુનિવર્સિટી સાંસ્કૃતિક પ્રવાસ-કાર્યક્રમ, ઓછામાં ઓછા ૧૫ વિદ્યાર્થી સભ્યો પ્રવાસમાં જોડાય તો રાજસ્થાન અથવા મધ્યપ્રદેશનો આંતરરાજ્ય, આંતરયુનિવર્સિટી પ્રવાસ-કાર્યક્રમ યોજવા
૧૦. નાટ્યતાલીમ શિબિર
૧૧. અભિવ્યક્તિ તાલીમ શિબિર
૧૨. સંગીત તાલીમ શિબિર
૧૩. નૃત્ય તાલીમ શિબિર
૧૪. નિદર્શન સહિત નૃત્ય અને અભિનય, સંગીતકલા ઇ. પરનાં વ્યાખ્યાનો
૧૫ યુવક મહોત્સવ
૧૬. ઘોડેસ્વારી અભિયાન.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ભલામણ મંજૂર કરવી.

૭૯. ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ની કલમ ૨૯ (IA) અન્વયેના શિડયુલ નં. ૨ના સ્ટે. ૮ મુજબ Board of Hostel Management પર નીચે મુજબ સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત:

(iv) A principal of an affiliated college nominated by the Executive Council from amongst its own member.

(vii) Two Principals of affiliated college having hostels to be nominated by the Exeutive Council.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ હૉસ્ટેલ મૅનેજમેન્ટ પર સભ્યોની નિમણૂક કરવા કુલપતિશ્રીને સત્તા આપવી

૮૦. શ્રીમતી સદ્‌ગુણા સી. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩ થી ઑર્ડિ. ૧૨૦-બ અનુસાર પર્શિયન વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા અંગેની અરજી પર એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮-૧૨-૧૯૮૨ની સભામાં નિયુક્ત થયેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના હેવાલની સાભાર નોંધ લેવી.

૮૧. બનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, પાલનપુર તરફથી જૂન ૧૯૮૩ થી બી.કૉમ. મુખ્યમાં ઍડવાન્સ્ડ ઍકા. ઍન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં

સેક્રેટરિયલ પ્રૅક્ટિસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, પાલનપુર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં સેક્રેટરિયલ પ્રૅક્ટિસ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩ થી તા. ૧૪–૬–૧૯૮૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

૧. આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા

૨. અર્થશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા

૩. ઇતિહાસના એક ખંડ સમયના વ્યાખ્યાતા

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને ચૂકવવાનું હોય તો તે ચૂકવી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૨. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૮૩થી બી.ઇ.(સિવિલ) અને બી.ઇ. (ઇલેક્ટ્રિકલ ઍન્ડ કૉમ્યુનિકેશન)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.ઇ. ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ, નિમણૂકો અંગેની શરતોની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે

તા. ૩૦—૪—૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.ઈ. (સિવિલ)ના તથા બી.ઈ. ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

૧. સિવિલ એન્જિનિયરિંગના એક આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
૨. એપ્લાઈડ મિકેનિક્સના એક આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
૩ એપ્લાઈડ મિકેનિક્સના એક વ્યાખ્યાતા
૪. ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના એક આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
૫. ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના એક વ્યાખ્યાતા

(૨) પ્રયોગશાળાનાં જે મકાનોનું બાંધકામ ચાલે છે તે ઓછામાં ઓછું બીજા વર્ષના વિદ્યાર્થીઓના ઉપયોગમાં લઈ શકાય એટલું તો તૈયાર કરવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) જરૂરી ટેક્નિકલ જર્નલ્સ મંગાવવામાં આવે; અને

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

વધુમાં ઠરાવવામાં આવે છે કે બી.ઈ. ઈન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ વિષયનો અભ્યાસક્રમ બી.ઈ.(ઈલેક્ટ્રોનિક્સ) ઍન્ડ કૉમ્યુનિકેશનના અભ્યાસક્રમ મુજબ પ્રથમ ત્રણ વર્ષ સુધી એકસરખો રહેતો હોઈ હાલને તબક્કે બી.ઈ.(ઈન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ) વિષય માટે જૂન ૧૯૮૩થી વધારાનું જોડાણ નહીં આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૩. મ્યુનિસિપલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણાને જૂન ૧૯૮૩ થી એસ.વાય. બી.કૉમ. (મુખ્ય)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ તદર્થ (ઍડહૉક) ધોરણે શીખવવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મ્યુનિસિપલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણાને જૂન, ૧૯૮૩થી એસ.વાય બી.કૉમ. (મુખ્ય)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે એક વર્ષ માટે તદર્થ ધોરણે પરવાનગી આપવી.

૮૪. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૦–સી અન્વયે પેન્શનના લાભને બદલે કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડંટ ફંડનો વિકલ્પ આપ્યો હતો તે અંગે પુનર્વિચારણા કરી, હવે તેમને પેન્શનનો વિકલ્પ આપવા અંગે તેઓની અરજીઓ અંગે વિચારણા કરવા બાબત.

(૧) શ્રી. પી. પી. શાહ, મદદનીશ કુલસચિવ (૨) શ્રી. એલ જી. દવે, આસિસ્ટન્ટ
(૩) શ્રી. વી. એમ. વ્યાસ, સેકશન ઑફિસર (૪) શ્રી ટી. એ. ભાસ્કર, સ્ટેનોગ્રાફર
(૫) શ્રી. બી. આર. ચૌહાણ, સીનિ. આસિ. (૬) શ્રી. કે જે. શાહ, સી. આસિ. ટાઇપ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોમાં લેબોરેટરી સ્ટાફને વૅકેશન સ્ટાફ ગણવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫–૨–૧૯૭૯ની સભામાં કરેલ ઠરાવનું પરિપાલન કરાવવા માટે સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોના આચાર્યને ઘટતી સૂચના મોકલવા અંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ લેબોરેટરી સ્ટાફ યુનિયન, અમદાવાદના મંત્રીશ્રીએ તેમના તા. ૧૫–૯–૧૯૮૨ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં લેબોરેટરી સ્ટાફને વૅકેશન સ્ટાફ ગણવા બાબતમાં નીચેની શરતો અને નિયમો રાખવામાં આવે, અને તેનો અમલ તા. ૧—૪—૧૯૮૩થી કરવામાં આવે :

૧. બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ પૈકી લેબોરેટરી સ્ટાફને વૅકેશન સ્ટાફ ગણી શૈક્ષણિક સ્ટાફને જે તારીખોએ અને જેટલા સમય માટે દરેક શૈક્ષણિક વર્ષ દરમ્યાન વૅકેશન આપવામાં આવે તે તારીખોએ અને તે સમયગાળા માટે વૅકેશન આપવામાં આવશે.

૨. નીચે પ્રકારના લેબોરેટરી સ્ટાફને તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વખતોવખત વધારાના જે લેબોરેટરી સ્ટાફને વૅકેશન સ્ટાફ તરીકે જાહેર કરે તેને વૅકેશન સ્ટાફ ગણી વૅકેશનનો લાભ આપવામાં આવશે :

૧. ગેસ મિકેનિક
૨. લેબોરેટરી આસિસ્ટન્ટ
૩. સ્ટોરકીપર
૪. ઇલેક્ટ્રીશિયન
૫. પ્લાન્ટ કલેક્ટર/મેકર
૬. માળી (જીવશાસ્ત્રની લેબોરેટરીના)
૭. કૉલેજની કોઈ પણ લેબોરેટરીના પટાવાળા/ઍટેન્ડન્ટ/હમાલ.

૩. જે તે સંલગ્ન કૉલેજના આચાર્ય યુનિવર્સિટીની પરીક્ષા કે કૉલેજના કામ અંગે વૅકેશન દરમિયાન જે લેબોરેટરી સ્ટાફને ફરજ પર બોલાવે તેમણે વૅકેશન દરમિયાન પણ આચાર્યશ્રીની સૂચના મુજબ ફરજિયાત હાજર રહેવું પડશે. લેબોરેટરી સ્ટાફને વૅકેશન દરમિયાન યુનિવર્સિટીની પરીક્ષાની કામગીરી માટે યુનિવર્સિટીએ નિયત કરેલું મહેનતાણું મળશે.

૪. લેબોરેટરીના જે સ્ટાફને વૅકેશનનો લાભ મળે તેને હક રજા મળી શકશે નહિ, પરંતુ તેઓને કૉલેજના કામ માટે વૅકેશન દરમિયાન બોલાવવામાં આવે ત્યારે મળી શકતી કુલ ફરજના દિવસોના ૧/૩ દિવસો જેટલી રજા જમા મળી શકશે અને તે હક રજા તરીકે તેઓ ભોગવી શકશે.

૫. લેબોરેટરી સ્ટાફને વૅકેશન સ્ટાફ તરીકે ગણવામાં ન આવ્યો હોય તે સમય દરમિયાન તેમના જે હક રજા જમા થઈ હોય તે હક રજા તેઓ ભોગવી શકશે

૬. હક રજા સિવાયની અન્ય રજાઓ તથા અન્ય લાભો સંલગ્ન કૉલેજોના અન્ય બિન-શૈક્ષણિક કર્મચારીઓનાં જે ધોરણો મળે છે તે રીતે તથા તેમાં વખતોવખત થતા સુધારા અનુસાર મળી શકશે.

૮૬. યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે નીચેની જોગવાઈઓ કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) ઉપરની જગ્યાએ કાર્યકારી નિમણૂક કરવાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે યુનિવર્સિટીના કર્મચારીઓ માટેના નિયમો લાગુ પાડવા અંગે.

(૨) ઑફિસ સુપ્રિન્ટેન્ડન્ટ સુધીની જગ્યા પર બઢતી માટે યુનિવર્સિટીના કર્મચારીઓ માટેની શ્રેયાન (Seniority)ના જે નિયમો છે તે લાગુ પાડવા અંગે.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મંજૂર કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિના સભ્યો ઉપરાંત આચાર્યશ્રી બી. એમ. પીરઝાદા અને શ્રી સુધીરભાઈ નાણાવટીની બનેલી સમિતિની વિચારણા માટે મોકલવી અને તેને તા. ૨૫–૪–૧૯૮૩ સુધીમાં પોતાની ભલામણ મોકલી આપવા જણાવવું.

૮૭. રાજ્ય સરકારના તા. ૧૦–૩–૧૯૮૨ના સરકારી ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૯–૭૮૪૨૦–ખ અન્વયે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની બિનસરકારી કૉલેજોમાં વૅકેશન નહીં મેળવતા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પોતાની હક્ક રજાઓને રાજ્ય સરકારના કર્મચારીઓના ધોરણે રોકડમાં રૂપાંતરિત કરવા દેવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬/૨૭–૪–૧૯૮૦ની સભામાં ઠરાવ્યું છે તે ઠરાવનો લાભ સંલગ્ન કાયદાશાસ્ત્રની કૉલેજોને આપવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની હક્ક રજાઓને રોકડમાં રૂપાંતરિત કરવા દેવા અંગેના રાજ્ય સરકારના નિયમો સંલગ્ન કાયદાશાસ્ત્રની કૉલેજોને પણ લાગુ પાડવા.

૮૮. વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે (૧) ડિજિટલ પી. એસ. મીટર અને (૨) ડિજિટલ સ્પેક્ટ્રોમીટર મે. સિસ્ટોનિક્સ, અમદાવાદ પાસેથી રૂ. ૧૮,૦૦૦ (રૂપિયા અઢાર હજાર)ની કિંમત સુધીમાં ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે ઉપરોક્ત સાધનો મે. સિસ્ટોનિક્સ, અમદાવાદ પાસેથી રેટ કૉન્ટ્રાક્ટથી ખરીદવા માટે મંજૂરી આપવી.

૮૯. ફાઇનાન્સ સમિતિની તા. ૧૬–૩–૧૯૮૩નો ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬–૩–૧૯૮૩ની સભાની ભલામણ નં. ૧૧ અંગે ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અને બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા ૧૬–૩–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૯૦. આ યુનિવર્સિટી સાથે સંલગ્ન શિક્ષણશાસ્ત્રના કૉલેજમાં બી.એડ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટે કુલપતિશ્રીનિયુક્ત સમિતિએ ભલામણ કરેલ ધારાધોરણો યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૪) અન્વયે, એકેડેમિક કાઉન્સિલની પૂર્ણ રચના થઈ નથી તે સંજોગોમાં તેના વતી કુલપતિશ્રીએ સદરહુ ધારાધોરણો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪–૭–૧૯૮૧ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું હતું:

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૮૨થી બી.એડ.ના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું યુનિવર્સિટીને હસ્તક રાખવું અને તે અંગે યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.")

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ માટે બી.એડ.ના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું યુનિવર્સિટીને હસ્તક રાખવું તથા તે અંગે સમિતિએ કરેલી ભલામણો એ.કા. વતી કુલપતિશ્રીએ મંજૂર કરી તેમાં સભાગૃહમાં થયેલા સુધારા સાથે મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૯૧. યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેનોગ્રાફર (ગ્રેડ ૩) તરીકે કામ કરતા શ્રી. બી. એમ. પટેલનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૫–૫–૧૯૮૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૬–૫–૧૯૮૩ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. પટેલની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. એમ. પટેલને સ્ટેનોગ્રાફર (ગ્રેડ ૩)ની જગ્યા પર તા. ૨૬–૫–૧૯૮૩થી કાયમ કરવા.

૯૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ):

(૧) યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવન અને સમાજવિદ્યા ભવનમાં નિમાયેલા નીચેના લેક્ચરરોને

તેમને કૉલેજમાં મળતો મૂળ માસિક પગારની ઈજાફાની તારીખ નીચે દર્શાવ્યા પ્રમાણે ચાલુ રાખ્યાના :

નં.	શિક્ષકનું નામ	હોદ્દો	ભવનનું નામ	કૉલેજમાં મળતો માસિક પગાર અને ઈજાફાની તારીખ	યુનિવર્સિટીમાં જોડાયા તારીખે મૂળ મળતો પગાર અને હવે નક્કી કરેલી પગાર ઈજાફાની તારીખ
૧.	ડૉ. મફતભાઈ ઓઝા	લેકચરર ઈન ગુજરાતી	ભાષાસાહિત્ય ભવન	રૂ. ૯૦૦-૦૦ ૧૯-૯-૧૯૮૩	રૂ. ૯૦૦-૦૦ ૧૯-૯-૧૯૮૩
૨.	ડૉ. કુમારપાળ દેસાઈ	,,	,,	રૂ. ૧,૨૦૦-૦૦ ૧૫-૬-૧૯૮૩	રૂ. ૧,૨૦૦-૦૦ ૧૫-૬-૧૯૮૩
૩.	શ્રી. મંગુભાઈ આર. પટેલ	લેકચરર ઇન હિસ્ટ્રી	સમાજવિદ્યા ભવન	રૂ. ૧,૨૦૦-૦૦ ૧૫-૬-૧૯૮૩	રૂ. ૧,૨૦૦-૦૦ ૧૫-૬-૧૯૮૩

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પરની ચૂંટણીના પરિણામ અંગે શ્રી આર. એમ. શાહે ગુજરાતની વડી અદાલતમાં સિવિલ એપ્લિકેશન નં. ૪૧૮-૧૯૮૩ કરી હતી. તે કામમાં યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશભાઈ શેલતની એડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગમાં જુ. સુપરિટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. જે. જી. શીંગાએ ગુજરાતની વડી અદાલતમાં સીનિયોરિટી અંગે કરેલી સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૪૮૨૩–૮૨ના સંદર્ભમાં એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકયાના અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું;

(૪) જિમ્નેશિયમના મકાનમાં વૂડન ફ્લોરિંગનું કામ મે. આર. શાહ ઍન્ડ કં. પાસે રૂ. ૨૭૫ તથા ૧૫ ટકા વધારે ચો.મીટરના ભાવથી કરાવી લેવા સારુ રૂ. ૨૨,૧૩૭-૫૦ પૈસાનું ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યાનું;

(૫) ગાંધીધામ કૉલેજિયેટ બૉર્ડ, આદિપુર તરફથી જૂન ૧૯૮૩થી ફાર્મસીના ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસારની સમયમર્યાદા બહાર આવી હોવા છતાં કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું તથા યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર તે અભ્યાસક્રમ માટેની જરૂરિયાત સ્વીકારી તે માટે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૯૩. યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં એકાઉન્ટ્સ ઑફિસર તરીકે કામ કરતા શ્રી. વી. વી. શાહને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાન મરામત કરાવવા અંગે રૂ. ૪૮,૦૦૦ની

લોન તેમના પ્રૉવિડંટના ખાતામાંથી આપવા માટેની તેમની તા. ૨૪-૩-૧૯૮૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઉપરોક્ત લોનની રકમમાંથી પ્રૉવિડંટ ફંડ તથા મકાન બાંધકામ અંગેની લોન તથા તે પરના વ્યાજની રકમ કાપીને બાકીની રકમ ચૂકવવામાં આવશે)

આથી ઠરાવવામાં આવે છે કે એકાઉન્ટ્સ ઑફિસર શ્રી વી. વી. શાહને મકાન મરામત કરાવવા અંગે રૂ. ૪,૦૦૦ ૦૦ની લોન તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે મંજૂર કરવી.

૯૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ડે. ઍન્જિનિયર (ઇલેક્ટ્રિકલ) તરીકે કામ કરતા શ્રી. જે. સી. પટેલને રૂ. ૫૦૦ ૨૫-૭૦૦ ઈ.બી. ૨૫-૭૫૦-૩૦-૯૦૦ના પગારધોરણમાં તા. ૨૦-૩-૧૯૮૩ થી રૂ. ૭૦૦ પછી અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ડેપ્યુટી ઍન્જિનિયર (ઇલેક્ટ્રિકલ) શ્રી. જે. સી. પટેલની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. જે. સી. પટેલને રૂ. ૫૦૦ -૨૫—૭૦૦—ઈબી—૨૫-૭૫૦-૩૦—૯૦૦ના પગારધોરણમાં રૂ. ૭૦૦/- પછીનો કાર્યક્ષમતા અંતરાય તા ૨૦—૩—૧૯૮૩થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૯૫ ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ઍન્ડ રીક્રિયેશન કલબને ચાલુ વર્ષ ૧૯૮૧-૮૨ માટે રૂ. ૪,૦૦૦ની આર્થિક સહાય આપવા અંગે તેના માનદ મંત્રીશ્રીએ તા. ૧૫-૧૦-૧૯૮૨ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૧૨-૧૯૮૦ની સભામાં રૂ. ૩,૦૦૦ની તેમ જ વિદ્યાર્થીઓના આંદોલનના કારણે કલબનાં સાધનોને થયેલ નુકસાન બદલ રૂ. ૧,૦૦૦ તદર્થ ધોરણે વધુ આર્થિક સહાય મંજૂર કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ઍન્ડ રિક્રિયેશન કલબને ૧૯૮૧-૮૨ના વર્ષ માટે રૂ. ૪,૦૦૦ (રૂપિયા ચાર હજાર)ની આર્થિક સહાય આપવી.

૯૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૭૭ ની સભામાં સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ (શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગ)ની નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવા ઠરાવ્યું છે તેના સંદર્ભમાં નિવૃત્તિ-વયમર્યાદા અંગેનો નીચેનો નિયમ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

The age of retirement of teachers working in affiliated colleges and recognised institutions shall be 60 years, provided that a teacher may, in case the management of the college or institution so desires, be continued up to 65 years of age if the management is satisfied regarding his physical and

mental fitness, provided that extension beyond the age of sixty years shall be given for not more than five years, one year at a time."

આથી ઠરાવવામાં આવે છે કે નોકરીની મુદત વધારવા અંગેની ઉપરની જોગવાઈ રદ કરવી તથા સંલગ્ન કૉલેજોની જેમ માન્ય સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓની નિવૃત્ત-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી તથા કોઈ પણ સંજોગોમાં વધારી આપવાનું રાખવું નહીં.

૯૭. VAX–11/730 કૉમ્પ્યુટર સિસ્ટમ પર મૂકવા ચાર VDU Terminals ખરીદવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મે. હિન્દીટ્રોન કૉમ્પ્યુટર્સ પ્રા. લિ., મુંબઈના ટર્મિનલ્સ યુનિવર્સિટીએ નવું કૉમ્પ્યુટર મંગાવ્યું છે તેને અનુરૂપ રહેશે તથા તેઓ સારી જાતના હોવાથી અને કંપનીએ એક વર્ષની ગેરંટી આપી હોવાથી તથા તે મશીનો યુનિવર્સિટી તરફથી આયાત કરાતાં મશીનો સાથે જોડી શકાય તેવાં હોવાથી નંગ દીઠ રૂ ૨૬,૦૦૦ (રૂપિયા છવ્વીસ હજાર) વત્તા એકસાઈઝ ડયુટી અને અન્ય ટેક્ષ સાથે વી.ડી.યુ. ટર્મિનલ્સ નંગ ૪ તેઓની પાસેથી ખરીદવા અને એકસાઈઝ ડયુટીમાંથી મુક્તિ મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરવી.

૯૮. બોર્ડ ઑફ એકાઉન્ટ્સ તરફથી સને ૧૯૮૧-૮૨ના વર્ષના યુનિવર્સિટીના હિસાબોના વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સદરહુ હેવાલની નોંધ લેવી.

૯૯. સાયન્સ કૉલેજ, કડીના સંચાલકમંડળના મંત્રીશ્રીએ તેમના તા. ૨૦-૭-૧૯૮૨ના પત્રથી જૂન ૧૯૮૩થી કૉલેજ બંધ કરવાની જાણ કરેલી તે પર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩—૮—૧૯૮૨ની સભામાં સ્ટે. ૧૨૦—ઈના સંદર્ભમાં નિયુક્ત કરેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના હેવાલની નોંધ લેવી.

૧૦૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) એન.એસ.એસ. વિભાગ માટે ફિક્સોગ્રાફ બૉર્ડ નંગ ૧ અંદાજે રૂ. ૨,૦૦૦ની કિંમતનું ઑડિયોવિઝન, અમદાવાદ પાસેથી ખરીદવાનું;

(૨) યુનિવર્સિટીની સ્ટેટ બૅન્કની સામે (ગ્રંથાલયની બાજુમાં) નેશનલ ઍસોસિયેશન ફૉર ધી બ્લાઈન્ડને અંધજનો માટે રોજગારીની તકો પૂરી પાડવાની તેમની યોજના હેઠળ સ્ટોલ બનાવવા માટે જગ્યા હાલ પૂરતું એક વર્ષના સમય માટે વાપરવા આપવાનું મંજૂર કર્યાનું;

(૩) મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈના રિસર્ચ પ્રોજેક્ટ "લર્નિંગ ડીસાબિલિટીઝ ઑફ પ્રાયમરી સ્કૂલ ચિલ્ડ્રન" માટે નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ

રિસર્ચ ઍન્ડ ટ્રેઇનિંગ, નવી દિલ્હીએ તા. ૧૭-૩-૧૯૮૩ના પત્રાંક ૩૧–૨૪. ૮૨ પ્રોગ્રે.થી રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂ. દશ હજાર)નું અનુદાન મંજૂર કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૧૦૧. કેટલીક જગ્યાઓ અપગ્રેડ કરવા માટેની માગણી અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૨૩–૩–૧૯૮૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સ્ટાફના સેટ-અપમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરી ભલામણો કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી અને તેનો હેવાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૨૩–૭–૧૯૮૦ ની સભામાં બાબત ક્રમાંક ૬૨ થી મંજૂર કરવામાં આવ્યો હતો તેનાં ભલામણો તેમ જ કર્મચારીઓને બઢતીની તકો ખૂબ જ મર્યાદિત છે વિગેરે બાબતો લક્ષમાં લઈ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ-સેક્શન ઑફિસરની ૪, હેડક્લાર્ક-જુનિયર સુપરિન્ટેન્ડેન્ટની ૧૦, ડેપ્યુટી એકાઉન્ટન્ટની ૧, સીનિયર ક્લાર્ક-સીનિયર આસિસ્ટન્ટની ૪૪ જગાઓ ઊભી કરી અને તેની સામે તેટલી જ એટલે કે ૫૯ જુનિયર ક્લાર્ક–આસિસ્ટન્ટની જગ્યાઓ રદ કરવી. આ જગ્યાઓ નવી ઉમેરાતી નથી, પરન્તુ વર્તમાન કુલ જગ્યાઓનું જ રૂપાંતર હોવાથી અને નીચેની જગ્યાઓ રદ થતી હોવાથી, આંતરિક બઢતીથી સીનિયોરિટીના ધોરણે ભરવી, અને રાજ્ય સરકારની મંજૂરી મેળવી આ ઠરાવનો અમલ તા. ૧–૪–૧૯૮૩થી કરવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે પરીક્ષાના વધેલા કામકાજને ધ્યાનમાં લેતાં પરીક્ષા વિભાગ માટે એક મદદનીશ કુલસચિવની જગ્યા ઊભી કરવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૩–૧૯૮૮ની સભામાં ઠરાવ્યું હતું તે રાજ્ય સરકારની મંજૂરી મળ્યેથી ભરવાનું રાખવું.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે લીગલ ઑફિસરની એક જગ્યા ઊભી કરવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૧-૧૯૮૨ની સભામાં ઠરાવ્યું છે, તે મંજૂર કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના એસ્ટાબ્લિશમેન્ટ વિભાગના વધેલા કામકાજને ધ્યાનમાં રાખીને એક મદદનીશ કુલસચિવની જગ્યા ઊભી કરવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૯–૧૯૮૦ની સભામાં મંજૂર કર્યું હતું, પરંતુ કર્મચારીઓ અંગેના વિવિધ ખાતાંઓ અંગેના વધેલા કામકાજને તેમ જ કોર્ટ–કચેરીના વધેલા કામકાજને લક્ષમાં લઈ મદદનીશ કુલસચિવની જગ્યાને બદલે એક પર્સોનેલ ઑફિસરની જગ્યા મદદનીશ કુલ-સચિવના પગારધોરણમાં ઊભી કરવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૦૨. યુનિવર્સિટીની થિયરી તથા પ્રાયોગિક પરીક્ષાના કામ માટે બિનશિક્ષક કર્મચારીગણના મહેનતાણામાં સુધારો કરવા માટે પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય બિનશિક્ષક

કર્મચારી મહામંડળના તા. ૧૯—૩–૧૯૮૩ના પત્રાંકમાં બાબત નં. ૪ ઉપર વિચારણા કરવા બાબત.

બિનશિક્ષક કર્મચારીગણ જેવાં કે ફેકટોટમ, જુનિયર સુપરવાઇઝર, સ્ટેશનરી સુપરવાઇઝર, રિસીવર, પ્યૂન, પાણીવાળા, લેબોરેટરી સ્ટાફ વગેરે.

નોંધ.—શિક્ષકો તરફથી પણ અવારનવાર પરીક્ષણ કાર્યના દર અંગે રજૂઆત થઈ છે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી લેવાતી જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્રિકો, પરીક્ષકો (લેખિત તેમજ પ્રાયોગિક), બ્લૉક સુપરવાઈઝર, જનરલ સુપરવાઈઝર, સ્ટેશનરી સુપરવાઈઝર, ફેકટોટમ, ચોથા વર્ગના કર્મચારીઓ તેમજ પ્રાયોગિક પરીક્ષામાં કામગીરી બજાવતા કર્મચારીઓના મહેનતાણાના દરમાં સુધારો કરવો અને તેનો અમલ માર્ચ–એપ્રિલ ૧૯૮૩ની પરીક્ષાઓથી કરવો.

(મહેનતાણાના સુધારેલા દરોની નકલ **પરિશિષ્ટ 'ણ'** તરીકે સામેલ છે.)

૧૦૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર-ઇન-કેમિસ્ટ્રી તરીકે નિમાયેલા ડૉ બી એસ પટવારીનો મૂળ માસિક પગાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮–૧૨–૧૯૮૨ની નોંધમાં ભૂલથી રૂ. ૧૦૨૦-૦૦ છપાયેલ તે સુધારીને રૂ. ૮૬૦–૦૦ કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૧૦૪. આ યુનિવર્સિટીને જાપાનની સરકાર તરફથી સાધનો તથા મશીનરી ઇત્યાદિનો આયાત માટે પચાસ હજાર યેનનું સાંસ્કૃતિક અનુદાન આપવાની દરખાસ્તના સંદર્ભમાં યુ.જી.સી.એ તેમની મૂળ યોજના અંગેના તા. ૧—૩—૧૯૮૨ ના પત્રાંક એફ—૨૪—૧—૭૬ (સીઈ-૧)ના અનુસંધાનમાં યુનિવર્સિટીએ મોકલેલ દરખાસ્તના સંદર્ભમાં યુ.જી.સી. તેમના તા. ૨૧–૨–૧૯૮૩ ના પત્રાંક એફ.-૨૪–૧ (૭૬) સી.ઈ.–૧ અન્વયે આ માટે રૂપિયા સાત લાખની રકમનું એડજસ્ટમેન્ટ, આ યુનિવર્સિટીને છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળ કામ થનાર ફાળવણી સાથે કરવા અંગેની અનુમતિ મંગાવેલ તેનો કુલપતિશ્રીએ કરેલ સ્વીકાર અંગેની નોંધ લેવા બાબત.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૧૦૫. આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, સંતરામપુરે જૂન ૧૯૮૩થી પ્રથમ વર્ષ બી.એ.માં હિન્દી, સમાજશાસ્ત્ર, દ્વિતીય વર્ષ બી.એ. (સબો.) માં આંકડાશાસ્ત્ર તથા દ્વિતીય વર્ષ બી.કોમ (ગૌણ) માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે કરેલ અરજી પાછી ખેંચી લીધાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૬. જે બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૮૩થી બી.કૉમ. (મુખ્ય) આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.કૉમ.(મુખ્ય)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. પાંચ વર્ષનો ઓછામાં ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવનાર આંકડાશાસ્ત્ર વિષયના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે. (નવી નિમણૂક કરવાની થાય ત્યારે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે

૪. આંકડાશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૭. કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ અને કૉમર્સ, ધંધુકા તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (પ્રિન્સિ.) માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (સબ્સિ.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, ઇતિહાસ, સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ એકા. ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્ર; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. તથા એડવાન્સ બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કે કે. કૉલેજ, ઑફ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધંધુકા, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. પ્રિન્સિમાં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, ઇતિહાસ, સંસ્કૃત. બી. કૉમ.માં એડ. એકા. ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર, તથા બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને એડ. બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રનાં એક પૂરા સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨ ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડની મંડળ પાસે બાકી રહેતી રકમ કૉલેજે તા. ૩૧–૩–૧૯૮૫ પહેલાં પૂરેપૂરી જમા કરાવવાની રહેશે. તે પેટે તા. ૩૧–૩–૧૯૮૪ પહેલાં રૂ. ૭૦ હજાર જમા કરાવવાના રહેશે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રૅચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૮. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"રાજ્ય સરકારે યુનિવર્સિટીઓના જૂના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને કૉન્ટ્રિબ્યુટરી પ્રૉવિડંટ ફંડની નિવૃત્તિ યોજનામાં રહેવાનો વિકલ્પ આપેલો છે અને તેને કારણે ૯૦ ટકા જેવા

જૂના કર્મચારીઓ સી.પી.એફ.ની નિવૃત્તિ યોજનામાં રહેલા છે અને ૧૦ ટકા જેવા જૂના કર્મચારીઓ પેન્શનની નિવૃત્તિ યોજનામાં જોડાયેલા છે.

રાજ્ય સરકાર તરફથી જ્યારે જ્યારે નિવૃત્તિ યોજનાના સંદર્ભમાં કોઈ ને કોઈ સવલતો નિવૃત્ત થયેલા કર્મચારીઓ માટે જાહેર થાય છે ત્યારે ત્યારે પેન્શનની યોજનામાં જોડાયેલા કર્મચારીઓને તે સવલતો લાગુ પાડવાના નિર્ણયો લેવાય છે અને તેની જાહેરાત થાય છે. દા.ત. પેન્શન યોજનામાં જોડાયેલા નિવૃત્ત કર્મચારીને તબીબી સવલતોનો લાભ ગ્રેચ્યુઇટીની રકમની ગણતરીમાં ડિયરનેસ પે ગણતરીમાં લઈને ગ્રેચ્યુઇટીની રકમ ગણીને આપવી વિ. હાલમાં છે.

આમ થવાને કારણે, બંને યોજનાઓ નિવૃત્તિના સંદર્ભમાં હોવા છતાં, પેન્શનની નિવૃત્તિ યોજનામાં જોડાયેલા જૂજ યુનિવર્સિટી કર્મચારીઓને તે લાભ મળે છે અને રાજ્ય સરકારે મંજૂર કરેલ કોન્ટ્રિબ્યુટરી પી.એફ. યોજનાની નિવૃત્તિ યોજનામાં રહેલ મોટા ભાગના યુનિવર્સિટીના કર્મચારીઓને આ લાભોથી વંચિત રહેવું પડે છે. અને આ રીતે બંને પ્રકારની યોજનાઓ નિવૃત્તિ યોજનાઓ હોવા છતાં કર્મચારી કર્મચારી વચ્ચે તેનો લાભ આપવામાં રાજ્ય સરકારે ભેદભાવ રાખ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની આ સભા ભારપૂર્વક માને છે કે બંને યોજનાઓ નિવૃત્તિને લગતી હોઈ, તથા રાજ્ય સરકારે જ વિકલ્પ આપેલ હોઈ, નિવૃત્તિના સંદર્ભમાં જે જે સવલતો આપવામાં આવે તેનો લાભ કોઈ પણ યોજનામાં કર્મચારી જોડાયો હોય તે તમામ કર્મચારીઓને નિવૃત્તિ યોજનાના સંદર્ભના લાભો એકસરખા આપવા જોઈએ અને તેથી કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડંટ ફંડની યોજનામાં રહેતા કર્મચારીઓને પણ નિવૃત્તિ બાદ તબીબી સવલતોનો લાભ આપવા અને તેમની ગ્રેચ્યુઇટી રકમની ગણતરી કરતી વખતે ડિયરનેસ પે ગણતરીમાં લેવામાં આવે તેવી તાત્કાલિક જોગવાઈ કરવા આ સભા રાજ્ય સરકારને ભારપૂર્વક વિનંતી કરે છે. અને ભવિષ્યમાં નિવૃત્તિ યોજનાના સંદર્ભમાં જે જે સવલતોનો લાભ પેન્શનમાં જોડાયેલા કર્મચારીઓ માટે લેવાય તેની સાથે સાથે તે લાભો સી.પી.એફ. યોજનામાં રહેલા કર્મચારીઓને પણ તે લાભ મળે તેવો નિર્ણય લેવાય, તે જોવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની આ સભા રાજ્ય સરકારને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જે કર્મચારીઓએ કોન્ટ્રિબ્યુટરી પ્રોવિડન્ટ ફંડની યોજના સ્વીકારી છે તેઓને રાજ્ય સરકારના ધોરણે તબીબી સવલતો આપવા અને તેમની ગ્રેચ્યુઇટીની રકમની ગણતરી કરતી વખતે ડિયરનેસ પે ગણતરીમાં લેવાની જોગવાઈ કરવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૦૯. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮-૮-૧૯૮૨ની સભામાં સ્વીકારવામા આવેલ પ્રઠાનને અનુલક્ષીને "શ્રી. રમણલાલ શેઠ મેમોરિયલ વ્યાખ્યાન માળા" અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યાખ્યાનમાળા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૧૧૦. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ડૉ. બી. એસ. પટેલના તા. ૯—૨—૧૯૮૩થી લિયન ઉપર હોવાથી લેક્ચરર-ઇન-હિન્દીની હંગામી ધોરણે ખાલી પડેલી જગ્યા માટે વરણી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે વરણીસમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૧. તા ૨૧—૩—૧૯૮૩ ના રોજ મળેલ કોમ્પ્યુટર સમિતિની ભલામણ નં. બી-સી-ડી અને ભલામણ નં. ૨ અને ૩ પર વિચારણા કરવા બાબત :

1. (*b*) Prospectus and admission form fee may be kept Rs 25/—.

   (*c*) The entrance test should also be framed in Gujarati and be given simultaneously alongwith English version.

   (*d*) As far as possible, admissions should be decided based on this test only.

2. To recommend the rate of fees for each semester of new Diploma in Computer Science.

   The rate of fees per term may be kept the same as being charged now i.e. Rs. 500/— per term plus laboratory fees Rs 100/— per term and other applicable fees.

3. To discuss the proposed qualifications of technical assistants for Diploma in Computer Science. The Committee noted the two posts of Technical Assistants sanctioned by UGC to support this Diploma Course.
   After the discussions it is resolved as under :

   "Recommended that the grade of these two posts of Technical Assistants be kept Rs. 475—800 and their qualifications as under :

   "M.Sc. with Maths / Statistics/Physics or B.E. Mechanical/ Electrical/Electronics with minimum Second Class and having one year's experience of programming."

   It is further recommended that since appointments to these posts can be made after successful training of Trainee Programmers, the

qualifications of Trainee Programmers be amended as under :

"M.Sc. Maths/Statistics/Physics or B.E. Mechanical/Electrical / Electronics First Class or M.Sc./B.E. with above subject in Second Class and a Certificate/Diploma in Computer Programming/Science."

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સમિતિની તા. ૨૧—૩—૧૯૮૩ની સભાની ઉપરોક્ત ભલામણો મંજૂર કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ / ૨૫૪૭૫ / ૧૯૮૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧૪-૫-૧૯૮૩

ભૂ. મ. પટેલ
કુલસચિવ

પરિશિષ્ટ ક (૧)
કામકાજ ક્રમાંક ૫૧(૨)(૧)

"ડૉ. જી. આર. બોડીવાલા ચંદ્રક"

દાતાનું નામ	:	ડૉ. ગોવિંદલાલ આર. બોડીવાલા,
તથા સરનામું		ગોવિંદ નિવાસ, કૃષ્ણબાગ, મણિનગર, અમદાવાદ—૩૮૦૦૦૮.
પ્રદાનની રકમ	:	રૂ. ૭,૫૦૦-૦૦ (અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા).
દાનનો પ્રકાર	:	એક ચંદ્રક.
દાનનો સ્વીકાર	:	યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮—૧૨—૧૯૮૨ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "ડૉ. જી. આર. બોડીવાલા ચંદ્રક" અંદાજી રકમ રૂ. ૭૦૦-૦૦ની વાર્ષિક આવકમાંથી એક ચંદ્રક તથા બાકી ફાળે પડતી રોકડ રકમ દર વર્ષે આ યુનિવર્સિટીની માર્ચ—એપ્રિલમાં લેવામાં આવતી એમ.એસ. ઓપ્થાલ્મોલોજી વિષયની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પૈકી સદરહુ પરીક્ષા માટે નીમવામાં આવેલ પરીક્ષકોની સમિતિ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીને ચંદ્રક માટે લાયક છે એમ જણાવશે તેને એનાયત કરવામાં આવશે.

૨. શકય હશે ત્યાં સુધી ચંદ્રક યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૪. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ ક (૨)

કામકાજ ક્રમાંક ૫૧(૨)(૨)

"સ્વ. નરોત્તમદાસ શામળદાસ શાહ રૂપાલવાળા તથા સ્વ. નાનીબેન નરોત્તમદાસ શાહ ચંદ્રક"

દાતાનું નામ	:	શ્રી. રામચંદ્ર એન. શાહ,
તથા સરનામું		૬૩, ઢીંકવાની વાડી, સેન્ટ્રલ બેંક પાસે, રિચી રોડ, અમદાવાદ—૩૮૦૦૦૧.
પ્રદાનની રકમ	:	રૂ. ૭,૫૦૦-૦૦.
દાનનો પ્રકાર	:	એક ચંદ્રક.
દાનનો સ્વીકાર	:	યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮—૧૨—૧૯૮૨ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "સ્વ. નરોત્તમદાસ એસ. શાહ રૂપાલવાળા તથા સ્વ. નાનીબેન એન. શાહ ચંદ્રક" અંદાજી રકમ રૂ. ૭૧૦-૦૦ની વાર્ષિક આવકમાંથી એક ચંદ્રક તથા બાકી ફાળે પડતી રોકડ રકમ દર વર્ષે આ યુનિવર્સિટીની લેવામાં આવતી બી.ઈ. (ઈલેક્ટ્રિકલ) પદવી પરીક્ષામાં યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી ઓછામાં ઓછા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૪. ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે.

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ ક (૩)
કામકાજ ક્રમાંક ૫૧(૨)(૩)

"શ્રીમતી સંતોકબા અમથારામ પટેલ ચંદ્રક"

દાતાનું નામ	:	શ્રી. નટવરલાલ એ. પટેલ,
તથા સરનામું		નોબલ કન્સ્ટ્રકશન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
પ્રદાનની રકમ	:	રૂ. ૭,૫૦૦-૦૦
દાનનો પ્રકાર	:	એક ચંદ્રક.
દાનનો સ્વીકાર	:	યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮–૧૨–૧૯૮૨ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "શ્રીમતી સંતોકબા અમથારામ પટેલ ચંદ્રક" અંદાજી રકમ રૂ. ૭૧૦-૦૦ની વાર્ષિક આવકમાંથી એક ચંદ્રક તથા બાકી ફાળે પડતી રોકડ રકમ દર વર્ષે આ યુનિવર્સિટીની બી એ.-બી એસસી. પદવી પરીક્ષામાં ગણિતશાસ્ત્રના વિષયમાં યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક શકય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની જાત, નાત કે વર્ગનો ભાવ ગણવામાં આવશે. નહિ.

૪. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવા આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડ ખાતે લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ ક (૪)

કામકાજ ક્રમાંક ૫૧(૨)(૪)

"પ્રોફેસર એચ. એન. રાવલ ચંદ્રક"

દાતાનું નામ	:	સેક્રેટરી,
તથા		અમદાવાદ ગણિત મંડળ,
સરનામું		ગણિત વિભાગ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ—૯.
પ્રદાનની રકમ	:	રૂ. ૭,૫૦૦—૦૦.
દાનનો પ્રકાર	:	એક ચંદ્રક.
દાનનો સ્વીકાર	:	યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮—૧૨—'૮૨ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "પ્રો. એચ. એન. રાવલ ચંદ્રક" અંદાજી રકમ રૂ. ૭૧૦—૦૦ની વાર્ષિક આવકમાંથી એક ચંદ્રક તથા બાકી ફાળે પડતી રોકડ રકમ દર વર્ષે આ યુનિવર્સિટીની માર્ચ—એપ્રિલમાં લેવામાં આવતી એમ.એ.—એમ.એસસી. ગણિતશાસ્ત્ર (Pure or Applied) અનુસ્નાતકની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી ઓછામાં ઓછા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા કપાત યુનિ.ના જનરલ ફંડ ખાતે લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૫૨

"શ્રી. કેશવલાલ નાથુરામ પંડ્યા અને શ્રીમતી મહાલક્ષ્મી કેશવલાલ પંડ્યા સંસ્કૃત સ્કૉલરશિપ"

દાતાનું નામ તથા સરનામું	:	શ્રીમતી ઇન્દિરાબેન રતિલાલ દેસાઈ, ૩, ગવર્નમેન્ટ સર્વન્ટ સોસાયટી, મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા, અમદાવાદ—૩૮૦૦૦૯.
પ્રદાનની રકમ	:	રૂ. ૭,૫૦૦/- વત્તા રૂ. ૭૦૦/— ચાલુ વર્ષે એનાયત કરવા અંગે.
દાનનો પ્રકાર	:	એક શિષ્યવૃત્તિ.
દાનનો સ્વીકાર	:	યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮–૧૧–'૮૨ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "શ્રી. કેશવલાલ નાથુરામ પંડ્યા અને શ્રીમતી મહાલક્ષ્મી કેશવલાલ પંડ્યા સંસ્કૃત શિષ્યવૃત્તિ" રૂ. ૭૦૦/ની ચાર સરખા હપતેથી જે વિદ્યાર્થી બી.એ. (સંસ્કૃત મુખ્ય વિષય સાથે) પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થાય અને આગળ એમ.એ. સંસ્કૃત મુખ્ય વિષય રાખી આ યુનિવર્સિટીમાં અભ્યાસ ચાલુ રાખે તે શરતે આપવી.

વધુમાં વિદ્યાર્થીએ એમ.એ., ભાગ ૧ની પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૮ ટકા ગુણ પ્રથમ પ્રયત્ને મેળવવાના રહેશે. નહિતર બીજા વર્ષે જે વિદ્યાર્થી એમ.એ., ભાગ ૧ની પરીક્ષામાં સંસ્કૃત વિષય સાથે પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થાય તેને શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

૨. શિષ્યવૃત્તિ વિજેતાનું નામ શક્ય હશે ત્યાં સુધી પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

૩. શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે તેની નાત, જાત કે વર્ગનો બાધ રાખવામાં આવશે નહિ.

૪. સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી કે સુધારવી કે રદ કરવી આવશ્યક જણાશે તે ઉમેરવા/સુધારવા/રદ કરવા માટે તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂડી રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૫૩

"શ્રી. ચંદ્રકાંત દરુ મેમોરિયલ ટ્રસ્ટ ચંદ્રક"

દાતાનું નામ : શ્રી. ચંદ્રકાંત દરુ મેમોરિયલ ટ્રસ્ટ,
તથા સરનામું ૪, ન્યૂ અલકાપુરી સોસાયટી,
ગુલબાઈનો ટેકરો, અમદાવાદ–૧૫.

પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦–૦૦.

દાનનો પ્રકાર : એક ચંદ્રક.

દાનનો સ્વીકાર : યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧–૮–૮૨ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "શ્રી. ચંદ્રકાંત દરુ મેમોરિયલ ટ્રસ્ટ ચંદ્રક" અંદાજી હકમ રૂ. ૭૧૦–૦૦ની વાર્ષિક આવકમાંથી એક ચંદ્રક તથા બાકી ફાળે પડતી રોકડ રકમ દર વર્ષે આ યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલમાં લેવામાં આવતી માસ્ટર ઑફ લેબર વેલ્ફેર (એમ.એલ.ડબલ્યુ.)ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક વિજેતાનું નામ શક્ય હશે ત્યાં સુધી પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે તથા ચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિ.ના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહીં.

૪. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૫૪

"ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઑફ ઇન્ડિયા પારિતોષિક"

દાતાનું નામ તથા સરનામું	:	સેક્રેટરી, ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઑફ ઇન્ડિયા, ઇન્દ્રપ્રસ્થ માર્ગ, નવી દિલ્હી—૧૧૦૦૦૨.
દાનની રકમ	:	રૂ. ૪,૦૦૦/—.
દાનનો પ્રકાર	:	એક પારિતોષિક (આશરે રૂ. ૩૦૦નું).
દાનનો સ્વીકાર	:	એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨—૧—૧૯૮૩ની સભામાં કુલપતિશ્રીને સ્વીકાર કરવા અંગે સત્તા આપેલ છે.

નિયમો

૧. "ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઑફ ઇન્ડિયા પારિતોષિક" આશરે રૂ. ૩૦૦ની રોકડ રકમનું ઇનામ દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની થર્ડ બી.કૉમ.ની પદવી પરીક્ષામાં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ વિષયમાં યુનિવર્સિટીની પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે.

જો ઉપર જણાવ્યા પ્રમાણે "એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ" વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હશે તો સદરહુ પારિતોષિક તેવા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી થર્ડ બી.કૉમ. પદવી પરીક્ષામાં યુનિવર્સિટીની પરીક્ષામાં આંતરિક કસોટીઓ બાદ કરતાં સરવાળે સૌથી વધુ ગુણ મેળવતો હશે તેને આપવામાં આવશે.

૨. પારિતોષિક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે તો જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાને પારિતોષિક એનાયત કરવામાં તેની નાત, જાત કે ધર્મનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. સદરહુ પારિતોષિક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાશે તે ઉમેરવા તેને અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૫૯

O. Engg. 1 :

(*a*) A candidate for the Degree of Bachelor of Engineering must produce a certificate showing that he has passed the H.S.C. Examination conducted by the Gujarat Higher Secondary Education Board in Science stream with Physics, Chemistry, Mathematics and Biology subjects or any examination recognised as equivalent thereto with same subjects, i.e., Physics, Chemistry, Mathematics and Biology. Such a candidate will be admitted to the First Semester of B.E. I of the Four Year Degree Course in Engineering.

(*b*) A candidate who after passing the H.S.C. Examination of Gujarat State has passed the Diploma Examination of Gujarat State Technical Examination Board and has obtained First Class therein will be eligible for admission to Third Semester of B.E. II of the Four Year Degree Course in Engineering on the following conditions :

For admission to B.E. (Civil), B.E. (Mechanical), B.E. (Electrical), B.E. (Chemical), B.E. (Textile Technology) and B.E. (Electronics and Communications) a student must have passed Diploma Examination in Civil, Mechanical, Electrical, Chemical, Textile Technology and Electronics and Radio Engineering in respective branch.

Students who are admitted under this provision will have to pass the additional subjects of Semesters I & II stated the below :

Civil, Mechanical, Electrical and Chemical Branch	Mathematics–1 and Mathematics–2
Textile Technology Branch	Mathematics–1 Mathematics–2 Textile Fibres

Electronics and Communications Branch	Mathematics–1 Mathematics–2 Engineering Mechanics Heat power Strength of Materials.

N.B.—For the purpose of passing examinations in respective Semesters and the standard of passing the Examinations, the additional subjects of Semester I will form part of Semester III and additional subjects of Semester II will form part of Semester IV Examinations.

પરિશિષ્ટ "છ"

કામકાજ ક્રમાંક ૬૧

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૮—૨—૧૯૮૩ને સોમવારના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	ગેરહાજર
૩.	શ્રી. પી. બી. પટેલ	ગેરહાજર
૪.	શ્રી. વી. જે. મિસ્ત્રી	હાજર
૫.	શ્રી. એચ. એસ. ભગવતી	ગેરહાજર
૬.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૭.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૫—૧—૧૯૮૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૫—૧—૧૯૮૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વિદ્યાર્થીઓના છાત્રાલય બ્લૉક "એ"ના મકાનના ધાબા પર વૉટર પ્રૂફિંગના કામમાં સિમેન્ટનો ભાવ નક્કી કરવા કૉન્ટ્રાકટર તરફથી આવેલા તા. ૬—૧—૧૯૮૩ના પત્ર નં. ૧૯૪૬ પરત્વે વિચારણા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલય બ્લૉક "એ"ના મકાનના ધાબા પર વૉટર પ્રૂફિંગના કામમાં સિમેન્ટનો ભાવ રૂ. ૩૫—૦૦ એક થેલીનો રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. જિમ્નેશિયમના મકાનમાં વૂડન ફ્લોરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિમ્નેશિયમના મકાનમાં વૂડન ફ્લોરિંગના કામ માટે આવેલાં કુલ છ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કંટ્રાટી શ્રી. વી. જે. માસરવાલાનું રૂ. ૧૯,૨૫૦-૦૦ પૈસા વત્તા ૪૭ ટકા વધારે પ્રમાણેનું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસના મકાનના ધાબા ઉપર વૉટર પ્રૂફિંગ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસના મકાનના ધાબા પર વૉટર પ્રૂફિંગનું કામ સી ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સના મકાનના ધાબા પર કરવામાં આવેલ કામના ટેન્ડર મુજબ અને તે ભાવથી એટલે કે રૂ. ૪૮—૩૬ પૈસા ચો.મીટરના ભાવથી મે. ન્યૂ ઇન્ડિયા વૉટર પ્રૂફિંગ કાં. પાસે કરાવી લેવા સારુ રૂ. ૨૦,૫૫૩—૦૦નું ખર્ચ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

અવાચ્ય.
કુલસચિવ વતી.

પરિશિષ્ટ " જ "

કામકાજ ક્રમાંક ૬૩

સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઈત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરી ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૨-૯'૮૨ના રોજ બપોરના ૩-૩૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. આચાર્યશ્રી એમ. સી. શાહ	ગેરહાજર
૨. આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૩. પ્રા. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૪. શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૫. શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર.

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખે સંભાળ્યું.

૧. તા. ૨૭-૧-'૮૨ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૭-૧-'૮૨ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર સભાના પ્રમુખશ્રીએ સહી કરી.

૨. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરના બિનશિક્ષક ભૂતપૂર્વ કર્મચારી શ્રી. કે. કે. ટિકિયાણીને યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર કૉલેજે ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી નથી. તે અંગેના તેઓના તા. ૧૨-૧૦-'૮૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરના ભૂતપૂર્વ બિનશિક્ષક કર્મચારી શ્રી. ટી. કે. ટિકિયાણીને ગ્રેચ્યુઈટીની રકમ કૉલેજે ચૂકવી નથી. તે અંગેના તેમના વિવાદના કાગળો નિકાલ માટે ગુજરાત એફિલિયેટેડ કૉલેજીસ સર્વિસીસ ટ્રિબ્યુનલ ઍક્ટ, ૧૯૮૨ હેઠળ નિયુક્ત થયેલ ટ્રિબ્યુનલને મોકલી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાના સફાઈ કામદાર શ્રી. ડી. કે. રાઠોડને પૂરો પગાર આપવામાં આવતો નથી. તે અંગે આવેલ ફરિયાદ પરત્વે વિચારણા કરવા બાબત.

સફાઈ કામદાર શ્રી. દશરથભાઈ કિશનભાઈએ તેમના તા. ૫-૪-'૮૨ના પત્રથી જણાવ્યું છે કે તેમણે કોઈ પણ જાતના દબાણ વિના રાજીનામું આપેલ છે અને તા. ૧-૮-'૮૧થી કૉલેજમાંથી છૂટા થયેલ

છે. તેમણે કૉલેજ સામે કોઈ અરજી કરી નથી. કોઈ ખોટા નામે અરજીઓ કરે છે તેની નોંધ લેવા તથા ફરિયાદને દફતરે કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૪. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદના નિવૃત્ત અધ્યાપક શ્રી. પી. બી. મહેતાને વૅકેશન સેલરી ચૂકવવાની બાબતમાં સદરહુ કૉલેજના આચાર્યના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આચાર્યે તા. ૩૦-૧-'૮૧ના પત્રથી જણાવ્યું છે કે જૉઇન્ટ ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન ધ્રુવ સાહેબનો રૂબરૂમાં સંપર્ક સાધતાં તેઓએ જણાવ્યું છે કે નિવૃત્ત થનાર વ્યક્તિને વૅકેશનના પગારનો લાભ મળી શકે નહીં.)

નિવૃત્ત અધ્યાપક શ્રી. પી. બી. મહેતાને ઉચ્ચ શિક્ષણનિયામકની કચેરીએ લખેલ તા. ૧૭-૬-'૮૨ના પત્રાંક ઉબક-૯-૧-ગ્રાન્ટ-ક-૩૨૩૦-૩૧થી નિવૃત્ત થનાર શિક્ષકનો પગાર તેઓ જે માસમાં નિવૃત્ત થયા હોય તે માસ સુધીનો ગ્રાન્ટપાત્ર ગણી શકાય. તે પછીના સમયના પગારનું ખર્ચ ગ્રાન્ટ માટે માન્ય રાખી ન શકાય તેમ જણાવ્યું છે. તે વંચાણમાં લઈને આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. બી. મહેતાને તેઓ નિવૃત્ત થયા તે વર્ષની વૅકેશન સેલરી ચૂકવી શકાય નહિ તેમ જણાવવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. સંલગ્ન કૉલેજોમાં બિનશિક્ષક કર્મચારી વર્ગના સંખ્યાબળ (મહેકમ) અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૦૭૭-ખ-૧ના સંબંધમાં ઑ. ૯૬ અન્વયેની માહિતીની ચકાસણીમાં ઊભા થતા નીચેના પ્રશ્નો પરત્વે સ્પષ્ટતા કરવા બાબત :

૧. એક જ જોડાણ ધરાવતી કૉલેજ અલગ અલગ બિલ્ડિંગમાં હોય તો તે બે સફાઈ કામદારનો આગ્રહ રાખવો કે કેમ ?

૨. એક જ બિલ્ડિંગમાં બે જુદી જુદી વિદ્યાશાખાની જોડાણ ધરાવતી બે કે વધુ કૉલેજો બેસતી હોય તો બિલ્ડિંગનો આધાર લઈ ચોકીદાર તથા સફાઈ કામદારની સંખ્યાનો આગ્રહ રાખવો કે જોડાણનો આધાર લઈ સંખ્યાનો આગ્રહ રાખવો.

૩. ઉપર જણાવેલ પ્રશ્ન ૧ અને ૨ અંગે સ્પષ્ટતા મળે નહિ ત્યાં સુધી ઉપર જણાવેલ સંખ્યાબળ (મહેકમ) અંગે બે કૉલેજો વચ્ચે ફાળવણી થઈ હોય તો તેને ઑ. ૯૬ અન્વયેની માહિતી માટે ગ્રાહ્ય રાખવી કે કેમ ?

(**નોંધ.**—રાજ્ય સરકારના ઉપર જણાવેલ ઠરાવ અનુસાર એક કરતાં વધારે મકાનમાં કૉલેજ બેસતી હોય તો સફાઈ કામદાર તથા ચોકીદારની સંખ્યા મકાનની સંખ્યા જેટલી રાખવી તેવું તે સાથેના સેટઅપ પત્રક ૩ની રિમાર્કમાં જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં ગુજરાત સરકારના ઠરાવ અનુસાર પ્રત્યેક કૉલેજમાં મહેકમ પ્રમાણે બિનશિક્ષક કર્મચારીગણ માટે આગ્રહ રાખવો તેમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થાઓના ગ્રંથપાલ મંડળ, અમદાવાદ શહેર યુનિટ તા. ૨૪-૬-'૮૨ના પત્રથી લાઇબ્રેરી એટેન્ડન્ટોને સરકારશ્રીએ તેમના ગ્રંથાલયમાં માન્ય કર્યાના રેગ્યુલેશન પી.સી.આર. ૧૧૭૮-એમ થી માન્ય કરેલ ગ્રેડ રૂ. ૨૬૦-૪૦૦થી વંચિત રાખવામાં આવ્યા છે,

જેના પરિણામે લાંબા ગાળાની અસર તેમના પ્રશ્નો પર પડે છે તેની રજૂઆત કરી છે. તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સરકારશ્રીના તા. ૧૨-૪-૭૮ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૭-૨૦૫૦૧- કેએસમાં જણાવ્યા મુજબ સંલગ્ન આર્ટ્સ-સાયન્સ-કૉમર્સ અને બી.એડ.ની કૉલેજોમાં લાઇબ્રેરી એટેન્ડન્ટ, માળી, ચોકીદાર, ડુપ્લિકેટિંગ મશીનમૅનનું પગારધોરણ રૂ. ૧૯૬-૩-૨૩૨ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. એસ. એન. મહેતા આર્ટ્સ અને એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના ખંડસમયના ભૂતપૂર્વ ટ્યૂટર શ્રી. કે. આર. ચૌધરીને સને ૧૯૭૧-૭૨ના વર્ષમાં સોંપવામાં આવેલ નવ લેક્ચર્સના કાર્યભારને અનુરૂપ પગાર ન ચૂકવ્યા અંગેની ફરિયાદ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આચાર્યે તા. ૧૪-૪-'૮૧ના પત્રથી વકતવ્યમાં જણાવ્યું છે કે શ્રી. કે. આર. ચૌધરીની નિમણૂક માસિક રૂા. ૨૦૦ના કોન્સોલિડેટેડ કરી હતી અને તે મુજબ તેમને પગાર ચૂકવ્યો છે. યુનિ. સિન્ડિકેટની તા. ૪-૯-'૭૧ ની સભાએ સુધારેલ ઑર્ડિ. ૧૨૦-એ કે જે તા. ૧૫-૬-'૭૨-થી અમલમાં આવેલ. તે મુજબ તેઓને તા. ૧૫-૬-'૭૨થી વ્યાખ્યાતા તરીકે બઢતી આપીને રૂા. ૨૭૫ ચૂકવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. આર. ચૌધરી લાયકાત ધરાવતા હોય અને કૉલેજે તેમની પાસેથી લેક્ચર્સનું કામ લીધું હોય તો તત્કાલીન ધોરણ મુજબ લેક્ચર્સના કાર્યભાર માટે રૂા. ૨૭૫ કોન્સોલિડેટેડ રેમ્યુનરેશન આપવા કૉલેજને જણાવવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ-સભ્ય શ્રી. સી. પી. જોશીના નીચે જણાવેલ પ્રસ્તાવ ઉપર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૪-'૮૨ની સભામાં સદરહુ બાબતને કૉલેજો અંગેના પ્રશ્નો માટેની સ્થાયી સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકવી. દરમિયાન કર્મચારી મંડળો તથા કૉલેજ વ્યવસ્થાપક મંડળોનાં આ અંગેનાં મંતવ્યો મંગાવવા ઠરાવ કર્યો છે તે પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ

"સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સીનિયોરિટી નક્કી કરવાનાં ધોરણો યુનિવર્સિટીના કર્મચારીઓ માટે નક્કી કરવામાં આવેલાં ધોરણો પ્રમાણે જ ગણાય અને તેમની નિમણૂક બઢતી વગેરેમાં એકસૂત્રતા જળવાય (યુનિવર્સિટી બિનશિક્ષક કર્મચારીઓની અને સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓની) એમ આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓનાં મંડળોના પ્રતિનિધિઓને રૂબરૂમાં સભા સમક્ષ રજૂઆત માટે બોલાવવા અને પછી ઘટતો નિર્ણય લેવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. દ. ત્રિવેદી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૭૦

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૨૮-૨-૧૯૮૩ ને સોમવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	ગેરહાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૧૩-૧૨-'૮૨ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૧૩-૧૨-'૮૨ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલય માટે ડુપ્લિકેટિંગ પેપર, સ્ટેન્સિલ પેપર વગેરે સ્ટેશનરી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આવેલ નમૂના તથા માલની જાત તથા ગુણવત્તા વગેરે જોઈને આ સાથેના **પરિશિષ્ટ "અ"** (અત્રે છાપ્યું નથી)માં જણાવ્યા પ્રમાણેની સ્ટેશનરી ટેન્ડરમાં જણાવેલ શરતોએ અને ભાવે ખરીદવી.

૩. યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓના પલ્પિંગ કામ માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. હરિનારાયણ બગોરિયાને એક કિલોના રૂ. ૧-૮૦ પૈસાના ભાવે જૂની ઉત્તરવહીઓ ટેન્ડરમાં જણાવેલ શરતોએ આપવી.

૪. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરનાં જૂનાં પંચિંગ કાર્ડ, પ્રેસની કતરણ તથા બીજા વેસ્ટનો નિકાલ કરવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કોમ્પ્યુટર સેન્ટરનાં જૂનાં પંચિંગ કાર્ડ, પ્રેસની કતરણ તથા અન્ય વેસ્ટ પેપર ટેન્ડરમાં જણાવેલ શરતોએ નીચેના ભાવે જે તે વેપારીને

તા. ૩૧-૧૨-'૮૩ સુધી આપવાં :

ક્રમાંક	વસ્તુનું નામ	વેપારીનું નામ	એક કિલોનો ભાવ	નોંધ
			રૂ. પૈસા.	
૧.	જૂનાં પંચિંગ કાર્ડ	મગનભાઈ ખુશાલભાઈ	૩--૪૧	સૌથી વધુ ભાવ હોવાથી
૨.	પ્રેસ કતરણ	,,	૨--૬૨	,,
૩.	ફર્માના કાગળ	,,	૨--૫૦	,,
૪.	મોનો સ્પુલ પેપર	,,	૪--૧૧	,,
૫.	રીમના બાંધા	હરિનારાયણ બગોરિયા	૩--૦૦	,,
૬.	બગડેલ વેસ્ટ	,,	૧--૨૫	,,
૭.	સ્વીપિંગ વેસ્ટ	શાન્તી કરસન	૨--૪૧	,,

૫. યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર માટે કાર્ડ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કોમ્પ્યુટર વિભાગ માટે જરૂરી કાર્ડ્સ ઇન્ટરનેશનલ ડેટા મૅનેજમેન્ટ પ્રા. લિ. પાસેથી ટેન્ડરમાં જણાવેલ શરતોએ અને એક હજાર કાર્ડના રૂ. ૩૯-૭૫ પૈસા(રૂપિયા ઓગણચાલીસ અને પંચોતેર પૈસા) ની કિંમતે ખરીદવાં.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે માઇક્રોપિપેટ્સ ઍન્ડ ડિસ્પોસેબલ મે. સુગરમ જૈપીનગર પાસેથી ખરીદવા રૂ. ૪,૯૦૦(રૂપિયા ચાર હજાર નવસો)નો ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે માઇક્રોપિપેટ્સ ઍન્ડ ડિસ્પોસેબલ મે. સુગરમ જૈપીનગર પાસેથી તેઓના પત્રમાં જણાવેલ શરતોએ ખરીદવા અને આ અંગે રૂ. ૪,૯૦૦ (રૂપિયા ચાર હજાર અને નવસો)નું ખર્ચ મંજૂર કરવું.

૭. યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોના બાઇન્ડિંગ કામ માટેના યુનાઇટેડ બુક બાઇન્ડિંગ ઍન્ડ સપ્લાયર્સના ભાવ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે હવે ફેરવિચારણા કરવાની જરૂરત જણાતી નથી.

૮. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧-૮-૮૨ની સભામાં ઠરાવ નં. ૨૦થી ૧૯૮૨ની પરીક્ષામાં જુદાં જુદાં કેન્દ્રોમાં મોકલેલ ઓબ્ઝર્વર્સનાં સૂચનો માટે નીમેલી સમિતિની નીચેની ભલામણ મંજૂર કરેલ છે તેના પર વિચારણા કરવા બાબત :

"જુનિયર સુપરવાઇઝર તથા સીનિયર સુપરવાઇઝરના દરો વધારવા માટેના પ્રશ્ન અંગે સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને એપ્રિલ, ૧૯૮૩ની પરીક્ષા પહેલાં તે અંગે જરૂરથી નિર્ણય કરવો."

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે જુનિયર સુપરવાઇઝરો તથા સીનિયર સુપરવાઇઝરોના પુરસ્કારના દરો સુધારવાની દરખાસ્ત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હવેથી જુનિયર સુપરવાઇઝરને જનરલ સુપરવાઇઝર અને સીનિયર સુપરવાઇઝરને બ્લૉક સુપરવાઇઝરનું નામાભિધાન આપવું.

૯. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-'૮૨ની સભાની નીચેની બાબતો પર વિચારણા કરવા બાબત :

૧. આથી ઠરાવવામાં આવે છે કે બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ના બાયોકેમિસ્ટ્રી વિષયમાં કૉલેજમાં પ્રાયોગિક કામ માટે હાલમાં માઇક્રોબાયોલોજીમાં જે પ્રમાણે વિદ્યાર્થીઓની બેચની સંખ્યા નક્કી કરેલ છે તે મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે.

૨. આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડ બી.એસસી., થર્ડ બી.એસસી. અને એમ.એસસી., પાર્ટ-૧, ૨ની જીઓલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી આસિસ્ટન્ટની જોગવાઈ કરવી.

૩. આથી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે માઇક્રોબાયોલોજી વિષયની એમ.એસસી., થર્ડ બી.એસસી. અને સેકન્ડ બી.એસસી.ની સર્વે પ્રાયોગિક પરીક્ષાઓમાં "ફિલ્ડ કલેકટર"ની નિમણૂક કરવી.

૧. આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ની બાયોકેમિસ્ટ્રી વિષયના કૉલેજમાં પરીક્ષાના પ્રાયોગિક કામ માટે હાલમાં માઇક્રો-બાયોલોજીમાં જે પ્રમાણે વિદ્યાર્થીઓની બેચની સંખ્યા નિયત કરેલ છે તે મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે.

૨. આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સેકન્ડ બી.એસસી., થર્ડ બી.એસસી. અને એમ.એસસી., પાર્ટ ૧ અને પાર્ટ ૨ની જીઓલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી આસિસ્ટન્ટની જોગવાઈ કરવાની માગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૩. આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે માઇક્રોબાયોલોજી વિષયની એમ.એસસી., થર્ડ બી.એસસી. અને સેકન્ડ બી.એસસી.ની સર્વે પ્રાયોગિક પરીક્ષાઓમાં "ફિલ્ડ કલેકટર"ની નિમણૂક કરવાની માગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૧૦. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૫—૯—'૮૨ની સભાની નીચેની ભલામણ વિજ્ઞાન વિદ્યા-શાખાની તા. ૧૫-૯-'૮૨ની સભાએ સ્વીકારી હોય તે પર વિચારણા કરવા બાબત :

" ભૌતિકશાસ્ત્ર વિષય આજ સુધી નૉન-રિકરિંગ ગણાતો હતો; તે હવે રિકરિંગ બની ગયો છે. જેમાં Instrumentation Electronics, Molceular Physicsના પ્રયોગોમાં વપરાતા Transistors Resistance pentiometers, capacitors વગેરે ડેમેજેબલ કમ્પોનન્ટ્સ છે અને તે ડેમેજ થવાથી કીમતી સાધનો તાત્કાલિક બિનકાર્યક્ષમ બને છે. જેમ કે Power supply, Oscilator, Osciloscope, Multimoter વગેરે. તો દરો નીચે મુજબ રાખવા :

		હાલનો દર
	રૂ.	રૂ.
એફ.વાય.બી.એસસી.	૫--૦૦	૧--૦૦
એસ.વાય.બી.એસસી.	૧૦--૦૦	૩--૦૦
ટી.વાય.બી.એસસી.	૨૦--૦૦	૩--૦૦

આ દરો આગામી પરીક્ષાથી અમલી બને તેવી જોગવાઈ કરવા ભલામણ છે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત દરો સુધારવાની જરૂર જણાતી નથી.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે બાયોવિઝ્યુઅલ પ્રોડક્ટ્સ, હૈદરાબાદ પાસેથી ખરીદવા માટે રૂ. ૧,૬૩૩-૭૬ પૈસા (રૂપિયા એક હજાર છસો ને તેત્રીસ અને છોતેર પૈસા)ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૧૨. માર્ચ-એપ્રિલ, ૧૯૮૩ની પરીક્ષાઓ માટે ગુણપત્રકો (રજિસ્ટર તથા બીજી કન્ટિન્યુઅસ સ્ટેશનરી) કોમ્પ્યુટર વિભાગ માટે ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે—

૧. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગ માટે જરૂરી જથ્થામાં ગુણપત્રકો વિનીલ કોમ્પ્યુટર સ્ટેશનરી પ્રા. લિ. પાસેથી રૂ. ૪૦,૦૦૦-૦૦ (રૂપિયા ચાલીસ હજાર)ની કિંમત સુધીમાં ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવાં અને

૨. ઑફિસ રજિસ્ટર જરૂરી જથ્થામાં મે. તુલસી પ્રેસ પાસેથી રૂ. ૨૧,૩૬૯-૬૦ પૈસા (રૂપિયા એકવીસ હજાર ત્રણસો ને ઓગણસીત્તેર અને સાઠ પૈસા)ની કિંમત સુધીમાં ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવાં.

૧૩. રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ માટે વિદ્યાર્થીઓના સ્કાર્ફ બનાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સૌથી ઓછો ભાવ ભરનાર ગ્રામલક્ષ્મી ખાદીનિકેતન, પાટણ પાસેથી રૂ. ૮,૧૦૦ (આઠ હજાર એકસો) સ્કાર્ફ એક નંગના રૂ. ૪-૧૩ પૈસા (રૂપિયા ચાર અને તેર પૈસા)ના ભાવે આપેલ નમૂના પ્રમાણેના ખરીદવા.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે કલેરિનેટ ફ્યુઅલ કબાટ કવરીઓન પોલીએસ્ટર લેમિનેટ્સ પાસેથી રૂ. ૧૫,૭૬૫-૦૦ (રૂપિયા પંદર હજાર સાતસોને પાંસઠ)માં ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની વિચારણા મુલતવી રાખવી.

૧૫. સેન્ટ્રલ લેબોરેટરીના એરકન્ડિશન પ્લાન્ટનો મે. બ્લ્યૂ સ્ટાર લિ. સાથે સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના એરકન્ડિશન પ્લાન્ટનો ઓલ રિસ્ક પ્રોડક્શન સર્વિસ કૉન્ટ્રાક્ટર મે. બ્લ્યૂ સ્ટાર લિ. સાથે તેઓના તા. ૨૮-૧-'૮૩ના પત્રમાં જણાવેલ શરતો મુજબ કરવા અને અને આ અંગે રૂ. ૧૧,૬૦૦ (રૂપિયા અગિયાર હજાર અને છસો)નું ખર્ચ મંજૂર કરવું.

૧૬. એ. ડી. શોધન આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર માટે રૂ. ૧,૨૦૦ (રૂપિયા એ હજાર બસો)ના મેગેઝીનનાં લવાજમ ભરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અધ્યક્ષશ્રી એ. ડી. શોધન આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરે તેમના પત્રમાં જણાવેલ મેગેઝીનોનાં લવાજમ ભરવાં અને આ અંગે રૂ. ૧,૨૦૦ (રૂપિયા એક હજાર બસો)નો ખર્ચ મંજૂર કરવો.

૧૭. અધ્યક્ષશ્રી, વાણિજ્ય વિદ્યાશાખાની પરીક્ષાના મહેનતાણાના દર સુધારવા અંગેના તા. ૧૫-૧-'૮૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષા કાર્ય માટેના હાલના પુરસ્કારના દર સુધારવાની હાલ જરૂર જણાતી નથી.

૧૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. કોમ્પ્યુટર વિભાગ માટે ફોલ્સ સીલિંગ કરવા માટે બી. એમ. આર્ટ્સ ડેકોરેટરના ભાવ મંજૂર કર્યા અને આ અંગે રૂ. ૮,૭૦૦ (રૂપિયા આઠ હજાર સાતસો)ના ખર્ચની મંજૂરી આપી.

૨. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ૧૯૮૩-૮૫ના વર્ષ માટે એક એડમિશન માટે જાહેરાત આપવા અંદાજી ખર્ચ રૂ. ૭,૦૦૦ (રૂપિયા સાત હજાર)ની મંજૂર આપી.

૩. યુનિ.ના પ્લેટર ફ્રૉર્મ કાંટાને રિપેર કરાવવા અંગે રૂ. ૧,૯૭૩-૫૬ પૈસાના ખર્ચની મંજૂરી આપી.

૪. કોમ્પ્યુટર વિભાગનાં કામો માટે પી.આર.એલ. તથા આઈ.આઈ.એમ.ના કોમ્પ્યુટરનો ઉપયોગ કરવા માટે રૂ. ૧,૫,૦૦૦ (રૂપિયા પંદર હજાર)ના ખર્ચને મંજૂરી આપી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે બાયોવિઝ્યુઅલ પ્રોડક્ટ્સ, હૈદરાબાદ પાસેથી ખરીદવા માટે રૂ. ૧,૬૩૩-૭૬ પૈસાની મંજૂરી આપી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવી.

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનનાં ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે આ સાથેના પરિશિષ્ટ "બ" (અત્રે છાપ્યું નથી)માં બતાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવાં.

૨૦. એ. ડી. શોધન એ.આઈ.એસ. ટ્રેનિંગ સેન્ટર માટે પ્લેનેટ આર્થ ગ્લોબ ભારત એજ્યુકેશન સ્ટોર્સ, મીરત પાસેથી રૂ. ૨,૨૦૦-૦૦ (અંકે રૂપિયા બે હજાર બસો) પુરાની કિંમતે ખરીદવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અધ્યક્ષશ્રી, એ. ડી. શોધન આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના તા. ૨૯-૧-૧૯૮૩ના પત્રમાં જણાવેલ શરત મુજબ "પ્લેનેટ આર્થગ્લોબ" ભારત એજ્યુકેશન સ્ટોર્સ, મીરત પાસેથી ખરીદવા અને આ અંગે રૂ. ૨,૨૦૦ (રૂપિયા બે હજાર અને બસો) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૨૧. કોમ્પ્યુટર સેન્ટરના ચાલુ રોજિંદા કામમાં વપરાશ માટે બ્લૅન્ક રૂલ્ડ કન્ટિન્યુઅસ સ્ટેશનરી ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટર માટે જરૂરી બ્લૅન્ક રૂલ્ડ કન્ટિન્યુઅસ સ્ટેશનરી વિનીલ કોમ્પ્યુટર સ્ટેશનરી પ્રા. લિ.ની પાસેથી ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ રૂ. ૧૬,૦૦૦ (રૂપિયા સોળ હજાર) વત્તા અન્ય ખર્ચ જુદા ગણી ખરીદવી.

૨૨. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે ગેસ્ટેટનર કંપનીનું ડુપ્લિકેટિંગ ઈલેકટ્રિક મશીન ખરીદવા અંદાજે રૂ. ૨૦,૦૦૦ (રૂપિયા વીસ હજાર પુરા)ના ખર્ચને મંજૂરી આપવા બાબત.

આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે એક ઈલેકટ્રિક ડુપ્લિકેટિંગ મશીન ગેસ્ટેટનર બનાવટનું ઈન્ડિયા ડુપ્લિકેટર કુ. લિ. પાસેથી સદરહુ કંપની ભાવે અને તેની શરતો મુજબ ખરીદવું. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૦,૦૦૦ (રૂપિયા વીસ હજાર)નું ખર્ચ મંજૂર કરવું.

૨૩. એ. ડી. શોધન આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર માટે મેગેઝીનોનાં લવાજમ રિન્યૂ કરાવવા અંગે રૂ. ૧,૬૦૦ (રૂપિયા એક હજાર છસો)નો અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે એ. ડી. શોધન આઈ.એ.એસ. સેન્ટર માટે અધ્યક્ષશ્રીના તા. ૧-૨-૧૯૮૩ના પત્રમાં જણાવ્યા પ્રમાણેનાં મેગેઝીનોનું લવાજમ ભરવું અને આ અંગે રૂ. ૧,૬૦૦ (રૂપિયા એક હજાર છસો)નું ખર્ચ મંજૂર કરવું.

૨૪. અંગ્રેજી-ગુજરાતી વિનીત કોશના વેચાણ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—છેલ્લાં છ વર્ષમાં કુલ ૪,૫૬૪ (ચાર હજાર પાંચસોને ચોસઠ) નકલો વેચાઈ છે અને ૫,૪૩૬ (પાંચ હજાર ચારસો ને છત્રીસ) નકલો બાકી રહે છે.]

આથી એકઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે અંગ્રેજી-ગુજરાતી વિનીત કોશની બાકી રહેતી નકલો નવજીવન કાર્યાલયને ૫૦ ટકા (પચાસ ટકા) ડિસ્કાઉન્ટથી રાકડેથી વેચી દેવી તથા કોશના લેખક શ્રી. પાંડુરંગ દેશપાંડેને તેમને મળતી રૉયલ્ટીના ૫૦ ટકા (પચાસ ટકા) લેવા તૈયાર છે. તો તે પ્રમાણે તેઓને રૉયલ્ટીના ચૂકવવા.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે પ્રયોગાત્મક રીતે યુનિવર્સિટીનાં બાંજા ૫૦ (પચાસ) પ્રકાશનો જીવજીવન કાર્યાલયને ૪૦ ટકા (ચાલીસ ટકાના) વટાવથી વેચવા આપવા અને દર છ મહિને તેનો હિસાબ અને વેચાણની રકમ યુનિવર્સિટીને ચૂકવે તેમ શરત રાખવી.

૨૫. વિજ્ઞાન વિદ્યાશાખાના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો આ સાથેના **પરિશિષ્ટ "ક"** (અત્રે છાપ્યું નથી)માં બતાવ્યા પ્રમાણે અને ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવાં.

૨૬. વિજ્ઞાન વિદ્યાશાખાના વનસ્પતિવિજ્ઞાન વિભાગના ડી. એલ. ટી. પ્રોજેક્ટ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલા ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના ડી. એલ. ટી. પ્રોજેક્ટ માટે આ સાથેના પરિશિષ્ટ "ડ" (અત્રે છાપ્યું નથી)માં બતાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવાં.

૨૭. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગની કોશિપ યોજના નીચે બાયોવિઝ્યુઅલ ચાર્ટ્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનની પ્રાણીવિજ્ઞાન વિભાગની કોશિપ યોજના માટે જરૂરી બાયોવિઝ્યુઅલ ચાર્ટ્સ મે. બાયોવિઝ્યુઅલ પ્રોડક્ટ્સ, હૈદરાબાદ પાસેથી રૂ. ૫,૯૦૦-૦૦ (રૂપિયા પાંચ હજાર નવસો) વત્તા અન્ય ખર્ચ જુદા ગણી ખરીદવા.

૨૮. યુનિવર્સિટીના વાણિજ્ય વિદ્યાભવન માટે એક અંગ્રેજી ટાઇપરાઇટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાભવન માટે એક ટાઇપરાઇટર ગોદરેજ બનાવટનું ગોદરેજ ઍન્ડ બોઇસ કું. પાસેથી કંપની ભાવે અને શરતોએ ખરીદવું અને આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૬,૦૦૦-૦૦ (રૂપિયા છ હજાર) મંજૂર કરવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૭૫

DIPLOMA IN PHARMACY (Dip. Pharm.)

(In force from June, 1982)

Pharm. O. 1 :

There shall be two examinations one at the end of the first year called the First Year Pharmacy Diploma in Pharmacy, Part I and the other at the end of the Second year called the Final Examination for the Diploma in Pharmacy, Part II–A.

Pharm. O. 2 :

Diploma in Pharmacy, Part II–B shall consist a certificate of having completed a course of practical training at prescribed in Pharm. O. 3.

Pharm. O. 3 :

The course of academic training for the Diploma in Pharmacy shall be of two years' duration. First Year Pharmacy Diploma in Pharmacy, Part I and Final examination Diploma in Pharmacy Diploma in Pharmacy, Part II-A followed by practical training in all Institution, a Hospital, Pharmacy or Manufacturing house for not less than 750 hours covered in not less than 3 months. During this course of practical training the student shall acquire

1. working knowledge of keeping of records required by various acts affecting the profession of Pharmacy, and
2. practical experience in
   - (*a*) the manipulation of Pharmaceutical apparatus in common use;
   - (*b*) the recognition by sensory characters of chief drugs and chemical substances used in medicine;
   - (*c*) the reading translation and copying of prescription & 8 including the checking of doses;

(*d*) the dispensing of prescriptions illustrating the common methods of administering medicaments, and

(*e*) the storage of drugs and medicinal preparations.

Pharm. O. 4 :

Every candidate for the admission to the Final Examination for the Diploma in Pharmacy, Part II/A shall be required to have passed the First Year Examination Pharmacy of this University or of any other University recognised as equivalent to the examination of this University or Intermediate Science examination or a First Year Examination of a Three-year Integrated Degree Course with Physics, Chemistry, Botany or Mathematics as subjects or must have passed twelth standard examination of Science stream conducted by Higher Secondary Board, Gujarat State and in addition he must have completed the prescribed course of study in an institution recognised by the University for the purpose.

Pharm. O. 5 :

A candidate who has passed the First B.Sc. Examination of this University or of any other University recognised as equivalent thereto shall be exempted from the prescribed courses examinations of the First Year Pharmacy (Diploma Part I) in English, Paper I and English, Paper II and in those subjects in which he has passed the First B.Sc. Examination.

Provided further that such a student shall be permitted to join the Final Examination for the Diploma in Pharmacy, Part II/A and shall be eligible to pass he examination if he passes the Final examination for the Diploma in Pharmacy, Part II/A and also the Examination in those subjects of the First Year Pharmacy Diploma, Part I in which he is not exempted.

Pharm. O. 6 :

Diploma in Pharmacy shall be granted to candidate who passes the First Year Pharmacy (Diploma in Pharmacy, Part I) and Final examination for the Diploma in Pharmacy, Part II/A and produce of having duly completed not less than 750 hours' practical training as prescribed for Diploma in Pharmacy, Part II/B under Pharm. O. 2 covered in not less than three months in a recognised institution to the satisfaction of the head of the Institution in which he had undergone his academic training.

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૮૯

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૧૬-૧-'૮૧૩ બુધવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિનીશ્રી. પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૨૮-૨-'૮૩ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૨૮-૨-'૮૩ની સભાએ નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનો તથા વિભાગનાં વૉટરકૂલર્સના મે. ઈલેક્ટ્રો એરકન્ડિશનિંગ કંપની સાથે સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના નીચેના વિભાગોનાં વૉટરકૂલર્સને ઉપા કંપીનીનાં હોવાથી તા. ૧-૪-'૮૩ થી તા. ૩૧-૩-૧૯૮૪ સુધી કંપનીના સ્થાનિક એજન્ટ મે. ઈલેક્ટ્રો એરકન્ડિશનિંગ કંપની, અમદાવાદ સાથે સર્વિસ કૉન્ટ્રાક્ટ દરેક વૉટરકૂલર દીઠ રૂ. ૯૦૦-૦૦ થી કરવો અને આ અંગે રૂ. ૪,૫૦૦-૦૦ (રૂપિયા ચાર હજાર પાંચસો)નો ખર્ચ મંજૂર કરવો :

(૧) ભાષા-સાહિત્ય ભવન, (૨) એસ. કે. સેન્ટર, (૩) ગ્રંથાલય, (૪) રસાયણવિજ્ઞાન વિભાગ અને (૫) પ્રાણીવિજ્ઞાન વિભાગ.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે ફોટોગ્રાફિક મટિરિયલ્સ મે. ભારત એજ્યુકેશન સ્ટોર્સ, મીરત પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળવિજ્ઞાન વિભાગ માટે અધ્યક્ષશ્રીના તા. ૩૧-૧-'૮૩ના પત્રમાં જણાવ્યા પ્રમાણેનાં ફોટોગ્રાફિક મટિરિયલ્સ ભારત એજ્યુકેશન સ્ટોર્સ, મીરત પાસેથી કંપનીના ભાવપત્રમાં જણાવેલ ભાવે તથા શરતોએ ખરીદવાં અને આ અંગે રૂ. ૭,૦૦૦/- (રૂપિયા સાત હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે કેમેરો ખરીદવા માટે રૂ. ૮,૦૦૦/- (રૂપિયા આઠ હજાર)ના ખર્ચને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભૂગોળ વિભાગ માટે કેમેરો ખરીદવા માટે રૂ. ૮,૦૦૦/- (રૂપિયા આઠ હજાર)નું ખર્ચ મંજૂર કરવું અને કેમેરો ખરીદવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. વિજ્ઞાન કોશની શ્રેણીના મુદ્રણકામ માટે બહારના પ્રેસને કામ આપવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના **પરિશિષ્ટ "અ"**માં જણાવેલ ભાવે અને ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ એક એક શ્રેણીનું છાપકામ નવજીવન પ્રેસ, મોડર્ન પ્રેસ તથા સાહિત્ય મુદ્રણાલયને સોંપવું (પરિશિષ્ટ "અ" અત્રે છાપ્યું નથી).

૬. સને ૧૯૭૯-૮૦ તેમ જ ૧૯૮૦-૮૧ના વર્ષના ગ્રાન્ટના હિસાબો તેમજ જનરલ ફંડના હિસાબોના ઑડિટ અંગે થયેલા સરકારી ઑડિટ નોંધના જવાબો ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરામાં આવે છે કે ઑડિટ નોંધના કાર્યાલયે તૈયાર કરેલા જવાબો મંજૂર કરવા (ઑડિટ નોંધના જવાબો અત્રે છાપ્યા નથી).

૭. યુનિવર્સિટી પ્રેસના પ્રિન્ટિંગ મશીનના રોલને ભરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના પ્રિન્ટિંગ મશીનના રોલને મે. ફોનિક્સ (ઇન્ડિયા) રબર પ્રોડક્ટ્સ, ઉંચના પાસે રિકોટિંગ કરાવવા અને આ અંગે રૂ. ૨,૨૦૦/- (રૂપિયા બે હજાર અને બસો)નું ખર્ચ મંજૂર કરવું.

૮. ભાષા-સાહિત્ય ભવન માટે ફર્નિચર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવન માટે નીચે પ્રમાણેનું ફર્નિચર ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવું અને આ અંગે રૂ. ૧૫,૦૦૦ (રૂપિયા પંદર હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું :

ક્રમાંક	વેપારીનું નામ	વસ્તુનું નામ	જથ્થો	ભાવ રૂ.	નોંધ
૧.	પ્રકાશ ફર્નિચર સેન્ટર	લૅંગ્વેજ લેબોરેટરી ટેબલ	૪ નંગ	૨,૯૬૫--૦૦	સૌથી ઓછા ભાવ હોવાથી
૨.	,,	માસ્ટર પેનલ ટેબલ	૧ નંગ	૨,૪૨૫--૦૦	,,
૩.	ન્યૂ ફર્નિચર માર્ટ	સાઈડ રૅક	૧ નંગ	૭૨૫--૦૦	,,

૯. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગ લાઈન પ્રિન્ટર માટે રીબન નંગ એક ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના ૧૬૨૦ કોમ્પ્યુટર સાથેના લાઈન પ્રિન્ટરની રીબન નંગ ૧ ઇન્ટરનેશનલ બિઝનેસ ઑસોસિયેશન, અમદાવાદ પાસેથી રૂ. ૧,૨૦૦ (રૂપિયા એક

હજાર બસો) વત્તા અન્ય ખર્ચા જતા ગણી ખરીદવી. વધુમાં ભવિષ્યમાં આવી રીબન સદરહુ કંપની પાસેથી ખરીદવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦. યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના પેકેજ પ્લાન્ટ માટે માઈક્રો ફિલ્ટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના પેકેજ પ્લાન્ટ માટે ચાર નંગ માઈક્રો ફિલ્ટર્સ મે. વોલ્ટાસ લિ. પાસેથી દરેકના રૂ. ૨,૦૦૦ના દરે ખરીદવા અને આ અંગે રૂ. ૮,૦૦૦ (રૂપિયા આઠ હજાર)નું ખર્ચ મંજૂર કરવું.

૧૧. યુનિવર્સિટી પ્રેસ માટે વર્ષ દરમ્યાન જુદી જુદી જાતના બ્લોક્સ બનાવવા માટે મંગાવેલ ટેન્ડરોના નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના **પરિશિષ્ટ "બ"**માં બતાવ્યા પ્રમાણેના પ્રેસની જરૂરિયાત પ્રમાણે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ અને પરિશિષ્ટમાં જણાવેલ ભાવ મુજબ કામ સોંપવું (પરિશિષ્ટ "બ" અત્રે છાપ્યું નથી).

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૯૦

તા. ૪-૭-'૮૧ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી સંલગ્ન બી.એડ.ની કૉલેજોમાં પ્રવેશની કાર્યવાહી નક્કી કરવા માટે કુલપતિશ્રીને આપેલ સત્તાનુસાર કુલપતિશ્રીએ નીમેલ બી.એડ. કૉલેજોમાં પ્રવેશ આપવા અંગેની સમિતિની તા. ૧૨-૧-'૮૩, તા. ૧૩-૧-'૮૩, તા. ૮-૨-'૮૩ અને તા. ૨૩-૨-'૮૩ની મળેલ સભાઓએ ચર્ચાવિચારણાને અંતે ૧૯૮૩-૮૪ના વર્ષ માટે નીચેના નિયમોને આધીન પ્રવેશ આપવા અંગે સર્વાનુમતે ભલામણ કરી હતી ;

(૧) વ્યવસ્થા અંગેની ભલામણ :

૧. ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે યુનિવર્સિટીમાં કેન્દ્રીય વ્યવસ્થા ઊભી કરવાનું રાખવું.

૨. ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની કેન્દ્રીય વ્યવસ્થાના કાર્યમાં "કોમ્પ્યુટરાઇઝ પદ્ધતિ"નો ઉપયોગ કરવાનું રાખવું.

૩. ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની કેન્દ્રીય વ્યવસ્થાનું તમામ કાર્ય નીચે જણાવેલ સમિતિને સોંપવું :

૧. પ્રિ. જી. બી. પરીખ (કન્વીનર)
૨. પ્રો. એ. ટી. અજમેરા
૩. પ્રો. એચ. પી. ચૌહાણ.

૪. ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની કેન્દ્રીય વ્યવસ્થા બાબત એક "બી.એડ. પ્રવેશ સેલ" ઊભો કરવો.

૫. પ્રવેશની કેન્દ્રીય વ્યવસ્થા માટે રચવાના સેલમાં દરેક કૉલેજનું પ્રતિનિધિત્વ સચવાય તે જોવું અને તે માટે આચાર્યો પાસેથી આ વ્યવસ્થામાં જોડાવા ઇચ્છતી વ્યક્તિઓની વિગત મંગાવવી.

૬. પ્રવેશ અંગેનાં ફૉર્મ્સ અને માહિતીપત્રક યુનિવર્સિટી તૈયાર કરે અને તે યુનિવર્સિટીમાંથી જ મળી શકે તેવી વ્યવસ્થા કરવી.

૭. પ્રવેશનાં ફૉર્મ્સ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીને જ રજિસ્ટર પોસ્ટથી મોકલવાનાં રહે.

૮. અરજીપત્રક આપવા અંગે અને ભરીને પરત મોકલવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ, ૧૯૮૩ અંગેની જાહેરાત સમાચારપત્રોમાં યુનિવર્સિટી તરફથી કરવામાં આવે. સ્નાતક થયેલા અને સ્નાતકની પરીક્ષામાં ચાલુ સાલે બેસનાર સહિતના ઉમેદવારોએ ૩૧મી માર્ચ પહેલાં રજિ. એ.ડી.થી ફૉર્મ મોકલવાનાં રહેશે.

૯. પ્રવેશની ગુણવત્તા યાદી કોમ્પ્યુટર મારફત યુનિવર્સિટી તૈયાર કરીને કૉલેજોને ત્રણ નકલમાં મોકલે.

૧૦. પ્રવેશની યાદી કૉલેજોને ૨૧મી મે સુધીમાં મળે અને ૧ જૂને પ્રથમ પ્રવેશની યાદી અને ૮ જૂને બીજી પ્રવેશ યાદી પ્રમાણેના પ્રવેશ કૉલેજોમાં આપવામાં આવે.

૧૧. ૧૦ જૂને યુનિવર્સિટીને કૉલેજો આપેલ પ્રવેશ અને નહીં આપેલ પ્રવેશ અંગેની વિગતો મોકલી આપે.

૧૨. ૧૫ જુલાઈ પછી કોઈ પણ પ્રવેશ આપવો નહીં.

(૨) પ્રવેશ અંગેની ગુણવત્તા યાદી માટેનાં ધારણો :

૧. ગુણવત્તા યાદી તૈયાર કરવા માટે નીચે પ્રમાણે કુલ ગુણાંકન ગણવાના રહેશે :

(અ) ટી.વાય.ના જે ટકા હોય તે ટકા.

(બ) અનુસ્નાતકના પ્રથમ ભાગની પરીક્ષામાં પ્રાપ્ત થયેલ ટકાના ૧૦ ટકા.

(ક) અનુસ્નાતકના દ્વિતીય ભાગની પરીક્ષામાં પ્રાપ્ત થયેલ ટકાના ૧૦ ટકા.

(ડ) વ્યાવસાયિક તાલીમની સ્નાતકની પરીક્ષામાં સૌથી વધુ ટકા હોય તે પરીક્ષાના ટકાના ૧૦ ટકા વત્તા (એસ.ટી.સી. સી.પી.એ., ટી.ડી., ડી.પી.એડ., ડી.ટી.સી.

(ઇ) માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાના ધો. ૮ થી ૧૨ના વર્ગોમાં સવેતન પૂર્ણકાલીન અનુભવના પ્રતિ પૂરા વર્ષનો એક ગુણ, પણ વધુમાં વધુ ૩ ગુણથી વધુ નહીં.

નોંધ ૧. ઉપર મુજબ કરેલ ગુણાંકનમાં કોઈ પણ બે કે તેથી વધુ પ્રવેશાર્થીઓના ગુણાંકન એકસરખા થતા હોય તો જે તે વિદ્યાર્થીઓના નેમણુ પસાર કરેલ નીચેની પરીક્ષાઓના કુલ ગુણની ટકાવારી ધ્યાનમાં લઈને તેમાં જે ઉમેદવારોના ટકા વધારે હોય તેને પ્રથમ પ્રસંદગી આપવી :

૧. એસ.વાય.ની પરીક્ષા

૨. એફ.વાય.ની પરીક્ષા

૩. હાયર સેકન્ડરીની પરીક્ષા.

૨. ઉપર (ઇ)માં જણાવેલ અનુભવ અંગે પ્રવેશાર્થીએ પોતાની નિમણુક અંગેના પત્રની પ્રમાણિત નકલ તથા તેમને મળતા વેતન અંગેના છેલ્લા પ્રમાણપત્રની નકલ સામેલ કરવી આવશ્યક રહેશે.

૨. તમામ શૈક્ષણિક લાયકાતોની માર્કશિટની પ્રમાણિત નકલો અરજીપત્રક સાથે જોડવાની રહેશે.

૨. પ્રવેશાર્થીને વિષય-પદ્ધતિઓ અંગેની પસંદગી નીચે પ્રમાણે જ મળી શકશે :

(અ) કૉલેજમાં શીખવવામાં આવતી વિષય-પદ્ધતિઓ પૈકી પ્રવેશાર્થીએ પસંદ કરેલી બે વિષય-પદ્ધતિઓમાંથી ઓછામાં ઓછો એક વિષય સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ લીધેલો હોવો જોઈએ. આમ છતાં પ્રવેશ માટે પ્રવેશાર્થીને નીચે પ્રમાણે વિષય-પદ્ધતિઓમાં અગ્રતાક્રમ મળશે :

૧. ઉમેદવારે પસંદ કરેલ વિષય-પદ્ધતિઓમાં જે તે વિષય તેની સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ મુખ્ય પ્રથમ ગૌણ અને દ્વિતીય ગૌણ તરીકે હોય તેવા ઉમેદવારને પ્રવેશ માટે અગ્રતાક્રમ

નીચેના ક્રમે આપવામાં આવશે :

(અ) પ્રથમ મુખ્ય વિષય હોય તેમને
(બ) પછી પ્રથમ ગૌણ વિષય હોય તેમને
(ક) પછી દ્વિતીય ગૌણ વિષય હોય તેમને.

૨. ઉમેદવારે પસંદ કરેલ વિષય-પદ્ધતિઓના બન્ને વિષયો તેની સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ ન હોય તેવા ઉમેદવારોને ઉપર (૧)ના ક્રમ પછી પ્રવેશ માટે પસંદગી આપવામાં આવશે.

૩. કૉલેજમાં શીખવવામાં આવતી વિષય-પદ્ધતિઓમાં ઉપર (૧) અને (૨) સિવાય નીચે પ્રમાણે જુદા જુદા વિષયો માટે પસંદગી અપાશે :

(અ) વાણિજ્યની સ્નાતક કે અનુસ્નાતકની પદવી વાણિજ્ય સંચાલન, એકાઉન્ટન્સી, બૅંકિંગ, સ્ટેટિસ્ટિક્સ, અર્થશાસ્ત્ર, વાણિજ્ય ગણિત સાથે ધરાવનારને નિયત કરેલા સામાન્ય નિયમોને આધીન પસંદગીમાં અગ્રતાક્રમની પસંદગી આપવી.

(બ) બી.એ., બી.એસસી.ની પદવી હોમ સાયન્સ સાથે ધરાવનાર ઉમેદવારને વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક ગણીને સામાન્ય નિયમોને આધીન પસંદગીમાં અગ્રતાક્રમની પસંદગી આપવી.

(ક) સ્નાતક કે અનુસ્નાતકની પદવી સમાજશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ કે રાજ્યશાસ્ત્રમાં ધરાવનારને ઇતિહાસ પદ્ધતિમાં નિયમોને આધીન પસંદગી આપવી તથા ઉર્દૂ કે પર્શિયનના સ્નાતકો-અનુસ્નાતકોને પણ યુનિવર્સિટીના નિયમોને આધીન પસંદગીક્રમમાં આવતા હોય તો કૉલેજની જરૂરિયાત પ્રમાણે પસંદગી આપવી.

૪. ઉચ્ચતર માધ્યમિક કક્ષાની વિષય-પદ્ધતિ લેવા ઇચ્છનાર પ્રવેશાર્થીની શૈક્ષણિક લાયકાત કે તે કક્ષા માટે રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઠરાવ્યા પ્રમાણેની હશે તો જ તે માટેના ઉમેદવાર પ્રવેશપાત્ર ગણાશે.

૩. પ્રત્યેક કૉલેજમાં કુલ જગ્યાઓમાં નીચે પ્રમાણે જુદા જુદા પ્રકારની જગ્યાઓની ટકાવારી રહેશે :

૧. ચાલુ વર્ષમાં ઉત્તીર્ણ થનાર સ્નાતકો માટે ઓછામાં ઓછી ૧૦ ટકા જગ્યાઓ હશે.

૨. કૉલેજમાં સરકાર તથા યુનિવર્સિટી દ્વારા જે તે સમયે નક્કી કરવામાં આવે તે પ્રમાણે અનામત જગ્યાઓ રાખવામાં આવશે. અનામત જગ્યાઓ માટેના ઉમેદવારોને પણ તેમાંના કુલ ગુણાંકન અને વિષય અગ્રતાક્રમમાં ઊતરતા ક્રમમાં પ્રવેશ આપવામાં આવશે. પરંતુ નિયત સમયમર્યાદામાં જો અનામત જગ્યાઓ ન ભરાય તો ત્યાર બાદ જે તે જગ્યાઓ બિનઅનામત ગણી પ્રતિક્ષાયાદીમાંથી ઉમેદવારોને ક્રમાંક પ્રવેશ આપાશે.

૩. "હાર્ડકેસ" કુલ પ્રવેશ સંખ્યાના વધુમાં વધુ ૫ ટકા પ્રવેશાર્થીઓને નીચેના વિશિષ્ટ સંજોગોને આધારે પ્રવેશ આપાશે :

(અ) પ્રૅક્ટિસિંગ શાળાના કર્મચારીઓ હોય.

(બ) સંસ્થાના બંધારણ અનુસાર તેના દાતાથી સૂચિત હોય.

(ક) નિરાધાર, વિધવા, ત્યકતા બહેનો હોય.

(ડ) દેશની સંરક્ષણ હરોળ કે લશ્કરમાં કામ કરનારના નજીકના સગા હોય.

(નોંધ.—નજીકના સગા એટલે પતિ, પત્ની, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન, પુત્રવધૂ અને જમાઈ.)

૪. અનામત અને બિનઅનામત કેટેગરીમાં ગુજરાત યુનિવર્સિટી, રાજ્યની અન્ય યુનિવર્સિટી, રાજ્ય બહારની યુનિવર્સિટી અને શિક્ષણની કૉલેજો અને પ્રૅક્ટિસિંગ શાળાના કર્મચારીઓના નજીકના સગા હોય તે માટે નીચે પ્રમાણેનું પ્રમાણપત્ર રાખવામાં આવશે :

(અ) પ્રથમ જિલ્લાની ગુજરાત યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક-અનુસ્નાતક થયેલા પ્રવેશાર્થીઓ, જિલ્લાના કાયમી વતની કે જેમણે જિલ્લા બહારની કૉલેજ-યુનિવર્સિટીમાંથી સ્નાતક કે અનુસ્નાતકની પદવી મેળવી હોય તેમ જ જિલ્લાના કાયમી વતની સાથે લગ્ન કરેલ હોય અને જિલ્લા બહારની કૉલેજો-યુનિવર્સિટીમાંથી સ્નાતક-અનુસ્નાતકની પદવી મેળવી હોય તેવા પ્રવેશાર્થીઓનું પ્રમાણ ઓછામાં ઓછું ૭૫ ટકા રહેશે.

(બ) રાજ્યની અન્ય યુનિવર્સિટી–સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક-અનુસ્નાતક પ્રવેશાર્થીઓનું પ્રમાણ વધુમાં વધુ ૧૭ ટકા રહેશે.

(ક) રાજ્ય બહારની યુનિવર્સિટી–સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક-અનુસ્નાતક થયેલ પ્રવેશાર્થીઓનું પ્રમાણ વધુમાં વધુ ૧૫ ટકા રહેશે.

પરિશિષ્ટ "ધ"

કામકાજ ક્રમાંક ૧૦૨

પ્રાશ્રિનકો-પરીક્ષકો વગેરેના મહેનતાણાના સુધારેલા દરો

અનુ. નં.	કક્ષા	નવા સુધારેલા દર એક બેઠકના રૂ.	નવા સુધારેલા દર બે બેઠકના રૂ.
(૧)	જનરલ સુપરવાઈઝર ઑબ્ઝરવર જનરલ સુપરવાઈઝર ઓટ પ્રેસ	૧૫--૦૦	૩૦--૦૦ (વધુમાં વધુ રૂ. ૬૦૦)
(૨)	બ્લૉક સુપરવાઈઝર સ્ટેશનરી સુપરવાઈઝર	૮--૦૦	૧૬--૦૦
(૩)	ચોથા વર્ગના કર્મચારીઓ : (આ) બેલમૅન (બ) પ્યૂન (ક) સ્વીપર (ડ) સીનિયર વૉટરમૅન (ઈ) વૉટર બૉય (ધ) પેકિંગ-કમ-ડિસ્પેચ પ્યૂન (ફ) વૉચમૅન (ડે ઍન્ડ નાઈટ).	૫--૦૦	૧૦--૦૦

(૪) વિવિધ પ્રાયોગિક પરીક્ષાઓમાં કામગીરી બજાવતા કર્મચારીઓ :

	બાયોલોજી એક બેઠકના રૂ.	બાયોલોજી સિવાયના વિષયના એક બેઠકના રૂ.
(એ) એફ.વાય.બી.એસસી. એફ.વાય.બી.એ. પરીક્ષા :		
૧. એક્ષપર્ટ આસિસ્ટન્ટ	૧૨--૦૦	૧૦--૦૦
૨. લેબોરેટરી આસિસ્ટન્ટ	૧૦--૦૦	૮--૦૦

	બાયોલોજી એક બેઠકના વિષયના	બાયોલોજી સિવાયના એક બેઠકના
૩. સ્ટોરકીપર	૧૦--૦૦	૮--૦૦
૪. હમાલ-વૉટરમૅન	૯--૦૦	૫--૦૦
૫. ગૅસ મિકૅનિક	૧૫--૦૦ (એક દિવસના)	૧૫--૦૦ (એક દિવસના (ચાર કલાકથી ઓછા હોય તો અડધા)
૬. ઈલેક્ટ્રિશિયન	રૂ. ૧૫--૦૦ (એક દિવસના)	રૂ. ૧૫--૦૦ (એક દિવસના) (ચાર કલાકથી ઓછા હોય તો અડધા)

(બી) સેકન્ડ બી.એસસી., સેકન્ડ બી.એ., થર્ડ બી.એસસી., થર્ડ બી.એ. પરીક્ષા:

	એક દિવસના (બે બેઠકના) રૂ.
૧. એક્ષપર્ટ આસિસ્ટન્ટ	૧૯--૦૦
૨. લેબો. આસિ.–સ્ટોરકીપર અથવા ફિલ્ડ કલેક્ટર	૧૬--૦૦
૩. હમાલ-વૉટરમૅન	૧૦--૦૦
૪. મિકેનિક (ફક્ત સ્ટેટિસ્ટિક્સ માટે જ)	૧૩--૦૦
૫. બી.એ. પરીક્ષામાં એક્સપેરિમેન્ટલ સાયકોલોજી વિષય માટે	૮--૦૦

(સી) એમ.એ. પરીક્ષા:

	એક દિવસના
૧. એક્ષપર્ટ આસિસ્ટન્ટ	૨૦--૦૦
૨. લેબો. આસિસ્ટન્ટ	૧૫--૦૦
૩. હમાલ-વૉટરમૅન	૧૦--૦૦
૪. એમ.એ. એક્સપેરિમેન્ટલ સાયકોલોજી વિષય માટે	૮--૦૦ (છ કલાકની બેઠક માટે)

(ડી) એમ.એસસી. પરીક્ષા :

	એક દિવસના રૂ.
૧. એક્ષપર્ટ આસિ. (બધા વિષયો માટે)	૧૯--૦૦
૨. એક્ષપર્ટ આસિ. એમ.એ., એમ.એસસી. સ્ટેટિસ્ટિક્સ	૨૦--૦૦
૩. લેબોરેટરી આસિ., સ્ટોરકીપર, ફિલ્ડ કલેક્ટર	૧૬--૦૦
૪. મિકેનિક (ફક્ત સ્ટેટિસ્ટિક્સ માટે)	૧૨--૦૦
૫. ગોઈલરમૅન, હમાલ-વૉટરમૅન	૧૦--૦૦

(એમ.એસસી. સ્નાતકોત્તરની જુદી જુદી શાખાઓની અલગ અલગ બેચ ગણવી.)

(ઈ) મેડિકલ પરીક્ષા, ફાર્મસી પરીક્ષા અને તમામ બી.ડી.એસ. પરીક્ષા :

	એક દિવસના રૂ.
૧. એક્સપર્ટ આસિસ્ટન્ટ	૨૦--૦૦
૨. લેબોરેટરી આસિસ્ટન્ટ	૧૬--૦૦
૩. ક્વોલિફાઈડ નર્સ	૧૬--૦૦
૪. મશીન માઈન્ડર	૧૬--૦૦
૫. સ્ટોરકીપર	૧૬--૦૦
૬. હમાલ-વૉટરમૅન	૧૦--૦૦
૭. ફાર્મસી પરીક્ષા માટે એક ગૅસ મિકૅનિક	૧૬--૦૦
૮. ફાર્મસી પરીક્ષા માટે એક મશીન ઑપરેટર	૧૬--૦૦

(એફ) એન્જિનિયરિંગ પરીક્ષા :

	ચાર કલાક અથવા ચાર કલાકની ઓછા રૂ.	ચાર કલાકથી વધુ રૂ.
૧. એક્ષપર્ટ આસિસ્ટન્ટ	૧૨--૦૦	૧૯--૦૦
૨. લેબો. આસિસ્ટન્ટ, સ્ટોરકીપર અને કમ્પાઉન્ડર	૧૦--૦૦	૧૬--૦૦
૩. ફોરમૅન	૫--૦૦	૧૦--૦૦
૪. હમાલ-વૉટરમૅન	૫--૦૦	૧૦--૦૦

(જી) ડિપ્લોમા ઈન ડ્રામા અને મ્યુઝિક પરીક્ષા :

	રૂ.
૧. એકમ્પનિસ્ટ—એક વિદ્યાર્થી દીઠ એક દિવસના	૩--૦૦
૨. ઈન્સ્ટ્રુમેન્ટ ફૉર સ્ટેજ એટેન્ડર બેચ દીઠ	૬--૦૦
૩. પ્યૂન—એક દિવસના એક બેચના	૬--૦૦

(એચ) બૅચેલર ઑફ લાઈબ્રેરી સાયન્સ :

	એક બેઠકના રૂ.
૧. એક્સપર્ટ આસિસ્ટન્ટ	૧૦--૦૦
૨. હમાલ-વૉચમૅન	૫--૦૦

(આઈ) એમ.એડ. (ડિઝર્ટેશન-વાઈવા-વોસ)

	(ચાર કલાકથી સાત કલાક સુધી) એક દિવસના રૂ.
૧. હમાલ-વૉટરમૅન	૧૦--૦૦

(૫) સાયન્સ ફેકલ્ટીમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ પ્રાયોગિક પરીક્ષામાં નિમાતા લેબોરેટરી સુપરવાઇઝરના મહેનતાણાના દર :

	એક દિવસના રૂ.
૧. એન્જિનિયરિંગ પરીક્ષા માટે	૧૯--૦૦
૨. અન્ય પરીક્ષાઓ માટે :	
(અ) ચાર કલાક કે તેથી ઓછા	૧૧--૦૦
(બ) ચાર કલાકથી વધુ, પરંતુ સાત કલાકથી ઓછા	૧૯--૦૦
(ક) બે પ્રૅક્ટિકલ્સ	૧૯--૦૦

(૬) ફેક્ટોટમ :

(એ) રૂ. ૦-૦૪ વિદ્યાર્થી દીઠ

(બી) રૂ. ૧૪--૦૦ લઘુતમ દર—એક બેઠકના

(સી) રૂ. ૬૦--૦૦ ઓછામાં ઓછું લઘુતમ મહેનતાણું—આખી પરીક્ષા માટે

(ડી) નીચેનો નિયમ ચાલુ રહે છે :

If the total number of candidates appearing at any examination or examinations commencing on the same day at a centre does not exceed 25 for each session, no separate appointment of a Factotum shall be made but the senior Supervisor may appoint one additional Junior Supervisor, the person so appointed should be assigned the duty of the Factotum also and will be paid the remuneration at the rates payable to a Junior Supervisor.

(૭) બેઠકોની ગોઠવણી વગેરે અંગે હાલનો નિયમ છે તેને બદલે નીચેનો નિયમ મંજૂર કરવામાં આવે છે :

Rs. 10/ per every first 100 candidates and rest will be paid at the rate Re. 0-10 Ps. per candidate only once, for the same examination on the same centre."

(૮) Rate for Stencil Cutting of Question-paper :

(Theory and Practical)

Stencil Cutting by persons other than paper-setters Rs. 2/- per stencil subject to a minimum Rs. 10/- per session—Maximum no limit.

(૯) જુદી જુદી પરીક્ષામાં પરીક્ષકને ઉત્તરવહીના મૂલ્યાંકન માટે આપવાના સુધારેલા દર :

	સુધારેલા દર	
	ત્રણ કલાક	ત્રણ કલાકથી ઓછું
	રૂ. પૈ.	રૂ. પૈ.
૧. ફર્સ્ટ બી.એ.	૧--૫૦	૧--૨૫
ફર્સ્ટ બી.કૉમ.	૧--૫૦	૧--૨૫
ફર્સ્ટ બી.એસસી.	૧--૫૦	૧--૨૫
૨. સેકન્ડ બી.એ.	૧--૫૦	૧--૨૫
સેકન્ડ બી.કૉમ.	૧--૫૦	૧--૨૫
સેકન્ડ બી.એસસી.	૧--૫૦	૧--૨૫
૩. થર્ડ બી.એ.	૧--૭૫	૧--૫૦
થર્ડ બી.કૉમ.	૧--૭૫	૧--૫૦
થર્ડ બી.એસસી.	૧--૭૫	૧--૫૦

ઉપર જણાવેલ સિવાયની અન્ય પરીક્ષાઓની ઉત્તરવહીઓના મૂલ્યાંકન માટે હાલ જ્યાં રૂ. ૨--૫૦ પૈસા સુધી દર છે ત્યાં રૂ. ૦-૨૫ પૈસા વધારો કરવામાં આવે છે.

(૧૦) નીચે દર્શાવેલ પ્રાયોગિક પરીક્ષાના મહેનતાણાના હાલના દરોમાં પણ રૂ. ૦--૨૫ પૈસા વધારો કરવામાં આવે છે :

પ્રાયોગિક પરીક્ષાના મહેનતાણાના સુધારેલા દરો

	રૂ. પૈસા
૧. ફર્સ્ટ બી.એસસી.—જોગ્રોફી	૧--૨૫
જોગ્રોફી સિવાયના વિષય	૨--૭૫
૨. ફર્સ્ટ બી.એ.—જોગ્રોફી	૧--૨૫
હોમ સાયન્સ	૨--૭૫
૩. સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ.—	
જર્નલ ઇન જોગ્રોફી	૨--૨૫
૪. બી.એ. (સ્પેશિયલ), સેકન્ડ બી.એસસી.,	
થર્ડ બી.એસસી. (સ્પેશિયલ અને જનરલ),	
બી.ફાર્મ. અને બી.એસસી. (મેડિકલ) જર્નલ	૧--૨૫

પરિશિષ્ટ "ત"

કામકાજ ક્રમાંક ૧૦૯

"શ્રી. રમણલાલ શેઠ મેમોરિયલ વ્યાખ્યાનમાળા"

દાતાનું નામ	:	શ્રી. રમણલાલ શેઠ મેમોરિયલ ટ્રસ્ટ.
તથા સરનામું		દ્વારા શ્રી. મણિભાઈ શાહ, "રોરેરા", પોલિટેકનિક પાસે, ઓલસબ્રિજ, અમદાવાદ—૩૮૦૦૧૫.
પ્રદાનની રકમ	:	રૂ. ૧૫,૧૦૧—૮૪.
દાનનો પ્રકાર	:	ગુજરાતી પત્રકારિત્વના વિષય પર વ્યાખ્યાન.
દાનનો સ્વીકાર	:	યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮—૮—૧૯૮૨ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. વ્યાખ્યાનમાળાનું નામ "શ્રી. રમણલાલ શેઠ મેમોરિયલ વ્યાખ્યાનમાળા" રહેશે.

૨. વ્યાખ્યાનમાળાનો હેતુ સદ્ગતને પ્રિય એવા ગુજરાતી પત્રકારત્વને ક્ષેત્રે નામાંકિત વ્યક્તિઓને લાભ જનસામાન્યને મળે એવાં ઓછામાં ઓછાં બે જાહેર વ્યાખ્યાન ગોઠવવાનાં રહેશે.

૩. વ્યાખ્યાન માટે આમંત્રણ કોને આપવું તેનો નિર્ણય કુલપતિશ્રી એક સમિતિ નીમી કરશે. જેમાં કુલપતિશ્રી, ડાયરેક્ટર ઑફ યુથ વેલ્ફેર અને તે સમિતિ પર એક સભ્યશ્રી રોહિત રમણલાલ શેઠ અને તંત્રીશ્રી જનસત્તાના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવશે.

૪. વ્યાખ્યાન કોઈ પણ ભેદભાવ વગર તમામ વર્ગના નાગરિકો માટે ખુલ્લું રહેશે અને વધુમાં વધુ લોકો લાભ લઈ શકે તેવા સ્થળે યોજવાનું રહેશે.

૫. અંદાજી રકમ રૂ. ૧,૫૦૦—૦૦ની વાર્ષિક વ્યાજની આવકનો ઉપયોગ નીચે પ્રમાણે કરવામાં આવશે :

(અ) રૂ. ૭૫—૦૦ ૧૦ ટકા વહીવટી ખર્ચ માટે યુનિવર્સિટીના જનરલ ફંડ ખાતે લઈ જવામાં આવશે.

(બ) રૂ. ૭૫૦—૦૦ વ્યાખ્યાતાને પુરસ્કાર.

(ક) રૂ. ૬૭૫—૦૦ પ્રવાસ ખર્ચ, મહેમાનગતિ ખર્ચ, વ્યવસ્થા-ભાડું, જાહેરખબર વગેરે પરચૂરણ ખર્ચ.

૬. આ પ્રદાનના વાર્ષિક વ્યાજની આવકમાંથી બાકી રહેલી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે અને તેનો ઉપયોગ બીજા વર્ષે કરી શકાશે.

૭. સંજોગવસાત વ્યાખ્યાન ન યોજી શકાય તો તે વર્ષની વ્યાજની રકમ આ જ હેતુ માટે ઉપયોગ કરવા આગળના વર્ષમાં લઈ જવાશે.

૮. વ્યાખ્યાનમાળાની ભાષા ગુજરાતી રહેશે.

૯. વ્યાખ્યાનમાળા અંગે યોગ્ય વ્યક્તિ પ્રાપ્ત ન થાય તેવા સંજોગોમાં એકથી વધારે વિદ્વાનોને આમંત્રણ આપી કોઈ ચોક્કસ વિષય પર પરિસંવાદ યોજવાનો વિકલ્પ ખુલ્લો રાખવાનો રહેશે.

૧૦. વ્યાખ્યાન સમયે સદ્‌ગતનાં જીવનકાર્યોનો ટૂંકમાં પરિચય પ્રવચનની શરૂઆતમાં આપવાનો રહેશે.

૧૧. સદરહુ વ્યાખ્યાનમાળા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્ય જણાશે તે ઉમેરવા કે રદ કરવા તેને અધિકાર રહેશે.

૧૨. વ્યાખ્યાન ગુજરાત યુનિવર્સિટીના અધિકાર વિસ્તારના કોઈ પણ સાનુકૂળ સ્થળે રાખી શકાશે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા, શનિવાર, તા. ૨૫-૬-૧૯૮૩ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૬-૧૯૮૩
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૬.	શ્રી. ઊજમશીભાઈ એ. કાપડિયા	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	હાજર
૯.	શ્રી શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૨.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૪	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૫.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૧૬.	શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ	હાજર
૧૭.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૮.	શ્રી. અનંતરાય ટી. અજમેરા	હાજર
૧૯.	શ્રી. શાન્તુભાઈ સી. પટેલ	ગેરહાજર
૨૦.	શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ, કુલસચિવશ્રી	હાજર
૨૧.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર
૨૨.	આચાર્ય હરિશંકર પી. પંડ્યા	હાજર
૨૩.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૪.	શ્રી કનુભાઈ શાહ	હાજર
૨૫	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર.

તા. ૨૫–૬–૧૯૮૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(૧) પાનું ૧૯, બાબત નં. ૭૫, ઑર્ડિ. ૧૬૯ની કલમ (૩)માં નીચે પ્રમાણેનો ઉમેરો કરવો :

"The maximum limit of Rs. 36,000/- for payment of gratuity shall be applicable in case of those employees who become eligible to payment of gratuity on or after 31—1—1982.

Provided that in case of employees who have retired between 30–9–1977 and 28—2—1978 and between 31—1—1982 to 29—6—1982, for the purpose of payment of gratuity, the basic salary shall also include one-half of the dearness pay in force from time to time.

Provided further that in case of employees, who retire on or after 28—2—1978, for the purpose of payment of gratuity, the basic salary shall also include full dearness pay in force from time to time.

Provided further that in case of employees, who are in receipt of basic salary of Rs. 2,180/— or more and have retired between 1-12-1978 to 30—4—1979 for the purpose of payment of gratuity the basic salary shall also include half Dearness Pay in force from time to time.

Provided further that in case of employees, who are in receipt of basic salary of Rs. 2,180/- or more and have retired on or after 30-4-1979, for the purpose of payment of gratuity, the basic salary shall also include full Dearness Pay in force from time to time.

(૨) પાનું ૨૦, બાબત નં. ૭૫ : સ્ટે. ૧૯૩–એની કલમ (૩)માં નીચે પ્રમાણેનો ઉમેરો કરવો :

"The maximum limit of 36,000/- for payment of gratuity shall be applicable in case of those employees who become eligible to payment of gratuity on or after 31-1-1982.

Provided that in case of employees who have retired between 30-9-1977 and 28-2-1978 and between 31-1-1982 to 29-6-1982, for the purpose of payment of gratuity, the basic salary shall also include one-half of the Dearness Pay in force from time to time.

provided further that in case of employees, who retire on or after 28-2-1978, for the purpose of payment of gratuity, the basic salary shall also include full Dearness Pay in force from time to time.

Provided further that in case of employees, who are in receipt of basic salary of Rs. 2,180/- or more and have retired between 1-12-1978 to 30-4-1979, for the purpose of payment of gratuity, the basic salary shall also include half Dearness Pay in force from time to time.

Provided further that in case of employees, who are in receipt of basic salary of Rs. 2,180/- or more and have retired on or after 30-4-1979, for the purpose of payment of gratuity, the basic salary shall also include full Dearness Pay in force from time to time.

(૩) પાના ૪૧, ૪૨ અને ૪૩, બાબત નં. ૨૦ના પરિશિષ્ટ 'અ'માં આ સાથે જોડેલ પરિશિષ્ટ 'અ' મુજબ સુધારા કરવા.

(૪) પાનું ૪૫, બાબત નં. ૩૯, પરિશિષ્ટ 'અ'માં જણાવેલ ઑર્ડિ. ૧૬૮ (એકસ)ની બીજી લીટીમાંથી 'by appointment' એ શબ્દો રદ કરવા.

(૫) પાનું ૪૫, બાબત નં. ૩૯ પરિશિષ્ટ 'ખ'માં જણાવેલ ઑર્ડિ. ૧૬૮ (એકસ)માં નિર્દિષ્ટ સીનિયોરિટીના નિયમોની કલમ (૨) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવી :

(2) "In case two or more employees in a particular cadre have joined on the same date, the person joining earlier shall be considered senior."

(૬) પાનું ૪૫, બાબત નં. ૩૯, પરિશિષ્ટ 'ખ'માં જણાવેલ ઑર્ડિ. (એકસ)માં નિર્દિષ્ટ સીનિયોરિટીના નિયમોની કલમ (૩)ની બીજી લીટીમાંથી "i.e. forenoon or afternoon, as the case may be)" એ શબ્દો રદ કરવા.

(૭) પાનું ૪૫, બાબત નં. ૩૯, પરિશિષ્ટ 'ખ'માં જણાવેલ ઑર્ડિ. ૧૬૮(એકસ)માં નિર્દિષ્ટ સીનિયોરિટીના નિયમોની કલમ(૪)ની ત્રીજી અને ચોથી લીટીમાંથી (e.g. beforenoon or afternoon, as the case may be)" એ શબ્દો રદ કરવા

(૮) પાનું ૬૫, બાબત નં. ૫૨, પરિશિષ્ટ 'ક'માં નિર્દિષ્ટ વરણીસમિતિની ભલામણને અંતે સહી કરનાર સભ્યશ્રીઓનાં નામોમાં 'K. C. Parikh'ના નામ પછી Dr. M. H. Siddiqui' અને 'Dr. Z. A. Desai'નાં નામો ઉમેરીને છાપભૂલ સુધારવી.

[એક્ઝિક્યુટિવ કાઉન્સિલ : તા. ૩૦—૭—૧૯૮૩

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

જૂન માસની સભા : તા. ૨૫-૬-૧૯૮૩

૧. તા. ૨૬-૩-૧૯૮૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૬-૩-૧૯૮૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૭ના પાઠની પહેલી લીટીમાં 'કેમિસ્ટ્રા'ને બદલે 'કેમિસ્ટ્રી' મૂકીને છાપભૂલ સુધારવી.

(૨) બાબત નં. ૯૩ના ઠરાવની બીજી લીટીમાં '૩. ૪,૦૦૦-૦૦'ને બદલે '૩. ૪૦,૦૦૦/-' એ આંકડો મૂકીને છાપભૂલ સુધારવી.

(૩) બાબત નં. ૧૦૪ના પાઠની બીજી લીટીમાં 'પચાસ હજાર યેનનું' એ શબ્દોને બદલે 'પચાસ મિલિયન યેનનું' એ શબ્દો મૂકીને છાપભૂલ સુધારવી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ માટે) :

૧. પરીક્ષણ કાર્યના દરમાં વધારો કરેલો હોઇ પરીક્ષકો માટે નક્કી કરેલ પુરસ્કારની ગુરુત્તમ મર્યાદામાં વધારો કરી ચાલુ વર્ષથી નીચે મુજબની ટોચમર્યાદા મંજૂર કરી તે :

(૧) તમામ પ્રાશ્રિક-પરીક્ષકો માટે હાલના મહેનતાણાની ગુરુત્તમ ટોચમર્યાદા રૂ. ૧,૨૫૦ છે તેના બદલે રૂ. ૧,૫૦૦ નક્કી કરેલ છે.

(૨) જે પરીક્ષામાં કેન્દ્રિત પરીક્ષણની વ્યવસ્થા અમલમાં છે ત્યાં હાલની મહેનતાણાની ગુરુત્તમ ટોચમર્યાદા રૂ. ૧,૫૦૦ છે તેના બદલે રૂ. ૨,૦૦૦ નક્કી કરેલ છે.

૨. ૧૯૮૩ની માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં ઉત્તરવહી તપાસવાના દરમાં થયેલ વધારાના કારણે મહેનતાણાની ગુરુત્તમ મર્યાદા જે બધા પરીક્ષકો માટે રૂ. ૧,૨૫૦ છે ત્યાં રૂ. ૧,૫૦૦ અને જ્યાં કેન્દ્રિત પરીક્ષણની વ્યવસ્થા છે ત્યાં રૂ. ૧,૫૦૦ને બદલે રૂ. ૨,૦૦૦ કરવા અંગેના.

૩. કોમ્પ્યુટર સેન્ટર માટે ૨.૦ એસકયુ.એમ.એમ.ના કદનો ૧૦૦ મીટર જેટલી લંબાઈનો ૩ કોર કોપર કેબલ ફીનોલેક્સ બનાવટનો કેમેટ એજન્સીઝ પાસેથી ખરીદવા માટે રૂ. ૧,૦૭૫નું ખર્ચ મંજૂર કર્યા અંગે.

૪. વિજ્ઞાનની તથા વિજ્ઞાન વિદ્યાશાખા ધરાવતી સ્થાનિક કોલેજોમાં સને ૧૯૮૩-૮૪ના વર્ષ માટે વર્ગો ડિવિઝન્સની મર્યાદા અંગે નીચે પ્રમાણે ટ્રાન્ઝિટરી ઑર્ડિ. "ઝેડ"

મંજૂર કર્યાનું :

Transitory Ordinance "Z"

Notwithstanding anything contained in Ordinance 120-B, during the academic year 1983-84 :

(*a*) No Science college shall admit more than 360 students in its F.Y. Classes in all the four divisions taken together.

(*b*) The number of students in a division in any class shall not exceed 100. Admission to students given in excess of 100 without the prior permission of the Vice-Chancellor shall not be contained valid.

(*c*) No science college or a College having Science faculty shall admit students from other colleges in its second or third year science class except on production of "NO OBJECTION CERTIFICATE".

૫. એમ.બી.એ.ના ખંડકાલીન અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓની પ્રવેશપાત્રતા અંગેના નિયમોમાં પેટાકલમ (*ii*) નીચે મુજબ ઉમેર્યાનું :

(*ii*) A minimum of three years "Administrative / Managerial / Professional Teaching experience. The teaching experience should be at a college/ University level and should be in a field related to management.

૬. એલ. જે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૩થી એફ.વાય.બી.કૉમ.માં ચાલુ જોડાણ તથા એસ.વાય.બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ મૅનેજમેન્ટ, સ્ટેટિસ્ટિક્સ, બૅંકિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં સેક્રેટરિયલ પ્રૅક્ટિસ, મૅથેમેટિક્સ ફૉર સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલી અરજી પર નીચે પ્રમાણેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કર્યાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. જે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ. નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦—૬—૧૯૮૩ સુધીમાં કરે તો તેને એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ તથા એસ.વાય.બી.કૉમ (મુખ્ય)માં એડ. એકા. ઍન્ડ ઑડિટિંગ આંકડાશાસ્ત્ર મૅનેજમેન્ટ, બૅંકિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં એસ. પી. તથા મૅથેમેટિક્સ ફૉર સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૩થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂંકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૩) ગણિતના એક વ્યાખ્યાતા

(૪) બિઝનેસ મૅનેજમેન્ટના વ્યાખ્યાતા

(૫) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા

(૬) બૅંકિંગના એક વ્યાખ્યાતા

(નવી નિમણૂંક કરતાં પહેલાં રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને જાણ કરવામાં આવે.)

૨. જરૂરી વર્ગખંડો તથા ટ્યુટોરિયલ ખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર મૅનેજમેન્ટ તથા બૅંકિંગના એ પ્રત્યેક વિષય દીઠ રૂ. ૩,૦૦૦ના તથા મૅથેમેટિક્સ ફૉર સ્ટેટિસ્ટિક્સના વિષય માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેનું પ્રમાણપત્ર આપવામાં આવે અને તે જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે"

૭. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, બોડેલી તરફથી જૂન ૧૯૮૩થી એસ. વાય. બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ તથા ટી. વાય. બી.કૉમમાં ઍડ. એકા. ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી ઉપર ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, બોડેલી, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦–૬–૧૯૮૩ સુધીમાં કરે તો તેને એસ. વાય. બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ તથા ટી. વાય. બી.કૉમમાં ઍડ. એકા. ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩ થી ૧૪–૬–૧૯૮૫ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(ઓછામાં ઓછાં પાંચ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ ધરાવતા)

(૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(ઓછામાં ઓછાં પાંચ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ ધરાવતા)

(૩) આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા

(૪) બિઝનેસ લૉના એક ખંડ સમયના વ્યાખ્યાતા

[**નોંધ.**—વધારાની નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે.]

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે ત્યાં સુધીની શરતોના સદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ વિષય માટે રૂ ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેનું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

૮. ૧૯૮૩–૮૪ ના વર્ષ માટે આંતર-યુનિવર્સિટી ક્રિકેટ ભાઈઓ (પશ્ચિમ વિભાગ) કે અખિલ ભારતીય આંતર-યુનિવર્સિટી ક્રિકેટ (બહેનો) કે જલસ્પર્ધાની હરીફાઈઓ આપણી યુનિવર્સિટીના ઉપક્રમે યોજવા અંગે ઍસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ, ન્યૂ દિલ્હીને આમંત્રણ આપવાનું મંજૂર કર્યાનું.

૯. (૧) તા. ૧–૩–૧૯૮૩થી તબીબી ભથ્થું રૂ. ૩૦ કર્યા અંગેનો ગુજરાત સરકારના નાણાં વિભાગની તા. ૧૪–૩–૧૯૮૩ના ઠરાવ વી.એલ.બી. ૧૭૮૨–૧૧૭(૮૩) જે સર્વે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓને લાગુ પાડવાનું;

(૨) બિનસરકારી સંલગ્ન વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોમાં અત્યારે રૂ. ૪૨૫–૭૦૦ના પગારધોરણમાં એકાઉન્ટન્ટની જગ્યાઓ છે તેને એબેયન્સમાં રાખવા અને તેટલી જ સંસ્થામાં જે તે કૉલેજમાં હેડક્લાર્ક એકાઉન્ટન્ટની જગ્યા તા. ૧–૪–૧૯૮૩થી રૂ. ૪૨૫–૮૦૦ના પગારધોરણમાં મંજૂર કર્યાના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો તા. ૨૮–૩–૧૯૮૩નો ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૯–૨૪૬૭૫(૮૨) ખ. સર્વે સંલગ્ન વિનયન, વિજ્ઞાન વાણિજ્ય, શિક્ષણ અને કાયદાની કૉલેજો તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓને લાગુ પાડવાનું.

૧૦. રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ ટી.પી.પી. ૧૦૮૩–૧૦૦૫(૧) એમ તા. ૧૨–૩–૧૯૮૩ થી ત્રીજા પગારપંચની ભલામણ અન્વયે જાહેર કરેલ વચગાળાની રાહત (ઇન્ટરીમ રિલીફ) આપવાની મંજૂર કરી તેની નોંધ લેવા તથા તા. ૧–૪–૧૯૮૨ થી તા. ૩૧–૩–૧૯૮૩ સુધીની રકમ કર્મચારીઓને અગાઉના શિરસ્તા મુજબ રોકડમાં ચૂકવવાનું તથા તા. ૧–૪–૧૯૮૩થી રાખેતા મુજબ પગારમાં આપવાનું;

૧૧. જૂન ૧૯૮૪થી નવી કૉલેજો-વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી નીચેની અરજીઓ પરત્વે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અન્વયે જરૂરિયાત (Need) નક્કી કરવાના સંદર્ભમાં ભલામણો કરવા માટે નીચેના સભ્યોની સમિતિની નિમણૂક કર્યાના :

(૧) ડૉ. એમ. એન. દેસાઈ

(૨) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ

(૩) આચાર્ય બી. એમ. પીરઝાદા

(૪) શ્રી. એ. ટી. દેસાઈ.

૧૨. પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ, પટેલ એ. એમ. રૂદેલવાલા કૉમર્સ અને બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદમાં આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. એ. ડી. પટેલની જૂન ૧૯૮૩ સુધી ગણિતશાસ્ત્રના તાસ લેવાની પરવાનગી આપ્યાનું;

૧૩. નીચે જણાવેલા સંલગ્ન કૉલેજોના નામ સામે જણાવેલા શિક્ષકો જેઓ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર કન્સ્ટિટ્યુટિંગ ગુણ ઍકેડેમિક રેકર્ડ ધરાવતા નથી તેઓની નિમણૂક જે તે પદ પર ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું આપ્યાનું :

નં.	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય અને હોદ્દો
૧.	એમ. ઍન્ડ વી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હાલોલ	શ્રી. બી. એન. પંચાલ	મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા
૨.	શ્રી. બી. ડી. પટેલ આર્ટ્સ અને એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલી	કુ. જ્યોતિબહેન બી. પુરોહિત	સંસ્કૃતનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા
૩.	સાબર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પ્રાંતિજ	શ્રી. એમ. વી. સથવારા	સમાજશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
૪.	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	કુ. એસ. પી. સાવે	હિન્દીનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા.

૧૪. યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે બિલ્ડિંગ લોન મંજૂર કર્યાના :

ક્રમાંક	નામ	હોદ્દો	લોનની રકમ
			રૂ.
૧.	શ્રી એમ. બી. દવે	સેકશન ઑફિસર	૩૬,૦૦૦—૦૦
૨.	,, આર. જે. પટેલ	જુ. સુપરિન્ટેન્ડેન્ટ	૨૮,૦૦૦—૦૦
૩.	,, કે. જે. મહેતા	આસિસ્ટન્ટ	૨૧,૫૦૦—૦૦
૪.	,, વી. બી. શાહ	સેકશન ઑફિસર	૩૭,૦૦૦—૦૦

ક્રમાંક	નામ	હોદ્દો	લોનની રકમ રૂ.
૫.	શ્રી. બી. જે. મકવાણા	સિ. આસિસ્ટન્ટ	૨૫,૦૦૦–૦૦
૬.	,, બી. એમ. ગજ્જર	જુ. સુપરિન્ટેન્ડેન્ટ	૨૭,૮૦૦–૦૦
૭.	,, એમ. એન. પટેલ	આસિસ્ટન્ટ	૧૬,૦૦૦–૦૦
૮.	,, બી. કે. સોની	આસિસ્ટન્ટ	૨૧,૫૦૦–૦૦
૯.	,, જી. બી. પરમાર	પટાવાળા	૧૩,૪૦૦–૦૦
૧૦.	,, ડી. જે. શાહ	સી. આસિસ્ટન્ટ	૨૧,૦૦૦–૦૦
૧૧.	શ્રીમતી પ્રભાબહેન ચૌહાણ	સ્ત્રી પટાવાળા	૧૧,૦૦૦–૦૦
૧૨.	શ્રી એમ. એમ. મકવાણા	એટેન્ડન્ટ (લાઇબ્રેરી)	૧૬,૭૦૦–૦૦
૧૩.	,, બી. એન. પટેલ	આસિસ્ટન્ટ (ટાઇપ)	૧૯,૫૦૦–૦૦
૧૪.	,, એ. બી. દવે	જુ. સુપરિન્ટેન્ડેન્ટ	૨૯,૫૦૦–૦૦
૧૫.	,, બી. જે. પંડ્યા	સી. આસિસ્ટન્ટ	૨૪,૦૦૦–૦૦
૧૬.	,, એ. જે. પ્રજાપતિ	આસિસ્ટન્ટ	૨૩,૦૦૦–૦૦
૧૭.	,, આર. એન. સોની	,,	૧૭,૦૦૦–૦૦
૧૮.	,, ડૉ. કે. જી. જાની	રીડર	૬૩,૦૦૦–૦૦
૧૯.	,, પી. ટી. પટેલ	જુ. સુપરિન્ટેન્ડેન્ટ	૨૯,૦૦૦–૦૦

૧૫. યુનિવર્સિટીના બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમના પ્રવેશ માટેની આગામી (૧૯૮૩–૮૪)ના વર્ષમાં યોજાયેલ કસોટીઓ અંગે શિક્ષક તેમ જ બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓ પાસેથી લેવામાં આવનાર સેવાઓ અંગે વધારાનો પુરસ્કાર આપ્યાના :

નોંધ.—મંજૂર કરેલા દરની વિગતો નીચે મુજબ છે :

(૧) ઈનવિજીલેટરને ૬ કલાકની સેવાઓ માટે રૂ. ૨૦/– લેખે ચૂકવી શકાશે.

(૨) સીનિયર સુપરવાઈઝરને ૮ કલાકની સેવાઓ માટે રૂ. ૪૦/– લેખે ચૂકવી શકાશે.

(૩) ઑફિસ સ્ટાફ–જુનિયર સુપરવાઈઝર, સીનિયર સુપરવાઈઝર તેમ જ ગ્રુપચર્ચાના સભ્યો વિગેરે માટે ચાપાણી તેમ જ લંચ અંગેનો ખર્ચ નીચે પ્રમાણે કરી શકાશે :

(અ) ચાપાણીના ખર્ચ માટે દૈનિક વ્યક્તિ દીઠ રૂ. ૩/– ચૂકવી શકાશે.

(બ) લંચ વગેરે માટેની વ્યવસ્થા યુનિવર્સિટી ગેસ્ટ હાઉસમાં કરવી. તે માટે મુકરર થયેલ દર મુજબનો ખર્ચ મંજૂર થઈ શકશે.

(૪) પ્રવેશ કસોટી અંગે યુનિ. સ્ટાફ પાસેથી લેવામાં આવનાર સેવાઓ અંગે નીચેના પુરસ્કાર ચૂકવી શકાશે :

(અ) સ્ટેનોટાઇપિસ્ટ–કલાર્ક–ટાઇપિસ્ટ રૂ. ૩૦૦ (ઉચ્ચક)

(બ) પટાવાળા રૂ. ૧૦૦ (ઉચ્ચક).

(૫) કસોટી પ્રશ્નપત્રના પ્રૂફરીડિંગ માટે એક પાનાના રૂ. ૨/– લેખે

(૬) કસોટી પ્રશ્નપત્ર અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરવા અંગે એક પાનાના રૂ. ૪/– પ્રમાણે

(૭) ઉત્તરવહીઓના ડી-કોડિંગ માટે એક ઉત્તરવહી દીઠ રૂ. ૦૦—૧૦ પૈસા પ્રમાણે.

(૮) મુલાકાત માટે બોલાવામાં આવનાર વિદ્યાર્થીઓના ગુણ અંગેના ટેબ્યુલેશન કામ માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૨/– પ્રમાણે

(૯) ગ્રુપ ચર્ચા અને મુલાકાત માટે વરણી સમિતિના સભ્યોને વિદ્યાર્થી દીઠ રૂ. ૩/– પ્રમાણે પરંતુ વધુમાં વધુ રૂ. ૧૨૫/– સુધી

(૧૦) મુસાફરી ભથ્થા માટે યુનિવર્સિટીએ પરીક્ષકો માટે નક્કી કરેલ દરથી ચૂકવી શકાશે.

(૧૧) પેપરસેટિંગ માટે દરેક શિક્ષક દીઠ રૂ ૨૫૦/– અને વધુમાં વધુ રૂ. ૧,૨૫૦/– સુધીની મર્યાદાને આધીન.

૧૬. એચ. કે. સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેનિંગના શ્રી. અંબુભાઈ દેસાઈને માનદ કો-ઑર્ડિનેટર તરીકે નીમ્યાનું :

(નોંધ. – પ્રો. આર. એમ. ભટ્ટ કે જેઓ આ જગા પર કામ કરતા હતા તેમણે આ જવાબદારીમાંથી છૂટા કરવા માટે વિનંતી કરી હતી.)

૧૭. ખેડા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખેડા તરફથી જૂન ૧૯૮૩થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેની કાયમી જોડાણ માટેની અરજી પરની ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાનું.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ખેડા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખેડા, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦-૬-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર-ગુજરાતી તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) વિનયન વિદ્યાશાખામાં કાર્યભારના પ્રમાણમાં શિક્ષકોને રિકોલ કરવામાં આવે;

(૨) વ્યાયામ શિક્ષક

(નવી નિમણૂંકો કરવાની થાય તે માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવી યુનિવર્સિટીને તેની જાણ કરવામાં આવે).

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બિનુપ રહેલી જણાય તો તેટલી રકમમાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

૧૮. નીચે જણાવેલ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી, તેમ જ વિશિષ્ટ સંજોગોમાં ધ્યાનમાં લઈને માફ કર્યાના :

(૧) વ્યાસ હિમાન્શુ સી. (એમ.એસસી. ભાગ ૨) ઝૂલોજી વિજ્ઞાનભવન

(૨) પરિયાલ અશોક એમ. (એમ.એ. ભાગ ૧) ફિલોસોફી–તત્ત્વજ્ઞાન ભવન

(૩) અલ્જોતર કનુભાઈ જે. (એમ.એલ.ડબલ્યુ.) સમાજવિદ્યા ભવન

(૪) જોસેની બોજાનેહ સોમેઈ (એમ.એસસી. ભાગ ૧) ફિઝિક્સ વિજ્ઞાનભવન

(૫) રાણા મિનાક્ષીબેન કિશોરસિંહ (એમ.એસસી. ભાગ ૧) કેમિસ્ટ્રી વિજ્ઞાનભવન

(૬) શાહ બિમલ જયંતિલાલ ,, ,,

(૭) ભટ્ટ હિરેન રમેશચંદ્ર ,, ,,

(૮) પંડ્યા મનોજકુમાર નવીનચંદ્ર ,, ,,

(૯) પટેલ સંજયકુમાર નટવરલાલ ,, ,,

(૧૦) દેસાઈ તુષાર સુરેશચંદ્ર ,, ,,

(૧૧) ભટ્ટ રાજેશકુમાર ડી. ,, ,,

(૧૨) પટેલ દીપકકુમાર વી. ,, ,,

(૧૩) કડિયાવાલા મોહમદ એ. ,, ,,

(૧૪) ભટ્ટ જયશ્રીબહેન રમેશચંદ્ર (એમ.એસસી. ભાગ ૨) ઝૂલોજી વિજ્ઞાનભવન.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩ (૧) ભાષા-સાહિત્ય ભવનના લિંગ્વિસ્ટિક્સ વિભાગના આશ્રયે તારીખ ૧૬–૫–૧૯૮૩ થી ૧૬–૬–૧૯૮૩ દરમિયાન યોજાનાર શૉર્ટ ટર્મ ઇન્સ્ટ્રક્ટ્રક્ટ ઇન લિંગ્વિસ્ટિક્સ ફૉર હાયર સેકન્ડરી સ્કૂલ ઍન્ડ કૉલેજ ટીચર્સ માટે પ્રથમ હપ્તાના રૂ. ૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પૂરા) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૩–૫–૧૯૮૩ના પત્રાંક નં. એફ–૨૬-૬-૧૯૮૩ (સીઇ–II) થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩ (૨) ૧૧મી નવેમ્બર ૧૯૮૩થી ૧૦મી ડિસેમ્બર ૧૯૮૩ના ગાળા દરમિયાન એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના સમર ઇન્સ્ટિટ્યૂટ ઇન ફાર્માસ્યુટિકલ સાયન્સીસના કાર્યક્રમ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૦-૫-૧૯૮૩ના પત્રાંક એફ.-૨૭-૨૪/૮૩-સીઈ–II થી ગ્રાન્ટ રૂ. ૪૯,૫૦૦/- મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગે આગળની ઘટતી કાર્યવાહી કરવી.

૩ (૩) ગુજરાત યુનિવર્સિટી અને મહર્ષિ ઍકેડેમી ઑફ વૈદિક સાયન્સીઝના આશ્રયે તા. ૯-૫-૧૯૮૩ થી ૨૮-૫-૧૯૮૩ એમ ત્રણ અઠવાડિયાના "સુપર ઇન્સ્ટિટ્યૂટ ઇન વૈદિક સ્ટડીઝ" અંગે રૂ. ૪૬,૨૫૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તારીખ ૨૦-૪-૧૯૮૩ના પત્રાંક એફ-૨૬-૧૦-૧૯૮૩-સીઈ-૨ની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩ (૪) વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગના ડૉ. કે. એમ. કુલકર્ણીની સંશોધન યોજના " Measuring the levels of Social well-being in Gujarat" માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૫-૩-૧૯૮૩ના પત્રાંક એફ–૨૫-૮-(૧૩૮૦૬)૮૩ (એસ.આર-૧) થી રૂ. ૫,૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગે આગળની ઘટતી કાર્યવાહી કરવી.

૩ (૫) ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ઇન્ડિયન ફિઝિક્સ એસોસિયેશન (અમદાવાદ ચેપ્ટર) તરફથી ૨૫-૨૬ ફેબ્રુઆરી ૧૯૮૩ના ગાળા દરમિયાન "ઇન્ટરચેપ્ટર મીટિંગ ઑફ I.P.A., ગુજરાત રાજ્ય" યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૨-૧-૧૯૮૩ના પત્રાંક એફ.-૧૪-૧૭૨-૮૨ સીઈ-II થી રૂ. ૩,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩ (૬) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૭–૪–૧૯૮૩ના ઠરાવ ક્રમાંક પરચ/૧૧૮૨–૧૩૫૦૧–ખ થી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે તેની નોંધ લેવા બાબત :

ઠરાવ

"આમુખમાં દર્શાવેલ તા. ૨૩–૧૧–૧૯૭૬ના સરકારી ઠરાવના એપેન્ડિક્ષ "બી"માં કૉલેજ શિક્ષકો માટે એમ.ફિલ.ની લાયકાત નહિ ધરાવનારને પણ નિમણૂકની તારીખથી પાંચ વર્ષની મુદતમાં આ લાયકાત મેળવી લેવાની શરતે નિમણૂક આપવાનું ઠરાવેલ છે. સરકારમાં એવી રજૂઆત થઈ છે કે હજી પણ ૧૯૭૩ પછી નિમાયેલા આવા કેટલાક શિક્ષકો પૂરતી સવલતોના અભાવે એમ.ફિલ.ની લાયકાત મેળવી શકયા નથી. આથી એમ.ફિલ.ની લાયકાત મેળવવાની મુદત લંબાવવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીભરી વિચારણા બાદ આવા કૉલેજ શિક્ષકોએ એમ.ફિલ.ની લાયકાત મેળવવાની મુદત જૂન ૮૬ સુધી લંબાવવાનું આથી ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવની નોંધ લેવી તથા તે સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવો.

૪. મે. કિલાચંદ દેવચંદ ફાઉન્ડેશન, મુંબઈ તરફથી જમીનનું બિનક્ષારીકરણ સંશોધન યોજનાના સંદર્ભમાં રૂ. ૫૫,૦૦૦(પંચાવન હજાર પૂરા)ની પ્રદાનની દરખાસ્ત અંગે તેઓના તા. ૧૩-૫-૧૯૮૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(દરમ્યાન પ્રદાનની રકમ રૂ. ૫૫,૦૦૦/- યુનિવર્સિટીને મળી ગયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૫. સ્વ. શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રન્થ પ્રકાશન ફંડની યોજના હેઠળ પ્રકાશનો હાથ ધરવા અંગેની સલાહકાર સમિતિના નીચેના સભ્યોની ત્રણ વર્ષની મુદત તા. ૧૬-૫-૧૯૮૩ના રોજ પૂરી થતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. યશવંતભાઈ પ્રા. શુકલ

૨. ડૉ. સુરેશ જોષી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સલાહકાર સમિતિ પર સભ્યો નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. વિદ્યા 'એ' હ્યુમેનિટીઝના તંત્રીમંડળના કન્વીનર ડૉ. કે. જી. દેસાઈ ૩૧મી મે, ૧૯૮૩ના રોજ નિવૃત્ત થનાર હોઈ તે કામ અંગે ડૉ. દેસાઈની જગ્યાએ અન્ય કોઈની કન્વીનર તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંપાદકમંડળના આહવાહક (કન્વીનર) તરીકે ભાષા-ભવનના અધ્યક્ષ ડૉ. અંબાશંકર નાગરની નિમણૂક કરવી.

૭. પ્રકાશન વહીવટી સમિતિના નીચેના સભ્યોના સભ્યપદની મુદત તા.૨૨-૪-૧૯૮૩ના રોજ પૂરી થયેલી હોઇ ઑર્ડિ. ૬૨ (ઇ) (૧) (૩) હેઠળ સદરહુ સમિતિ પર ચાર સભ્યોની નિમણૂક કરવા બાબત :

(૧) શ્રી એન. આર. શાહ
(૨) આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ
(૩) ડૉ. એમ. એન. દેસાઈ
(૪) શ્રી. નરહરિભાઈ એમ. પરીખ

[**નોંધ.**—ઑ. ૬૨ (ઈ) (૧) (૩) નો પાઠ નીચે પ્રમાણે છે :

O. 62-E :

(1) The following shall be the members of the Administrative Committee for Publications :

(*i*) The Vice-Chancellor, Ex-Officio (Chairman)
(*ii*) The Pro-Vice-Chancellor, if any
(*iii*) Four persons appointed by the Executive Council.

(2) The term of office of the members nominated by the Executive Council shall be three years.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર સભ્યો નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગેના ઑર્ડિ. ૭ ની કલમ (ii) પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ ઉપર ત્રણ વિભાગોમાંથી એક એક આચાર્યશ્રી અને કલમ (v) પ્રમાણે ચાર નિષ્ણાત સભ્યોની ત્રણ વર્ષ માટે નિયુક્તિ કરવા તેમ જ કલમ (vi) અને (vii) અન્વયે અનુક્રમે ત્રણેય વિભાગોમાંથી એક એક વ્યાયામ શિક્ષક અને એક એક વિદ્યાર્થી પ્રતિનિધિની એક વર્ષ માટે નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર સભ્યો નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયના કુલસચિવ શ્રી. ભૂપેન્દ્રભાઈ મ. પટેલનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૦—૭—૧૯૮૩ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૧-૭-૧૯૮૩ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— શ્રી. ભૂપેન્દ્રભાઈ મ. પટેલને તા. ૩૧—૭—૧૯૮૩ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોવાથી નિવૃત્ત થાય છે.)

કુલસચિવ શ્રી. ભૂપેન્દ્રભાઈ મ. પટેલની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલસચિવ શ્રી. ભૂપેન્દ્રભાઈ મ. પટેલને તા. ૨૧—૭—૧૯૮૩થી કાયમ કરવા.

૧૦. યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં જે તે તારીખથી કાર્યક્ષમતા-અંતરાય (એફિશિયન્સી બાર) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	પગારધોરણ	કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની તારીખ
૧.	ડૉ. એમ. પી. ભટ્ટ, આર.એમ.ઓ., યુનિ. આરોગ્ય કેન્દ્ર	રૂ. ૭૦૦–૪૦–૯૮૦ ઈ.બી.–૪૦–૧,૧૦૦–૫૦–૧,૨૦૦–ઈ.બી.–૫૦–૧,૩૦૦	તા. ૫–૪–૧૯૮૩થી રૂ. ૯૮૦/– પછીની કાર્યક્ષમતા.

રેસિડેન્ડ મેડિકલ ઑફિસર ડૉ. એમ. પી. ભટ્ટની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. એમ. પી. ભટ્ટને રૂ. ૭૦૦-૪૦-૯૮૦ ઈ.બી ૪૦-૧૧૦૦-૫૦ ૧૨૦૦ ઈ.બી. ૫૦—૧૩૦૦ના પગારધોરણમાં રૂ. ૯૮૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૫-૪-૧૯૮૩થી ઓળંગવા માટે મંજૂરી આપવી

૧૧. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગે તેના તા. ૨-૪-૧૯૮૩ ના ઠરાવથી આ યુનિવર્સિટીના બિનશૈક્ષણિક મહેકમમાં કારકુની સંવર્ગમાંની જગ્યાઓની સંખ્યામાં કારકુન, કારકુન-ટાઇપિસ્ટ, લેબોરેટરી આસિસ્ટન્ટની કેડરમાંથી કુલ ૫૯ જગાઓ રદ કરી નીચેના કેડરમાં તેની સામે દર્શાવેલ સંખ્યામાં વધારાની જગાઓ ઊભી કરવાની મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત :

(૧) ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ	... ૪
(૨) હેડક્લાર્ક	.. ૧૦
(૩) ડેપ્યુટી એકાઉન્ટન્ટ	... ૧
(૪) સીનિયર ક્લાર્ક	... ૪૪
કુલ	... ૫૯

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવની સાભાર નોંધ લેવી

૧૨. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાળા એન્જિનિયરિંગ સંશોધન એવોર્ડ ૧૯૮૩ના વર્ષ માટે—

1. Structural Engineering including Bridge Engineering.

2. Soil Mechanics and Foundation Engineering —

એમ બંને વિષય માટે નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(શ્રી ઘનશ્યામભાઈ જી. વૈદ્યની હરિ ૐ આશ્રમના કાયમી પ્રતિનિધિ તરીકે નિમણૂક થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિષ્ણાત સમિતિ પર સભ્યોને નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩. હરિ ૐ આશ્રમ પ્રેરિત ઍલેમ્બિક સંશોધન ઍવોર્ડ–૧૯૮૩ના વર્ષ માટે—

1. Gynaecology, Obstetrics and Family Planning.

2. Specialities like –Pathology, Radiology and Psychiatry—

બન્ને વિષય માટે નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ડૉ. સુમન્ત એમ. શાહની હરિ ૐ આશ્રમના કાયમી પ્રતિનિધિ તરીકે નિમણૂક થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિષ્ણાત સમિતિ પર સભ્યોને નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. જયકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન ઍવોર્ડ. ૧૯૮૩ના વર્ષ માટે (૧) બોટાની, (૨) ઝૂલોજી—બન્ને વિષયો માટે નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**— ૧. બોટાની વિષય માટે– ડૉ. એચ. પી. ગાંધી અને

૨. ઝૂલોજી વિષય માટે—ડૉ. (મિસ) એન. જે ચિનોયની હરિ ૐ આશ્રમના કાયમી પ્રતિનિધિ તરીકે નિમણૂક થયેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિષ્ણાત સમિતિ પર સભ્યોને નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકલદાસ બાંભરોઇ સંશોધન ઍવોર્ડ, ૧૯૮૩ના વર્ષ માટે (૧) કેમિસ્ટ્રી, (૨) ફિઝિક્સ એમ બન્ને વિષયો માટે નિષ્ણાત સમિતિ માના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

[હરિ ૐ આશ્રમના કાયમી પ્રતિનિધિ તરીકે—

૧. કેમિસ્ટ્રી વિષયમાં ડૉ. એમ. એન. દેસાઇ અને

૨. ફિઝિક્સ વિષયમાં શ્રી એચ. એસ. ભાવસારની નિમણૂક કરવામાં આવેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિષ્ણાત સમિતિ પર સભ્યોને નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. શ્રમિક વિદ્યાકેન્દ્રના ડાયરેક્ટરની જગ્યા ભરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઉપરની જગ્યા માટે લાયકાતનાં ધોરણો નિયત કરેલાં નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા ભરવા અંગે જરૂરી સમિતિ નીમવા અને જરૂરી કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૭. ગુજરાત યુનિવર્સિટીની આંતર-વિભાગીય ચેસની હરીફાઈઓમાં વ્યક્તિગત રીતે પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર ખેલાડીઓને પ્રોત્સાહનરૂપે પુરસ્કાર આપવા અંગે શ્રી. એલ. ડી. આસરપોટા તરફથી રૂ. ૫,૦૦૦(પાંચ હજાર પૂરા)નું આવેલ પ્રદાન સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૧૮. મે. રાઇટન પ્રા. લિ., મુંબઇ તરફથી સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન બિનક્ષારીકરણ કરવા અંગેની સંશોધન દરખાસ્તના સંદર્ભમાં તેઓના તા. ૧–૬–૧૯૮૩ના રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) મળ્યા છે, તો તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૧૯. તા. ૧૨–૪–૧૯૮૩ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

૧. આથી ઠરાવવામાં આવે છે કે હાલમાં આંતર–યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતી ગુજરાત યુનિવર્સિટી ની ટીમના ખેલાડીઓને બોર્ડ ઑફ સ્પોર્ટ્સની જે તે રમત માટે નિયત કરેલ ગણવેશના ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટી આપે છે તેના બદલે હવે ૧૯૮૩–૮૪ના વર્ષથી ૭૦ ટકા ખર્ચ યુનિવર્સિટીએ આપવાનું અને બાકીના ૩૦ ટકા ખર્ચ જે તે કૉલેજ, સંસ્થા કે ખેલાડીએ આપવાની પ્રથા અપનાવવા આ બોર્ડ યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલની વિષમ મોંઘવારી લક્ષમાં રાખીને ૧૯૮૩–૮૪ના વર્ષથી આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જનાર યુનિવર્સિટીની ટુકડીઓના ખેલાડીઓને અને મેનેજર-કોચીઝને દૈનિક ભથ્થું જે અનુક્રમે રૂ. ૧૫/– અને ૧૮/– આપવામાં આવે છે તેમાં વધારો કરી અનુક્રમે રૂ. ૧૬/– અને રૂ. ૨૦/– આપવાનું મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર–યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જનાર યુનિવર્સિટીની ટુકડીઓનો દરેક ખેલાડીને, મેનેજર–કોચને હરીફાઈઓ દરમિયાન નિવાસ વ્યવસ્થાથી મેદાન સુધી જવા આવવા માટે સવારે કે સાંજે સેશન દીઠ રૂ. ૨/– (રૂપિયા બે પૂરા) કન્વેયન્સ (વાહન ભથ્થા) તરીકે આપવાનું મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૨–૪–૧૯૮૩ના રોજ મળેલ સભાની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૨૦. આંતરિક શિક્ષકોને ક્રેડિટ ગુણાંક તથા તેના સંદર્ભમાં પ્રાયોગિક / પરીક્ષકોની નિમણૂક માટેના અગ્રતાક્રમ પદ્ધતિમા જરૂરી ફેરફારોની વિચારણા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭–૭–૧૯૮૧ ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૨(૧) થી નીમેલ સમિતિની તા. ૧૯–૪–૧૯૮૨ની અને તા. ૨૭–૪–૧૯૮૨ની નોંધ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭–૧૨–૧૯૮૨ ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એકે. કાઉ. બાબત ક્રમાક ૧૪):

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ અનુસ્નાતક શિક્ષણકાર્ય કરેલ દરેક વર્ષ માટે ૧ અને વધુમાં વધુ ૫ ગુણાંક આપવા, એ સુધારા સાથે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એન્જિનિયરિંગ, મેડિકલ, ડેન્ટલ અને ફાર્મસી વિદ્યાશાખાઓ સિવાયની વિદ્યાશાખાઓમાં શિક્ષણકાર્ય માટે શિક્ષકને દરેક વર્ષ માટે એક ગુણાંક આપવામાં આવતો હતો તેને બદલે બે ગુણાંક આપવાનું રાખવું.

(આ અંગેનું પરિશિષ્ટ "અ" સામેલ છે.)

૨૧. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭–૧૨–૧૯૮૨ની સભાની ભલામણ અનુસાર સ્ટે. ૧૦૮ની હાલની જોગવાઈમાં વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ નીચેના વિષયો ઉમેરવા બાબત :

૧. બાયોકેમિસ્ટ્રી
૨. લાઇફ સાયન્સીઝ
૩. કોમ્પ્યુટર સાયન્સ—એપ્લિકેશન
(એ. ક્રા. બાબત ક્રમાંક ૭૦).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સ્ટે. ૧૦૮ની હાલની જોગવાઈમાં વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ નીચેના વિષયો ઉમેરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

૧. બાયોકેમિસ્ટ્રી
૨. લાઈફ સાયન્સીસ
૩. કોમ્પ્યુટર સાયન્સ—એપ્લિકેશન

બાબત નં. ૨૨(ક) અને ૬૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૨ (ક) ૧૯૮૨ ના ગુજરાત ઍક્ટ ક્રમાંક ૬૦ થી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ અનુસાર વિનયન અને શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા અલગ થતાં શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા માટે યુનિવર્સિટી કોર્ટની બેઠકમાં શું પ્રમાણ રાખવું તે પર વિચારણા કરવા બાબત.

૬૩ ગુજરાત સરકારે તા. ૯–૧૨–૧૯૮૧ના ૧૯૮૧ના ઓ. ૧૧થી યુનિવર્સિટી ધારાની કલમ ૨૩(૧)માં સુધારો કરી શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા અલગ કરી છે તેના સંદર્ભમાં સ્ટે. ૧૪-સી.માં વિદ્યાર્થીઓની બેઠકોની ફાળવણી અંગે વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો અંગે વિચારણા કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. આચાર્ય બી. એમ. પીરઝાદા
૩. આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ
૪. આચાર્ય દર્શનસિંગ એમ. શીખ
૫. શ્રી. કનુભાઈ શાહ
૬. શ્રી. અનંતરાય ટી. અજમેરા.

૨૨ (ખ) બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશનની જોગવાઈઓ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ આવ્યેથી વિચારવાનું રાખવું.

૨૩. પદવી પ્રમાણપત્રો ટપાલના દર વધવાથી રજિસ્ટર્ડ ટપાલને બદલે અંડરસર્ટિ-ફિકેટ ઑફ પોસ્ટિંગથી મોકલવાની પ્રથા સ્વીકારવામાં આવી હતી, પરંતુ આ અંગે ઘણી ફરિયાદ આવી હોવાથી પદવી પ્રમાણપત્રો રજિસ્ટર્ડ ટપાલથી મોકલવા માટે ટપાલના વધેલા દરના સંદર્ભમાં હાલ જે ફી છે તેમાં કોઈ ફેરફાર કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ પ્રથમ પદવી મેળવનાર પાસે રૂ. ૨૦–૦૦, બીજી પદવી મેળવનાર માટે રૂ. ૧૦–૦૦ લેવામાં આવે છે, ડુપ્લિકેટ પ્રમાણપત્રના રૂ. ૧૦–૦૦ લેવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પદવી પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને "અંડર–સર્ટિફિકેટ ઑફ પોસ્ટિંગ"થી મોકલવાનું ચાલુ રાખવું, તથા જે વિદ્યાર્થીઓને તે મળ્યાં ન હોય તેઓની ફરિયાદ આવે તો તેઓની પાસેથી એફિડેવિટ લઈને નવું પદવી પ્રમાણપત્ર બનાવી આપવું.

૨૪. કૉમ્પ્યુટરના અભ્યાસમાં કૉમ્પ્યુટરના વિષયો માટે યુનિવર્સિટીનાં વિદ્યાભવનો-માંથી શિક્ષકોને મુલાકાતે બોલાવવા અંગે અને માનદ વેતન આપવા અંગે આ સેન્ટરના કો-ઑર્ડિનેટરના તા. ૨૬–૪–૧૯૮૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટરના અભ્યાસક્રમ અંગે કૉમ્પ્યુટરના ટેકનિકલ વિષયો સિવાયના વિષયો માટે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને બોલાવવામાં આવે ત્યારે તેઓને દરેક વ્યાખ્યાન દીઠ રૂ. ૨૫ (વાહન ભથ્થા સાથે)નું માનદ વેતન આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એ.ટી.કે સેન્ટરમાં અપાતું માનદ ભથ્થું પણ ઉપરના દરે આપવું તથા રાજ્ય સરકાર સદરહુ ખર્ચ માન્ય માટે માન્ય રાખે તે અંગે જરૂરી વિચારવિમર્શ કરવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવી.

૨૫. વધુમાં વધુ કેટલી મુદત માટે સંલગ્ન કૉલેજના કાર્યકારી આચાર્યની વ્યવસ્થા ચાલુ રાખી શકાય તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—( ) ત્રણ મહિનાથી વધુ કાર્યકારી આચાર્યપદે રહેનાર આચાર્યના પગારધોરણ અને અન્ય લાભો મેળવવા પાત્ર બને છે.

( ) કાર્યકારી આચાર્યનો કાર્યભાર (વધુમાં વધુ ૯ તાસ)ના નિયમમાંથી એક વર્ષ માટે મુક્તિ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૧૨–૧૯૮૦ની સભામાં ઠરાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજના આચાર્યની જગ્યા ખાલી પડે તો કાર્યકારી આચાર્યને નિમણુંક એક વર્ષથી વધુ સમય માટે આપી શકાશે નહીં.

બાબત નં. ૨૬ અને ૭૫ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૬. યુનિવર્સિટીના પ્રૉવિડંટ ફંડના નિયમોમાં નીચે પ્રમાણે સુધારો કરવાનું સૂચવતા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના તા. ૧૦–૩–૧૯૮૩ના પત્ર ક્રમાંક ક(પી.એફ.) ૧૫૮૫ પર વિચારણા કરવા બાબત :

"જો સંખ્યાધિક શિક્ષકોની હાયર સેકન્ડરી સ્કૂલની સર્વિસ અને કૉલેજોની કુલ સર્વિસ ૫ વર્ષ અગર ૫ વર્ષ ઉપરની થતી હોય તો તેમને જે તે કૉલેજ તથા શાળાએ યુનિવર્સિટીના નિયમ

મુજબ સંસ્થાનો ફાળો પૂરેપૂરો ચૂકવવો. જો તેમની કૉલેજ તથા હાયર સેકન્ડરી શાળાની કુલ નોકરી ૩ વર્ષ કરતાં વધુ પરંતુ ૫ વર્ષ કરતાં ઓછી થતી હોય તો સંસ્થા-ફાળો જે તે કૉલેજે તથા શાળાએ ચૂકવવો.

જો સંખ્યાધિક શિક્ષકની કૉલેજ તથા હાઈસ્કૂલની કુલ નોકરી ૩ વર્ષ કરતાં ઓછી થતી હોય તો આવા સંખ્યાધિક શિક્ષકોના પ્રૉવિડંટ ફંડના સંસ્થા-ફાળાને લાયક ગણી શકાય નહીં."

[**નોંધ.**— સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને માટે યુનિવર્સિટીએ નિયત કરેલ પ્રૉવિડંટ ફંડના નિયમોની સંબંધકર્તા કંડિકા ૧૨ નીચે પ્રમાણે છે :

12. When an employee ceases to be in employment he shall be entitled to get subject to deduction on account of the amount of advances and interest thereon, if any, and any money claim due to the college/Institution* as under :

(*a*) The whole amount to his credit in his account of subsciption and interest thereon, and

(*b*) In case other than dismissal, amount to his credit in his account on account of contribution and interest thereon the following proportions :

(*i*) Nil, if the total period of service is less than three years.

(*ii*) Full, if the total period of service is three years or more.

For the purposes of these rules services already put in by the Employees of the College/Institution* will be calculated from the dates on which they took over charge in the service of the college / Institution.*

[*Note.*—The continous services of an employee in different College / Institution under the same management shall be considered as services in the same College/Institution.*]

અને

૭૫. પ્રા. કનુભાઈ શાહે તેમના તા. ૨૧–૬–૧૯૮૩ના પત્રથી મોકલેલા નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) રાજ્ય સરકાર પોતાના કર્મચારીઓને ગ્રેચ્યુઇટીની ચુકવણી માટે મોંઘવારી ભથ્થાનો કેટલોક હિસ્સો ડિયરનેસ એલાવન્સ ગણીને ઉમેરે છે તથા તે મુજબ ગ્રેચ્યુઇટીની ચુકવણી કરે છે. આવો લાભ સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને આપવામાં આવતો નથી, તેથી આ સભા ઠરાવે છે કે રાજ્ય સરકારે મોંઘવારી ભથ્થાનો જે હિસ્સો ડિયરનેસ પે ગ્રેચ્યુઇટીની ચુકવણી માટે પગારનો ભાગ ગણ્યો હોય તેટલો જ ડિયરનેસ પે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને તથા શિક્ષકોને ગ્રેચ્યુઇટીની ચુકવણી માટે પગારનો ભાગ ગણી તે મુજબ ગ્રેચ્યુઇટીની ચુકવણી કરવી.

(૨) રાજ્ય સરકારે પ્રોવિડંટ ફંડની ગણતરી માટે ડિયરનેસ પેને પગાર ગણ્યો છે તથા તે મુજબ પગારની ગણતરી થાય છે તથા તે ઉપર પ્રોવિડંટ ફંડ કપાય છે. તેથી આ સભા કરાવે છે કે સંલગ્ન કોલેજોના શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓને પ્રોવિડંટ ફંડની કપાત માટે રાજ્ય સરકારની જેમજ તેમજ તેટલા પ્રમાણમાં ડિયરનેસ પે ઉપર પ્રોવિડંટ ફંડ કાપવું અને તેમાં સરકારશ્રી પોતાનો ફાળો તે મુજબ ઉમેરે તે માટે સરકારને વિનંતી કરવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટેનો પ્રોવિડન્ટ ફંડ અંગેનો નિયમ ૧૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

"12. For the purposes of these rules services already put in by employees of an affiliated college or a recognised institution, as the case may be, shall be calculated from the date on which he first joined any affiliated college or institution.

(*Note*.— The continuous services put up by an employee in more than one college or more than one institution, as the case may be, under the same Management shall be considered as services in the same college or institution, as the case may be.)

The duration of the service put up as a surplus teacher in a High School shall also be considered for the purpose. However, the total service rendered by a surplus teacher in the college and High School is less than three years he will not be entitled for contribution of the Management."

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૬૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

O. 169 :

"Full-time permanent employees, both teaching and non-teaching of the colleges affiliated to, and the institutions recognised by, the University shall be paid gratuity under the following rules :

(1) No gratuity shall be payable to an employee dismissed from the service of the college affiliated to, and the institutions recognised by, the University for misconduct.

(2) Gratuity shall be paid on the death, retirement, disability, resignation or termination of service at the rate of—

(*a*) 1/2 month's basic salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) for each completed year of service on completion of 7 years' service;

(*b*) 3/4 month's basic salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) for each completed year of service on completion of 12 years' service, and

(*c*) one month's basic salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) for each completed year of service on completion of 15 years' service, The total amount of the gratuity shall be a maximum of 20 months' basic salarv (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) or Rs. 36,000/–, whichever is less.

Notwithstanding anything contained above, the heir/ heirs of an employee who dies during the course of his employment shall be paid gratuity at the rate of one month's basic salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) per year of service for the number of years he would have, otherwise ordinarily served, had he continued to live till the date of his retirement, subject to maximum of 20 months' salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) or Rs. 36,000/–, whichever is less.

(3) Salary for the purpose of gratuity under (2) above shall mean average basic salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) drawn by the employee during the twelve month's period of active service immediately preceding death, retirement, disability, resignation or termination of service, as the case may be."

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૯૩–એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

Statute 193—A :

"The employees both teaching and non-teaching of the University be paid gratuity under the following rules :

(1) No gratuity shall be payable to an employee dismissed from service of the University for misconduct.

(2) Gratuity shall be paid on the death, retirement, disability, resignation or termination of service at the rate of—

(*a*) 1/2 month's basic salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government for time to time but exclusive of all allowances) for each completed year of service on completion of 7 years' service;

(*b*) 3/4 months' basic salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) for each completed year of service on completion of 12 years' service, and

(*c*) One month's basic salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) for each completed year of service on completion of 15 years' service. The total amount of the gratuity shall be a maximum of 20 months' salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time, but exclusive of all allowances) or Rs. 36,000/–, whichever is less.

Notwithstanding anything contained above, the heir/heirs of an employee who dies during the course of his employment shall be paid gratuity at the rate of one month's basic salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time but exclusive of all allowances) per year of service for the number of years he would have, otherwise ordinarily served, had he continued to live till the date of his retirement, subject to a maximum of 20 months' salary (inclusive of Dearness Pay, if any, as defined by the State Government from time to time, but exclusive of all allowances) or Rs. 36,000/–whichever is less.

(3) Salary for the purpose of gratuity under (2) above shall mean average basic salary (inslusive of Dearness Pay, if any, as defined by the State Government, from time to time, but exclusive of all allowances) drawn by the employee during the twelve months period of active service immediately preceding death, retirement, disability, resignation or termination of service, as the case may be.

(4) The University shall establish a fund known as Gratuity Fund for the purpose by contributing a suitable amount not exceeding 5% of the basic salary paid to its employees covered by the Scheme from the recurring expenditure of the University during every accounting year. The Fund shall be regulated by the Executive Council in its discretion as may be deemed fit by investing the amount of the fund so as to discharge liability in this behalf."

વધુમાં ઠરાવવામાં આવે છે કે બાબત ક્રમાંક ૭૫(૨)માં નિર્દિષ્ટ શ્રી. કનુભાઈ શાહનો ઉપરનો પ્રસ્તાવ નં. (૨) મંજૂર કરવો.

૨૭. જૂન ૧૯૮૪થી વિભાગીકરણ-ચાલુ-વધારાના જોડાણ માટે સંલગ્ન કૉલેજો તરફથી આવેલી અરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૮. સ્ટે. ૨૧૦ની નીચેની કલમ (૧) તથા પેટાકલમ (૨), (૩), (૪) અને (૫) અનુસાર સંલગ્ન કૉલેજ કે માન્ય સંસ્થાની તપાસસમિતિના સભ્યોની યાદી (પેનલ) તૈયાર કરવા માટે જરૂરી નિયુક્તિ કરવા બાબત :

1. The panel for the appointment of Inspection Committee to inspect an affiliated college or a recognised institution, as the case may be, shall consist at the following members, namely :

   (*i*) Two members to be nominated by the Executive Council from amongst themselves.

   (*ii*) Two members to be nominated by the Executive Council from amongst the members of the Academic Council.

   (*iii*) Three members to be nominated preferably one from North Zone, one from South Zone and one from Ahmedabad Zone, by the Executive Council from amongst the members of the University Court.

   (*iv*) Two members to be appointed by the Executive Council from the University Staff not below the rank of an Assistant Registrar.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિના સભ્યોની યાદી (પેનલ) તૈયાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. જે સંલગ્ન કૉલેજો/સંસ્થાઓની સને ૧૯૮૩-૮૪માં ત્રિવાર્ષિક તપાસ કરવાની થાય છે તે માટે સ્ટે. ૨૧૦ અનુસાર ત્રિવાર્ષિક તપાસ સમિતિઓની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ત્રિવાર્ષિક તપાસસમિતિઓની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૦. કૉલેજોના જોડાણ અંગે મૂકવામાં આવેલી શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તે જોઈતપાસીને ભલામણ કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૯-૧-૧૯૮૧ની સભાના ઠરાવ અનુસાર નિયુક્ત થયેલી સમિતિની તારીખ ૧૯-૫-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"નીચે જણાવેલી કૉલેજોએ તમામ શરતોનું પરિપાલન કર્યું હોઈ તેમને માટે જોડાણનું જાહેરનામું બહાર પાડવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૨. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

૩. નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ

૪. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ જી. એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ

૫. મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા

૬. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર

૭. સ. વ. વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ

૮. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર."

કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની બાબત નં. ૫૪(૨)માં સદરહુ બાબત આવી જતી હોવાથી તે અંગે કશું કરવાપણું રહેતું નથી.

૩૧. ધી ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૮૪થી યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ અન્વયે માન્યતા આપવા માટે સદરહુ સંસ્થા તરફથી આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑર્ડિ. ૧૨૦–સી અનુસાર જૂન ૧૯૮૪ માટે આ અરજી સમયમર્યાદામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ધી ગુજરાત કેન્સર ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને માન્યતાની અરજીની બાબતમાં બે સભ્યોની તપાસસમિતિ નીમવી :

૧. તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૨. ડૉ. પી. પી. મહેતા.

૩૨. નીચે જણાવેલ કૉલેજો તરફથી જૂન ૧૯૮૪થી ચાલુ જોડાણ માટેની અરજીઓ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) નિયત સમયમર્યાદા પછી એટલે કે તા. ૩૧–૩–૧૯૮૩ પછી આવેલ છે, પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર વિચારણા કરવા કુલપતિશ્રીએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

નં.	કૉલેજનું નામ	અરજી આવ્યા તારીખ
૧.	કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, ધંધુકા	૧૬–૪–૧૯૮૩
૨.	મ્યુ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	૯–૫–૧૯૮૩
૩.	કાપડિયા એન. એમ. એસ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડા	૨–૪–૧૯૮૩

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ ઉપર જણાવેલી કૉલેજોની ચાલુ જોડાણ માટેની સદરહુ અરજીઓ સ્વીકારવી તથા તે અંગે જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૩. એમ. એન. કૉલેજ, વીસનગરની જૂન ૧૯૭૯થી જોડાણ મેળવવા માટેની અરજીના સંદર્ભમાં આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની શરત હોવા છતાં કૉલેજે

૧૯૮૨–૮૩ના શૈક્ષણિક વર્ષના અંત સુધી તે શરત પ્રમાણે નિમણૂક કર્યા વિના ચલાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા તથા પૂરા સમયના વ્યાખ્યાતાને સ્થાને ખંડ સમયના વ્યાખ્યાતા નીમ્યા છે તે અંગે પણ વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ક્ષતિ અંગે એમ. એન. કૉલેજ, વીસનગરના આચાર્યશ્રીને ઠપકો આપવો, અને પૂર્ણસમયના શિક્ષકની નિમણૂક ત્વરિત કરવા માટે જણાવવું.

૩૪. સેકન્ડ બી.એ. એપ્રિલ ૧૯૮૨ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૯૬૪ શ્રી. સોલંકી હરિભાઈ ડાહ્યાભાઈએ સદરહુ પરીક્ષા પાસ ન કરી હોવા છતાં થર્ડ બી.એ. એપ્રિલ ૧૯૮૩ની પરીક્ષા માટે સત્રો રાખી પરીક્ષાનું આવેદનપત્ર ભરેલ છે. વિદ્યાર્થીનો થર્ડ બી.એ.નો પ્રવેશ અમાન્ય ગણવામાં આવ્યો છે પરંતુ તેણે રાખેલ સત્રો અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—વિદ્યાર્થીને એસ.વાય બી.એ.નું ભૂલવાળું ગુણપત્રક મળેલ જે પરત માંગવા છતાં પરત કર્યું નથી અને તેને આધારે ટી વાય.બી.એ.માં પ્રવેશ મેળવેલ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીનાં સત્રો રદ કરવાં તથા આ બાબત પરીક્ષા શુદ્ધિ સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૫. શ્રી. એ. ટી. અજમેરાના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

"૧. તા. ૪–૧–૧૯૮૩ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટ સભાના તમામ પ્રસ્તાવો અને હવે પછી આવનાર કોર્ટ સભાના વણ-હાથ ધરાનાર તમામ પ્રસ્તાવો યોગ્ય પૃથક્કરણ કરી જે તે સત્તામંડળોમાં તાત્કાલિક હાથ ધરવા માટેની વ્યવસ્થા વિચારણા માટે એક કાયમી સમિતિની નિમણૂક કરવી.

૨. એજ્યુકેશન કૉલેજોના અધ્યાપકોને પાઠ નિરીક્ષણ માટે દૂર દૂરની શાળાઓમાં જવું પડતું હોય છે. આથી આ સભા ઠરાવે છે કે, તે અધ્યાપકોને પ્રતિમાસ રૂ. ૫૦/- (પચાસ) કે યોગ્ય વાહનભત્થું આપવા સરકારશ્રીને તાત્કાલિક ભલામણ કરવી.

૩. સ્ટે. ૧૦ (૩) હેઠળ દંતવિદ્યાશાખાની બેઠક ફાળવણીની પુનર્વિચારણા કરવી."

સદરહુ બાબત અંગેની વિચારણા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૬–૩–૧૯૮૩ની સભામાં બાબત નં. ૪૧થી કરવામાં આવેલી હોઈ તે અંગે કશું કરવાપણું રહેતું નથી.

૩૬. ગુજરાત રાજ્ય કૉલેજ બિનશિક્ષક કર્મચારી મહામંડળના પ્રમુખશ્રીના તા. ૩૦-૩-૧૯૮૩ના પત્રના સંદર્ભમાં બઢતી વખતે કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને ઇજાફાનો લાભ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને જ્યારે ઉપરની જગ્યામાં બઢતી કે નિમણૂક આપવામાં આવે ત્યારે તેઓને નીચેની જગ્યાના પગારધોરણમાં એક નોશનલ પગારવધારો આપી ઉપરની જગ્યાના પગારધોરણમાં તે પગાર પછીથી આવતા સ્ટેજમાં મૂકવાનું રાખવા ઑર્ડિ. ૧૬૮ સુધારવો તથા તે સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સદરહુ સુધારેલા ઑર્ડિ. ૧૬૮ના સંબંધકર્તા ભાગની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩૭. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતમાં આચાર્ય તરીકે જોડાયેલા શ્રી. એમ. એમ. પટેલની નિમણૂકની માન્યતા અંગે ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાતના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૭-૩-૧૯૮૩ના પત્રાંક ૫૦૧ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આચાર્ય માટે અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા હોવી ઘટે. આ માટે જરૂરી શૈક્ષણિક પાત્રતા છે, પરંતુ સંશોધન કક્ષાએ પાંચ વર્ષનો અનુભવ હોવો જોઈએ તે ઊણપ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ફાર્મસી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી સાથે વાતચીત કરી ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૮. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૨૪-૩–૧૯૮૩ અને તા. ૭-૪-૧૯૮૩ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

અને

૬૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨–૬–૧૯૮૩, ૯–૬-૧૯૮૩, ૧૬-૬-૧૯૮૩ અને ૧૭-૬-૧૯૮૩ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૩૮ અને ૬૧ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૨૪—૩—૧૯૮૩, તા. ૭—૪—૧૯૮૩, તા ૨—૬—૧૯૮૩, તા. ૯—૬—૧૯૮૩, તા. ૧૬—૬—૧૯૮૩ અને તા. ૧૭—૬—૧૯૮૩ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩૯. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે કાર્યાલય નિયામક સુધીની બઢતી માટેના નિયમો ઘડવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૩-૧૯૮૩ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૨–૪-૧૯૮૩ અને તા. ૨૬-૪-૧૯૮૩ની સભાઓની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે કાર્યાલય નિયામક સુધીની જગ્યાઓ ઉપર, ઉપરની જગ્યાઓની પાત્રતા ધરાવતા હોય તેઓની સીનિયોરિટીના ધોરણે નિમણૂક કરવા ઑર્ડ. ૧૬૮ સુધારવો તથા તે સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સદરહુ સુધારેલા ઑર્ડ. ૧૬૮ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે)

૪૦. બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોના શિક્ષકોના પગારસુધારણા–પગાર રક્ષણ બાબતના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૭-૪-૧૯૮૩ના ઠરાવ ક્રમાંક પરચ–૧૩૮૦–૧૦૦૮૫(૮૩) ખ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. "સેન્ટર ફૉર ડેવલપમેન્ટલ કૉમ્યુનિકેશન" માં ચાલતા "ડેવલપમેન્ટલ કૉમ્યુનિકેશન" ડિપ્લોમાના પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ડિપ્લોમાના પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા પદવી પ્રમાણપત્રના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૨. બાંધકામ સમિતિની તા. ૨૭-૪-૧૯૮૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭–૪–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭–૪–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૩. ફાઇનાન્સ સમિતિની તા. ૨૮-૪-૧૯૮૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮–૪–૧૯૮૩ની સભાની બાબત ક્રમાંક ૨ની નોંધ લેવી તથા બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮–૪–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૪. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન ૧૯૮૩ થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી, નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૪ સુધીનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારની સુવિધાઓ કરવામાં આવે અને વિદ્યાર્થીઓને બેસવા માટે જરૂરી પાટલીઓ વસાવવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૫. છઠ્ઠી યોજના દરમિયાન જિયોલોજી, એપ્લાઇડ જિયોલોજી અને જિયોફિઝિક્સ વિષયોના અનુસ્નાતક અને પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓ માટે ફિલ્ડ વર્ક ઇન્ટેન્સિવ જિયોલોજિકલ મેપિંગ વર્ક માટે ૫૦ ટકા ખર્ચની સહાય આપવા બાબતના તથા ૫૦ ટકા ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનું જણાવતા અન્ડરસેક્રેટરી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૧૪–૩–૧૯૮૩, તા. ૧૮–૧૦–૧૯૮૨ તથા તા. ૧૫–૩–૧૯૮૩ના પત્રાંક એફ–૭–૧૨–૭૪ (સી.પી.) અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળનાર આર્થિક સહાયનો સાભાર સ્વીકાર કરવો.

૪૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

ગુજરાતની વડી અદાલતમાં રજૂ થયેલ નીચેની વિગતની અરજીઓના કામમાં શ્રી. સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

નં.	અરજી ક્રમાંક	વિગત
૧.	૧૦૬૫	કપડવંજ કેળવણી મંડળ વિરુદ્ધ એમ. બી. પઠાણ—વૉચમૅનની નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અંગે
૨.	૧૫૧૭–૮૩	નડિયાદ એજ્યુકેશન સોસાયટી વિરુદ્ધ આચાર્ય આર. એમ. વ્યાસ—ગ્રેચ્યુઇટીની રકમ ચુકવણી અંગે
૩.	૬૧૧–૮૩	ડૉ. કે. સી. શાહ વિરુદ્ધ શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ અધ્યાપકની નિમણૂક અંગે
૪.	૧૭૫૩–૮૩	દક્ષાબેન એ. જોશી વિરુદ્ધ એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ—નિમણૂકની માન્યતા અંગે
૫.	૨૧૪૬–૮૩	એફ. એમ. જાની વિરુદ્ધ એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ—ગ્રેચ્યુઇટીની રકમ અંગે

૬.	૨૪૫૭–૮૩	ડૉ. એન. પી. લવિંગિયા વિરુદ્ધ શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ—નિમણૂક અંગે
૭.	૧૩૭૨–૮૩	કેમિસ્ટ્રી વિષયના ટ્યૂટર શ્રી. ભૂપેન્દ્ર નાયક વિરુદ્ધ પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ અને સેક્રેટરીશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય સરપ્લસ કર્યા અંગે
૮.	૧૮૦૭–૮૩	શેઠ એમ. કે. સ્કૂલ ઑફ પી. જી. મેડિસિન ઍન્ડ રિસર્ચના રેસિડેન્ટ ડૉ. (૧) ભરત જે. પરમાર (૨) એન. સી. જોશી (૩) બી. એ. શાહ ઇન્ટ્રોકશન ઑફ ન્યૂ સ્કીમ
૯.	૨૫૬૪	વિદ્યાર્થી નં. ૬૩૮ પરમાર પંકજ સી. વિરુદ્ધ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બે પરીક્ષા માટે પ્રવેશ રદ કરતાં
૧૦.	૨૬૮૪	કુ. વર્ષા જે. પોપટ વિરુદ્ધ યુનિવર્સિટી ખૂટતી હાજરીના કારણે પરીક્ષામાં ન બેસવા દેતાં પરીક્ષામાં બેસવા દેવા અંગે
૧૧.	૧૬૮–એલપીએ.	ડૉ. કે. સી. શાહ વિરુદ્ધ યુનિવર્સિટી—શ્રીમતી એન. એચ. એલ. મેડિકલ કૉલેજમાં નિમણૂક બાબતમાં.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૪૭. જૂન ૧૯૮૪ થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિની ભલામણો જે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦-૬-૧૯૮૩ની સભામાં મંજૂર રાખી છે તે પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક).

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ ભલામણોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૪૮. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા માટે તા. ૧૨-૫-૧૯૮૩ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ અન્વયે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૬-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૨-૫-૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા પર શ્રી. આર. સી. દેસાઈની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવની જગ્યા પર શ્રી. આર. સી. દેસાઈની નિમણૂક રૂ. ૭૦૦–૪૦–૯૮૦ ઈ.બી. ૪૦–૧૧૦૦–૫૦–૧૨૦૦ ઈ.બી. ૫૦–૧૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૦૬૦થી એક વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૨–૫–૧૯૮૩ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૯. બી. કે. સ્કૂલ ઑફ બિઝિનેસ મેનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા માટે વરણીસમિતિની તા. ૧૫—૩—૧૯૮૩ની સભાની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦—૬—૧૯૮૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૫-૩-૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા પર ડૉ. અંજાલ ડી. મહેતાની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવ માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા પર ડૉ. અંજલિ ડી. મહતાની નિમણૂક રૂ. ૧૧૦૦—૫૦—૧૩૦૦ ઈ.બી. ૬૦—૧૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૩૮૦થી એક વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૫—૩—૧૯૮૩ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૫૦. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન સંસ્કૃતની જગ્યા માટે વરણીસમિતિની તા. ૨૨-૨-૧૯૮૩ સભાની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૬-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૨-૨-૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન સંસ્કૃતની જગ્યા પર ડૉ. ભગવતીપ્રસાદ ડી. પંડ્યાની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન સંસ્કૃતની જગ્યા પર ડૉ. ભગવતીપ્રસાદ ડી પંડ્યાની નિમણૂક રૂ. ૧૨૦૦—૫૦-૧૩૦૦—૬૦—૧૬૦૦ એસેસમેન્ટ ૬૦—૧૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૬૬૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૨—૨—૧૯૮૩ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે)

૫૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઇન ફિઝિક્સની જગ્યા માટે વરણીસમિતિની તા. ૧૭-૨-૧૯૮૩ની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૬-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૭-૨-૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઇન ફિઝિક્સની જગ્યા પર ડૉ. વી. એચ. ગાંધીની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર ઇન ફિઝિક્સની જગ્યા પર ડૉ. વી. એચ. ગાંધીની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧૧૦૦-૫૦-૧૩૦૦ એસેસમેન્ટ ૫૦-૧૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૭—૨—૧૯૮૩ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૫૨. ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન પર્શિયનની જગ્યા માટે તા. ૮-૧-૧૯૮૩ની વરણીસમિતિની સભાની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૬-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૮-૧-૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન પર્શિયનની જગ્યા પર ડૉ. બાવાસાહેબ એ. તિરમીઝીની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન પર્શિયનની જગ્યા પર ડૉ. બાવાસાહેબ એ. તિરમીઝીની નિમણૂક રૂ. ૯૭૦-૨૮-૧૧૦૦-૫૦-૧૩૦૦ એસેસમેન્ટ ૫૦-૧૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૫૦ બે વર્ષના અજમાવશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૮-૧-૧૯૮૩ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૫૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૯ એપ્રિલ, ૧૯૮૩ના ડી.ઓ. પત્રાંક એફ-૧-૭-૮૦ (સીપી) તથા તેમાં નિર્દિષ્ટ તા. ૩૧મી ડિસેમ્બર, ૧૯૮૨ તથા ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૮૩ના પત્રોમાં જણાવેલ સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે "મેરિટ પ્રમોશન સ્કીમ" દાખલ કરવા અંગેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે 'મેરિટ પ્રમોશન સ્કીમ'નો સ્વીકાર કરવો અને તે અંગે નીચેના સભ્યો નીમવા :

૧. પ્રો-વાઈસ-ચાન્સેલર
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્ય બી. એમ. પીરજાદા
૪. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ
૫. શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સભ્યો ઉપરાંત બીજા સભ્યો નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના શિક્ષકો અંગેની 'મેરિટ પ્રમોશન સ્કીમ' અંગે અગાઉ જે સમિતિ નીમવામાં આવી છે તેને બદલે હવે ઉપરની સમિતિ નીમવામાં આવે છે.

૫૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્ય (જાણ સારુ) :

૧. સને ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થી-પ્રવેશ મર્યાદા નક્કી કરવા માટે ભલામણ કરવા સમિતિ નિયુક્ત કર્યાનું અને સદરહુ સમિતિની ભલામણને અનુલક્ષીને સને ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજોમાં—તે વિદ્યાશાખાઓ

ધરાવતી કૉલેજોમાં–વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની સંખ્યાની મર્યાદા નિયત કરતો નીચે પ્રમાણેનો ટ્રાન્ઝિટરી ઑર્ડિ. "ઝેડ" મંજૂર રાખ્યાનું :

Transitory Ordinance " Z " :

Notwithstanding anything contained in Ordinance 120–B admissions to an affiliated Arts, Science or Commerce College during the Academic Year 1983–84 shall be governed as follows :

(*a*) An affiliated Arts college or a college having Arts Faculty shall have not more than three divisions in the First Year Class provided that a college may have a maximum of four divisions in the First Year class, if it has two or three faculty units.

(*b*) An affiliated Science College shall not admit more than 360 students in its F.Y. Class in all the four divisions taken together.

(*c*) The number of students in a division in any class in an affiliated Arts or an affiliated Science College or a college having either Arts or Science Faculty shall not exceed 100 admission given to students in excess of 100 without prior permission of Vice-Chancellor, shall not be considered valid.

(*d*) An affiliated Commerce college or a college having Commerce Faculty in the City of Ahmedabad of in the City of Nadiad may admit not more than 125 students to each division the First Year class and not more than 110 students to each division in the S.Y. and the T.Y. Class subject to a maximum of 1500 students in a college, provided that it may admit students who are offering subjects like Statistics, Banking and Business Management in its Second or Third Year Class to the extent of 125 students in only one division thereof subject to the ceiling of a total of 1500 students in a college.

(*e*) In cases of exigencies it shall be competent for the Vice-Chancellor to permit admission of more students in a class or a division thereof.

(૨) જૂન ૧૯૮૩થી જોડાણ મેળવવા માટે આવેલી કૉલેજોની અરજીઓ પર મૂકેલી શરતોના પરિપાલનની ચકાસણી કરવા માટે નિયુક્ત થયેલી સમિતિની તા. ૧૯–૫–૧૯૮૩ની તથા

તા. ૧૪–૬–૧૯૮૩ ની સભાની ભલામણો અનુસાર નીચેની કૉલેજોના જોડાણ અંગેનાં જાહેરનામાં બહાર પાડવાનું :

૧. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૩. નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદ
૪. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ અને જી. એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ
૫. મ્યુ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા
૬. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર
૭. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૮. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ, આદિપુર
૯. એમ. ઍન્ડ વી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હાલોલ
૧૦. સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૧ લોકજાગૃતિ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૨. એમ. એન. કૉલેજ, વીસનગર
૧૩. પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદ
૧૪. અમદાવાદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૫. બી. વી. ડી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૬. એસ. એલ. યુ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ ફૉર વીમેન. અમદાવાદ
૧૭. દેસાઈ સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામ
૧૮. નગરપંચાયત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ડીસા
૧૯. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહુધા
૨૦. સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ અને એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર
૨૧. વડનગર આર્ટ્સ અને નાગરિક સહકારી બૅંક લિ. કૉમર્સ કૉલેજ, વડનગર
૨૨. શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ
૨૩. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત
૨૪. કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ અને કૉમર્સ, ધંધુકા
૨૫. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૨૬. જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ
૨૭. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ.

(૩) કુલપતિશ્રીએ માન્ય કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

સને ૧૯૮૩–૮૪ના શૈક્ષણિક વર્ષમાં સંલગ્ન કાયદાની કૉલેજમાં વિદ્યાર્થી-પ્રવેશ માટે નીચે પ્રમાણે ટ્રાન્ઝિટરી ઑર્ડિ. "એલ." મંજૂર કર્યાનું :

Transitory Ordinance "L" :

Notwithstanding anything contained in Ordinance 120-B admissions to an affiliated Law College during the Academic Year 1983-84 shall be governed as follows :

(1) An affiliated Law College may admit not more than 110 students to each division in First, Second and Third Year Classes subject to a maximum of 1500 students in a college, provided that the number of students admissible in Diploma Courses, if any, such Diploma students being not more than 300, shall be exclusive of this ceiling of 1500 students in a college.

(2) In case of exigencies it shall be competent for the Vice-Chancellor to permit admission of more students in a class or a division thereof.

(૪) યુનિવર્સિટી આંતરવિભાગીય ખો-ખો બહેનોની હરીફાઈઓમાં વિજેતા થનાર કૉલેજને એનાયત કરવા માટે શ્રી. [illegible]ભુકુમાર એન. પુજારા તરફથી અંદાજે રૂ. ૪,૦૦૦થી રૂ. ૪,૫૦૦ની કિંમતના સ્વ. ગીતાબેન [illegible]ા-ખો શીલ્ડનું પ્રદાન સ્વીકાર્યાના;

(૫) યુનિવર્સિટી કાર્યાલય, વિદ્યા ભવનો તથા ગ્રંથાલય વગેરેમાં કામ કરતા બિનશિક્ષક કર્મચારીઓનાં બાળકોને કેળવણી માટે રૂ. ૫૦૦ની ગુરુતમ મર્યાદામાં રહીને એજ્યુકેશન લોન આપ્યાના;

(૬) સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ માટે જૂનાગઢ મુકામે બે વિદ્યાર્થી ભાઈઓના અને એક વિદ્યાર્થિની બહેન માટે યોજેલા કુલ ત્રણ ખડક ચઢાણ તાલીમ શિબિરોનું કુલ અંદાજી ખર્ચ મંજૂર કર્યાના.

[**નોંધ.**—મંજૂર કરેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે :

૧.	૧૫૦ વિદ્યાર્થીઓના ભોજન ખર્ચના એક દિવસના રૂ. ૧૨ પ્રમાણે ૧૧ દિવસના	રૂ. ૧૯,૮૦૦–૦૦
૨.	રેલવે ખર્ચ વિદ્યાર્થીઓ ભોગવે (કારણ કે સંગીત, નૃત્ય, નાટક વગેરે શિબિરમાં રેલવે ખર્ચ વિદ્યાર્થીઓ ભોગવે છે.)	—
૩.	પરચૂરણ ખર્ચ એક શિબિરના રૂ. ૧,૦૦૦ પ્રમાણે ત્રણ શિબિરના	રૂ. ૩,૦૦૦–૦૦
		રૂ. ૨૨,૮૦૦–૦૦

(કુલ રૂ. ૨૨,૮૦૦—અંકે બાવીસ હજાર આઠસો પૂરા)].

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૫૫. માર્ચ-એપ્રિલ તેમ જ ઑક્ટોબર, ૧૯૮૨ના વર્ષ માટે નિયત કરેલ જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાયોગિક ધોરણે અપનાવવામાં આવેલ પુનર્મૂલ્યાંકનની પદ્ધતિ અંગે કાર્યાલયના અહેવાલને અનુલક્ષીને જરૂરી નિર્ણય લેવા બાબત.

[**નોંધ.**— પુનર્મૂલ્યાંકનની પદ્ધતિ કાયમી ધોરણે સ્વીકારવાની થાય તો તે માટે રેગ્યુલેશન કે ઑર્ડિનન્સ ઘડવા જરૂર છે. તે માટે ઑ. ૧૪૬નો પાઠ સુધારવાનું રાખીએ].

આથી ઠરાવવામાં આવે છે કે પુનર્મૂલ્યાંકન પદ્ધતિ અંગેના હાલના નિયમો ચાલુ રાખવા, પરંતુ નિયમ નં. (૬) અને (૭) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા :

(૬) પુનર્મૂલ્યાંકન માટેની અરજી પરિણામ જાહેર થયા પછી યુનિવર્સિટી તરફથી આપવામાં આવેલા માર્કશીટ મોકલ્યાની તારીખથી પંદર દિવસમાં આવશે તો જ સ્વીકારવામાં આવશે. તે પછી આવેલ અરજીના આધારે પુનર્મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.

(૭) ઉત્તરપત્રોનું પુનર્મૂલ્યાંકન કરતાં જો વિદ્યાર્થીના ગુણમાં જે તે વિષયમાં ૧૫ ટકા કે તેથી વધુ તફાવત માલુમ પડે તો જ તે વિદ્યાર્થીના ગુણના આધારે ફેરફાર કરવામાં આવશે; પરંતુ ઉપરની ગણતરી પ્રમાણે જે શેષ વધે તે ગણતરીમાં લેવામાં આવશે નહીં. કોઈ પણ સંજોગોમાં કોઈ પણ વિદ્યાર્થીના ગુણ સંબંધકર્તા વિષયમાં ૧૫ ટકા કરતાં ઓછા ગુણ હશે તો મૂળ ગુણમાં ફેરફાર કરવામાં આવશે નહીં.

૫૬. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૮૪થી બી.ઈ. (સિવિલ) તથા બી.ઈ. (ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧)માં નિર્દિષ્ટ નિયત સમયમર્યાદા પછી એટલે કે તા. ૩૧-૩-૧૯૮૩ પછી આવેલી છે પરન્તુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર વિચારણા કરવા માટે કુલપતિશ્રીએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદના ચાલુ જોડાણ માટેની સદરહુ અરજી સ્વીકારવી તથા તે અંગે જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૭. યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટરમાં "વન ઇયર ડિપ્લોમા પ્રોગ્રામ ઇન કૉમ્પ્યુટર સાયન્સ ઍન્ડ ઍપ્લિકેશન" માટે નીચેની જગ્યાઓ ઊભી કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૬-૧૯૮૩ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક.-૧૭)

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા
૧.	રીડર	એક
૨.	લેક્ચરર	બે
૩.	ટેકનિકલ આસિસ્ટન્ટ	એક

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ નક્કી કરેલા પગારધોરણમાં ઉપરોક્ત જગ્યાઓ કાયમી ધોરણે ઊભી કરવી તથા તે ભરવા માટે જરૂરી પગલાં લેવાં.

૫૮. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાન બાંધવા-મરામત કરવા અંગે તેઓનાં નામ સામે જણાવેલ રકમની પ્રોવિડન્ટ ફન્ડની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

નં.	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	આ અગાઉ લોન લીધી છે કે કેમ ?	કારણ
૧.	શ્રી. આર. એમ. પરમાર (આસિ.)	૨૨,૦૦૦	હા	મકાનમાં વધારાના કામકાજ માટે
૨.	શ્રી. બી. એમ. ઠાકર (સીનિ. આસિ.)	૨૫,૦૦૦	હા	મકાન મરામત કરાવવા
૩.		૧૭,૦૦૦	હા	મકાન રિપેરિંગ માટે
૪.	શ્રી. બી. બી. મકવાણા (ડિસ્પેચ રાઇડર)	૧૭,૦૦૦	હા	મકાન રિપેરિંગ માટે
૫.	શ્રી. આર. કે. મોદી (સીનિ. આસિ.)	૨૮,૦૦૦	ના	ફ્લેટમાં રિપેરિંગ કરાવવા માટે
૬.	શ્રી. આર. સી. તીવારી	૧૦,૦૦૦	ના	મકાન રિપેરિંગ માટે
૭.	શ્રી. એન. એન. શુક્લ (મદદનીશ કેશિયર)	૨૬.૦૦૦	હા	મકાન રિપેરિંગ માટે
૮.	શ્રી. સેમ્યુઅલ આર. પરમાર	૨૪,૫૦૦	હા	ફ્લેટની લોનના હપતા ભરવા
૯.	શ્રી. એમ. કે. પારધી	૧૩,૦૦૦	હા	હાઉસિંગ બોર્ડમાં ફ્લેટ ખરીદવા

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને મકાન બાંધવા/મરામત કરાવવા અંગે તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતેથી મંજૂર કરવી.

૫૯. ડેન્ટલ સર્જરીની વિદ્યાશાખાની તા. ૧૦-૫-૧૯૮૩ની સભાની ભલામણના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦-૬-૧૯૮૩ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. એમ.ડી.એસ. ભાગ ૧ને લગતા ઑર્ડિ. ૩૭૭ ઑર્ડિ. ૩૭૭-એ અને ઑર્ડિ. ૩૭૭-બી મંજૂર કરવાની અને તેને જૂન ૧૯૮૩થી અમલમાં મૂકવાની;

૪. એમ.ડી.એસ. ભાગ ૨ને લગતા ઑર્ડિ. ૩૭૭-સી, ઑર્ડિ. ૩૭૭-ડી, ઑર્ડિ. ૩૭૭-ઇ અને ઑર્ડિ. ૩૭૭-એફ મંજૂર કરવાની અને તેને જૂન ૧૯૮૪થી અમલમાં મૂકવાની. (એ. કા. બા. ક્ર. ૪૦).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ ઑર્ડિનન્સોની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૬૦. યુનિવર્સિટીના વધતા જતા પરીક્ષા ખર્ચના સંદર્ભમાં જુદી જુદી પરીક્ષાની ફી જે ઓ. ૧૨૯ મુજબ નિયત કરવામાં આવી છે તેમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૮ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૨. સંલગ્ન કૉલેજોમાં બિનશિક્ષક કર્મચારીઓ માટે ઉપરની જગ્યાઓ માટે કાર્યકારી નિમણૂક કરવાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે યુનિવર્સિટીના કર્મચારીઓ માટેના નિયમો લાગુ પાડવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૩-૧૯૮૩ની સભામાં ઠરાવ ક્રમાંક ૮૬ (૧)થી ઠરાવ્યું છે. તેમાં જ્યાં જ્યાં યુનિવર્સિટી શબ્દ વાપર્યા છે તે જગ્યાએ કૉલેજ શબ્દ વાપરવા તેમ જ આવી નિમણૂક ફક્ત જે તે કૉલેજમાંથી જ કરવી જોઇએ તેમ ઠરાવમાં સુધારા કરવા માટે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના પ્રમુખશ્રીના તા. ૨૧-૬-૧૯૮૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૬-૩-૧૯૮૩ની સભામાં ક્રમાંક ૮૬(૧)થી આ સભાગૃહે જે ઠરાવ કર્યો છે તેમાં જ્યાં જ્યાં 'યુનિવર્સિટી' શબ્દ વાપર્યા છે તે જગ્યાએ 'કૉલેજ' શબ્દ મૂકવો તેમ જ આવી કાર્યકારી નિમણૂક ફક્ત જે તે કૉલેજમાંથી જ કરવી.

૬૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૨(ક) સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૪. તા. ૨૨-૬-૧૯૮૩ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૬-૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૬-૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૬૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) રાજ્ય સરકારના નાણા વિભાગના ઠરાવ નં. વીએલબી-૧૧૮૩-૭૮૬-જે, તા. ૧૬-૬-૧૯૮૩થી જાહેર કરેલ મોંઘવારી ભથ્થાનો તા. ૧-૯-૧૯૮૨ તથા તા. ૧-૧૨-૧૯૮૨ના બે વધારા યુનિવર્સિટીના, કૉલેજોના તથા માન્ય સંસ્થાના કર્મચારીઓને મંજૂર કર્યાની તથા યુનિવર્સિટી કર્મચારીઓને તા. ૧-૯-૧૯૮૨થી ૩૦-૬-૧૯૮૩ સુધીની રકમ અગાઉના શિરસ્તા મુજબ ચૂકવવાનું તથા તા. ૧-૭-૧૯૮૩થી આ વધારો પગારમાં આપવાનું મંજૂર કર્યાના;

(૨) આદિવાસી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સંતરામપુરમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. કે. સી. સોનીની નિમણૂકની માન્યતાની બાબતમાં ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. (સિવિલ) એ નં. ૨૭૪૪/૧૯૮૩થી અરજી કરેલી હોવાથી અને તેમાં યુનિવર્સિટીને પક્ષકાર બનાવ્યા હોવાથી તે અંગે ઍડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ એન. દલતને રોકવાના તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાના;

(૩) યુનિવર્સિટી (એસ્ટેટ વિભાગ)ના નાયબ એન્જિનિયર (ઇલેક્ટ્રિકલ) શ્રી. જે. સી. પટેલને ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં સાંજનો એમ.બી.એ.નો અભ્યાસ કરવાની પરવાનગી આપ્યાના તથા અભ્યાસક્રમ માટે રૂ. ૩,૦૦૦ની ફી બાર સરખા હપતામાં વસૂલ થાય તે પ્રકારની વ્યાજ મુક્ત ખાસ લોન આપ્યાના.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૬. ૧૯૮૩ના ઑક્ટોબર માસમાં ૭મી ઑલ ઇન્ડિયા કૉન્ફરન્સ ઑફ સેલ બાયોલોજી યોજવાના સંદર્ભમાં ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ-ટેક્નોલોજીએ તેમના તા. ૫-૫-૧૯૮૩ના પત્ર ક્રમાંક ૧/૬ ૧-૮૩ એસ. ટી. પી. આઈ.થી રૂપિયા ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા),—રૂ. ૫,૦૦૦ પબ્લિકેશન્સ અને રૂ. ૫,૦૦૦ ટી.એ.-ડી.એ.ના મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગે જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૭. ફેબ્રુઆરી, ૧૯૮૨માં ભાષા-સાહિત્ય ભવનમાં "ગુજરાત સ્ટેટ હિંદી-પીજી. ટીચર્સ કૉન્ફરન્સ"ના પરિસંવાદ માટેનો કુલ ખર્ચ રૂ. ૪,૯૬૭-૧૫ પૈ. થયેલ હતો તે પૈકી રૂ. ૬૭૦-૦૦ રેલિંગેટ ફી વગેરેની આવક અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રૂ. ૩૦૦૦ની ગ્રાન્ટ ઍડજસ્ટ કરતાં બાકીનો રૂ. ૧,૨૯૭-૧૫ ન.પૈ.નો વધારાનો ખર્ચ ભવનના બજેટ-હેડ હેઠળ ઉધરવા મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત પરિસંવાદ અંગે થયેલ વધારાનો રૂ. ૧,૨૯૭-૧૫ પૈ.નો ખર્ચ મંજૂર કરવો અને તે ભવનના બજેટહેડમાં પાડવો.

૬૮. સંલગ્ન કૉલેજો/વિદ્યાભવનોના વિદ્યાર્થીઓની હાજરીની બાબતમાં ખોટી રીતે હાજરી પૂરાવ્યા અંગેની ફરિયાદોના કેસો અંગે તપાસ કરી તેવા કેસોનો નિકાલ કરવા અંગે સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ખોટી રીતે હાજરી પુરાવ્યા અંગેની ફરિયાદોના કેસો પરીક્ષા શુદ્ધિ સમિતિની વિચારણા માટે કાયમી ધોરણે મોકલવાનું રાખવું.

૬૯. એમ.બી.એ.ના ખંડસમયના સાંજના અભ્યાસક્રમ માટે ટ્યૂશન ફી અને અન્ય ફી નિયત કરવા અંગેનો ઑર્ડિ. ૧૫૧-(૬) અગાઉ તા. ૨૯-૫-૧૯૮૨ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૯-૫-૧૯૮૨ની સભામાં બાબત ક્રમાંક ૪૬થી મંજૂર થયેલ.

ત્યાર બાદ આ માટેની ટયશન ફી રૂ. ૧,૫૦૦/- પ્રમાણે કુલપતિશ્રીએ મંજૂર કરેલ હોઈ તે મુજબ સદરહુ ઑર્ડિ. ૧૫૧-ઇ (બ)માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

સુધારા પછી ઑર્ડિ. ૧૫૧-ઈ (બી) નીચે પ્રમાણે વંચાશે :

(*i*) Tuition fees per Semester	...	Rs. 1,500/-
(*ii*) Registration fees	...	Rs. 10/-
(*iii*) Caution Money Deposit	...	Rs. 10/-
(*iv*) Central Gymkhana fees	...	Rs. 7/-
(*v*) Union fees	...	Rs. 5-50
(*vi*) Exam. fees	...	Rs. 2-50
(*vii*) Library fees	...	Rs. 40/-
(*viii*) Reading material fees	...	Rs. 50/-.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. ૧૫૧–ઈ (બી) મંજૂર કરવો.

૭૦. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણેની પ્રૉવિડન્ટ ફંડની બિલ્ડિંગ લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ અને હોદ્દો	લોનની રકમ રૂ.	અગાઉ લોન લીધી છે કે નહીં ?	કારણ
૧.	શ્રી. વી. એમ. પરમાર	૧૧,૫૦૦	હા, જી	મકાન મરામત કરવા માટે
૨.	શ્રી. જીવણ એ. વાઘેલા	૧૫,૦૦૦	હા, જી	મકાન મરામત કરવા માટે
૩.	શ્રી. કે. જે. વાળોદરા	૧૨,૦૦૦	ના, જી	અધૂરું બાંધકામ પૂરું કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને મકાન મરામત/બાંધકામ માટે તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૭૧. યુનિવર્સિટી કેન્ટીન ઉપર સામાન્ય દેખરેખ રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૨૧-૬-૧૯૮૩ તથા તા. ૨૩-૬-૧૯૮૩ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧–૬–૧૯૮૩ તથા તા. ૨૩–૬–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧–૬–૧૯૮૩ તથા તા. ૨૩–૬–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૭૨. સાબરમતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૩થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, હિંદી અને બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકા. ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૭–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, હિંદી અને બી.કૉમ (મુખ્ય)માં એડ. એકા. ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૩ થી તા. ૧૪–૬–૧૯૮૪ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કાયમી આચાર્યની નિમણૂંક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રોવિડંટ ફંડની બાકી રહેતી રકમની ચુકવણી કરવામાં આવે;

૫. કર્મચારીઓની લેણી રકમ, વ્યાયામશિક્ષક તથા ગ્રંથપાલને યુ.જી.સી.ના બાકી ૩ હપતાની ચુકવણી કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) યુનિવર્સિટી કૉર્ટની મતદાર યાદીઓ જુદા જુદા ૧૦ પ્રેસોને એક પાનાના રૂ. ૩૦ રૂપિયા (ત્રીસ) લેખે છપાવવા માટે રૂ. ૬૨,૫૦૦(રૂપિયા બાસઠ હજાર પાંચસો)ના ખર્ચને મંજૂર કર્યાના;

(૨) પ્રો. દુર્ગેશ આઈ. રાવળે એચ. એલ. કૉમર્સ કૉલેજ તથા યુનિવર્સિટી વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૫૧૧૩–૮૨ કરી છે તે કામમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું તથા થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૭૪. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને આઈનોસ્ફેરિક રિસર્ચ પ્રોજેક્ટ માટે યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટરમાં ટીચર હોસ્ટેલ્સ ક્વાર્ટર નં. ૫–૨૫ વધુ બે વર્ષ આપવા માટે યુનિવર્સિટીના ભૌતિક વિભાગના વડાના પત્ર ક્રમાંક ૧૭૨૯, તા. ૧૯-૫-૧૯૮૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટીચર્સ હોસ્ટેલ્સનું એક રહેઠાણ સદરહુ પ્રોજેક્ટ માટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને વધુ બે વર્ષ માટે આપવું.

૭૫. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૬. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ તરફથી

(૧) બી.ઈ. (સિવિલ-એનવાયરોન્મેન્ટલ એન્જિનિયરિંગ)

(૨) બી.ઈ. (કેમિકલ-રબ્બર ટેક્નોલોજી)

(૩) બી.ઈ. (કેમિકલ-પ્લાસ્ટિક ટેક્નોલોજી) અને

(૪) બી.ઈ. (કમ્પ્યુટર એન્જિનિયરિંગ)ના અભ્યાસક્રમો ૧૯૮૪થી શીખવવા માટેની જોડાણઅરજી યુનિ. ધારાની કલમ ૩૩માં નિર્દિષ્ટ જોગવાઈ પ્રમાણે મોડી આવી છે, પરંતુ વિદ્યાર્થીઓને વિષય વિવિધતા મળે તે દૃષ્ટિએ યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧)ના પેરા બે અન્વયે આ જોડાણઅરજી પર વિચારણા કરવા માટે કુલપતિશ્રીને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં વધુ વિકલ્પો મળે તે જોતાં એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદની વધારાના જોડાણ માટેની સદરહુ અરજી સ્વીકારવી તથા તે બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૭. શ્રી. એ. ટી. અજમેરાએ તેમના તા. ૨૨–૬–૧૯૮૩ના રોજ મોકલેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખા અલગ પડી ગયેલ હોવાથી યુનિવર્સિટી કોર્ટમાં તે વિદ્યાશાખાના આચાર્ય અને અધ્યાપક પ્રતિનિધિઓનું પ્રમાણ નક્કી કરવું.

(૨) સંલગ્ન કૉલેજોના યુનિવર્સિટીકરણના સિદ્ધાંતનો સ્વીકાર કરવો.

(૩) ઑ. ૧૨૦–એ ૫(*i*) હેઠળ અન્ય વિદ્યાશાખાઓની કૉલેજોની જેમ શિક્ષણશાસ્ત્રની વિદ્યાશાખાની કૉલેજોનો કાર્યસમય લઘુતમ ૪ કલાકનો કરવો.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રસ્તાવ નં. (૧) અંગે અગાઉ વિચારણા થઈ ગઈ હોવાથી તે અંગે કશું કરવાપણું રહેતું નથી.

(૨) પ્રસ્તાવ નં. (૨)ની વિચારણા હાલ મોકૂફ રાખવી.

(૩) પ્રસ્તાવ નં. (૩) અંગે સદરહુ વિદ્યાશાખાનો અભિપ્રાય આવ્યેથી વિચારવાનું રાખવું.

૭૮. યુનિ.ના હિસાબ વિભાગમાં જુ. સુપરિન્ટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. કે. એસ. પટેલને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાન ખરીદવા/મરામત કરવા અંગે રૂ. ૨૬,૦૦૦ની પ્રો. ફંડ ભંડોળમાંથી બિલ્ડિંગ લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. એસ. પટેલને મકાન ખરીદવા/મરામત કરાવવા માટે રૂ. ૨૬,૦૦૦/– (અંકે રૂપિયા છવીસ હજાર)ની લોન તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી:

૭૯. ભાષા-સાહિત્ય ભવનમાં કામચલાઉ ધોરણે લેક્ચરર ઇન હિન્દીની જગ્યા ભરવા એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન હિન્દીની જગ્યા પર ડૉ. ચન્દ્રકાન્ત મહેતાની નિમણૂક હંગામી ધોરણે રૂ. ૯૦૦-૪૦-૧૧૦૦-૫૦-૧૩૦૦-એસેસમેન્ટ-૫૦-૧૬૦૦ના પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦થી તા. ૯-૨-૧૯૮૪ સુધી કરવી.

તે પછી સૌરાષ્ટ્ર પ્રદેશ પર વાવાઝોડા અને ભારે વરસાદને કારણે થયેલ નુકસાન અને જાનહાનિ અંગે સભાગૃહે સહાનુભૂતિ વ્યક્ત કરી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ. / ૬૬૦૭૭ / ૧૯૮૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.
તા. ૨૨–૯–૧૯૮૩.

ભૂ. મ. પટેલ
કુલસચિવ.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૨૦

ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧ / ૭-૭-'૮૧ની સભામાં (બાબત ક્રમાંક ૧૨) પ્રસ્તાવ નં. ૧થી ઠરાવ્યા અનુસાર આંતરિક શિક્ષકોને અપાતા ક્રેડિટ ગુણાંક તથા તેના સંદર્ભમાં પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક માટેની અગ્રતાક્રમ પદ્ધતિમાં જરૂરી ફેરફારો વિચારવા અંગેની સમિતિની પ્રથમ સભા તા. ૧૯–૪–'૮૨ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે અને ૨૭-૪-૧૯૮૨ના રોજ ૪-૩૦ વાગ્યે મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

		૧૯-૪-૧૯૮૨	૨૭-૪-૧૯૮૨
૧.	શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ	હાજર	હાજર
૨.	પ્રિન્સિ. જી. બી. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. બબાભાઈ એસ. પટેલ	હાજર	હાજર
૪.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર
૫.	પ્રિન્સિ. પી. આર. દેસાઈ	હાજર	હાજર
૬.	પ્રિ. બી. એમ. પીરજાદા	ગેરહાજર	ગેરહાજર
૭.	ડૉ. બી. એમ. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૮.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૯.	ડૉ. કે. ભાર્ગવ	ગેરહાજર	ગેરહાજર
૧૦.	ડીનશ્રી, ઇજનેરી વિદ્યાશાખા	ગેરહાજર	હાજર

સભાનું પ્રમુખસ્થાન ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. સમિતિના સભ્યોને હાલની ક્રેડિત પદ્ધતિ અંગેના નિયમોની જાણ કરી હતી અને તે અંગે જરૂરી વિચારણા કરી નીચે પ્રમાણેના ફેરફારો કરવા આ સમિતિ ભલામણ કરે છે :

શિક્ષકોના "અગ્રતાક્રમ-ગુણાંક" નીચે પ્રમાણે ગણવા :

શૈક્ષણિક લાયકાત	પાસ ક્લાસ	સેકન્ડ ક્લાસ	ફર્સ્ટ ક્લાસ	ક્લાસની જોગવાઈ ન હોય ત્યાં
૧	૨	૩	૪	૫
ડિગ્રી				
બી.એ.,બી.એસસી.	૧	૨	૩	છેલ્લા વર્ષના ગુણ પ્રમાણે
બી.કૉમ.				
બી.એડ.	૧	૨	૩	—

એમ.એ.,એમ.એસસી. એમ.કૉમ.	૧	૨	૩	—
એમ.એસસી. (રિસર્ચ)	—	૨	—	—
એમ.એસસી (સેકન્ડ કલાસ)	—	૨	—	—
એમ.ફિલ.				
પીએચ.ડી.	—	—	—	૫
એમ.એડ.	૧	૨	૩	—
૩.	પ્રિ. આર. એચ. વ્યાસ (અધ્યક્ષશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા)	હાજર

સભાનું પ્રમુખસ્થાન ડૉ. વી. સી. શાહે સંભાળ્યું હતું.

ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણેની ભલામણ કરવામાં આવે છે :

(૧) સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદમાં વાણિજ્યના વ્યાખ્યાતા શ્રી. બી. આર. પટણીની નિમણૂક કરી તે સમયે (તા. ૧૪–૭–૧૯૭૭) કૉલેજમાંથી કોઈ શિક્ષકોને સંખ્યાધિક બનાવ્યા હતા કે કેમ અથવા સંખ્યાધિક અધ્યાપક નીમી શકાય તેમ હતું કે કેમ તે અંગેની વિસ્તૃત માહિતી કૉલેજ પાસેથી મેળવવી.

(૨) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખેડામાં એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા શ્રી. બી. ડી. મેવાડાની પશ્ચાદ્વર્તી તા. ૧–૮–૧૯૭૩ થી માન્યતા આપતાં અન્ય કોઈ શિક્ષકોની સીનિયોરિટીના હક્કને વિપરીત અસર થાય છે કે કેમ તેની વિગતો મેળવી સભાગૃહમાં પુનઃ રજૂ કરવી.

(૩) નીચેના શિક્ષકોની નિમણૂક તેઓનાં નામ સામે જણાવેલ તારીખ, વિષય અને પદ (post) માટે માન્ય રાખવી.

અ.નં.	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય અને પદ	માન્ય રાખ્યા તારીખ
૧.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	ડૉ. એમ. બી. પીપલિયા	જનરલ સર્જરીના આસિ. પ્રાધ્યાપક	૧૫–૬–૧૯૮૧
૨.	શેઠ ટી. એસ. કાપડિયા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, બોડેલી	શ્રી. કે. એમ. પટેલ	ગુજરાતીના વ્યાખ્યાતા	૧૫–૬–૧૯૭૨
૩.	,, ,,	શ્રી. બી. પી. પટેલ	અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા	૧૫–૬–૧૯૭૨
૪.	શ્રી. બી. ડી. કૉલેજ, અમદાવાદ	શ્રીમતી રેખાબહેન જી. મહેતા	હોમ સાયન્સનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	૧૫–૬–૧૯૬૧
૫.	,, ,,	શ્રી. દીપિકા આર. કૉન્ટ્રાક્ટર	તત્ત્વજ્ઞાનનાં વ્યાખ્યાતા	(૧) ૧૫–૬–૧૯૬૨ થી ખંડ સમયનાં (૨) ૧૫–૬–૧૯૬૩ થી પૂરા સમયનાં.
૬.	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ	ડૉ. વી. એસ. સોમાણી	પ્રિવેન્ટિવ ઍન્ડ સોસિયલ મેડિસિનના આસિ. પ્રાધ્યાપક	૧૭–૯–૧૯૭૭

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

(સહી).....
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૨૯-૧૦-૧૯૮૩ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૯-૧૦-૧૯૮૩
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	વી. કે. ચાવડા, સંયુક્ત તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી	હાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૬.	શ્રી. ઊજમશીભાઈ એ. કાપડિયા	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	હાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	ગેરહાજર
૧૨.	આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૪.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૫.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૧૬.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૭.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૮.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૧૯.	શ્રી. શાન્તુભાઈ સી. પટેલ	ગેરહાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	હાજર
૨૧.	આચાર્ય હરિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ એ. શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	ગેરહાજર

તા. ૨૯–૧૦–૧૯૮૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૮૭ના ઠરાવ ક્રમાંક (૨)ની બીજી લીટીમાં "કાનૂની સલાહ લઈ આગળની" એ શબ્દોને બદલે "કાનૂની સલાહ લેવી અને રાજ્ય સરકારની મંજૂરી માટે આગળની" એ શબ્દો મૂકવા.

(૨) બાબત નં. ૯૨ના ઠરાવ ક્રમાંક (૨)ની બીજી અને ત્રીજી લીટીમાંના "ભથ્થું મર્જ્ડ કરતાં તેને આધારે" એ શબ્દોને બદલે "ભથ્થું ઉમેરવાના સિદ્ધાંતને આધારે" એ શબ્દો મૂકવા.

[એક્ઝિક્યુટિવ કાઉન્સિલ : તા. ૧૨–૧–૧૯૮૪

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ

ઓક્ટોબર માસની સભા : તા. ૨૯-૧૦-૧૯૮૩

૧. તા. ૩૦-૭-૧૯૮૩ ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૫—૬—૧૯૮૩ ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ કેટલાક સુધારાઓ સાથે તેણે તેની તા. ૩૦—૭—૧૯૮૩ ની સભામાં મંજૂર કરી છે, તેમાંના સુધારાઓ નં. (૧) અને (૨) નીચે મુજબ વંચાય તે પ્રમાણેના સુધારા સહિત, તા. ૩૦—૭—૧૯૮૩ ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(૧) તા. ૨૫—૬—૧૯૮૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધનું પાનું ૧૯, બાબત નં. ૩૫, ઑર્ડિ. ૧૬૯ની કલમ (૩)માં નીચે પ્રમાણેના ઉમેરો કરવો :

"The maximum limit of Rs. 36,000/- for payment of gratuity shall be applicable in case of those employees who become eligible to payment of gratuity on or after 31-1-1982;

Provided that in case of employees who have retired, died, resigned or whose services have been terminated between 30-9-1977 and 28-2-1978, and between 31-1-1982 to 29-6-1982, for the purpose of payment of gratuity, the basic salary shall also include one-half of the dearness pay in force from time to time;

Provided further that in case of employees, who retire, die, resign or whose services have been terminated on or after 28-2-78, for the purpose of payment of gratuity, the basic salary shall also include full dearness pay in force from time to time;

Provided further that in case of employees, who are in receipt of basic salary of Rs. 2,180/- or more and have retired, died, resigned or whose services have been terminated between 1-12-1978 to 30-4-1979

for the purpose of payment of gratuity the basic salary shall also include half Dearness Pay in force from time to time;

Provided further that in case of employees, who are in receipt of basic salary of Rs. 2,180/- or more and have retired, died, resigned or whose services have been terminated on or after 30-4-1979, for the purpose of payment of gratuity, the basic salary shall also include full Dearness Pay in force from time to time."

(૨) તા. ૨૫–૬–૧૯૮૩ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધનું પાનું ૨૦, બાબત નં. ૭૫, સ્ટે. ૧૯૩–એની કલમ (૩) માં નીચે પ્રમાણેનો ઉમેરો કરવો :

"The maximum limit of Rs. 36,000/- for payment of gratuity shall be applicable in case of those employees who become eligible to payment of gratuity on or after 31-1-1982;

Provided that in case of employees who have retired, died, resigned or whose services have been terminated between 30-9-1977 and 28-2-1978 and between 31-1-1982 to 29-6-1982, for the purpose of payment of gratuity, the basic salary shall aslo include one-half of the Dearness Pay in force from time to time.

Provided further that in case of employees, who retire, die, resign or whose services may be terminated on or after 28-2-1978, for the purpose of payment of gratuity, the basic salary shall also include full Dearness Pay in force from time to time;

Provided further that in case of employees, who are in receipt of basic salary of Rs. 2,180/— or more and have retired, died, resigned or whose services have been terminated between 1—12—1978 to 30—4—1979, for the purpose of payment of gratuity, the basic salary shall also include half Dearness Pay in force from time to time;

Provided further that in case of employees, who are in receipt of basic salary of Rs. 2,180/— or more and have retired, died, resigned or whose services have been terminated on or after 30—4—1979, for the purpose of payment of gratuity, the basic salary shall also include full Dearness Pay in force from time to time."

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧. એમ.ડી.એસ.ના ઑર્ડિ. ૩૭૭ નીચે મુજબ સુધારી જૂન ૧૯૮૩થી અમલમાં લાવ્યાનું :

Ordinance 377 :

(*d*) Delete the words "by the 10th of August every year, or". So that the clause will read as follows:

"Candidates shall be registered upto to one month from the date of starting the course M.D.S."

(*e*) Instead of "10th August" in the Second line replace the word "30th August".

(*f*) Instead of 10th August in the Second line replace the word "30th August".

૨. મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદને માન્યતા માટેની શરતોના પરિપાલનને અનુલક્ષીને ૧. વૈદિક સાયન્સીસ તથા ૨. વૈદિક ફિલોસોફીમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૪ સુધીની ચાલુ માન્યતા આપ્યાનું;

૩. શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાય મંદિર, અમદાવાદને ૧. કંપેરેટિવ લિટરેચર, ૨. કંપેરેટિવ લિંગ્વિસ્ટિક્સ, ૩. ગુજરાતી લેંગ્વેજ ઍન્ડ લિટરેચર, ૪. એન્સાયક્લોપીડિયા ઑફ ગુજરાતી લિટરેચર અને ૫. ડિક્ષનેરીઝમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે તા. ૧૫–૬–૧૯૮૩થી તા. ૧૪–૬–૧૯૮૪ સુધીની ચાલુ માન્યતા આપ્યાનું;

૪. બનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, પાલનપુરે શ્રી. એમ. કે. ગકવાણીની કૉમર્સના વ્યાખ્યાતા તરીકે કરેલી નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખ્યાનું;

૫. ભવન્સ આર્ટ્સ, સાયન્સ અને જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોરમાં હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કુ. દેવયાનીબહેન આર. દેસાઈની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખ્યાનું;

૬. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરને ચાલુ શૈક્ષણિક વર્ષથી "જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ"નો અભ્યાસક્રમ શીખવવા માટે મંજૂરી આપ્યાનું;

૭. પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ ઇન ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનના ડિઝર્ટેશન ચકાસવા માટે તથા મૌખિક પરીક્ષા લેવા માટે નીચેના છ સભ્યોની સમિતિ નીમવાનું અને આ સમિતિ અંતિમ પરિણામ યુનિવર્સિટીને સુપરત કરશે તે પ્રમાણેનું કો-ઑર્ડિનેટર, સેન્ટર ફોર ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનનું સૂચન મંજૂર કર્યાનું;

૧. બહારના બે વિષય-નિષ્ણાતો
૨. સેન્ટરના સલાહકાર મંડળના એક સભ્ય
૩. ઈસરોના બે સભ્યો
૪. સેન્ટરના કો-ઑર્ડિનેટર.

૮. કુલપતિશ્રીએ યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સમાં અતિથિગૃહ પાસે આવેલું ઇન્ડોર ઇલેક્ટ્રિક સબસ્ટેશન, ધી અમદાવાદ ઇલે. કં. લિ., લાલદરવાજા, અમદાવાદ–૧ને વાર્ષિક રૂ. ૨૧૦ના ભાડાથી વાપરવા આપવાનું મંજૂર કર્યાના:

૯. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગ તરફથી પ્રકાશિત કરવામાં આવતા "અંકુર"ના અંક માટે થયેલ વધારાનું ખર્ચ રૂ. ૧૧–૬૯ મંજૂર કર્યાનું:

(**નોંધ.**—એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૩–૭–૧૯૮૦ની સભામાં રૂ. ૧,૦૦૦નો ખર્ચ કરવાની મંજૂરી મળેલ છે. બધું મળીને કુલ ખર્ચ રૂ. ૧,૦૧૧ ૬૯ થવા જાય છે.)

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે રૂ. ૩,૫૦૧ -૦૦(રૂપિયા ત્રણ હજાર પાંચસોને એક)ના વધારાના ખર્ચની મંજૂરી આપવાનું;

(**નોંધ.**—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬–૩–૧૯૮૩ની સભામાં ઠરાવ નં. ૮૮થી રૂ. ૧૮,૦૦૦(અંકે અઢાર હજાર પૂરા)ના ખર્ચની મંજૂરી આપેલ છે.)

૧૧. અનુસૂચિત જાતિ–જનજાતિ માટેની ભારત સરકાર તરફથી મંજૂર થયેલ યોજના હેઠળ બેક રીક્રુટમેન્ટ ટેસ્ટ પરીક્ષા માટેના પૂર્વતાલીમ વર્ગ જૂન, ૧૯૮૩થી એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેઇનિંગમાં શરૂ કરવામાં આવેલ હોઇ તે માટે થનાર અંદાજી ખર્ચ મંજૂર કરવા અંગે માનદ કો–ઓર્ડિનેટરશ્રી તરફથી રજૂ થયેલ તા. ૨–૮–૧૯૮૨ના પ્રસ્તાવ ક્રમાંક ૧૧૨–૧૯૮૩ અંગે નીચે પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કર્યાનું :

૧. વિદ્યાર્થીઓને પુસ્તકની સહાય (રૂ. ૧૧૦નાં પુસ્તકો–વિદ્યાર્થી દીઠ)	રૂ. ૪,૧૦૦–૦૦
૨. વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ સહાય (રૂ. ૧૨૧–૮૧–૧૦ પ્રમાણે)	રૂ. ૨,૦૦૦–૦૦
૩. અધ્યાપકોને–નિષ્ણાતોને વ્યાખ્યાન માટેનું માનદ વેતન (વ્યાખ્યાન દીઠ રૂ. ૨૦ લેખે)	રૂ. ૧,૦૦૦–૦૦
૪. કોર્સ લીડરને પુરસ્કાર ત્રણ માટે માસિક રૂ ૧૦૦ લેખે (આ વખતે તદર્થ ધોરણે)	રૂ. ૩૦૦–૦૦
૫. ડાયરેક્ટરને (માસિક રૂ. ૩૦૦ પ્રમાણે)	રૂ. ૩,૬૦૦–૦૦
૬. ટાઇપિસ્ટ–ક્લાર્ક–પટાવાળાને (દરેકને રૂ. ૫૦ માસિક ત્રણ માસના કોર્સ માટે)	રૂ. ૭૫૦–૦૦
કુલ	રૂ. ૧૬,૧૫૦–૦૦

૧૨. એમ. જે. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ચાલતા ભૂસ્તરવિજ્ઞાન (જિયોલોજી) વિષયના અનુસ્નાતક વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૮૩—૮૪ દરમ્યાન અભ્યાસ-પ્રવાસ માટે રૂ. ૧,૦૦૦ના મેઇકિંગ શોર પેટે તે રકમ રૂ. પાંચ હજાર એડવાન્સ પેટે મંજૂર કર્યાનું;

(નોંધ. ઉપરોક્ત કેન્દ્રને ફિલ્ડ વર્કના પ્રવાસ માટેની ૫૦ ટકા રકમ યુ.જી.સી.એ મંજૂર કરેલ છે અને બાકીની ૫૦ ટકા રકમ જે યુનિવર્સિટીએ ભોગવવાની છે જે માટે રાજ્ય સરકારને લખવામાં આવ્યું છે.)

૧૩. ભારત-જાપાન વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમ, ૧૯૮૩—૮૪ હેઠળ આપણી યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓને જાપાન મોકલવા બાબતમાં એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં ગુજરાત યુનિવર્સિટી તથા અન્ય સામે કરેલી સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૪૧૧૩/૮૩માં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું;

૧૪. ભારત-જાપાન વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમ ૧૯૮૩—૮૪ હેઠળ આપણી યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓને જાપાન મોકલવા બાબતમાં એલ. ડી. ઑન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. આશિષ પારેખે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં ગુજરાત યુનિવર્સિટી સામે કરેલી સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૪૧૧૩/૮૩માં ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું;

૧૫. રજની પારેખ આર્ટ્સ, કે. બી. કૉમર્સ ઍન્ડ શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના બિનશિક્ષક કર્મચારી શ્રી. મહેન્દ્ર અંબાલાલ શાહે ગુજરાત ઑફિલિયેટેડ કૉલેજીસ સર્વિસ ટ્રિબ્યુનલમાં કરેલ અરજી ક્રમાંક ૧૯૮૩ પર ટ્રિબ્યુનલને આપેલ હુકમના સંદર્ભમાં ખંભાત તાલુકા કેળવણી મંડળ વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં "કોર્ટ" અરજી કર્યાના કામમાં યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશભાઈ શેલતની એડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૬. એમ. એન. લૉ કૉલેજ, વીરમગામના વિદ્યાર્થી અહસાન ગુલાબઅલી મોમીને સેકન્ડ એલએલ.બી.માં પુનર્મૂલ્યાંકન પદ્ધતિ દાખલ કરવા ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૩૧૧૭થી દાદ માગેલ હોઈ યુનિવર્સિટી એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૭. થર્ડ બી.એ.ના વિદ્યાર્થી જાહુરખાન જે. પઠાણે ગુજરાત હાઈકોર્ટમાં કરેલ સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૩૧૧૬માં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને નીમ્યાનું તથા તેને આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૮. અનુસ્નાતક કક્ષાએ મેડિકલમાં પ્રવેશ મેળવવાની બાબતમાં ડૉ. કે. એચ. શેઠે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ રિટ પિટિશન ક્રમાંક ૩૦૫૭ બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૯. વિદ્યા "એ" (હ્યુમેનિટીઝ)ના સંપાદક મંડળના આદ્યવાદક તરીકે પ્રો. મહેશભાઈ પી ભટ્ટની તથા ડૉ. કે. જી. દેસાઈની જગ્યાએ મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વિભાગના સભ્ય પ્રતિનિધિ તરીકે ડૉ. જે. એ. વાજિકની નિમણૂક કર્યાનું;

૨૦ કાયદાના પાંચ વર્ષના નવા અભ્યાસક્રમનો જૂન ૧૯૮૪થી અમલ કરવા બાબતમાં કાયદા-શાસ્ત્રની વિદ્યાશાખાએ તેની તા. ૭/૧૨–૧૧–૧૯૮૩ની સભામાં કરેલ ઠરાવના સંબંધકર્તા ભાગની બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને જાણ કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩. નીચેની બાબતોની નોંધ લેવા બાબત :

૧. અવકાશવિજ્ઞાન કાર્યક્રમના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓના સ્ટાઇપેન્ડના દરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને માસિક રૂ. ૬૦૦ પ્રમાણેના વધારા મંજૂર કરી તે અંગેની ૧૦૦ ટકા પ્રમાણેની આર્થિક સહાય તા. ૩૧–૩–૧૯૮૫ સુધી આપવાનું સ્વીકારેલ હોઈ ત્યાર પછીના સમયથી એટલે કે તા. ૧–૪–૧૯૮૫થી સો ટકાનું આવર્તક અનુદાન આપવાનું મંજૂર કર્યા અંગેના રાજ્ય સરકારશ્રીના તા. ૩–૯–૧૯૮૨ના પત્ર ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૭–૪૫૪૦૩–૮૩–ખની નોંધ લેવા બાબત.

૨. ૧૯૮૩ના ઑક્ટોબર માસમાં "વર્કશોપ ઑન સીસ્ટમ ઇન જિયોગ્રાફિક રિસર્ચ ઍન્ડ રિજિયોનલ પ્લાનિંગ" યોજનાના સંદર્ભમાં વેસ્ટર્ન રિજિયોનલ સેન્ટર ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, મુંબઈએ મંજૂર કરેલ રૂ. ૭,૦૦૦ રૂ. (સાત હજાર)માંથી પ્રથમ હપ્તા તરીકે રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર) મંજૂર કર્યાની જાણ કરતા તેમના તા. ૨૧–૬–૧૯૮૩ના પત્રાંક જી. યુ. ૭૯–૩૩૪–૮૩ની નોંધ લેવા બાબત.

૩. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૮–૮–૧૯૮૩ના ઠરાવ ક્રમાંક પી.એચ.એમ. ૧૦૭૯–૧૮૮૬–૮૩થી સદરહુ વિભાગના તા. ૧૯–૧૧–૧૯૮૨ના ઠરાવ ક્રમાંક પી.એચ.એમ. ૧૦૭૯–૩૫૮૨–૫૨(ઝ)માં નીચે પ્રમાણે સુધારો કરાયો છે તેની નોંધ લેવા બાબત :

"સંદર્ભ ૧માં દર્શાવેલ ઠરાવથી એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ તથા એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતના ટ્યૂટર ડેમોન્સ્ટ્રેટરોને વ્યાખ્યાતાના સંવર્ગમાં રૂ. ૭૦૦–૧૬૦૦ના પગારધોરણમાં દર્શાવેલ છે તેને બદલે ૭૦૦–૧૩૦૦ વંચાણે લેવું."

૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ચાલતા ભૂસ્તર વિજ્ઞાનના અનુસ્નાતક કેન્દ્રમાં જૂન ૧૯૮૪થી એમએસસી. ભાગ. ૧માં પ્રવેશ આપવામાં આવશે નહીં તેવી જાણ કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૮–૭–૧૯૮૩ના પત્રની નોંધ લેવા બાબત.

૫. અપૂરતી વિદ્યાર્થીસંખ્યાને લીધે માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એલએલ.એમ. ગ્રુપ ૧ (કૉન્સ્ટિટ્યુશનલ લૉ)નું અનુસ્નાતક કેન્દ્ર વર્ષ ૧૯૮૫થી બંધ કરવાની જાણ કરતા સદરહુ કૉલેજના આચાર્યના તા. ૪–૮–૧૯૮૩ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પેટાબાબતો નં. (૧), (૨) અને (૩) ની નોંધ લેવી તથા પેટા-બાબતો (૪) અને (૫) માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી અને તેને આ બાબતમાં તપાસ કરી પોતાનો અહેવાલ રજૂ કરવા જણાવવું :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૪. ઇજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૫. કાયદાની વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૪. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાન બાંધવા-મરામત કરાવવા તેઓનાં નામ સામે જણાવેલ રકમની પ્રોવિડંટ ફંડની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

નં.	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	અગાઉ લોન લીધી છે કે કેમ	લોન લેવાનું કારણ
૧.	શ્રી. એ. એચ. શાહ, સીનિ. આસિસ્ટન્ટ	૨૩,૦૦૦	હા	પલ્હાર ફ્લેટની બાકીની રકમ ચૂકવવા અંગે
૨.	શ્રી. કે. પી. રાવળ	૧૩,૦૦૦	હા	મકાન મરામત કરાવવા અંગે
૩.	શ્રી. એન. એમ. ઠક્કર	૧૬,૦૦૦	હા	મકાનનું અધૂરું કામ પૂરું કરાવવા અંગે
૪.	ડૉ. કે. આર. ચંદ્રા	૪૫,૦૦૦	હા	,,
૫.	શ્રી. એ. એમ. પંડ્યા	૨૪,૫૦૦	હા	,,
૬.	શ્રી. આર. એમ. પરદેશી	૨૩,૦૦૦	હા	,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને મકાન બાંધવા / મરામત કરાવવા અંગે તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી મંજૂર કરવી.

૫. યુનિવર્સિટી કાર્યાલયના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલા પગારધોરણમાં જે તે તારીખથી કાર્યક્ષમતા-અન્તરાય (efficiency-bar) ઓળંગવાની પરવાનગી આપવા વિચારણા કરવા બાબત :

નં.	નામ તથા હોદ્દો	પગારધોરણ	મૂળ માસિક પગાર રૂ.	તારીખ
૧.	શ્રી. એન. બી. શાહ, કોશયર કમ-સેક્શન ઑફિસર	રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫ –૮૧૦ ઈ.બી. ૩૫–૮૮૦–૪૦–૧૦૦૦ ઈ-બી. ૪૦–૧૨૦૦	૧,૦૦૦	૧–૯–૧૯૮૩

નં.	નામ તથા હોદ્દો	પગારધોરણ	મૂળ માસિક પગાર રૂ.	તારીખ
૨.	શ્રી. વી. એન. પટેલ, સેકશન ઑફિસર	રૂ. ૬૫૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦ ઈ.બી. ૩૫–	૧,૦૦૦	૨૨–૯–૧૯૮૩
૩.	શ્રી. વી. એમ. વ્યાસ, સેકશન ઑફિસર	૮૮૦–૪૦–૧૦૦૦ ઈ.બી. ૪૦–૧૨૦૦	૧,૦૦૦	૧૧–૯–૧૯૮૩

સદરહુ કર્મચારીઓના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં અને તારીખથી રૂ. ૧૦૦૦/– પછીનો કાર્યક્ષમતા–અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવી.

૬. યુનિવર્સિટી કાર્યાલય અને કૉમ્પ્યુટરમાં કામ કરતા નીચેના કર્મચારીઓના એક વર્ષના અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

નં.	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રીમતી જયશ્રી પી. સેનચૌધરી	સીનિયર પ્રોગ્રામર	૨૩–૯–૧૯૮૩	૨૪–૯–૧૯૮૩
૨.	શ્રી. તુષાર બી. મહેતા	સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨	૬–૧૦–૧૯૮૩	૭–૧૦–૧૯૮૩

સદરહુ કર્મચારીઓના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે (૧) સીનિયર પ્રોગ્રામર શ્રીમતી જયશ્રી પી. સેનચૌધરીનો અજમાયશી સમય વધુ ૬ માસ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેઓ કૉમ્પ્યુટર સેન્ટરના વડાને પોતાની કામગીરીથી સંતોષ આપી શકશે નહીં તો તેમને યુનિવર્સિટીની સેવામાંથી ફારેગ કરવાની ફરજ પડશે અને (૨) શ્રી. તુષાર બી. મહેતાને સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ની જગ્યા પર તા. ૭–૧૦–૧૯૮૩થી કાયમ કરવા.

૭. યુનિવર્સિટીના શ્રમિક વિદ્યા કેન્દ્રમાં એકાઉન્ટ્સ ક્લાર્ક-કમ-કૅશિયર તરીકે કાર્ય કરતા શ્રી. બી. બી. પટેલને રૂ. ૩૩૦–૧૦–૩૮૦–ઈ.બી. ૧૨–૫૦૦ ઈ.બી. ૧૫–૫૯૦ના પગારધોરણમાં રૂ. ૩૮૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (efficiency-bar) તા. ૩–૮–૧૯૮૩થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રમિક વિદ્યાકેન્દ્રમાં એકાઉન્ટ્સ ક્લાર્ક-કમ-કૅશિયર તરીકે કાર્ય કરતા શ્રી. બી. બી. પટેલને રૂ. ૩૩૦–૧૦–૩૮૦ ઈ.બી. ૧૨–૫૦૦–ઈ.બી. ૧૫–૫૯૦ના પગારધોરણમાં રૂ. ૩૮૦/– પછીનો કાર્યક્ષમતા–અંતરાય તા. ૩–૮–૧૯૮૩થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૮. નવા વીએએક્ષ ૧૧/૭૩૦ કૉમ્પ્યુટર પર જોડવા એક ટેપ ડ્રાઇવ કૉમ્પ્યુટર મેન્ટેનન્સ કૉર્પોરેશન (સીએમસી) દ્વારા સાઇફર ડેટા પ્રોડક્ટ્સ યુ.એસ.એ. પાસેથી આયાત કરવા અને તે સી.એમ.સી. દ્વારા ઇન્સ્ટૉલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.** –આ અંગે ટેપ ડ્રાઇવની કિંમત એ.એ.બી. ૧૫,૦૦૦ ડૉલર પત્તા કસ્ટમ, ઇન્સ્યોરન્સ અને ફ્રેઇજ તથા રૂ. ૩૦,૦૦૦ ઇન્સટિલેશન અને ડેમોન્સ્ટ્રેશનના ચાર્જ મળીને કુલ આશરે રૂ. ૧,૧૦,૦૦૦નું ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે નવા વીએએક્ષ-૧૧/૭૩૦ કોમ્પ્યુટર પર જોડવા એક ટેપ ડ્રાઇવ કોમ્પ્યુટર મેન્ટેનન્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા દ્વારા આયાત કરી તેને ઇન્સ્ટૉલ કરવું અને આ અંગે અંદાજે રૂ. ૧,૧૦,૦૦૦/– (એક લાખ પચાસ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૯. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં એમ.ફિલ. યા પીએચ.ડી. કરતા શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓ માટે અને અનુસ્નાતક શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓ માટે અલગ એમ બે કોમ્પ્યુટર પ્રોગ્રામિંગના વર્ગો, આવક કરતાં ખર્ચ વધે નહીં તે રીતે, ચલાવવા અંગેના યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે કોમ્પ્યુટર સેન્ટરનો સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૦. આ યુનિવર્સિટીની એમ.એસસી. પદવી પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાન વિષયમાં "પ્રો. કે. એમ. કોટડિયા ચંદ્રક" એનાયત કરવા અંગે પ્રો. કે. એમ. કોટડિયા મેમોરિયલ ફંડ તરફથી રૂ. ૮,૨૫૦ (રૂ. ૭,૫૦૦ તથા રૂ. ૭૫૦ વર્ષ ૧૯૭૩ માટે)ના પ્રદાનનો સ્વીકાર કરવા અંગે આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— ટ્રસ્ટ તરફથી રૂ. ૮,૨૫૦નું પ્રદાન યુનિવર્સિટીને મળેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૧૧. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને વર્ષ ૧૯૮૩–૮૪ માટે રમતગમતનાં સાધનો ખરીદવા તથા અન્ય પ્રવૃત્તિ અંગે રૂ. ૨,૦૦૦ (અંકે રૂપિયા બે હજાર પૂરા)ની આર્થિક સહાય આપવા અંગે મંડળના મંત્રીશ્રીના તા. ૬–૯–૧૯૮૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— વર્ષ ૧૯૮૨–૮૩માં રૂ. ૧,૫૦૦ની આર્થિક સહાય રમતગમતનાં સાધનો ખરીદવા આપી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ મંડળને વર્ષ ૧૯૮૩–૮૪ માટે રમતગમતનાં સાધનો ખરીદવા તથા અન્ય પ્રવૃત્તિઓ માટે રૂ. ૨૦૦૦ની આર્થિક સહાય આપવી.

૧૨. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના વડા શ્રી. ડી. એસ. બસને તેમના તા. ૧૭–૬–૧૯૮૩ના પત્રથી તેમના વિભાગ તરફથી પ્રકાશિત થનાર "મેથેમેટિકસ ટુડે" નામના વાર્ષિક પહેલા અંક માટે રૂ. ૩,૫૦૦ની આર્થિક સહાય આપવા માટે કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગણિત વિભાગના ઉપરોક્ત પ્રકાશન માટે રૂ. ૨૦૦૦ની આર્થિક સહાય આપવી.

૧૩. સંપાદકમંડળ, વિદ્યા "સી" લેંગ્વેજીસના તંત્રીમંડળના એક સભ્ય શ્રી

પ્રફૂલભાઈ ઠાકોર શિક્ષક તરીકે નિવૃત્ત થયેલા હોઈ તેમની જગ્યાએ નિમણૂક કરવા બાબત :

(નોંધ.— સદરહુ વિષયના મંત્રીમંડળ પર હાલમાં નીચેના સભ્યો છે :

૧. શ્રી. આર એ મલગી (કન્વીનર)
૨. શ્રી. એ. એસ. નાગર
૩. શ્રી. કે. એ. સોલોમન
૪. શ્રી. આર. જે. દેસાઈ
૫. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૬. શ્રી. જયંત ઠાકોર.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મંત્રીમંડળના સભ્ય શ્રી. પ્રફૂલભાઈ ઠાકોરની ખાલી પડેલી જગ્યાએ શ્રી. પી. કે. મહેતાની નિમણૂક કરવી.

૧૪. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૯-૮-૧૯૮૩ની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧. ચાલુ વર્ષની આંતરવિભાગીય ખેલકૂદ હરીફાઈઓ દક્ષિણ વિભાગના યજમાનપદે આર્ટ્સ-સાયન્સ કૉલેજ, ગોધરા ખાતે યોજવાનું અને તે માટે આંતરવિભાગીય હરીફાઈઓ ખાતે અંદાજપત્રમાં મંજૂર થયેલ રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમેનશ્રી અને મંત્રીશ્રીને આપવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

૨. આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફૉર્મ, કેસ્ટ, રમતનાં જરૂરી સાધનો, યુનિવર્સિટી ટીમનો ફોટોગ્રાફ્સ, પ્રશિક્ષણ વગેરે માટે જરૂરી ખર્ચ કરવાનું તેમજ રાજ્યકક્ષાની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અને રાજ્યકક્ષાના ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા કમ્બાઇન્ડ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે યોજનાર પસંદગી મુકાબલામાં ભાગ લેવા ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ માટે મંજૂર થયેલ રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીશ્રીને આપવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

૩. ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલી કૉલેજો માટેના મુસાફરી તથા ભોજન ખર્ચને લક્ષમાં લઈને આંતર-કૉલેજ હરીફાઈઓ માટે મંજૂર થયેલ રૂ. ૨૫,૦૦૦ (રૂપિયા પચીસ હજાર)ની ગ્રાન્ટ વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા માટે આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

ઉત્તર વિભાગ	...	રૂ. ૯,૫૦૦–૦૦
દક્ષિણ વિભાગ	...	રૂ. ૮,૫૦૦–૦૦
અમદાવાદ વિભાગ	...	રૂ. ૭,૦૦૦–૦૦
કુલ રૂ.	...	૨૫,૦૦૦–૦૦

૪. જુદી જુદી રમતોની યુનિવર્સિટીની આંતરવિભાગીય હરીફાઈઓના પંચ કાર્યના મહેનતાણાના દર નીચે પ્રમાણે સુધારવાનું મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

રમતનું નામ		હાલનો દર રૂ. પૈ.	સૂચિત સુધારેલ દર રૂ. પૈ.
૧. ફૂટબૉલ, હૉકી, પંચો	મેચના	૭–૦૦	૮–૦૦
૨. ક્રિકેટ, ઍમ્પાયર્સ	રોજના	૧૫–૦૦	૧૬–૦૦ (સોળ)
સ્કોરર્સ	,,	૭–૦૦	૮–૦૦

રમતનું નામ		હાલનો દર		સૂચિત સુધારેલ દર
૩. વૉલીબૉલ, કબડ્ડી, ખોખો, બાસ્કેટબૉલ, રેફરી એમ્પાયર્સ		મેચના	૭-૦૦	૮-૦૦
૪. ટેનિસ, ટેબલટેનિસ, બેડમિંગ્ટન, શૂટિંગ ચેસ, કુસ્તી, જલસ્પર્ધા, બેલકૂદ, વેઇટલિફ્ટિંગ બેસ્ટ ફિઝિક		પંચ	૧૦-૦૦	૧૫-૦૦
૫. વૉલીબૉલ, ખોખો કબડ્ડી બાસ્કેટબૉલ	ટાઈમ કીપર સ્કોરર્સ લાઈન્સમેન	મેચના	૪-૦૦	૬-૦૦
૬. મેદાનના પ્રોફેસર ચાર્જ		મીટિંગના	૧૦-૦૦	૧૨-૦૦
૭ પસંદગી સમિતિના સભ્ય સ્થાનિક		મીટિંગના	૧૦-૦૦	૧૨-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૯-૮-૧૯૮૩ ની સભાની ઉપરોક્ત ભલામણો મંજૂર કરવી.

૧૫. અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓની હાજરીના પ્રશ્ન અંગે વિચારણા કરી પોતાની ભલામણો આપવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૬-૯-૧૯૮૩ના રોજ મળેલી સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા અંગે :

"લંબાણ ચર્ચાને અંતે ઠરાવવામાં આવ્યું કે હાલના નિયમાનુસાર અનુસ્નાતક કેન્દ્રોએ અનુસ્નાતક વિદ્યાર્થીઓની હાજરી નિયત સમયમાં મોકલી આપવાની છે, પરંતુ જો તેમ ન થવા પામે તો જે તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જના મહેનતાણામાં કાપ મૂકવાની આ સમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઉપરોક્ત સમિતિની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૧૬. સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં વાણિજ્યના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. ડી. સી. શાસ્ત્રીની નિમણૂક હંગામી ધોરણે એક વર્ષ માટે કાયમ કરવાની વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં વાણિજ્યના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી ડી સી. શાસ્ત્રીની નિમણૂક ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૧૭. આચાર્યશ્રી, મ્યુનિસિપલ આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, મહેસાણાએ તેમના તા. ૧૦-૮-૧૯૮૩ અને તા. ૫-૯-૧૯૮૩ના પત્રથી વિદ્યાર્થીપ્રવેશની વિશિષ્ટ પરિસ્થિતિને કારણે કૉલેજના સમયપત્રકમાં સ્ટેગરિંગ કરીને વર્ગો સવારના ૭-૩૦ થી ૨-૫૫ સુધી ચલાવવા માટે માગેલ મંજૂરી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આચાર્યે તેમના તા. ૧૧–૯–૧૯૮૩ના પત્રથી નીચે પ્રમાણે સ્પષ્ટતા કરેલ છે :

"અમારી સંસ્થાના નવા મકાનનું બાંધકામ હાલ ચાલે છે. જૂન, ૧૯૮૪ની આસપાસ, નવા મકાનમાં કૉલેજ બેસતી થાય તેવા પ્રયત્નો છે. ત્યાર બાદ સ્ટેગરિંગ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈ ખાસ કેસ તરીકે કૉલેજના સમયપત્રકમાં સ્ટેગરિંગ કરીને વર્ગો ચલાવવા આ શૈક્ષણિક વર્ષ પૂરતી મંજૂરી આપવી.

૧૮. શ્રી. ક. લા. સ્વાધ્યાય મંદિર, અમદાવાદ તરફથી જૂન, ૧૯૮૪થી—

૧. કમ્પેરેટિવ લિંગ્વિસ્ટિક્સ
૨. કમ્પેરેટિવ લિટરેચર
૩. ગુજરાતી લેંગ્વેજ ઍન્ડ લિટરેચર
૪. ઍનસાયક્લોપીડિયા ઑફ ગુજરાતી લિટરેચર અને
૫. ડિક્ષનેરીઝ –

—ના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટેની ચાલુ માન્યતા માટેની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑ. ૧૨૦-સી. અન્વયે અરજી તા. ૧લી ઑગસ્ટ કે તે પહેલાં મળવી જોઈએ, જ્યારે આ અરજી મોડી મળી છે; પરંતુ સદરહુ ઑર્ડિનાન્સની જોગવાઈ અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મોડી આવેલ અરજી પર વિચારણા કરી શકે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદ તરફથી "વૈદિક સાયન્સીઝ અને વૈદિક ફિલોસોફી" ના વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કાર્ય કરવા માટે ચાલુ માન્યતા માટે અરજી ઑ. ૧૨૦-સી.ની સમયમર્યાદા કરતાં મોડી આવી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. મોડી અરજી આવવાને પર્યાપ્ત કારણ જણાય તો તેની વિચારણા કરવાની સત્તા ઑર્ડિ. ૧૨૦-સી અન્વયે એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં છે.

૨. જૂન ૧૯૮૩–૮૪ માટે ચાલુ માન્યતા ૨૨મી ઑગસ્ટના રોજ આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૦. શ્રી. એ. ટી. અજમેરાએ તેમના તા. ૨૯-૭-૧૯૮૩ ના પત્રથી મોકલેલ નીચેના પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો અને/અથવા માન્ય સંસ્થાઓના શિક્ષક કર્મચારીઓની સીનિયોરિટીનાં ધોરણો ઘડવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૧. સૈફી જ્યુબિલી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરના આચાર્યે તેમના તા. ૧૮-૭-૧૯૮૩ના પત્રથી તેમની કૉલેજના સંચાલકમંડળનો નીચેનો ઠરાવ મોકલ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"સૈફી જ્યુબિલી કૉલેજમાં આર્ટ્સ ફેકલ્ટી બંધ કરી કૉમર્સ ફેકલ્ટીમાં ક્રમશઃ અંગ્રેજી માધ્યમ શરૂ કરવા આજની મીટિંગ સર્વાનુમતે ઠરાવે છે. આ અંગે નામદાર સરકાર સાથેની કાયદેસરની જે કંઈ કાર્યવાહી કરવી પડે તે કરવા કૉલેજના પ્રિન્સિપાલ શ્રી એચ. કે. બુખારીને સત્તા આપવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તપાસ કરી પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. આચાર્ય શ્રી. બી. એમ. પીરઝાદા
૪. આચાર્ય શ્રી. ધનશ્યામભાઈ બી. પરીખ.

૨૨. યુનિવર્સિટીના વધતા જતા પરીક્ષા ખર્ચના સંદર્ભમાં જુદી જુદી પરીક્ષાની ફી જે ઑ. ૧૨૯ મુજબ નિયત કરવામાં આવી છે તેમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં રીડર તરીકે કામ કરતા ડૉ. પી. વી. દેસાઈને બે વર્ષનો પદાધિકાર આપી, એસ. પી. જૈન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ રિસર્ચ, મુંબઈમાં જોડાવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૪-૭-૧૯૮૧ના ઠરાવના સંદર્ભમાં બે વર્ષની બિનપગારી રજાઓ આપી હતી, અને હવે તેઓએ યુનિવર્સિટીમાં પાછા જોડાવાને બદલે રાજીનામું આપ્યું હોઈ તેઓએ આ રજાઓના સંદર્ભમાં કરેલ કરારનામાના નીચેના Penalty Clause ની શરતનો ભંગ થતો હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

.....In the event of breach of any provisions at 1, 2, 3 above, I shall pay to the University an amount of Rs. 10,000/- (Ten Thousands only).

[**નોંધ.**— ૧. ઉપરોક્ત બાંયધરીના શરતભંગ સંદર્ભમાં ડૉ. દેસાઈ પાસે નીચેની રકમ લેવાની થાય છે.

રૂ. ૧૦,૦૦૦/- બાંયધરી પ્રમાણે લેવાના થાય.

૨. તેમની પાસેથી ત્રણ માસના નોટિસ પે લેખે રૂ. ૭૮૭૬ની રકમ પણ વસૂલ કરવાની થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવી.

૨૪. જુલાઈ ૧૯૮૨માં લેવાયેલ બી.એ. પરીક્ષાના વિદ્યાર્થી નંબર ૩૯૨૪ પટેલ નીતિનકુમાર કેશવલાલને તા. ૨૩-૧૮૨૩ના પદવીદાન સમારંભમાં એનાયત થયેલ પદવી ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ ૪૬ હેઠળ પાછી ખેંચી લેવા અંગે વિચારણા કરવા બાબત :

[**નોંધ.**– ૧. તા. ૮-૯-૧૯૮૨ની પરીક્ષાશુદ્ધિ સમિતિની બાબત નં. ૧૧૧થી આ વિદ્યાર્થીની પદવી પાછી ખેંચવાની ભલામણ તા. ૨૮-૧૨-૧૯૮૨ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાએ મંજૂર કરી છે.

૨. સદરહુ કલમ નં. ૪૬નો પાઠ નીચે મુજબ છે :

Removal from membership of University & withdrawal of degree of diploma — The Chancellor may, on the recommendation of the (Executive Council) and of the Court supported by a majority of not less than two-thirds of the members of each Body present at its meeting, such majority comprising not less than one-half of the members of each body, remove the name of any person from the register of graduates or withdraw from any person a diploma or degree if he has been convicted by a Court of Law of any offence which, in the opinion of (Executive Council) and the Court is a serious offence involving moral turpitude or if he has been guilty of scandelous conduct.

(2) No action under this section shall be taken unless the person concerned is given an opportunity to be heard in his defence in the manner prescribed by the statutes.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૮-૯-૧૯૮૩ની સભાની બાબત ક્રમાંક ૧૧૧થી સદરહુ વિદ્યાર્થીને એનાયત કરવામાં આવેલ પદવી પાછી ખેંચવાની કરેલ ભલામણ આ સભા, યુનિવર્સિટી ધારાની કલમ ૪૬ ની જોગવાઈ અન્વયે સર્વાનુમતે મંજૂર રાખે છે, અને તે માટે જરૂરી કાર્યવાહી કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરે છે.

૨૫. ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર-ઇન-સંસ્કૃતની જગ્યા માટે વરણી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર-ઇન-સંસ્કૃતની જગ્યા માટે વરણીસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૬. વાણિજ્ય વિદ્યાભવનમાં રીડર તરીકે કામ કરતા ડૉ. એન. દાસગુપ્તાને રૂ. ૧,૨૦૦-૫૦-૧૩૦૦-૬૦-૧૬૦૦-મૂલ્યાંકન-૬૦-૧૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧૬૦૦ પછીનો પગાર તા. ૧-૬-૧૯૮૨ થી આપવા અંગેની મૂલ્યાંકન સમિતિની તા. ૬-૮-૧૯૮૩ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વાણિજ્ય વિદ્યાભવનમાં રીડર તરીકે કામ કરતા ડૉ. એન. દાસગુપ્તાને રૂ. ૧૨૦૦–૧૦–૧૩૦૦–૬૦–૧૬૦૦ મૂલ્યાંકન ૬૦–૧૯૮૦ના પગારધોરણમાં રૂ. ૧૬૦૦ પછીના વાર્ષિક ઈજાફાઓને માટે તા. ૧–૬–૧૯૮૨થી પાત્ર ગણવા.

૨૭. બાંધકામ સમિતિની તા. ૨૯–૭–૧૯૮૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯–૭–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૯–૭–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે)

૨૮. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાના બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના પ્રમુખશ્રીએ તા. ૧૯–૯–૧૯૮૩ના પત્રથી ગુજરાત સરકારના નીચે જણાવેલ ઠરાવોને સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓને લાગુ પાડવા વિનંતી કરી છે તે પર વિચારણા કરવા બાબત :

૧. ગુજરાત સરકારના નાણાં વિભાગનો તા. ૧૭–૧–૧૯૮૩નો ઠરાવ ક્રમાંક : પગર/૧૨૮૩/૧૭૬/૮૨ (ચ)

—નાના કુટુંબના ધોરણે ઉત્તેજન આપવા માટે પ્રોત્સાહનો આપવા અંગે.

૨. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો તા. ૨–૯–૧૯૮૩નો ઠરાવ ક્રમાંક એનજીસી/૩૯૫૬૫/૮૨(ખ)

—બિનસરકારી કૉલેજોમાં કર્મચારીઓને તબાબી લાભ મંજૂર કરવા અંગે.

(**નોંધ.**—નાના કુટુંબના ધોરણે ઉત્તેજન આપવા માટે પ્રોત્સાહન આપવા અંગેના ઠરાવનો અમલ જે તા. ૧–૧–૧૯૮૨થી અમલમાં છે તે ધોરણે સરકારી કર્મચારીઓને જ્યારથી આ સ્કીમ અમલમાં આવી ત્યારથી મળે છે તે રીતે કૉલેજોના કર્મચારીઓને આપવા મંડળના પ્રમુખશ્રીએ વિનંતી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારના નાણાં વિભાગની તા. ૧૭–૧–૧૯૮૩ તથા શિક્ષણ વિભાગની તા. ૩–૯–૧૯૮૩ના ઉપરોક્ત ઠરાવ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક તેમ જ બિનશિક્ષકવર્ગના તમામ કર્મચારીઓને પણ લાગુ પાડવા.

૨૯. ગુજરાત રાજ્ય સરકારની તેમજ યુ.જી.સી.ની રિસર્ચ ફેલોશિપ ચાલુ રાખવા અંગે વિચારણા કરીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિની તા. ૧૯–૮–૧૯૮૩ના રોજ **સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯–૮–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯–૮–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૦. દિવાળીના વૅકેશન દરમિયાન બી.એ.–બી.એસસી. આંકડાશાસ્ત્રના વિષયના શિક્ષકો માટે ૧૦ દિવસનો રીફ્રેશર કોર્સ યોજવાની ડૉ. સી. જી. ખત્રીએ તેમના તા. ૧૧–૭–૧૯૮૩ના પત્રાંક આર.સી.એસ. ૮૩/૧ થી મોકલેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—૧. આ અંગેની મૂળ પ્રપોઝલ ૨૧ દિવસની હતી અને તેનો ખર્ચ રૂ. ૩૬,૮૬૧ હતો. આ પ્રપોઝલ અંગે આર્થિક સહાય આપવા યુ.જી.સી.એ અશક્તિ દર્શાવી છે.

૨. અંદાજી ખર્ચ રૂ. ૪,૪૬૦/– બતાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉનાળાની રજાઓમાં આંકડાશાસ્ત્રનો 'રીફ્રેશર કોર્સ' યોજવાનું રાખવું અને આ માટે આર્થિક સહાય આપવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

૩૧. કાયદાશાસ્ત્રની વિદ્યાશાખામાં પૂર્વસ્નાતક કક્ષાએ પાંચ વર્ષનો અભ્યાસક્રમ દાખલ કરવા બાબતમાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ ઘડેલી યોજનાને અનુલક્ષીને તેના અમલની બાબતમાં કાયદાશાસ્ત્રની કૉલેજોને જરૂરી સૂચનાઓ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાયદાશાસ્ત્રની વિદ્યાશાખાનું તારીકે ધ્યાન દોરવું અને રાજ્ય સરકારને પણ આ બાબતની જાણ કરીને સંબંધકર્તા કૉલેજોને જરૂરી આર્થિક સહાય કરવા ભલામણ કરવી.

૩૨. ફાર્મસીની કૉલેજોમાં ડિપ્લોમા-ડિગ્રી અભ્યાસક્રમ માટેની વિદ્યાર્થીપ્રવેશની મર્યાદા અંગે ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયા તરફથી આવેલા તા. ૨૬-૪-૧૯૮૩ના નોટિફિકેશનમાં આ યુનિવર્સિટીની કૉલેજોને લાગુ પડતા સંબંધકર્તા ભાગ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—નોટિફિકેશનમાં દર્શાવેલ મર્યાદામાં પ્રવેશ આપવા એલ. એમ કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ તથા એમ. એન. ફાર્મસી કૉલેજ, ખંભાતને પત્રો લખ્યા છે, ઉપરાંત ખંભાતની કૉલેજને ૧૯૮૪થી આગળનું એપ્રુવલ મેળવવાનું જણાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૨૬–૪–૧૯૮૩ના નોટિફિકેશનના આ યુનિવર્સિટીની સંલગ્ન ફાર્મસી કૉલેજોને લાગુ પડતા સંબંધકર્તા ભાગ પ્રત્યે ધ્યાન દોરીને તેનો અમલ કરવા જણાવવું.

૩૩. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષામાં નિમાતા પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક, શિક્ષકોને અપાતા ક્રેડિટ ગુણને આધારે કરવામાં આવે છે તે અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫-૬-૧૯૮૩(ક્રમાંક—૨૦)ની સભામાં જે ધોરણો સુધાર્યાં છે તે મુજબ ગણતરી કરતાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરવા કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૧૩-૯-૧૯૮૩ ના રોજ મળેલ સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષકોને અપાતા ક્રેડિટ ગુણ બાબતમાં સર્વગ્રાહી વિચારણા જરૂરી હોઈ આ બાબત તે અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિ સમક્ષ પુનર્વિચારણા માટે મૂકવી.

૩૪. માર્ચ–એપ્રિલ ૧૯૮૩માં વિવિધ કેન્દ્રો ઉપર લેવાયેલ પરીક્ષાઓમાં મોકલવામાં આવેલ ઓબ્ઝર્વર્સ સુપરત કરેલા અહેવાલોના "તારણ" ઉપર વિચારણા કરી સમિતિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી ભલામણો પૈકી ભલામણ ૧ અને ૩ની નોંધ લેવી, તેમ જ ભલામણ ૨ અને ૪ બાબતમાં આગામી પરીક્ષાઓ દરમિયાન તે ધ્યાનમાં લેવાનું રાખી તે પ્રમાણે કાર્યવાહી કરવાનું રાખવું અને સમિતિની ભલામણ નં. ૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી :

૫. પરીક્ષાઓમાં ગેરરીતિઓનું પ્રમાણ ઘટે તે માટે પરીક્ષાખંડમાં સુપરવિઝનના કામમાં શક્ય હોય ત્યાં સુધી શિક્ષકો સુપરવિઝન કરે તે ઇચ્છનીય છે અને તે માટે કૉલેજોના આચાર્યશ્રીઓ મારફત જે તે કૉલેજના શિક્ષકોને આ કામ માટે સહકાર આપવા વિનંતી કરવા ઘટતો પરિપત્ર મોકલીને આ અંગે તેમની કૉલેજોના શિક્ષકોને આ કામ માટે સહકાર આપવા જણાવવું.

વધુમાં સદરહુ સમિતિની ભલામણ નં. ૬ પરની વિચારણા મોકૂફ રાખવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા માટે :

તા. ૨૩–૬–૧૯૮૩	તા. ૨૪–૬–૧૯૮૩	તા. ૧–૭–૧૯૮૩	તા. ૨–૭–૧૯૮૩
તા. ૭–૭–૧૯૮૩	તા. ૧૪–૭–૧૯૮૩	તા. ૨૦–૭–૧૯૮૩	તા. ૪–૮–૧૯૮૩
તા. ૫–૮–૧૯૮૩	તા. ૧૬–૮–૧૯૮૩	તા. ૧૭–૮–૧૯૮૩	તા. ૧૮–૮–૧૯૮૩
તા. ૨૪–૮–૧૯૮૩	તા. ૨૫–૮–૧૯૮૩	તા. ૧–૯–૧૯૮૩	તા. ૨–૯–૧૯૮૩
તા. ૩–૯–૧૯૮૩	તા. ૮–૯–૧૯૮૩	તા. ૯–૯–૧૯૮૩	તા. ૧૫–૯–૧૯૮૩
તા. ૧૬–૯–૧૯૮૩	તા. ૨૨–૯–૧૯૮૩	તા. ૨૩–૯–૧૯૮૩	તા. ૨૯–૯–૧૯૮૩

તા. ૩૦–૯–૧૯૮૩ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત સંદર્ભમાં પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૧૩–૧૦–૧૯૮૩, તા. ૧૪–૧૦–૧૯૮૩, તા. ૨૦–૧૦–૧૯૮૩ અને તા. ૨૭–૧૦–૧૯૮૩ની સભાઓની ભલામણો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) શ્રી. ભૂપેન્દ્રભાઇ પટેલ નિવૃત્ત થયા હોઇ તેમની જગ્યાએ કૉમ્પ્યુટર સમિતિના સભ્યપદે તેમ જ કૉમ્પ્યુટર સોસાયટી ઑફ ઇન્ડિયા પર યુનિવર્સિટીના એક પ્રતિનિધિ તરીકે કાર્યકારી કુલસચિવશ્રી એસ. વી. શાસ્ત્રીની નિમણૂક કર્યાના;

(૨) ગુજરાત સરકારના ત્રીજા પગારપંચે જાહેર કરેલ વચગાળાની રાહતનો લાભ ગ્રાન્ટ-ઇન-એઇડ કૉલેજો, પોલિટેકનિક અને બીજી શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓ,

જેઓને દેસાઈ પે કમિશનનો લાભ આપ્યો છે તેઓને, આપવા બાબતના ગુજરાત સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક આઈપીપી. ૧૦૮૩–ડી. ૫૭–(૧૩)–એમ તા. ૩૦–૯–૧૯૮૩નો સ્વીકાર્યાનું તેમજ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને તેનો અમલ કરવા માટે આદેશ આપ્યાનું;

(૩) ઓકટોબર–નવેમ્બર, ૧૯૮૩માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં મુખ્ય નિરીક્ષકોની નિમણૂંક માટે જે તે કૉલેજોના આચાર્યશ્રીઓની મારફતે આવેલ ભલામણોને આધારે કાર્યાલયે તૈયાર કરેલ યાદી મંજૂર રાખ્યાના;

(૪) ગુજરાતની વડી અદાલતમાં કરવામાં આવેલ નીચેની અરજીઓની બાબતમાં યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

ક્રમાંક	અરજી નંબર	પક્ષકારો
૧.	૩૭૮૬—૮૩	ખંભાત તાલુકા કેળવણી મંડળ, વિરુદ્ધ મહેન્દ્ર અંબાલાલ શાહ તથા બીજા. કુલપતિશ્રીએ મહેન્દ્ર શાહને છૂટા કરવાના ઠરાવને નામંજૂર કર્યા અંગે.
૨.	૩૯૨૪—૮૩	ખંભાત તાલુકા કેળવણી મંડળ, વિરુદ્ધ મહેન્દ્ર અંબાલાલ શાહ ટ્રિબ્યુનલ ૧૯/૮૨ અરજી પર આવેલ ચુકાદાના ઉપલક્ષમાં મહેન્દ્ર અંબાલાલ શાહને પુનઃ સ્થાપિત કરવા અંગે.

(૫) માર્ચ–એપ્રિલ ૧૯૮૩માં લેવાયેલ સેકન્ડ બી.એ., પરીક્ષાના વિદ્યાર્થી નં. ૩૬૬૨ શ્રી. મોન્ટી લલિતકુમાર ઓઝાને આ યુનિવર્સિટીની બે પરીક્ષામાં બેસવાની મનાઈ ફરમાવેલી હોવાથી ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિ. નં. ૪૬૮૪થી રિટ અરજીની બાબતમાં શ્રી. સુરેશભાઈ શેલતને યુનિવર્સિટીના એડવોકેટ તરીકે રોકયાના અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાના;

(૬) ધારાશાસ્ત્ર ભવનના વિદ્યાર્થી શ્રી. એ. ડી. પડીવાલે ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૩૮૬૧ દાખલ કરેલ હોઈ તે માટે યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાનું તેમજ તે અંગેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૭) એપ્રિલ ૧૯૮૩માં લેવાયેલ સેકન્ડ બી.એસસી. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૨૩૮૪ કુ. દેસાઈ હેમાંગી અરવિંદકુમારને આ યુનિવર્સિટીની એક પરીક્ષામાં બેસવાની મનાઈ ફરમાવી હોવાથી ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સી.એ. નં. ૩૯૭૯થી રિટ-અરજી કરી હોવાથી યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતને રોકયાના અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાના;

(૮) યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટરમાં સીનિયર ઑપરેટર તરીકે કામ કરતા શ્રી. પી. પી. મહેતાએ ગુજરાતની વડી અદાલતમાં સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૧૫/૮૩ની બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના તથા તે અંગેની તેમની રૂ. ૫૫૦ની ફી મંજૂર કર્યાના;

સભાગૃહે સદરહુ બાબતોની નોંધ લીધી,

૩૭. યુનિવર્સિટીના કર્મચારીઓના પગારમાંથી કપાત કરેલ પ્રોફેશન ટેક્ષનાં નાણાં સને ૧૯૭૯-૮૦ તથા ૧૯૮૦-૮૧નાં વર્ષોમાં સમયસર ન ભરાતાં વેચાણવેરા અધિકારી (વ્યવસાયવેરો) બટક ૧૪, અમદાવાદ તરફથી મળેલી નોટિસોના અન્વયે નીચેનો શિક્ષાત્મક દંડ ભરવો પડ્યો છે તેની નોંધ લેવા બાબત :

વર્ષ	દંડની રકમ
૧૯૭૯–૮૦	રૂ. ૧૦૪–૦૦
૧૯૮૦–૮૧	રૂ. ૨૨૮–૦૦
	રૂ. ૩૩૨–૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને આ અંગે લાગતાવળગતા જવાબદાર સભ્યનો ખુલાસો મેળવીને તે અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૮. યુનિવર્સિટી કાર્યાલયમાં સેક્શન ઑફિસરની જગ્યા માટે વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેક્શન ઑફિસરની જગ્યા માટે વરણીસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૯. સમાજવિદ્યા ભવનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. ફુલા મેણાને સ્ટે ૧૮૮(૨) પ્રમાણે તેઓને મકાન મરામતના કામ માટે રૂ. ૧૫,૦૦૦ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ઉપરોક્ત લોનની રકમમાંથી તેઓના ખાતે નીકળતી બાકી લોન તથા તે પર જે વ્યાજ થતું હશે તે કાપવાનું રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સફાઈ કામદાર શ્રી. ફુલા મેણાને મકાન મરામત કરાવવા અંગે તેમના નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પ્રોવિડન્ટ ફંડ ખાતેથી મંજૂર કરવી.

૪૦. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૬-૩-૧૯૮૩ની સભામાં સ્વીકારવામાં આવેલ "ધી સહયોગ કો.ઓ. બેંક લિ. ચંદ્રક" આ યુનિવર્સિટીની થર્ડ બી.કોમ. પરીક્ષાના બેંકિંગના વિષયમાં એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલાં નિયમોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે)

૪૧. બી. ડી. કૉલેજ, અમદાવાદની ૧૯૮૩-૮૪ના વર્ષની ત્રિવાર્ષિક તપાસ અંગેની સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—કૉલેજને તથા તેના સંચાલકમંડળને, સંચાલકમંડળમાં હાલ કોઈ ફેરફાર ન કરવા માટે સૂચના આપવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૮–૭–૧૯૮૩ અને તા. ૧૨-૧૦-૧૯૮૩ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૮-૭-૧૯૮૩ અને તા. ૧૨–૧૦-૧૯૮૩ની સભાઓની ભલામણો મંજૂર કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે ડે. એન્જિનિયર્સ (સિવિલ અને (ઇલેક્ટ્રિકલ્સ)ના કામનો પ્રકાર જોતાં તેમને ઓફિસ આપવાનું રાખવું.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૮–૭–૧૯૮૩ની અને તા. ૧૨–૧૦ ૧૯૮૩ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન ઝૂલોજીની જગ્યા પર ડૉ. સીતાલક્ષ્મીની નિમણૂક કરી હતી, પરંતુ તેમણે તે સ્વીકારી ન હોવાથી આ જગાની વરણીસમિતિની તા. ૨૩-૬-૧૯૮૩ની ભલામણ અનુસાર ક્રમાનુવર્તી ડૉ. એમ. વી. રાવનું નામ છે તો ડૉ. રાવની લેક્ચરર ઇન ઝૂલોજીની જગ્યા પર નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા પર નિમાયેલ ડૉ. એલ. સીતાલક્ષ્મીએ તેમની નિમણૂક સ્વીકારી ન હોવાથી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા પર ડૉ. એમ. વી. રાવની નિમણૂક રૂ. ૭૦૦–૪૦–૧૧૦૦–૫૦–૧૩૦૦ એસેસમેન્ટ ૫૦–૧૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

૪૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેની તા. ૧૫-૯-૧૯૮૩ના પત્રાંક એફ. ૨-૭-૮૩ આર.એફ.થી કોઈ પણ જાતની સ્કૉલરશિપ–ફેલોશિપ મળતી ન હોય તેવાં સંશોધન-કાર્ય કરતા વિદ્યાર્થીઓને કન્ટિન્જન્સી ગ્રાન્ટ આપવા માટે રૂ. ૫૦,૦૦૦નું અનુદાન શૈક્ષણિક વર્ષ ૧૯૮૩–૮૪ માટે મંજૂર કર્યાની નોંધ લેવા તથા આ અંગે આગળ કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુદાનની સાભાર નોંધ લેવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવી

૪૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફ કૉલેજ ઑફ ઇન્ડિયા, હૈદ્રાબાદ તરફથી તા. ૫–૧૨–૧૯૮૩થી તા. ૧૪–૧૨–૧૯૮૩ સુધીના મૅનેજમેન્ટ ઑફ એજ્યુકેશન સિસ્ટમ અંગેના ૧૩મા પરિસંવાદમાં કાર્યકારી કુલસચિવ શ્રી એસ. વી. શાસ્ત્રીને મોકલવાનું તથા તે માટે કન્સેશનના દરની ફી રૂ. ૨૦૦૦ વત્તા પ્રવાસ ભથ્થું મંજૂર કર્યાનું;

(૨) યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક-કમ-ટેલિફોન ઑપરેટર તરીકે કામ કરતા શ્રી. જે. ટી. કોડિયાને રાજ્ય સરકારના કુટુંબ નિયોજન ઑપરેશનના ઠરાવ નં. પીજીઆર ૧૨૮૧-

૪૮૪ સીઆઈઆઈ તા. ૪-૧-૧૯૮૨ અન્વયે રૂ. ૨૬૦-૬-૩૦૮ ઈબી-૬-૩૨૬-૮-૩૫૦ ઈબી ૮-૩૯૦-૧૦-૪૦૦ના પગારધોરણમાં રૂ. ૬-૦૦ના ઈજાફાનો લાભ તા. ૧-૯-૧૯૮૩થી આપ્યાનું;

(૩) મનોવિજ્ઞાન ભવનમાં પ્રોફેસર ઑફ એજ્યુકેશનની જગ્યા કે જે અનુસૂચિત જાતિના ઉમેદવાર માટે અનામત હતી તે માટે ત્રણ-ત્રણ વખત જાહેરખબર આપી અરજીઓ મંગાવી હતી; પરંતુ યોગ્ય ઉમેદવાર ન મળવાથી આ જગ્યાને નિયમો પ્રમાણે બિન-અનામત કર્યાનું;

(૪) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રીઓની બનેલી સમિતિની નીચેની ભલામણ મંજૂર કર્યાનું :

સંલગ્ન કૉલેજના ખંડ કે પૂર્ણ સમયના શિક્ષક તરીકે જે કોઈ શિક્ષક તત્કાલીન લાયકાતનાં ધોરણો અનુસાર માન્યતા મેળવી હોય તે શિક્ષકને પાછળથી લાયકાતનાં ધોરણોમાં ફેરફાર થયો હોય તોપણ નવી માન્યતા મેળવવાની રહેતી નથી. કોઈ સંજોગોમાં તે માન્ય શિક્ષકને ખંડ સમયમાંથી પૂર્ણ સમયના શિક્ષક તરીકેની નિમણૂક મેળવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય અને તે સમયે શિક્ષકની નિમણૂક માટેનાં નવાં ધોરણો પ્રચલિત હોય તોપણ તે શિક્ષકની માન્યતા પર્યાપ્ત હોવાથી લાયકાતનાં નવાં ધોરણો તેને લાગુ પડે નહિ.

(૫) તા. ૧-૧-૧૯૮૩ થી તા. ૩૦-૯-૧૯૮૩ સુધીમાં જુદી જુદી પરીક્ષાઓમાં કેટલાક વિદ્યાર્થીઓનાં પરિણામ સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે સભાગૃહે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ૧૯૮૨–૮૪ના બ્લૉક માટે સંશોધન ડૉક્ટરલ થિસિસ સાથે કાર્યના પ્રકાશન માટે અગાઉ રૂ. ૬૦,૦૦૦ (રૂપિયા સાઠ હજાર પૂરા) આર્થિક સહાય તેમના તા. ૧૪-૪-૧૯૮૩ના પત્રાંક એફ. ૩-૧-૮૨ (બી–૨) મંજૂર કરેલ તે સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટેના સંશોધનકાર્યના પ્રકાશન અંગેનો પણ સમાવેશ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તા. ૧૭-૮ ૧૯૮૩ના પત્રાંક એફ.–૩–૧૯૮૨–બી–૨ થી વધારીને રૂ. ૭૫,૦૦૦ ની કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૭. ઑડિટર, સુગણિતમ્ ટ્રસ્ટ, ડિપાર્ટમેન્ટ ઑફ મેથેમેટિક્સ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯ને ગુજરાતી મેથેમેટિકલ જર્નલ "સુગણિતમ્"ના પ્રકાશન માટે અન્ડરસેક્રેટરી ટુ ધી ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, ડિપાર્ટમેન્ટ ઑફ એટોમિક એનર્જી, મુંબઈ–૧ એ તેમના તા. ૨૮-૭-૧૯૮૩ના પત્રાંક ૨૩-૧૯/૧૯૮૩થી ૧૯૮૩–૮૪થી ૩ વર્ષ માટે વાર્ષિક રૂ. ૨,૦૦૦ (રૂપિયા બે હજાર)નું અનુદાન મંજૂર કરેલ છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૮. યુનિવર્સિટી બાંધકામ સમિતિ માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી ઑર્ડિ. ૩૩ હેઠળ કુલ ૪ સભ્યોની ૩ વર્ષ માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—હાલમાં નીચેના ચાર સભ્યો છે તેમની મુદત તા. ૧૩-૧૨-૧૯૮૩ના રોજ પૂરી થાય છે :

૧. શ્રી. વી. જે. મિસ્ત્રી
૨. શ્રી. એચ. એસ. ભગવતી
૩. શ્રી. એમ. સી. શાહ
૪. ડૉ. આર. સી. સોનપાલ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર કુલ ચાર સભ્યોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૯. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો.ઑ. સ્ટોર્સ લિ.ના પેટાનિયમ નંબર ૨૦ (અ/૩) પ્રમાણે તેની વહીવટી સમિતિ પર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**— હાલ ઉપરોક્ત સમિતિ ઉપર નીચેના સભ્યો છે :

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. ડૉ. વી. સી. શાહ
૩. શ્રી. નરહરિભાઈ અમીન
૪. શ્રી. એન. આર. જોષી.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો.—ઑ. સ્ટોર્સ લિ.ની વહીવટી સમિતિ પર યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૦. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ ભારતના પ્રતિનિધિ તરીકે હોંગકોંગ ખાતે તા. ૧૫ સપ્ટેમ્બર ૧૯૮૩ પછી યોજાનાર પ્રથમ કૉમનવેલ્થ મૂક કોર્ટ કૉમ્પિટિશન માટે પસંદગી પામેલ સર એલ. એ. શાહ લૉ કૉલેજના વિદ્યાર્થીશ્રી. રાહુલ ભીમજીઆની અને શ્રી દેવાન વી. પરીખની પસંદગી થઈ છે. આ પૈકી શ્રી. રાહુલ ભીમજીઆની આર્થિક સહાય માટે આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બન્ને વિદ્યાર્થીઓને રૂપિયા એકેક હજારની આર્થિક સહાય પ્રોત્સાહનરૂપે આપવી.

૫૧. એસ.યુ.જી. કૉલેજ ઑફ એજ્યુકેશન એસ.ટી.ટી. કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીએ તેમના તા. ૧૭-૯-૧૯૮૩ના પત્રાંક ૨૪૧-૮૩-૮૪થી મોકલેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

૧. આથી ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા ઠરાવે છે કે શિક્ષણની કૉલેજોમાં ટ્યૂટર અને વ્યાખ્યાતાનું કાર્યભાર એકસરખો અને એક જ પ્રકારનો હોય, જે કોઈ ટ્યૂટર-વ્યાખ્યાતા તરીકેની લાયકાત ધરાવતા હોય તે ટ્યૂટર-વ્યાખ્યાતા તરીકે માન્ય કરવા અને વ્યાખ્યાતા તરીકેના લાભો આપવા.

૨. શિક્ષણની કૉલેજોની બી.એડ. ભાગ ૨ પરીક્ષાઓ માધ્યમિક શાળાઓમાં ગોઠવાય ત્યારે એક પાઠ માટે રૂ. ૧–૦૦ તરીકે અને ઓછામાં ઓછા રૂ. ૨૦–૦૦ ખર્ચ તરીકે યુનિવર્સિટી તરફથી આપવામાં આવે છે. તેના બદલે હવે મોંઘવારી વધી હોવાના કારણે એક પાઠ દીઠ રૂ. ૨–૦૦ તરીકે અને ઓછામાં ઓછા રૂ. ૪૦–૦૦ ખર્ચ તરીકે યુનિવર્સિટી તરફથી આપવામાં આવે એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની આ સભા ઠરાવે છે.

૩. ૧૯૮૪–માર્ચ–એપ્રિલમાં લેવાનાર બી.એડ.ની પરીક્ષામાં ડમીપ્રથા–મોડરેશન અને કેન્દ્રીય પરીક્ષણની યોજનાનો અમલ કરવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઠરાવે છે.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તાવ (૧)ની નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની કૉલેજોની બી.એડ. ભાગ–૨ની પરીક્ષાઓ માધ્યમિક શાળાઓમાં ગોઠવાય ત્યારે એક પાઠ દીઠ રૂ. ૨/– મેળે અને ઓછામાં ઓછા રૂ. ૩૦/– ખર્ચ તરીકે યુનિવર્સિટી તરીકે આપવાનું રાખવું.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો.

૫૨. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યમંડળની કારોબારીએ તેની તા. ૩૦–૭–૧૯૮૩ની સભામાં પસાર કરેલ નીચે જણાવેલ ઠરાવો પર વિચારણા કરવા માટે સદરહુ મંડળના પ્રમુખ તથા મંત્રીએ તેમના તા. ૧૨–૧૦–૧૯૮૩ના પત્રથી વિનંતી કરી છે તો તે પર વિચારણા કરવા બાબત :

૧. "જે આચાર્યોને મૅનેજમેન્ટના કહેવાથી વૅકેશનમાં કામ કરવું પડતું હોય તેમને વૅકેશનમાં કરેલા કામના દિવસોનું સરકારી નિયમો પ્રમાણે લીવ એનકેશમેન્ટ આપવું."

૨. "હાઈસ્કૂલના આચાર્યોની જેમ કૉલેજના આચાર્યોને પણ વાહન ભથ્થું આપવું."

(**નોંધ.**— એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૪/૨૫–૨–૧૯૭૯ની સભાના ઠરાવ અનુસાર આચાર્યને વૅકેશન સ્ટાફ ગણવામાં આવ્યા છે. વૅકેશન સ્ટાફને વૅકેશન દરમ્યાન કૉલેજના કામ માટે બોલાવવામાં આવે તો તેમણે જેટલા દિવસ ફરજ બજાવી હોય તેના ૧–૩ હક્ક રજા તેમના ખાતે જમા કરવા ઠરાવની નોંધમાં જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત વિનંતી નં. ૧ અંગે રાજ્ય સરકારને ભલામણ કરવી અને વિનંતી નં. ૨ ગ્રાન્ટ અંગેની સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૩. બ્લાઇન્ડ મેન્સ એસોસિયેશનને તા. ૭–૨–૧૯૮૪ થી તા. ૧૫–૨–૧૯૮૪ સુધી રામાયણનાં પ્રવચનો માટે યુનિવર્સિટીનું ગ્રાઉન્ડ આપવા અંગે તેઓ તરફથી આવેલા તા. ૨૩–૯–૧૯૮૩ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનું ગ્રાઉન્ડ તા. ૭–૨–૧૯૮૪થી તા. ૧૫–૨–૧૯૮૪ સુધી બ્લાઈન્ડ મેન્સ ઍસોસિયેશનને તેમના તા. ૨૩–૯–૧૯૮૩ના પત્રમાં જણાવ્યા પ્રમાણે વ્યાખ્યાનો યોજવા માટે વાપરવા આપવું, અને પાણી, વીજળી, ગટર ઈ. સેવાઓની વ્યવસ્થા તે સંસ્થાએ પોતાને ખર્ચે કરવાની રહેશે તેમ સ્પષ્ટતા કરવી.

૫૪. કૉલેજનું મકાન કે તેનો ભાગ ભાડે આપવા અંગે નિયમની જોગવાઈની વિચારણા કરી હેવાલ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૮૨ની સભામાં ઠરાવ ક્રમાંક ૩૨ થી નિયુક્ત થયેલી સમિતિની તા. ૧૧-૧૦-૧૯૮૩ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧–૧૦–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી અને મેઈન્ટેનન્સ ગ્રાન્ટ માટે રાજ્ય સાથે ઘટતો પત્રવ્યવહાર કરવો.

૫૫. બાંધકામ સમિતિની તા. ૨૬-૯-૧૯૮૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૬–૯–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬–૯–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામે છે.)

૫૬. ગુજરાત સરકારની તેમ જ યુ.જી.સી.ની રિસર્ચ ફેલોશિપ આપવા અંગે વિચારણા કરીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૪-૧૦-૧૯૮૩ના રોજ મળેલ સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૪–૧૦–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૪-૧૦-૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૭. સ્પેસ એપ્લિકેશન સેન્ટર (ઇસરો) અમદાવાદ અને ગુજરાત યુનિવર્સિટીના સહયોગથી રિપોર્ટ સેન્સિંગ ઇન ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઑફ વોટર રિસોર્સિસ અંગે ઑક્ટોબર ૧૯૮૩ માં પરિષદ યોજવા માટે યુ.જી.સી.એ તેના તા. ૨૦–૯–૧૯૮૩ના પત્રાંક એફ. ૧૪-૬૪-૮૩ (સી.ઇ. ૨) થી રૂ. ૭,૦૦૦ (અંકે સાત હજાર) ની આર્થિક સહાય કરવા મંજૂરી આપી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૮. બી. જે. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ તરફથી યોજાનાર "ઇંગ્લિશ ફોર કૉમર્સ ટીચર્સ" અંગેના પરિસંવાદ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેના પત્રાંક એફ. ૧–૧૧૩–૮૩ (સી.ઇ. ૨) તા. ૧૫-૯-૧૯૮૩ થી રૂ. ૨૬,૩૧૦ અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૯. ભાષા-સાહિત્ય ભવનના ઉપક્રમે યોજાનાર "હિન્દીના વિષયમાં રિસર્ચ મેથોડોલોજી" પરના પરિસંવાદ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને રૂ. ૭,૬૭૦ની આર્થિક

સહાય મંજૂર કર્યાના પત્રાંક એફ. ૧૨૮–૮૩ (સી.ઇ. ૨) તા. ૧૦–૫–૧૯૮૩ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૦. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૦—૩—૧૯૮૦ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૩૭૯-૭૮૪૨૦-બ બિનસરકારી વિનયન, વિજ્ઞાન વાણિજ્ય, શિક્ષણની કૉલેજોમાં વૅકેશન નહીં મેળવતા બિનશિક્ષક કર્મચારીઓને પ્રાપ્ય રજાઓનો રોકડમાં રૂપાંતર કરવા દેવાનો લાભ માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓને આપવા માટે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી, અમદાવાદ શહેર) મંડળના પ્રમુખશ્રીએ કરેલ વિનંતી પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૬–૩–૧૯૮૩ની સભાના ઠરાવ ક્રમાંક ૮૭થી ૯૬ રજાઓના રોકડમાં રૂપાંતર કરવા અંગેના સરકારના ઠરાવનો લાભ સંલગ્ન કાયદાની કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને આપવાનું ઠરાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવા રાજ્ય સરકારને ભલામણ કરવા અને તેનો સ્વીકાર થયેથી તેનો અમલ કરવાનું રાખવું.

૬૧. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તથા એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. જે. જી. રામાણી કૉલેજોને જાણ કર્યા વિના ૧લી ઑગસ્ટ ૧૯૮૩થી સી.યુ.શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં જોડાયા હોવાથી ઑર્ડિ. ૧૨૦-ડી (૨૧)ની નીચે દર્શાવેલ જોગવાઈનું ઉલ્લંઘન થાય છે તો તે પરત્વે ઘટતાં પગલાં લેવા માટે સંબંધકર્તા બંને કૉલેજોના આચાર્યશ્રીઓએ યુનિવર્સિટીને કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત :

O. 120-D (21) :

If a member of the staff leaves the service in the middle of an academic term without due notice and join any college/Institution affiliated to recognised by the University, the Syndicate may not approve his appointment in the new college or recognise him as a teacher for that academic term."

(નોંધ.— શ્રી. જી. જે. રામાણીએ તેમના તા. ૨૪–૮–૧૯૮૩ના પત્રથી આપેલા ખુલાસામાં જણાવ્યું છે કે "આ વર્ષે કૉલેજમાં ફુલટાઈમ પોસ્ટ કરવાની કાર્યવાહી ચાલી રહી હતી અને આ પોસ્ટ ફુલટાઈમ થાય તો સંખ્યાધિક અધ્યાપકોની સંખ્યા ૩ હતી તેથી આ અધ્યાપકોની પસંદગી થવાની સંભાવના હતી. સંખ્યાધિક અધ્યાપકોની પસંદગી થવાની શકયતાઓથી મારા મગજમાં બેકાર થવાનો ભય ઊભો થયો હતો. પ્રોપરચેનલ દ્વારા અરજી કરવા માટે પ્રિન્સિપાલને વાત કરી ત્યારે મને કહેવામાં આવ્યું કે પાર્ટટાઈમવાળા નોકરિયાત માટે આવી કશી જ જરૂર નથી. ")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૨. સને ૧૯૮૩ના વર્ષ માટે 'ડૉ. કે. જી. નાયક ચંદ્રક' (વિજ્ઞાન વિદ્યાશાખા) એનાયત કરવા અંગેની નિષ્ણાત સમિતિના સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આગળના વર્ષે વિજ્ઞાન શાખામાં નિષ્ણાત સમિતિના સભ્યો નીચે પ્રમાણે હતા :

૧. ડૉ. પી. સી. મહેતા
૨. ડૉ. ડી. જે. મહેતા
૩. ડૉ. આર. ડી. પટેલ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિષ્ણાત સમિતિ પર સભ્યોની નિમણૂક કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૩. 'આચાર્યશ્રી એમ. સી. દેસાઈ ચંદ્રક' ૧૯૮૩ના વર્ષનો એનાયત કરવા માટે નિષ્ણાત સમિતિના સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

ગયા વર્ષે નિષ્ણાત સમિતિના સભ્યો નીચે પ્રમાણે હતા :

૧. ડૉ. ધીરુભાઈ વસનજી દેસાઈ
૨. પ્રો. એમ. જે. મહેતા
૩. પ્રો. કે. આર. દીક્ષિત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિષ્ણાત સમિતિ પર સભ્યોની નિમણૂક કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારૂ) :

(૧) યુનિવર્સિટી અને કૉલેજોના શિક્ષકોના પગારની સુધારણા પાંચમી પંચવર્ષીય યોજનાના ઉપલક્ષમાં ટ્યૂટરો-ડેમોન્સ્ટ્રેટરોને લેક્ચરરના પગારધોરણમાં મૂકવા બાબતમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૨—૧૦—૧૯૮૭ના ઠરાવ ક્રમાંક ૫૨૫/૧૩૮૦-૮૦૪૯/૮૩(ખ)નો સ્વીકાર કર્યાના તથા સંલગ્ન વિનયન-વાણિજ્ય-વિજ્ઞાન અને શિક્ષણશાસ્ત્રની કૉલેજોને તેના અમલ કરવા જણાવ્યાના.

(૨) આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદના વ્યાખ્યાતા શ્રી. એ. એચ. ભટ્ટને સર્વિસ બ્રેક કૉન્ડોન કરવા માટે ગુજરાત એફિલિયેટેડ કૉલેજીસ સર્વિસીસ ટ્રિબ્યુનલે તા. ૧૭-૧-૧૯૮૩ના રોજ આપેલ હુકમના ઉપલક્ષમાં આઈ. વી. કૉમર્સ પટેલ કૉલેજ, નડિયાદે શ્રી. એ. એચ. ભટ્ટ વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૧૭૮૨-૮૩ કરી છે. તે કામમાં શ્રી. સુરેશભાઈ શેલતની એડવોકેટ તરીકે નિમણૂક કર્યાના તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) શ્રી. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ એસોશિયેટેડ તરીકે કામ કરતાં કુમારી રૂકશાના ઝેડ. પઠાણની પરદેશ જવા અંગેની તા. ૮—૮—૧૯૮૧થી તા. ૭—૮—૧૯૮૩ સુધીની મંજૂર કરવામાં આવેલ અભ્યાસ રજાના સંદર્ભમાં તા. ૮—૮—૧૯૮૩થી તા. ૩—૯—૧૯૮૩ સુધીની કુલ ૩૧ દિવસની તેઓની રજા બિન-પગારી રજા મંજૂર કર્યાના;

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૫. ડાયરેક્ટર ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ સાયન્સ રિસર્ચ (ન. દિલ્હી)એ તેમના તા. ૨૦-૮-૧૯૮૩ ના પત્રાંક એફ. નં. ૫-૩૦-૮૧-૮૨ એફ.ઈ.એલ.થી મનોવિજ્ઞાન ભવનમાં કામ કરતાં કુ. ચંદ્રા મોહિની આનંદને "એ સ્ટડી ઑફ ધી સેક્સ એજ્યુકેશન પ્રોગ્રામ ઇન સ્કૂલ્સ ફોર ગર્લ્સ એન્ડ ઈટ્સ ઇમ્પેક્ટ ઑન ધેર સોશ્યલ એડજસ્ટમેન્ટ" અંગેના તેમના ડૉક્ટરલ ડિઝર્ટેશનના કામ અંગે રૂ. ૩૦૦૦ (ત્રણ હજાર)ની કન્ટીન્જન્સી ગ્રાન્ટ ઇન એઇડ મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૬. યુનિવર્સિટીના ડેવલપમેન્ટલ કૉમ્યુનિકેશન કેન્દ્રના ઉપક્રમે ૧૯૮૩–૮૪ દરમિયાન યોજનાર "માસ કૉમ્યુનિકેશન એન્ડ એજ્યુકેશનલ ટેકનોલોજી" પરનો કાર્યશિબિર (વર્કશોપ) યોજવા અંગે યુ.જી.સી એ તેના તા. ૧૩-૧૦-૧૯૮૩ ના પત્રાંક એફ.૧૫-૨૦-૧૯૮૩ (એમ.સી.)થી રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર)નું અનુદાન મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૭. સંલગ્ન કૉલેજો તરફથી શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સને ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષની ઑર્ડિ. ૯૬ અન્વયે આપેલ માહિતીમાં રહેલ ક્ષતિઓ-ઊણપો દૂર કરવા સ્મૃતિપત્રો લખવા છતાં કેટલીક સંલગ્ન કૉલેજો તરફથી હજુ સુધી ક્ષતિઓ-ઊણપો દૂર કરવામાં આવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કૉલેજોના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૮. આ યુનિવર્સિટીમાં "Mass Communication & Educational Technology–Setting up of Educational Media Research Centre / Audio Visual Research Centre" માટેની યોજના મંજૂર કરી તે માટે ૧૦૦ ટકા પ્રમાણે એડહોક ગ્રાન્ટ રૂ. ૧૩,૫૦,૦૦૦ (તેર લાખ પચાસ હજાર) મંજૂર કર્યા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના તા. ૧૩–૧૦–૧૯૮૩ના પત્ર ક્રમાંક એફ. ૧૫–૨૦/૮૩ (એમ.સી.)ની નોંધ લેવા બાબત.

અને

૮૬. (૧) યુ.જી.સી.ની ૧૦૦ ટકા ગ્રાન્ટ હેઠળ યુનિવર્સિટીમાં ચાલનારા ટેલિવિઝન પ્રોગ્રામના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરમાં નીચેની જગ્યાઓ માટેનાં લાયકાતના ધોરણો નક્કી કરી તે જગ્યાઓ ભરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા	પગારધોરણ રૂ.
૧.	કો-ઑર્ડિનેટર	૧	૧૨૦૦—૧૯૦૦
૨.	નિર્માતા	૩	૧૩૦૦—૬૦૦

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા	પગારધોરણ રૂ.
૩,	નિર્માણ સહાયક	૩	૧૫૦–૯૦૦
૪.	કેમેરામેન	૩	૬૫૦–૯૦૦
૫.	ગ્રાફિક આર્ટિસ્ટ	૧	૧૫૦–૯૦૦
૬.	ગ્રાફિક આસિસ્ટન્ટ	૧	૪૨૫–૭૦૦
૭.	ફ્લોર આસિસ્ટન્ટ (ગ્રેડ–૧)	૧	૪૨૫–૭૦૦
૮.	ફ્લોર આસિસ્ટન્ટ (ગ્રેડ–૨)	૧	૩૮૦–૫૦૦
૯.	કાર્પેન્ટર	૧	૩૨૦–૪૦૦
૧૦.	હેલ્પર	૨	૨૬૦–૪૦૦
૧૧.	સ્ટેનો (અંગ્રેજી)	૧	૩૫૦–૫૦૦
૧૨.	ટાઇપિસ્ટ (ગુજરાતી)	૧	૨૬૦–૪૦૦
૧૩.	એન્જિનિયર-ઇન-ચાર્જ	૧	૧૨૦૦–૧૯૦૦
૧૪.	આસિ. એન્જિનિયર	૨	૬૫૦–૧૨૦૦
૧૫.	ટેકિનકલ આસિસ્ટન્ટ	૪	૪૨૫–૭૦૦
૧૬.	ટેકનિશિયન	૨	૩૫૦–૫૦૦
૧૭.	એટેન્ડન્ટ	૨	૨૬૦–૪૦૦
૧૮.	સ્ટોરકીપર	૧	૩૨૦–૪૦૦
૧૯.	ટાઇપિસ્ટ (અંગ્રેજી)	૧	૨૬૦–૪૦૦
૨૦.	સ્ટેનો (અંગ્રેજી)	૧	૩૫૦–૫૦૦

(૨) વધુમાં ઉપરોક્ત સેન્ટર માટે ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન વિભાગમાંથી પાસ થયેલા પ્રથમ બેચના નવ વિદ્યાર્થીઓમાંથી છ વિદ્યાર્થીઓને ટેલિવિઝન પ્રોગ્રામ પ્રોડક્શન પ્રોજેક્ટ ઉપર પ્રોજેક્ટ આસિસ્ટન્ટ તરીકે રૂ. ૩૫/-ના દૈનિક ધોરણે તા. ૧-૧૨-૧૯૮૩થી પ્રારંભમાં છ મહિના માટે અને પછી જરૂર પ્રમાણે બીજા છ મહિના માટે રાખવા અંગે કો-ઓર્ડિનેટર્સના તા. ૨૯-૧૦-૧૯૮૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(યુ.જી.સી. આ અંગે ૧૦૦ ટકા ગ્રાન્ટ તા. ૩૧-૩-૧૯૮૩ સુધી આપશે.)

બાબત નં. ૬૮ અને ૮૬ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે આ અંગેની મૂળ યોજના મંજૂર કરવી અને આ અંગે તાત્કાલિક આગળની કાર્યવાહી કરવા આ માટેની એડવાઈઝરી કમિટીને સત્તા આપવી.

૬૯. આ યુનિવર્સિટીને ૧૯૮૨-૮૫ના ત્રિવાર્ષિક સમયગાળા માટેનું નિભાવ અનુદાન વાર્ષિક રૂ. ૮૬,૭૩,૦૦૦નું મંજૂર કર્યા અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ગજય ૧૩૮૩–૬૧૮૦૯–ખ તા. ૧૫–૧૦–૮૩ તથા ઠરાવ ક્રમાંક ગજય ૧૩૮૩–૬૧૮૦૯–ખ, તા. ૨૪–૧૦–૧૯૮૩ અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭૦. ફાઈનાન્સ સમિતિની તા. ૧૪-૧૦-૧૯૮૩ ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪–૧૦–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૧૦-૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૭૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે બતાવેલા પગારધોરણમાં અને મૂળ માસિક પગારમાં મૂલ્યાંકન કરવા અંગેની તા. ૨૭-૧૦-૧૯૮૩ના રોજ મળેલી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	પગારધોરણ	મૂળ માસિક પગાર	કઈ તારીખથી મૂલ્યાંકનની મંજૂરી આપવાની છે
૧.	શ્રી આઈ જી. વશી (રીડર)	રૂ. ૧,૨૦૦–૫૦–૧,૩૦૦ ૬૦-૧,૬૦૦ મૂલ્યાંકન ૬૦–૧,૯૦૦	રૂ. ૧,૬૦૦-૦૦	૧૬–૬–૮૩થી
૨.	ડૉ. જે. સી. વોરા	,,	રૂ. ૧,૬૦૦-૦૦	૧૬-૬-૮૩થી

સદરહુ સમિતિની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર તરીકે કામ કરતા ડૉ. આઈ. જી. વશી અને ડૉ. જે. સી. વોરા રૂ. ૧,૨૦૦–૫૦–૧,૩૦૦–૬૦–૧,૬૦૦–મૂલ્યાંકન–૬૦–૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦/– પછીના વાર્ષિક ઈજાફાઓને માટે તા. ૧૬–૬–૧૯૮૩થી પાત્ર ગણવા.

૭૨. યુ.જી.સી.ની ૧૦૦ ટકા ગ્રાન્ટ હેઠળ યુનિવર્સિટીમાં હાથ ધરવામાં આવનાર પ્રૌઢશિક્ષણ કાર્યક્રમમાં નીચેની જગ્યાઓ માટેનાં લાયકાતનાં ધોરણો નક્કી કરી તે જગ્યાઓ ભરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	સંખ્યા	પગારધોરણ રૂ.
૧.	ડાયરેક્ટર	૧	૧,૫૦૦—૨,૫૦૦
૨.	આસિ. ડાયરેક્ટર	૧	૧,૧૦૦—૧,૬૦૦
૩.	પ્રોજેક્ટ ઑફિસર	૧	૭૦૦—૧,૩૦૦
૪.	સ્ટેનોગ્રાફર	૧	૪૨૫— ૭૦૦
૫.	ક્લાર્ક	૧	૨૬૦— ૪૦૦
૬.	એકાઉન્ટ ક્લાર્ક	૧	૨૬૦— ૪૦૦
૭.	ટેક્નિકલ આસિસ્ટન્ટ	૧	૫૦૦— ૯૦૦

આથી ઠરાવવામાં આવે છે કે પ્રૌઢશિક્ષણ કાર્યક્રમ માટેનું એકમ યુનિવર્સીટી કાર્યાલયમાં શરૂ કરવું અને તે માટેની જે જગ્યાઓ ઊભી કરવાનું જરૂરી જણાય તેનાં લાયકાતનાં ધોરણો, પગારધોરણો, ઇત્યાદિ નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૩. શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓને વર્ગ-૩ અને ૪ની અનામત જગ્યાઓમાં નિમણૂક આપવા માટે રોસ્ટરમાં જોગવાઈ કરવા અંગે ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ નં. સી.આર.આર. ૧૧૭૭–૧૦૭૯–ગ–૨ તા. ૬-૬-૧૯૮૩ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**--યુનિવર્સિટીએ આવી જગ્યાઓના ચાર ટકા જગા અનામત રાખવાનું ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૪. ડૉ. સી. આર ભાટિયાના માર્ગદર્શન હેઠળ વનસ્પતિ વિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રી અબ્રાહમ વર્ગીસે રજૂ કરેલ મહાનિબંધ પરના રેફરીઓને અહેવાલમાં મતભેદ પડતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૩-૧૯૮૩ની સભામાં ચોથા પરદેશી રેફરી Prof. W. Gottschalk મહાનિબંધ તપાસવા નિમણૂક કરેલ હોઈ તેમના તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. અબ્રાહમ વર્ગીસે રજૂ કરેલ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકારવો.

૭૫. અનુસૂચિત જાતિઓ—અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓને સારામાં સારું શિક્ષણ આપી ગુણવત્તાના ધોરણે વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવાના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને "Bursary Scheme" સ્વીકારી છે અને તેનો અમલ કરવા યુનિવર્સિટીઓ-કૉલેજોને તેના તા. ૧૩-૧૦-૧૯૮૩ ના પત્રાંક એફ. ૬–૧૬–૮૨ (એસ.સી.-ટી.)થી જણાવેલ છે, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચેના સભ્યોની સમિતિ નીમવી અને તેને આ બાબત અંગે પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા જણાવવું :

૧. શ્રી. ઊજમશીભાઈ કાપડિયા
૨. ડૉ. વી. સી. શાહ
૩. આચાર્ય આર. એચ. વ્યાસ
૪. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
૫. શ્રી. કનુભાઈ શાહ.

૭૬. "ડિપ્લોમા ઇન કૉમ્પ્યુટર ટ્રેનિંગ"ના પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન કૉમ્પ્યુટર ટેઇનિંગના પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૭૭. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં ડ્રેસર તરીકે કામ કરતા શ્રી બી. એમ. વૈશ્યને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત અંગેની રૂ. ૧૪,૦૦૦ ની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી વૈશ્યની ઉપરોક્ત લોનમાંથી બિલ્ડિંગ લોન તથા પ્રો. ફંડ લોનની રકમ તથા તે પરનું વ્યાજ કાપીને બાકીની રકમ આપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડ્રેસર શ્રી. બી. એમ. વૈશ્યને મકાન મરામત કરાવવા અંગે તેમના નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી મંજૂર કરવી.

૭૮. થર્ડ બી.કૉમ. પરીક્ષા માટે "સ્વ. સુમનચંદ્ર એમ. પટવા ચંદ્રક" એડ. એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ વિષયમાં સૌથી વધુ એકસરખા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી થર્ડ બી.કૉમ. પરીક્ષાના તમામ વિષયોમાં થઈને સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને એનાયત કરવા ચંદ્રકની શરતોમાં નિયત કરવામાં આવેલ છે.

એપ્રિલ ૧૯૮૨માં લેવાયેલ થર્ડ બી.કૉમ. પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૧૬૫૦ શ્રી. કચ્છી પરાગ અરુણકાંતને એનાયત કરવામાં આવેલ છે. વિદ્યાર્થી નં. ૧૧૯૧ શ્રી. ગાંધી મયૂર રતિલાલના ગુણમાં તા. ૧૭-૧૦-૧૯૮૩ના રોજ સુધારો થવાથી આ સુવર્ણચંદ્રક તેમને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થી નં. ૧૧૯૧ શ્રી. ગાંધી મયૂર રતિલાલને ઉપરના સંજોગોમાં એક વધારાનો ચન્દ્રક આપવાનું રાખવું.

૭૯. (૧) એપ્રિલ, ૧૯૮૩ માં લેવાયેલ થર્ડ બી.એ. પરીક્ષા માટેનો 'શ્રીમતી વિદ્યાબહેન નીલકંઠ ચંદ્રક", 'હીરાલક્ષ્મી છગનલાલ જેતલી ચંદ્રક' અને શ્રીમતી બાપી-બાઈ છોટાલાલ ચોકસી શિષ્યવૃત્તિ' માટે વિદ્યાર્થી નં. ૫૭૬ અને ૫૮૩ તત્ત્વજ્ઞાન મુખ્ય વિષયમાં એકસરખા સૌથી વધુ ગુણ મેળવતા હોવાથી સદરહુ પ્રદાનો બન્ને વિદ્યાર્થીઓને એનાયત કરવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(૨) એમ.ડી. બ્રાન્ચ-૩ પરીક્ષાના 'સ્વ. શ્રીમતી શરદ અશોક નાણાવટી ચંદ્રક' માટે ઑક્ટોબર ૧૯૮૨ માં લેવાયેલ પરીક્ષાના વિદ્યાર્થી નં. ૬૪ અને ૭૮ થર્ડ એમ.બી.બી.એસ. પરીક્ષામાં ગાયનેકોલોજી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવતા હોવાથી ચંદ્રક બન્ને વિદ્યાર્થીઓને એનાયત કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(૩) કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ) :

એપ્રિલ, ૧૯૮૩માં લેવાયેલ એમ.એસસી પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૮૪ અને ૨૧૩ ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં એકસરખા ગુણ મેળવતા હોવાથી બન્ને વિદ્યાર્થીઓને 'સ્વ. ડૉ. એન. એમ. શાહ સન્માનનિધિ ચંદ્રક' એનાયત કરવા અંગેનું.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રકો અને શિષ્યવૃત્તિ ઉપરના વિદ્યાર્થીઓને આપવાનું રાખવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક ઉપરના બન્ને વિદ્યાર્થીઓ આપવાનું રાખવું.

(૩) કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૮૦. ધારાશાસ્ત્ર વિદ્યાભવન માટે વુડન બેન્ચીઝ ખરીદવા અંગ નીચેની પાર્ટીઓ તરફથી આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત :

ટેન્ડરોનું તારણ નીચે મુજબ છે :

		નંગ દીઠ ભાવ
૧. એલાઈડ મર્ચેન્ડાઈઝિંગ કોર્પોરેશન		રૂ. ૮૭૧-૦૦ વત્તા ટેક્ષ ૧૨ ટકા વત્તા ½ ટકો
૨. સોનલ પ્લાયવૂડ સેન્ટર		રૂ. ૭૧૮-૦૦
૩. યુનાઈટેડ સેલ્સ કોર્પોરેશન		રૂ. ૧૫૦૦-૦૦
૪. આર્ટ કોર્નર	એ.	રૂ. ૧૬૭૦-૫૫
	બી.	રૂ. ૧૪૧૫-૨૫
	બે પીસમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ	

સૌથી ઓછા ભાવ સોનલ પ્લાયવૂડ સેન્ટરના રૂ. ૭૧૮-૦૦ છે.

આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્ર વિદ્યાભવન માટે વૂડન બેન્ચીસ માટે સોનલ પ્લાયવૂડ સેન્ટરનું ટેન્ડર મંજૂર કરવું.

૮૧. કુલપતિશ્રીનું નીચેનું કાર્ય (જાણ સારુ) **:**

શ્રી. બી. એમ. પટેલ તા. ૩૧-૭-૧૯૮૩ના રોજ કુલસચિવના હોદ્દા પરથી નિવૃત્ત થતાં ચીફ એકાઉન્ટ્સ ઓફિસરની વરણી સમિતિ પર તેમની જગ્યા પર કાર્યકારી કુલસચિવ શ્રી. એસ. વી. શાસ્ત્રીની નિમણૂક કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૮૨. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના ઇતિહાસ વિભાગના વડા પ્રો. એમ. જે. મહેતાના "અમદાવાદના ખતપત્રદ્વારા પ્રાદેશિક સાહિત્ય-એક વિવેચનાત્મક મોજણી" 'A critical survey of Regional Material' અંગેની સંશોધન યોજના માટે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ હિસ્ટોરિકલ રિસર્ચ, ન્યુ દિલ્હીએ તેના તારીખ ૩-૯-૧૯૮૩ ના પત્રાંક ૧-૮૩/૮૧ (મેડ યુનિટ)થી રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસહજાર)ની ગ્રાન્ટ-ઇન-એઇડ મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

બાબત નં. ૮૩ અને ૮૪ની વિચારણા સાથે કરવામાં આવી.

૮૩. એજ્યુકેશન કૉલેજ, દરામલી સામેની ફરિયાદ પરત્વે વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૩-૧૯૮૩ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૨થી નિયુક્ત કરેલ સમિતિની તા. ૨૪–૧૦–૧૯૮૩ની સભામાં નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"દરામલી કૉલેજ અંગે નિમાયેલ તપાસસમિતિના સભ્યોએ આ કૉલેજ અંગેની તપાસ કરી છે. તેમાં સ્થળ પર જઈને તપાસ કરી અને કૉલેજે પ્રવેશ અંગે ૧૯૮૨-૮૩ના વર્ષ દરમ્યાન કેટલાક વિદ્યાર્થીઓ પાસેથી ડોનેશન સ્વરૂપે નાણાં લીધાં હતાં તે અંગેની એફિડેવિટો અંગે પણ એફિડેવિટ કરનાર વ્યક્તિઓને તપાસી. આ સમગ્ર તપાસના અંતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને અમારી ભલામણ છે કે ઍકેડેમિક કાઉન્સિલે આ કૉલેજને એફિલિયેશન આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જે ભલામણ કરી છે તે ભલામણ પર વિચારણા કરવામાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને આ મુદ્દો બાધક બનતો નથી. તેથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આ કૉલેજને ઍફિલિયેશન આપવા ઘટતી કાર્યવાહી કરે તેવી અમારી ભલામણ છે."

અને

૮૪. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન ૧૯૮૩થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી, નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૩થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણકરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂપિયા ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

(૩) કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારની સુવિધાઓ કરવામાં આવે અને વિદ્યાર્થીઓને બેસવા માટે જરૂરી પાટલીઓ વસાવવામાં આવે.

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ, ગ્રેજ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

(૨) રાજ્ય સરકારે તેના કર્મચારીઓને, માધ્યમિક શાળાના શિક્ષકોને તેમજ યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને કેન્દ્ર સરકારના ધોરણે ૩૨૦ પોઈન્ટનું મોંઘવારી ભથ્થું મંજૂર કરતાં તેને આધારે વધતા ઘરભાડા ભથ્થા અને કોમ્પેન્સેટરી લોકલ ઍલાવન્સનો જે લાભ આપ્યો છે તે સલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને પણ આપવા રાજ્ય સરકારને વિનંતી કરવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ. / ૩૧૩૨૮ / ૧૯૮૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૧૭-૧૨-૧૯૮૩.

એસ. વી. શાસ્ત્રી
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૨૭

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૯-૭-૧૯૮૩ને શુક્રવારના રોજ સાંજના ૪—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૪.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૫.	શ્રી. પી. બી. પટેલ	ગેરહાજર
૬.	ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૭.	શ્રી હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૭-૪-૧૯૮૩ ની સમિતિની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૭-૪—૧૯૮૩ ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પત્ર નં. એફ. ૨ / ૫-૮૨ (સી.પી.) તા. ૨૩-૪-૧૯૮૩ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિપત્રની નોંધ લેવી.

૩. યુનિવર્સિટી કેમ્પસમાં તથા રીડર્સ ક્વાર્ટર્સ (ટાઈપ) માં કાર પાર્કિંગ માટે શેડ બનાવવા માટે ડૉ. એન. દાસગુપ્તાના તરફથી આવેલા તા. ૧૫—૬—૧૯૮૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે, કે આ માટે રાજ્ય સરકારને ગ્રાન્ટ માટે વિનંતી કરવી અને તે મંજૂર થયેથી આગળ કાર્યવાહી કરવી.

૪. વિદ્યાર્થીઓના છાત્રાલય બ્લૉક એ. બી.ના રસોડાના છાપરા પર વૉટરપ્રૂફિંગના કામના જથ્થામાં નીચે પ્રમાણે વધારો થાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

આઈટમ	ભાવ યુનિટ	ટેન્ડર પ્રમાણે	જથ્થો થયેલ કામ પ્રમાણે	ટેન્ડર પ્રમાણે	ખર્ચ થયેલ કામ પ્રમાણે	વધારો જથ્થામાં	ખર્ચમાં
વૉટર પ્રૂફિંગ	૨૬—૧૯ ચો.મી.	૭૫૦ ચો.મી.	૯૫૦ ચો.મી.	૧૯૬૪૨—૫૦	૨૪૪૮૦-૫૦	૨૦૦ ચો.મી.	૫૩૩૮

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૨૯

ગુજરાત રાજ્ય સરકારની તેમ જ યુ.જી.સી.ની રિસર્ચ ફેલોશિપ ચાલુ રાખવા અંગે વિચારણા કરીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની એક સભા શુક્રવાર, તા. ૧૯-૮-૧૯૮૩ના રોજ બપોરના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિશ્રી કે. સી. પરીખના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી કે.સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. ડૉ. જે. એ. યાજ્ઞિક	હાજર
૩. ,, એ. એસ. નાગર	હાજર
૪. ,, એમ. એન. દેસાઈ	હાજર
૫. ,, વી. સી. શાહ	ગેરહાજર
૬. આચાર્યશ્રી દર્શનસિંગ શીખ	ગેરહાજર
૭. શ્રી એમ. પી. ભટ્ટ	હાજર.

૧. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૪-૯-૧૯૮૩ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૪-૯-૧૯૮૩ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૨-૨-૧૯૮૩ના પત્રાંક એફ.૧૦૦-૧૦/૮૦ આર.એફ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૩. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ યુ.જી.સી.ની સામાન્ય રિસર્ચ ફેલોશિપ ચોથા વર્ષ માટે ચાલુ રાખવાના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ જે તે વિષય અને માર્ગદર્શક શિક્ષક નીચે નોંધાયેલ ૬ વિદ્યાર્થીઓને આપવામાં આવેલી યુ.જી.સી.ની સામાન્ય રિસર્ચ ફેલોશિપ તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણના સંદર્ભમાં ચોથા વર્ષ માટે ચાલુ રાખવી.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ
૧.	શ્રી. ખંડવા યોગિની બી.	સંસ્કૃત	ડૉ. જે. એમ. શુક્લ
૨.	,, પુરોહિત સંધ્યા બી.	રાજ્યશાસ્ત્ર	,, પી. એન. શેઠ
૩.	,, દિવેટિયા સુચિતા સી.	સંસ્કૃત	,, ઈ. એ. સોલોમન
૪.	,, મંજરી ગીયા રંગા	પ્રાણીવિજ્ઞાન	,, એન. જે. ચિનોય
૫.	,, વેડાલા બકુલાભૂષણ ભાસ્કર	વનસ્પતિવિજ્ઞાન	,, એ. બી. વોરા
૬.	,, કિલામ્બી પી. કે.	ફાર્મસી	,, જી. સી. ભાવસાર

૪. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી યુ.જી.સી.ની સામાન્ય પાંચમી યોજના હેઠળની તથા એડહોક ધોરણની : ૮ પૈકીની રિસર્ચ ફેલોશિપ ખાલી પડ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવ્યું કે સદરહુ રિસર્ચ ફેલોશિપ તથા તદર્થ (Adhoc) ધોરણની રિસર્ચ ફેલોશિપ હાલ ખાલી પડેલ છે, તેની નોંધ લેવી.

૫. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના ડૉ. જી. સી. ભાવસારના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા કિલામ્બી પી. કે.ને યુ.જી.સી.ની સામાન્ય રિસર્ચ ફેલોશિપ તા. ૧૭—૧૧—૧૯૮૦થી તા. ૧૬—૧૧—૧૯૮૩ સુધી આપવામાં આવી છે. તેમની ફેલોશિપની બે વર્ષની મુદત પૂરી થતાં તેમની ફેલોશિપનો દર તા. ૧૭—૧૧—૧૯૮૨થી રૂ. ૬૦૦થી રૂ. ૭૦૦ કરવા ડૉ. ભાવસારે ભલામણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના ડૉ. જી. સી. ભાવસારના માર્ગદર્શન હેઠળ પીએચ. ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. કિલામ્બી પી. કે. ની ફેલોશિપનો દર તા. ૧૭—૧૧—૧૯૮૨ના તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણના સંદર્ભમાં રૂ. ૬૦૦થી વધારી રૂ. ૭૦૦ કરી આપવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

રજની દેસાઈ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૩૪

માર્ચ-એપ્રિલ ૧૯૮૩માં વિવિધ કેન્દ્રો પર લેવાયેલ આ યુનિવર્સિટીની જુદીજુદી પરીક્ષાઓમાં મોકલવામાં આવેલ ઓબ્ઝર્વર્સના અહેવાલ પર વિચારણા કરવા માટે કુલપતિશ્રીએ નીમેલ ઓબ્ઝર્વર્સ અંગેની સમિતિની સભા તા. ૧૪—૯—૧૯૮૩ના રોજ ૨—૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૨. આચાર્યશ્રી બી. એમ. પીરજાદા	ગેરહાજર
૩. આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પરીખ	હાજર
૪. શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ	ગેરહાજર
૫. આચાર્યશ્રી આર. એચ. વ્યાસ (ડીનશ્રી વાણિજ્ય વિદ્યાશાખા)	હાજર
૬. ડૉ. વી. સી. શાહ (ડીનશ્રી વિજ્ઞાન વિદ્યાશાખા)	ગેરહાજર
૭. શ્રી. ઊજમશીભાઈ કાપડિયા (ડીનશ્રી વિનયન વિદ્યાશાખા)	હાજર.

સભાનું પ્રમુખસ્થાન ડૉ. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું. માર્ચ એપ્રિલ-મે ૧૯૮૩માં વિવિધ કેન્દ્રો ઉપર લેવામાં આવેલી યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં ઓબ્ઝર્વેશન માટે મોકલવામાં આવેલ ઓબ્ઝર્વર્સ કાર્યાલયને સુપરત કરેલા અહેવાલોને આધારે તૈયાર કરવામાં આવેલ "તારણ" **પરિશિષ્ટ 'અ'** સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું અને સંપૂર્ણ ચર્ચા વિચારણાને અંતે એકિઝક્યુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણો કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

૧. ઓબ્ઝર્વર્સ નીમવા માટેની હાલ જે યાદી છે તે આ યુનિવર્સિટીની પરીક્ષાશુદ્ધિ સમિતિ સમક્ષ જે પ્રકારના કેસો આવ્યા છે તે જોતા આ યાદી ફરી બનાવવી.

૨. આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે વિદ્યાર્થી પાસે જે આવેદનપત્ર કોલેજના આચાર્ય મારફત આવે છે તેમાં વિદ્યાર્થી પાસેથી યુનિવર્સિટીની પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કરશે નહીં અને કરશે તો યુનિવર્સિટી પોતાના ધારાધોરણ અનુસાર જે પગલા લેશે તે તેમને બંધનકર્તા રહેશે તેવી બાંહેધરી લેવાનું રાખવું.

૩. જેઓને આ યુનિવર્સિટીની પરીક્ષામાં ઓબ્ઝર્વર્સ તરીકે નીમવામાં આવે તેમને તેઓ ઓબ્ઝર્વર્સ તરીકેની કામગીરી બજાવે તે પહેલાં જરૂરી માર્ગદર્શન આપવાનું રાખવું.

૪. આ યુનિવર્સિટી દ્વારા લેવાતી પ્રત્યેક પરીક્ષામાં જે જે કેન્દ્રોમાં લેવામાં આવે છે તે કેન્દ્રો પરની સંબંધકર્તા કૉલેજમાં આચાર્યશ્રીને તેમની કૉલેજમાં લેવાતી પરીક્ષાઓમાં પ્રત્યેક બ્લૉક આગળ નીચેની સૂચના લગાવવાની સૂચના આપવી.

All candidate appearing at University Examination are hereby informed that they may be physically checked for objectionable literature and material if any in their possission as and when so required by observers or Junior and Senior Supervisors conducting Examinations.

૫. પરીક્ષાઓમાં ગેરરીતિઓનું પ્રમાણ ઘટે તે માટે પરીક્ષાખંડમાં સુપરવિઝનના કામમાં શક્ય હોય ત્યાં સુધી શિક્ષકો સુપરવિઝન કરે તે ઇચ્છનીય છે. અને તે માટે કૉલેજોના આચાર્યશ્રીઓ મારફત જે તે કૉલેજના શિક્ષકોને આ કામ માટે સહકાર આપવા વિનંતી કરવી.

૬. જે વિદ્યાર્થી જે કેન્દ્રમાં ગેરરીતિ કરતાં પકડાય તે વિદ્યાર્થીને તે પછીના વર્ષોમાં આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં બેસવું હોય તો તેણે તે પરીક્ષા અમદાવાદ કેન્દ્ર પરથી જ પરીક્ષા આપવાની રહેશે અને તે અંગે કૉલેજના આચાર્યે તેવા વિદ્યાર્થીઓનું જુદું આવેદનપત્ર મોકલવાનું રહેશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કે. રા. જોશી
કુલસચિવ વતી.

परिशिष्ट "अ"

માર્ચ—એપ્રિલ—મે ૧૯૮૩માં વિવિધ કેન્દ્રો ઉપર લેવાયેલ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં મોકલવામાં આવેલ ઓબ્ઝર્વર્સના અહેવાલોના આધારે કેન્દ્ર પ્રમાણે તૈયાર કરેલ "તારણ"

ક્રમાંક કેન્દ્રનું નામ	ઓબ્ઝર્વરનું નામ	અહેવાલ
(૧) આદિપુર	શ્રી. કે. એ. શાહ શ્રી. સી. કે. ઠક્કર શ્રી. એસ. ટી. રાજદેવ શ્રી. આર. વી. ધોળકિયા શ્રીમતી દીપિકા ઠક્કર	આ કેન્દ્રના ૨ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. પરીક્ષાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સારું છે. સીનિયર સુપરવાઇઝરનો સહકાર સારો હતો, તેમના અભિપ્રાય મુજબ ઓબ્ઝર્વર્સની પ્રથા ઘણી ઉપયોગી થઇ છે અને મોટા પાયે પ્રથા ચાલુ રાખવી જોઇએ. ૬ પરીક્ષાર્થીઓને ગેરરીતિ કરતાં પકડાયા હતા.

ક્રમાંક	કેન્દ્રનું નામ	ઓબ્ઝર્વરનું નામ	અહેવાલ
(૨)	અમદાવાદ	ડૉ. એમ. એન. દેસાઈ શ્રી. બી. એમ. પીરજાદા શ્રી. એ. ટી. દેસાઈ	આ કેન્દ્રમાં વિવિધ કૉલેજોમાં લેવાયેલ વિવિધ પરીક્ષાઓ અંગે ૫ અહેવાલ કાર્યાલયને મળેલ છે. ૫૬ જેટલા પરીક્ષા ગેરરીતિના કેસ પકડાયા હતા. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ કરવામાં આવ્યું હતું.
(૩)	બાલાસિનોર	શ્રી. આર. પી. શર્મા શ્રી. કે. સી. પટેલ શ્રી. એસ. જે. દવે શ્રી. કે. ડી. પટેલ શ્રી. રસિક ભાવસાર શ્રી. ડી. એન. ત્રિવેદી	આ કેન્દ્ર અંગે ૧૭ અહેવાલ કાર્યાલયને મળેલા છે. પરીક્ષાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક સુપરવિઝન ઉત્તમ હતું. કેન્દ્ર સારું છે. પરીક્ષાકાર્ય વ્યવસ્થિત અને સંતોષકારક રીતે ચાલતું હતું. શિક્ષકોએ પણ જુનિયર સુપરવિઝનનું કામ કરી સહકાર આપ્યો હતો. ૨૦ પરીક્ષાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૪)	ભાદરણ	શ્રી. કે. જી. મહેતા શ્રી. સી. કે. ઠાકર શ્રીમતી એલ. સી. ઠક્કર શ્રી. હીરુભાઈ પટેલ	આ કેન્દ્ર અંગે અહેવાલ કાર્યાલયને મળેલ છે. ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. ૩ પરીક્ષાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૫)	ભિલોડા	શ્રી. એસ. બી. બહેલીમ શ્રી. એ. સી. સોની શ્રી. જે. એસ. જોશી શ્રી. પી. જે. સોની શ્રી. એન. જી. શુકલ શ્રી. એચ. એમ. વ્યાસ	આ કેન્દ્ર અંગેના ૧૭ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. પરીક્ષાર્થીઓને સૂચનાઓ અને ચેતવણીઓ આપવામાં આવી હતી, અને તેમનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. સીનિયર સુપરવિઝન અસરકારક હતું. અન્ય સ્ટાફની સેવાઓ સારી હતી. વહીવટી સ્ટાફનો સહકાર સારો હતો. તા. ૧૧–૪–૧૯૮૩ના રોજ સાંજના પ્રશ્નપત્ર વખતે ઉત્તરવહીઓ જે કબાટમાં હતી તેની ચાવીઓ ક્લાર્કની પાસે હતી, પરંતુ તેઓ તેમના નિવાસસ્થાને ગયા હતા. આથી આચાર્યના ઘરેથી ઉત્તરવહીઓ મંગાવીને પ્રશ્નપત્ર ૩-૧૦ વાગે શરૂ થયું. જો આ ઉત્તરવહીઓ આવી ન હોત તો ૩-૩૦ સુધી પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓને આપી શકયા ન હોત. કેન્દ્રની આ ગંભીર ક્ષતી પ્રત્યે ઑબ્ઝર્વરશ્રીએ ધ્યાન દોર્યું છે. કૉલેજ શાળાના મકાનમાં ચાલે છે. પરીક્ષા શરૂ થાય તે પહેલાં સી. સુપરવાઈઝર સ્ટાફની મદદથી વિદ્યાર્થીઓનાં ખિસ્સાં વિ. તપાસી લેતા, વિદ્યાર્થિનીઓની પર્સ પણ તપાસાતી. મુતરડીઓ કૉલેજના મકાનથી ઘણી દૂર હતી, તેથી

ક્રમાંક	કેન્દ્રનું નામ	ઓબ્ઝર્વરનું નામ	અહેવાલ
			વિદ્યાર્થી સાથે જવાબદાર કર્મચારીને મોકલવામાં આવતા. જાજરૂની વ્યવસ્થા નથી. વિદ્યાર્થીઓને ગ્રંથાલયમાં પુસ્તકો, નોટો વગેરે જમા કરાવી "પાસ" આપવાની સારી પ્રથા છે. વીજળીની સગવડ નથી, કોઈ વિદ્યાર્થી ગેરરીતિ કરતાં પકડાયો નથી.
(૬)	ભૂજ	શ્રી. જી. ડી. શર્મા શ્રી. એસ. એ. શાહ	આ કેન્દ્ર અંગેના ૨ અહેવાલો કાર્યાલયને મળેલા છે. ફેકટોટમ અને સી. સુપરવાઈઝરને પરીક્ષકનાં નામ—સરનામાં સાચવવા-રાખવા અંગેની વધુ સ્પષ્ટતા સી. સુપરવાઈઝરને મોકલવાની જરૂર છે. બહારની વ્યકિત વધુ કડક ચેકિંગ કરી શકે તેથી ઓબ્ઝર્વરની પ્રથા બધા આવકારે છે. સ્થાનિક સી. સુપરવાઈઝરની નિમણૂક માત્ર આચાર્યની ભલામણથીજ ન થવી જોઈએ. જે તે કોલેજમાં અધ્યાપકોના ક્રેડિટ ગુણને લક્ષમાં લઈ તથા શકય તેટલી સમાન રીતે કામગીરીની વહેંચણી સ્થાનિક અધ્યાપકો વચ્ચે થવી જોઈએ. ગયા વર્ષ કરતાં આ વર્ષે ગેરરીતિના કેસો ઓછા એટલે કે ફકત ૩ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૭)	બોરસદ	શ્રી. વી. બી. નાયક શ્રી. ઓ. પી. સકસેના શ્રી. આઈ. એમ. ભટ્ટ શ્રી. એ. ડી. પટેલ શ્રી. એ. ડી. વ્યાસ	આ કેન્દ્ર અંગેના ૫૩ અહેવાલો કાર્યાલયને મળેલા છે. કોલેજનું કંપાઉન્ડ બિલકુલ ખુલ્લું છે. બંધ કંપાઉન્ડ પરીક્ષાનું સંચાલન કરવામાં વધુ સરળતાભર્યું રહે તેથી ભવિષ્ય માટે ઘટતું કરવા જણાવેલ છે. વર્ગોમાં ખરા ઉનાળામાં પંખાની સગવડો નથી. એસ.આર.પી. ની વ્યવસ્થા કરવી જોઈએ. ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. પકડાયેલા વિદ્યાર્થીઓ ગરબડ કરવાની કોશિશ કરતા હતા. એક વિદ્યાર્થીએ કાપલીઓ હોવાનું કબૂલ્યું હતું, પણ ફિઝિકલ ચેકિંગ કરવા દેવાનો ઈન્કાર કર્યો હતો. તે વિદ્યાર્થી પાસેની કાપલીઓનો જથ્થો આચાર્યશ્રીની ચેમ્બરમાંની મુતરડીમાં આવેલ વોશ બેઝીન નીચે સંતાડીને ચાલ્યો ગયો હતો. નિવેદન આપવાની પણ ના પાડી હતી. ૯૮ જેટલા પરીક્ષાર્થીઓ પકડાયા હતા.

ક્રમાંક	કેન્દ્રનું નામ	ઓબ્ઝર્વરનું નામ	અહેવાલ
(૮)	ખંભાત	શ્રી. એન. જી. ગરીબ શ્રી. એ. યુ. ત્રિવેદી	આ કેન્દ્રના ૪ અહેવાલો કાર્યાલયને મળેલા છે. પ્રત્યેક વિદ્યાર્થીનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રનું સંચાલન વ્યવસ્થિત હતું. ૧૫ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૯)	છોટાઉદેપુર	શ્રી. વિનોદ શાહ શ્રીમતી અંજનાબેન મહેતા શ્રી. બી. આર. મિસ્ત્રી શ્રી. એ. એ. પટેલ	આ કેન્દ્ર અંગેના ૯ અહેવાલો કાર્યાલયને મળેલા છે. દરેક વિદ્યાર્થીનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સારું છે. છતાં ઓબ્ઝર્વરની હાજરી અનિવાર્ય છે. બેઠકવ્યવસ્થા, સુપરવિઝન વિ. એકંદરે સંતોષકારક હતું. ૧૨ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૧૦)	ડભોઈ	શ્રી. વી. બી. નાયક શ્રી. સતીષ વ્યાસ શ્રી. પ્રફુલ્લ મહેતા	આ કેન્દ્ર અંગેના ૨૯ અહેવાલો કાર્યાલયને મળેલા છે. પ્રત્યેક પરીક્ષાર્થીનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. પોલીસ બંદોબસ્ત અપૂરતો હતો. પરીક્ષાની સમગ્ર કામગીરી, બેઠકવ્યવસ્થા અને સહકાર સંતોષકારક હતાં. જુ. સુપરવાઈઝરની કામગીરી મંદ હતી. વિદ્યાર્થીઓમાં કાપલીઓ લાવવાનું પ્રમાણ મર્યાદિત હતું. જુ. સુપરવિઝન વધુ કડક બનાવવું જોઈએ. વિદ્યાર્થીઓ પણ આક્રમક સ્વભાવ ધરાવતા જોવા મળ્યા. પાટલીઓ ઉપર લખાણો લખેલાં હતાં. પરીક્ષાખંડની ભીંતો પણ મુદ્દાઓથી ભરેલી હતી. કૉલેજ કાર્યાલય તરફથી પરીક્ષા શરૂ થાય તે પહેલાં ભૂંસી નાખવાની વ્યવસ્થા થવી જોઈએ. લેડીઝ ઓબ્ઝર્વરની ખાસ આવશ્યકતા છે. ૬૩ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૧૧)	દાહોદ	શ્રી. એન. એમ. કાઝી શ્રી. એમ. સી. બુટાલા શ્રી. બી. એન. ગાંધી શ્રી. સુરેશ જે. શાહ	આ કેન્દ્ર અંગેના ૧૩ અહેવાલો કાર્યાલયને મળેલા છે. પ્રત્યેક વિદ્યાર્થીનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. પરીક્ષાનું સંચાલન વ્યવસ્થિત ચાલતું હતું. જુ. અને સી. સુપરવાઈઝરોનો સહકાર સારો હતો. બ્લોકવ્યવસ્થા સંતોષકારક હતી. ૧૯ પરીક્ષાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૧૨)	ડીસા	શ્રી. સી. ડી. ત્રિવેદી શ્રી. ડી. એન. ભાવસાર શ્રી. એમ. ડી. કોટક શ્રી. બી. એમ. ઉપાધ્યાય	આ કેન્દ્ર અંગેના ૨૩ અહેવાલો કાર્યાલયને મળેલા છે. પરીક્ષા શરૂ થયા પછી સીનિયર સુપરવાઈઝરના સહકારથી કાપલીઓ ઉઘરાવી લેવામાં આવતી હતી, સતત ચેકિંગને કારણે ગેરરીતિ માટે તક ન મળે તેનું

ક્રમાંક	કેન્દ્રનું નામ	ઓબ્ઝર્વરનું નામ	અહેવાલ
			ધ્યાન રાખવામાં આવતું હતું. બહારનાં તત્ત્વોની થોડી દખલગીરી હતી. ગયા વર્ષના પ્રમાણમાં એકંદરે સુધારો જણાયો. સ્ટેશનરી, રેકર્ડ વગેરે તપાસ્યું હતું. જુ. સુપરવિઝનના કાર્યમાં કૉલેજના અધ્યાપકોનો પણ સહકાર મળ્યો હતો, તે નોંધનીય છે. બેઠક-વ્યવસ્થા, વાતાવરણ અને સંચાલન સંતોષજનક હતું. ૩ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૧૩)	દહેગામ	શ્રી. વી. બી. નાયક શ્રી. વિનોદ શાહ શ્રી. બી. એસ. ત્રિવેદી	આ કેન્દ્ર અંગેના ૧૬ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. બ્લૉક સુપરવિઝન તથા આચાર્યશ્રીએ ગેરરીતિ-ઓ અંગે વધુ કડક થવાની જરૂર છે. કેન્દ્રની કામગીરી એકંદરે સંતોષકારક હતી. ૧૪ પરીક્ષાર્થીઓ ગેરરીતિમાં પકડાયા હતા.
(૧૪)	ધંધુકા	શ્રી. જે. જે. શુકલ શ્રી. આર. સી. પટેલ શ્રી. આર. કે. પટેલ	ધંધુકા કેન્દ્ર અંગેનો ૧ અહેવાલ કાર્યાલયને મળેલ છે. કેન્દ્રની વ્યવસ્થા ખૂબ જ સારી હતી. કોઈ વિદ્યાર્થી ગેરરીતિ કરતાં પકડાયો નથી.
(૧૫)	ધોળકા	શ્રી. પી. એન. મહેતા શ્રી. આઈ. કે. પાઠક શ્રી. પી. બી. પટેલ શ્રી. એ. યુ. પટેલ શ્રી. ડી. એન. ત્રિવેદી શ્રી. બી. એમ. મૂલે શ્રી. કે. જે. મહેતા	આ કેન્દ્રના ૧૬ જેટલા અહેવાલો કાર્યાલયને મળેલા છે. જુ. સુપરવાઈઝર્સ સક્રિય રીતે કામગીરી બજાવતા હતા. ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. પરીક્ષાકાર્ય કેન્દ્ર ઉપર વ્યવસ્થિત અને સંતોષકારક રીતે ચાલતું હતું. એક વિદ્યાર્થીએ ફિઝિકલ ચેકિંગનો વિરોધ કર્યો હતો અને સરકયુલરની નકલ (દસ્તાવેજી પુરાવો) અને ૨ પંચના સાક્ષી રજૂ કરો તો તપાસ કરી શકો તેમ જણાવેલ. આચાર્યશ્રી અને ફરજ પરના સી. સુપરવાઈઝરે ઓબ્ઝર્વરોને સહકાર ન આપ્યો અને ઊલટાનું "વાઈસ ચાન્સેલર તપાસ કરવા માગે તોપણ તપાસ કરવી યોગ્ય નથી" એમ કહ્યું. આચાર્યશ્રી અને સી. સુપરવાઈઝર વિદ્યાર્થીઓના પક્ષે બેસે તે શંકા ઉપજાવે તેવું છે. અને યુનિવર્સિટીની ઓબ્ઝર્વર પ્રથા તૂટી પડે તેવી દહેશત જેવું ઓબ્ઝર્વરોને લાગ્યું. તેથી સંકળાયેલા બધા જ પક્ષો પર યુનિવર્સિટીએ યોગ્ય કાર્યવાહી કરવી ઘટે તેવી ઓબ્ઝર્વરોએ ભલામણ કરી છે. ૫ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.

ક્રમાંક	કેન્દ્રનું નામ	ઓબ્ઝર્વરનું નામ	અહેવાલ
(૧૬)	ડાકોર	શ્રી. વિનોદ શાહ શ્રી. જી. આર. નીઝામી શ્રી. પી. બી. પટેલ શ્રી. કે. સી. પટેલ શ્રી. શરદ પંડિત	આ કેન્દ્રના ૩૧ અહેવાલો કાર્યાલયને મળ્યા છે. આચાર્ય, બ્લૉક સુપરવાઈઝર વિદ્યાર્થીઓ વિ.નું મંતવ્ય હતું કે રોજ યુનિવર્સિટીનું ચેકિંગ વધવું જોઈએ. વચ્ચે દિવસ પડે તો બીજા દિવસે ગેરરીતિઓ શરૂ થાય. દરેક વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું. એકંદરે પરીક્ષાનું કાર્ય સરળ રીતે ચાલતું હતું. સીનિયર સુપરવાઈઝર તથા સ્થાનિક સ્ટાફનો સહકાર સારો હતો, ૨૦ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૧૭)	દેવગઢબારિયા	શ્રી. જે. કે. જોશી શ્રી. એ. એસ. શાહ શ્રી. સી. એ. ટોપીવાલા શ્રી. સુરેશ જે. શાહ	આ કેન્દ્ર અંગેના ૬ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. જે કેટલાંક સારાં કેન્દ્રો ચાલે છે તેમાંનું આ એક કેન્દ્ર છે. કેન્દ્રની વ્યવસ્થા ઉત્તમ હતી. પરીક્ષા અંગેની તમામ સૂચનાઓથી વિદ્યાર્થીઓ વાકેફ હતા. જુનિયર અને સીનિયર સુપરવાઈઝરોનો સહકાર સારો હતો. ફક્ત ૧ વિદ્યાર્થી ગેરરીતિ કરતાં પકડાયો હતો.
(૧૮)	ગોધરા	શ્રી. કે. સી. પટેલ શ્રી. એસ. સી. પંડિત શ્રી. જી. આર. નીઝામી શ્રી. એસ. ડી. પાઠક	આ કેન્દ્રના ૨૯ અહેવાલ કાર્યાલયને મળેલા છે. સ્થાનિક સુપરવિઝન નબળું, તેમ છતાં કેન્દ્ર સારી રીતે ચાલતું હતું. પોલીસ બંદોબસ્ત નહોતો. ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. ૧૩ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૧૯)	ગાંધીનગર	શ્રી. કે. એમ. પટેલ શ્રી. બી. વી. પટેલ શ્રી. જી. આર. નીઝામી	આ કેન્દ્ર અંગેના ૨૦ અહેવાલ કાર્યાલયને મળેલા છે. કેન્દ્રનું કામકાજ સરવાળે સંતોષકારક માલૂમ પડયું, ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. ૧૩ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૨૦)	હાલોલ	શ્રી. આર. આર. સિંગ શ્રી. એચ. જે. શાહ	આ કેન્દ્રના ૬ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. બેઠકવ્યવસ્થા સારી રીતે ગોઠવવામાં આવી હતી. ૪ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૨૧)	હિંમતનગર	શ્રી. જી. જી. ચૌધરી શ્રી. એન. જી. શાહ શ્રી. પી. જે. ભાંભી શ્રી. જે. બી. ત્રિવેદી શ્રી. જે. એસ. જોષી શ્રી. એચ. એમ. પટેલ શ્રી. હરિહર શુકલ	આ કેન્દ્રના ૪૧ અહેવાલો કાર્યાલયને મળ્યા છે. સી. સુપરવાઈઝરની સાથે બ્લૉક સુપરવિઝન કરવામાં આવ્યું હતું. બેઠકવ્યવસ્થા સંતોષકારક હતી. સી. સુપરવાઈઝર અને અન્ય સ્ટાફનો સહકાર સારો હતો. માનવીય સેવાઓ અને સરકારી સેવાઓ વ્યવસ્થિત રીતે ગોઠવી હતી. કૉલેજ કમ્પાઉન્ડમાં બિનઅધિકૃત વ્યક્તિઓ નહોતાં. જુ. સુપરવિઝન

ક્રમાંક	કેન્દ્રનું નામ	ઓબ્ઝર્વરનું નામ	અહેવાલ
			અધ્યાપકો કરતા હતા. પરીક્ષાસંચાલન યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ થતું હતું. ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક અધ્યાપકોએ પણ નિરીક્ષણ કાર્યમાં સહકાર આપ્યો હતો. ૪ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૨૨)	ઈડર	શ્રી. જે. સી. દેસાઈ શ્રી. જી. જી. ચૌધરી	(૧) આ કેન્દ્રના ૩૯ અહેવાલ કાર્યાલયને મળેલા છે. મકાનવ્યવસ્થા સાનુકૂળ, બ્લૉકગોઠવણી, બેઠક-વ્યવસ્થા અને અન્ય સેવાઓ ઉત્તમ પ્રકારની હતી. વહીવટ, નિરીક્ષણ કાર્ય વિગેરે પણ ખૂબ જ કાર્યતત્પર. આવાં કેન્દ્રો નિરીક્ષણમાંથી બાકાત રાખવામાં આવે તોપણ વાંધો રહેશે નહીં. સુપરવિઝન મોટા ભાગે અધ્યાપકો કરતા હતા. તેથી વિદ્યાર્થીઓ ચોરીઓ કરતાં ગભરાય છે.
	ઈડર	શ્રી. જયરામ વી. પટેલ	(૨) એક વિદ્યાર્થી પાસેથી કાપલી પકડાયેલ, વિદ્યાર્થી ચાવી ગયો અને રૂમમાં મારામારી શરૂ કરી, પોલીસને સોંપી દીધો.
	ઈડર	શ્રી. વી. બી. નાયક	(૩) એક દિવસે પુનઃ ફિઝિકલ ચેકિંગ કરવા તરફ સી. સુપરવાઈઝરનું વલણ નિષેધક લાગ્યું. તેઓ કહેતા હતા કે "ફરી ચેકિંગ કરી છોકરાઓનો ખોટો સમય બગાડો છો કેમ ?" ફિઝિકલ ચેકિંગમાં એક વિદ્યાર્થીએ પ્રશ્નપત્ર ઉપર મુદ્દાઓ લખેલ હતા. તે તરફ તેમનું ધ્યાન દોરતાં તેમણે ઉપરોક્ત વલણ દાખવતા શબ્દો કહ્યા હતા તે તરફ સમિતિનું ઓબ્ઝર્વરે આ અંગે ધ્યાન દોર્યું છે. ૪ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૨૩)	કડી	શ્રી. સતીષ વ્યાસ શ્રી. કે. જી. મહેતા શ્રી. મંગળભાઈ પટેલ શ્રી. વસંતભાઈ દવે શ્રી. ત્રિકમભાઈ પટેલ	આ કેન્દ્રના ૨૦ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રનું પરીક્ષા સંચાલન સંતોષકારક હતું. સ્થાનિક નિરીક્ષકો ખૂબ જ કડકાઈથી પોતાની સેવાઓ આપી રહ્યા હતા. સ્ટાફનો સહકાર પણ સારો હતો. ૮ વિદ્યાર્થીઓ ગેરરીતિઓમાં પકડાયા હતા.

ક્રમાંક	કેન્દ્રનું નામ	ઓબ્ઝર્વરનું નામ	અહેવાલ
(૨૪)	કલોલ	શ્રી. એન. બા. જોશી શ્રી. એ. યુ. ત્રિવેદી શ્રી. બી. એસ. જોશી શ્રી. આઈ. ડી. પટેલ શ્રી. જે. સી. વોરા	આ કેન્દ્રના ૨૪ અહેવાલો કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. સતત નિરીક્ષણને કારણે ગેરરીતિઓ થવાની શકયતા ઓછી હતી. બેઠકવ્યવસ્થા સારી, કેન્દ્રની વ્યવસ્થા સારી, સીનિયર સુપરવાઈઝર અને અન્ય સ્ટાફનો સહકાર સારો હતો. ૨૧ પરીક્ષાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૨૫)	કપડવંજ	શ્રી. બાબુભાઈ પટેલ શ્રી. એ. એ. લુહાર શ્રી. જુડાસ ફ્રાંકો શ્રી. પી. બી. પટેલ	આ કેન્દ્રના ૧૮ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. સી. સુપરવાઈઝરનો સહકાર સારો હતો. બેઠક-વ્યવસ્થા સંતોષકારક રીતે ગોઠવવામાં આવી હતી. કૉલેજ સ્ટાફ-સભ્યો જુ. સુપરવાઈઝરનું કામ કરતા હતા. ૬ પરીક્ષાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૨૬)	લુણાવાડા	શ્રી. જે. સી. દેસાઈ શ્રી. એન. જી. શાહ શ્રી. પી. જે. સોની શ્રી. કે. કે. પટેલ	આ કેન્દ્રના ૩૦ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. કૉલેજને પોતાનું મકાન નથી. વિવિધ સ્થાને ગોઠવણી યથાયોગ્ય હતી. મકાન જૂનું હોવાને કારણે ભૌતિક સુવિધાઓનો અભાવ જણાયો. બેઠકવ્યવસ્થા સંતોષ-કારક હતી. સી. સુપરવાઈઝર અને જુ. સુપરવાઈઝરનો સહકાર સારો હતો. કેટલાકના હાથ ઉપર લખાણ હતાં અને પરીક્ષા શરૂ થતાં પહેલાં હાથ ધોવડાવી નાખ્યા. માનવીય સેવાઓ સારી હતી. પોલીસ બંદોબસ્ત હતો. ૨ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૨૭)	માણસા	શ્રી. સતીષ વ્યાસ શ્રી જગદીશ વ્યાસ શ્રી. કે. કે. પટેલ શ્રી. વી. બી. નાયક શ્રી. વિનોદ શાહ શ્રીમતી અરુણાબહેન નાયક	આ કેન્દ્રના ૨૬ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રનું કામ સંતોષકારક હતું. સી. સુપરવાઈ-ઝરનો સહકાર સારો હતો. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પરીક્ષાનું સંચાલન થતું હતું. વિદ્યાર્થીઓ શાંત અને સ્વસ્થ રીતે પરીક્ષાઓ આપતા હતા. ૧૬ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૨૮)	મહેસાણા	શ્રી. એલ. જે. પટેલ શ્રી. એ. કે. ગોઠી શ્રી. જે. જે. શુકલ	આ કેન્દ્રના ૨૪ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર ઉપર ગયા વર્ષની સરખામણીમાં ખૂબ

	શ્રી. મહેન્દ્ર ગાંધી શ્રી. સી. પી. જોષી શ્રી. એ. યુ. ત્રિવેદી	સુધારો જોવા મળ્યો. કાયદા વિદ્યાશાખાની પરીક્ષાઓમાં કેટલાક વિદ્યાર્થીઓએ ફિઝિકલ ચેકિંગનો વિરોધ કર્યો, પણ સમજાવટથી તેમણે પેપર લખ્યું. સી. સુપરવાઈઝરનો સહકાર ખૂબ સારો હતો. કેન્દ્રનું સંચાલન સંતોષકારક રહ્યું હતું. ચોરીઓ ન થાય તેની પૂરતી કાળજી લીધી હતી અને યોગ્ય ઉપાયો યોજ્યા હતા. ૩૫ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૨૯) મિયાંગામ-કરજણ	શ્રી. આર. જે. અમીન શ્રી. એ. બી. વોરા શ્રી. રજનીકાંત પટેલ શ્રી. આર. જે. રાજન	આ કેન્દ્રના ૧૨ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓનું વલણ એકબીજાના ઉત્તારો જોવા તરફનું હોવાનું લાગ્યું. સીનિયર અને જુનિયર સુપરવાઈઝરોનો સહકાર સારો હતો, કેન્દ્રવ્યવસ્થા સંતોષકારક હતી. ૫ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૩૦) મોડાસા	શ્રી ત્રિકમભાઈ પટેલ શ્રી. રસિકભાઈ ભાવસાર શ્રી. જે. એસ. જોષી શ્રી. વિનોદ શાહ શ્રી. વી. બી. નાયક શ્રી. આર. જે. રાજન	આ કેન્દ્રના ૩૪ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર ખૂબ જ વ્યવસ્થિત રીતે ચાલતું હતું. સ્થાનિક નિરીક્ષકો ખૂબજ કડક શિસ્તપૂર્ણ હતા. કેટલાક વિદ્યાર્થીઓ પ્રશ્નપત્ર ઉપર કોઠાઓ, આકૃતિઓ અને મુદ્દાઓ, ઓબ્જેકિટવ પ્રશ્ન હોય તો ત્યાં ખરાખોટાની નિશાનીઓ કરેલ હતી. તેથી આવા વિદ્યાર્થીઓને ઉઠાડી મૂકવામાં આવ્યા હતા. ત્યાર બાદ ઓબ્ઝર્વર્સ સાથેની સ્થાનિક ફેકટોટમની વર્તણૂક બિલકૂલ ગેરશિસ્તભરી હતી. જુ. સુપરવાઈઝર્સનું ઓબ્ઝર્વર્સ પ્રત્યેનું વલણ નફરતભર્યું હતું. ૧૭ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૩૧) મુન્દ્રા	શ્રી. કે. પી. મહેતા શ્રી. એસ. એ. શાહ	આ કેન્દ્રનો ૧ અહેવાલ કાર્યાલયને મળ્યો છે. નિયત સમયે પરીક્ષા કેન્દ્ર ઉપર પહોંચી જઈ નિરીક્ષણકાર્ય કર્યું હતું. પાટલી પરના લખાણને સુપરવાઈઝરનું ધ્યાન દોરી ભૂંસી નંખાવ્યું હતું. પરીક્ષાર્થીઓને આપાતી વધારાની પુરવણીનો હિસાબ નિયત ફોર્મમાં ભરવા માટે સૂચવ્યું હતું. કોઈ વિદ્યાર્થી ગેરરીતિ કરતાં પકડાયો ન હતો.

(૩૨) નડિયાદ	શ્રી. જે. સી. વોરા શ્રી. ઓ. પી. સકસેના શ્રી. કે. પી. સોની શ્રી. આઈ. ડી. પટેલ શ્રી. આઈ. એમ. ભટ્ટ શ્રી. કે. જી. મહેતા શ્રી. એ. કે. ગોઠી શ્રી. બાબુભાઈ પટેલ શ્રી. એમ. એન. દેસાઈ શ્રી. જે. પી. ત્રિવેદી શ્રી. સી. બી. શાહ શ્રી. આઈ. જી. વશી શ્રી. ચંદુભાઈ ઠક્કર	આ કેન્દ્રના ૭૮ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ દરરોજ બન્ને સેશનમાં કરવામાં આવતું હતું. બેઠકવ્યવસ્થા બિલકુલ અસંતોષકારક હતી. વિદ્યાર્થિનીઓ પણ સારા એવા પ્રમાણમાં ગેરરીતિઓ આચરતી હતી. અંડરવેર, પેન્ટ, રૂમાલ, બૂટ, કમર વિ.માં કાપલીઓ સંતાડીને લાવવામાં આવતી હતી. હાથ ઉપર પણ લખાણો લખી લવાતાં હતાં. એકબીજામાં જોઈને નકલ કરવાના બનાવો પણ બન્યા છે. જુ. સુપરવિઝન બિલકુલ નબળું હતું. ગેરરીતિઓ ઓછી થાય તે માટે હજી બીજાં પગલાં ભરવાં જરૂરી છે. કેન્દ્રમાં ગેરરીતિઓનું પ્રમાણ બંધ થતું નથી. કેન્દ્રે આ અંગે ફેરવિચારણા કરવી જરૂરી છે. કેન્દ્ર બંધ કરી દેવા જેવું છે. સ્થળ પરના સ્ટાફનો સહકાર સારો હતો. ૫૮૦ જેટલા વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૩૩) પાલનપુર	શ્રી. બા. અમ. ઉપાધ્યાય શ્રી. દયાશંકર જોશી શ્રી. અરુણભાઈ દવે શ્રી. દિલુભા વાઘેલા શ્રી. વી. બી. નાયક	આ કેન્દ્રના ૨૯ અહેવાલો કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રમાં પરીક્ષાકાર્ય સરળતાથી ચાલતું હતું. સીનિયર સુપરવાઈઝરનો સહકાર સારો હતો. જુ. સુપરવાઈઝરોનું કાર્ય સંતોષકારક હતું. બેઠકવ્યવસ્થા અને પરીક્ષાનું સંચાલન સંતોષજનક હતું. ૬ વિદ્યાર્થીઓ ગેરરીતિમાં પકડાયા હતા.
(૩૪) પાટણ	શ્રી. ડી. એમ. પટેલ શ્રી. સી. ડી. ત્રિવેદી શ્રી. પી. આઈ. પટેલ શ્રી. જે. આઈ. વ્યાસ શ્રી. કે. કે. પટેલ શ્રીમતી દીપ્તિબહેન નાયક	આ કેન્દ્રના ૪૩ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. બેઠકવ્યવસ્થા સારી હતી. કાયદા વિદ્યાશાખાની પરીક્ષાઓ સિવાયની પરીક્ષાઓનું સંચાલન યુનિવર્સિટીના નિયમો પ્રમાણે સુંદર રીતે ચાલતું હતું. તેમાં સ્થાનિક સંચાલકોનો સહકાર સારો હતો. જુ. સુપરવાઈઝર્સનું કામ પણ સારું છે. યુરીનલ્સ પરીક્ષા કેન્દ્રથી દૂર છે. તેથી વિદ્યાર્થીઓનો સમય બગડતો અને ગેરરીતિની શક્યતા રહેતી. કાયદા વિદ્યાશાખાની પરીક્ષાઓનું સંચાલન નબળું લાગ્યું. તેના ચાર અને પાંચ બધા બ્લૉક સાથે નહોતા. એક બ્લૉક તો કૉમર્સ કૉલેજમાં ગોઠવાયેલો હતો. ઠ.

		સુપરવાઈઝરની બેઝિક ટ્રેઈનિંગનો અભાવ જણાયો મૂત્રાલયો ઘણાં દૂર ગણાય. પરીક્ષાર્થીઓ મુલાકાતે જાય ત્યારે ખાસ્સો સમય લે અને તેની સાથે એક્સ-કોર્ટનો અભાવ હોય. આના ઉપર નિયંત્રણ કરવું ઘણું અઘરું લાગ્યું. પોલીસ રક્ષણનો અભાવ જણાયો. ૩૪ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૩૫) પેટલાદ	શ્રી. આર. એમ. ત્રિવેદી શ્રી. સી. પી. પટેલ શ્રી. ટી. આઈ. દવે શ્રી. જે. જે. દેસાઈ	આ કેન્દ્રના ૯ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. ૭ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૩૬) પિલવાઈ	શ્રી. વિનોદ શાહ શ્રી. ત્રિકમભાઈ પટેલ શ્રી. એમ. સી. જયસ્વાલ શ્રી. એન. જી. પરીખ	આ કેન્દ્રના ૨૭ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક નિરીક્ષકોની કડકાઈ ખૂબ જ હતી. કેન્દ્રની કામગીરી ખૂબ જ સારી હતી. સ્થાનિક સ્ટાફનો સહકાર સારો હતો. ૧૨ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૩૭) પ્રાંતિજ	શ્રી. એન. જે. શાહ શ્રી. એસ. ડી. પાઠક શ્રી. જી. આર. જોષી શ્રી. આર. આર. રાઠોડ	આ કેન્દ્રના ૧૯ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે કેન્દ્ર સંતોષ-કારક રીતે ચાલી રહ્યું છે. સ્થાનિક નિરીક્ષકો નિષ્ઠાવાન છે. ૧૧ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૩૮) સાબરમતી	શ્રી. બી. એમ. પીરઝાદા શ્રી. વી. બી. દવે શ્રી. કનુભાઈ શાહ શ્રી. બી. એસ. ત્રિવેદી શ્રી. પી. સી. રાયજીવાલા	આ કેન્દ્રના ૧૧ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. બહારગામની કૉલેજના પ્રાધ્યાપિકાબહેનને આચાર્યશ્રીએ સી. સુપરવિઝન સોંપ્યું હતું. સેન્ટર વ્યવસ્થિત ચાલે છે. પરીક્ષાકાર્ય શાંતિપૂર્વક ચાલતું હતું. સતત ઓબ્ઝર્વેશનથી વિદ્યાર્થીઓ શાંતિથી લખતા હતા. સ્થાનિક સ્ટાફનો સહકાર સારો હતો. ઉત્તરવહીઓ બહાર લખાઈ છે તેવી ફરિયાદને આધારે તત્કાળ જવાબદાર વ્યક્તિઓને મોકલીને તપાસ કરાઈ હતી. તે અંગેની હકીકતો જોતાં તે કેસ શુદ્ધિ સમિતિને સોંપવાની જરૂર ઓબ્ઝર્વરોને લાગી છે. ૨૦ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.

(૩૯) સંખેડા	શ્રી. આર. જે. અમીન શ્રી. એ. યુ. પટેલ શ્રી. સતીષ વ્યાસ શ્રી. એચ. ઓ. મહેતા	આ કેન્દ્રના ૧૭ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રની વ્યવસ્થા સંતોષકારક નથી. જગ્યા હોવા છતાં, બેન્ચો પાસે પાસે ગોઠવાયેલ છે. સુપરવાઈઝરના પ્લેટફોર્મ નીચેથી ચિઠ્ઠીઓ અને અપેક્ષિતોના ઢગલાઓ કાઢયા. ઓબ્ઝર્વર્સ આવતાં બહારથી સિટીઓ વગાડી જાણ કરી દેવામાં આવતી હતી. ૩૭ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૪૦) સંતરામપુર	શ્રી. એસ. આર. ચૌધરી શ્રી. જે. એમ. પટેલ શ્રી. એન. જી. શુકલ શ્રી. જે. સી. દેસાઈ	આ કેન્દ્રના ૨૧ અહેવાલ કાર્યાલયને મળેલા છે. કેન્દ્ર શાળાના મકાનમાં ચલાવવામાં આવે છે. વર્ગોની સંખ્યા પૂરતી હતી. બેઠકવ્યવસ્થા બરાબર હતી. પુસ્તકો અને નોટબુકો રાખવા માટે અલગ હોલની વ્યવસ્થા હતી. દરેકને "પાસ" આપવામાં આવતો, અને પછી રૂમને, પરીક્ષા શરૂ થતાં અગાઉ તાળું મારી દેવામાં આવતું હતું તેથી ગેરરીતિને કોઈ અવકાશ રહેતો નહીં. સી. સુપરવાઈઝર અને સ્ટાફનો સહકાર પૂરતો હતો. ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. જુ. સુપરવાઈઝર્સ વર્ગમાં સતત ચેકિંગ રાખતા હતા. ૨ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૪૧) સાવલી	શ્રી. આર. સી. પટેલ શ્રી. એ. કે. ગોઠી શ્રી. વિનોદ શાહ શ્રી. રસિક ભાવસાર	આ કેન્દ્રના ૧૪ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. કેન્દ્ર સારું ચાલે છે. ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક સુપરવાઈઝર્સની કામગીરી નબળી હતી. સ્થાનિક ટીચિંગ સ્ટાફે જુ. સુપરવિઝનનું કામ કરી સહકાર આપ્યો હતો. બેઠકવ્યવસ્થા સંતોષકારક હતી. ૧૮ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૪૨) સિદ્ધપુર	શ્રી. ઓ. આર. મહેતા શ્રી. કે. આર. પટેલ શ્રી. બી. એમ. ઉપાધ્યાય શ્રી. એચ. જી. શુકલ શ્રી. ડી. જે. કાલાણી શ્રી. એમ. ડી. કોટક	આ કેન્દ્રના ૧૬ અહેવાલ કાર્યાલયને મળ્યા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. બેઠકવ્યવસ્થા સારી હતી. પરીક્ષાનું કામ શાંત, શિસ્તપૂર્વક અને સંતોષકારક માલૂમ પડેલ છે. આચાર્ય તથા સી. સુપરવાઈઝરનો સહકાર પૂરતો હતો. વિદ્યાર્થીઓ વચ્ચે ઊઠીને બહાર જતા નહોતા, ૨ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા,

(૪૩) તલોદ	શ્રી. એ. કે. ગોઠી શ્રી. વિનોદ શાહ શ્રી. આર. પી. સક્સેના શ્રી. વી. બી. દવે શ્રી. ત્રિકમભાઈ પટેલ	આ કેન્દ્રના ૨૧ અહેવાલ કાર્યાલયને મળેલા છે. કેન્દ્રમાં ચેતવણી આપ્યા બાદ સારી એવી ચિઠ્ઠીઓ મળેલ, ત્યારબાદ શારીરિક તપાસમાં કશું અજુગતું મળેલ ન હતું. પરીક્ષા સારી રીતે ચાલતી હતી. બેઠકવ્યવસ્થા સંતોષકારક હતી. લોકલ સુપરવાઈઝર્સ વર્ગમાં દાખલ થતા વિદ્યાર્થીઓને તપાસી લેતા અને મુતરડીમાં જતી વખતે અને વળતાં ચેકિંગ થતું હતું. સ્થાનિક ટીચિંગ સ્ટાફ જુ. સુપરવિઝનનું કામ કરતો હતો. તમામ ચોપડીઓ અને નોટબુકો સેન્ટ્રલ લાઈબ્રેરીમાં મૂકી ટોકન આપવામાં આવતો હતો, જેથી ગેરરીતિનું કોઈ સાહિત્ય વર્ગમાં જણાતું નહોતું. કેન્દ્ર વ્યવસ્થિત ચાલે છે. ૮ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૪૪) ઊંઝા	શ્રી. કે. જી. મકેના શ્રી. ત્રિકમભાઈ પટેલ શ્રી. વી. બી. નાયક શ્રીમતી દીપ્તિબહેન નાયક	આ કેન્દ્રના ૩૬ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રમાં બ્લૉકની વ્યવસ્થા ખીચોખીચ હતી વ્યવસ્થા—બેન્ચો પર એકબીજા તરફ ડોકિયું કરી શકાય તેવું હતું. પકડવામાં આવેલ વિદ્યાર્થીઓને બચાવવામાં કેટલાંક બહારનાં તત્ત્વો મારફતે ટેલિફોન ઉપર ધમકી આપવામાં આવી હતી. કેન્દ્રનું પરીક્ષા સંચાલન એકંદરે વ્યવસ્થિત લાગ્યું. ૨૮ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.
(૪૫) વડનગર	શ્રી. એમ. ડી. ચૌહાણ શ્રી. એ. યુ. ત્રિવેદી શ્રી. વી. જી. પંડિત શ્રી. વિનોદ શાહ	આ કેન્દ્રના ૧૪ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. પરીક્ષાકાર્ય સારી રીતે ચાલી શકે તે માટે જરૂરી વ્યવસ્થા સારી છે. ગેરરીતિ માટે કોઈ અવકાશ નથી. સ્થાનિક સીનિયર સ્ટાફના સભ્યોનો સહકાર સારો હતો. એકપણ વિદ્યાર્થી પકડાયેલ નથી. એક વિદ્યાર્થી પાસેથી રામપુરી ચપ્પુ મળી આવ્યું હતું.
(૪૬) વિરમગામ	શ્રી. એમ. એન. શેઠ શ્રી. જે. બી. સોની શ્રી. ત્રિકમલાલ પટેલ શ્રી. વી. બી. દવે	આ કેન્દ્રના ૧૧ અહેવાલ કાર્યાલયને મળેલા છે. પરીક્ષાનું કામ વ્યવસ્થિત ચાલતું હતું. બેઠકવ્યવસ્થા બરાબર ગોઠવાયેલી હતી. સ્થાનિક નિરીક્ષકો ખૂબ જ કડકાઈ અને સખતાઈથી કેન્દ્રનું સંચાલન કરતા હતા. મોટાભાગના વિદ્યાર્થીઓને વ્યક્તિગત તપાસ્યા હતા. ૫ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.

(૪૭) વીસનગર	શ્રી. મધુભાઈ સી. પટેલ શ્રી. એસ. જે. શાહ શ્રી. જે. જી. મોદી શ્રી. જયંત મોદી શ્રી. જે. બી. પટેલ	આ કેન્દ્રના ૫૦ અહેવાલ કાર્યાલયને મળેલા છે. વિદ્યાર્થીઓનું ફિઝિકલ ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. પરીક્ષાખંડમાં પાટલીઓ આશરે સાડાચાર ફૂટની લંબાઈવાળી હોવા છતાં દરેક બેન્ચ ઉપર બબ્બે-બબ્બે વિદ્યાર્થીઓ બેસાડેલા હોઈ નજીક-નજીક જણાતા હતા. સી. સુપરવાઈઝરને ઘટતી સૂચના આપી પરીક્ષાર્થી-ઓનું વલણ ચોરી કરવાનું ઉવેખી શકાય તેમ નથી. સી. સુપરવાઈઝરનો સહકાર પૂરતો હતો. મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કેન્દ્ર ઉપર પૂરતો સહકાર આપતા નથી. કેન્દ્ર ઉપર જુ. સુપરવિઝન અસરકારક નથી. કેન્દ્ર ઉપર સતત ઓબ્ઝર્વેશનની જરૂર છે. કાપલીઓ શરૂઆતમાં હોતી નથી, પરંતુ બીજી વખત ચેકિંગ કરતાં કાપલીઓ માલૂમ પડે છે. વાતચીત કરવાનું અને એકબીજામાંથી ઉતારો કરવાનું પણ વિશેષ હતું. ૫૫ વિદ્યાર્થીઓ ગેરરીતિ કરતાં પકડાયા હતા.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૦

ધી સહયોગ કો-ઓ. બૅન્ક લિ. ચંદ્રક

દાતાનું નામ તથા સરનામું : ધી સહયોગ કો.ઓ. બૅન્ક લિ.
શાહપુર દરવાજા બહાર, અમદાવાદ–૩૮૦૦૦૧.

પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦—૦૦ તથા રૂ. ૭૫૦-૦૦ વર્ષ ૧૯૮૩ની પરીક્ષા માટે.

દાનનો પ્રકાર : એક ચંદ્રક

દાનનો સ્વીકાર : યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૬-૩—૧૯૮૩ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

(૧) "ધી સહયોગ કો.ઓ. બૅન્ક લિ. ચંદ્રક" અંદાજી રૂ. ૭૧૦—૦૦ની વાર્ષિક આવકમાંથી એક ચંદ્રક તથા બાકી રહેતી રકમ રોકડમાં દરવર્ષે આ યુનિવર્સિટીની લેવામાં આવતી થર્ડ બી.કૉમ. પદવી પરીક્ષામાં બૅન્કિંગના વિષયમાં યુનિવર્સિટી પરીક્ષામાં ચોથી વધુ ગુણ મેળવી પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

(૨) ચંદ્રક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

(૪) ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે.

(૫) આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

(૬) આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૨

કર્મચારીગણના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની સભા ગુરુવાર, તારીખ ૨૮—૭—૧૯૮૩ના રોજ તથા બુધવાર, તારીખ ૧૨—૧૦—૧૯૮૩ના રોજ બપોરના ૧૨—૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. બન્ને સભાઓમાં હાજરી નીચે મુજબ હતી :

	તા. ૨૮—૭—૧૯૮૨	તા. ૧૨—૧૦—૧૯૮૩
૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલસચિવશ્રી	હાજર	હાજર
૨. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર
૩. આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ	હાજર	હાજર
૪. શ્રી. નરહરિભાઈ પરીખ	હાજર	ગેરહાજર
૫. શ્રી. કનુભાઈ શાહ	હાજર	હાજર
૬. શ્રી. એ. આર. શાહ	હાજર	હાજર
૭. શ્રી. શરદભાઈ પટેલ	હાજર	હાજર

૧. તા. ૧૨—૧૧—૧૯૮૨ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૧૨—૧૧—૧૯૮૨ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફની માગણીઓ અંગે તેમના ઍસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૬—૭—૧૯૮૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ ઍસોસિયેશનની માગણીઓ પૈકી પરીક્ષા માનાર્હ ભણ્યું કાર્યાલય નિયામક અને તેની ઉપરની કક્ષાના અધિકારીગણને માસિક ૧૨॥ ટકાના દરે તા. ૧-૭-૧૯૮૧થી મંજૂર કરવામાં આવ્યું હોઈ તે બાબતમાં હવે વિશેષ કરવાપણું રહેતું નથી. બાકીની માગણીઓ અંગે ઠરાવવામાં આવ્યું કે તે અંગે રાજ્ય સરકારશ્રીને ફરીથી સ્મૃતિપત્ર લખવો.

૩. ગ્રંથાલય સમિતિની તારીખ ૧૭—૮—૧૯૮૨ની ભલામણ અનુસાર ખોખરા-મહેમદાવાદ વાચન કેન્દ્ર, હાજીપુર અને અસારવા કેન્દ્ર ચાલુ રાખવા અને તે માટે નીચેની હંગામી જગ્યાઓ દૈનિક વેતનથી નીમવા અંગે ગ્રંથપાલશ્રીના તા. ૩—૯—૧૯૮૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

૧. જુનિયર ક્લાર્ક ... એક જગ્યા દૈનિક રૂ. ૧૮ થી
૨. પટાવાળા ... એક જગ્યા દૈનિક રૂ. ૧૩ થી
૩. સફાઈ કામદાર ... એક જગ્યા ઉચ્ચક વેતનથી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે હાલની વ્યવસ્થા પર્યાપ્ત હોઈ તે ચાલુ રાખવી.

૪. ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ ઍસોસિયેશનના મંત્રીશ્રીના તા. ૧૬—૯—૧૯૮૨ના પત્રના નીચેના ઠરાવો પર વિચારણા કરવા બાબત :

ઠરાવ ૨

"ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ ઍસોસિયેશનને માન્યતા (રેકગ્નીઝેશન) આપવા આ સભા ગુજરાત યુનિવર્સિટીને વિનંતી કરે છે."

ઠરાવ ૫

"ગુજરાત સરકારે સંલગ્ન કૉલેજોના શિક્ષક તેમ જ બિનશિક્ષક કર્મચારીઓની નોકરીની શરતો અંગેના વિવાદો (ડિસ્પ્યુટ્સ)ના ઉકેલ માટે કાયદાકીય રાહે ટ્રિબ્યુનલની રચના કરી છે. તેવી, યુનિવર્સિટીના કર્મચારીઓ માટે ટ્રિબ્યુનલની સ્થાપના માટે તાકીદે વટહુકમ બહાર પાડવા ગુજરાત સરકારશ્રીને આ ઍસોસિયેશન આગ્રહભરી વિનંતી કરે છે.

વધુમાં જૉઇન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સ, માનનીય કુલપતિશ્રી અને યુનિવર્સિટીના સંબંધકર્તા સત્તામંડળોને વિનંતી કરે છે કે આ બાબતમાં તેમની જરૂરી વગનો ઉપયોગ કરી તાત્કાલિક ઘટતું કરવા તેઓ રાજ્ય સરકારશ્રીને અનુરોધ કરે."

ઠરાવ ૨

આથી ઠરાવવામાં આવે છે સદરહુ બાબતની નોંધ લેવી.

ઠરાવ ૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારશ્રીને ભારપૂર્વક ભલામણ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં વધારાના સ્ટાફ, સાધનો તથા સમય અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. વી. સી. શાહના તા. ૧૧—૮—૧૯૭૯ના પત્રના સંદર્ભમાં શ્રી રેસિડેન્ટ મેડિકલ ઑફિસર, આરોગ્ય કેન્દ્ર તરફથી આવેલ માહિતી પર વિચારણા કરવા બાબત :

[નોંધ—સદરહુ બાબત અંગે સ્થાયી સમિતિએ તેની તા. ૨૭—૧—૧૯૮૨ની સભામાં નીચે મુજબ ઠરાવ્યું :

"આ અંગે યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર સાથે વાતચીત કરીને ફરીથી આ બાબત સમિતિ સમક્ષ મૂકવી."]

આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેતા દર્દીઓની સંખ્યા તથા કામકાજની વિગતો એકઠી કરીને રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરીના હંગામી ચોથા વર્ગના કર્મચારીઓને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૩૦—૧—૧૯૮૨ના ઠરાવના સંદર્ભમાં કાયમી ચોથા વર્ગના કર્મચારીઓને જે પ્રમાણે ગરમ કોટ તથા પેન્ટ આપવામાં આવે છે તે પ્રમાણે ગરમ કોટ અને પેન્ટ આપવા અંગેના તા. ૨૪—૮—૧૯૮૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલત્વી રાખવી.

૭. યુનિવર્સિટી ગ્રંથાલયના આસિ. લાઈબ્રેરિયન તરીકે કામ કરતા શ્રી. ડી. એન. શુકલ, તેમનું નામાભિધાન બદલીને ડેપ્યુટી-લાઇબ્રેરિયન કરવા અંગેની તેમની તા. ૭-૮-૧૯૮૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ પાસેથી આવી જગ્યાઓ તે યુનિવર્સિટીમાં કેટલી છે તે માહિતી મંગાવવી અને તે માહિતી આવ્યાથી આ બાબત ફરીથી આ સમિતિ સમક્ષ રજૂ કરવી.

૮. યુનિવર્સિટી કાર્યાલયમાં પ્રકાશન અધિકારી તરીકે કામ કરતા શ્રી. કે. ડી. પંડયાની તેમના પગારધોરણ અંગેની તા. ૫—૭—૧૯૮૨ની અરજી અંગે વિચારણા કરવા બાબત.

આ અંગે કેટલીક ચર્ચાવિચારણા કરવામાં આવી અને ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૯. ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનનાં સભ્યોનાં પગારધોરણો જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨—૧૨—૧૯૮૧ની સભામાં મંજૂર થયેલ છે તેના સંદર્ભમાં વચગાળાની રાહતરૂપે એડહોક ધોરણે બે ઈન્ક્રીમેન્ટ આપવા તેમના તા. ૨૧—૮—૧૯૮૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનના પ્રતિનિધિઓ સાથે ચર્ચાવિચારણા કરી આ બાબત આ સમિતિ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૧૦. યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં કંપાઉન્ડર તરીકે કામ કરતા શ્રી ડી. જે. ચૌધરીને સીલેક્શન ગ્રેડ અથવા ઈ.એસ.આઈ. પ્રમાણે સીનિયર ફાર્મિસ્ટનો પગાર અને નામાભિધાન આપવા અંગેની તેમની તા. ૧૯—૧—૧૯૮૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે હાલના તબક્કે આ વિનંતી મંજૂર કરવા માટે અવકાશ જણાતો નથી, એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયના મદદનીશ કેશિયર શ્રી. એન. એન. શુક્લને રૂ. ૩૫૮-૬૬૮ના પગારધોરણમાં તા. ૧—૭—૧૯૮૧થી મૂળ માસિક પગાર રૂા. ૫૮૮—૦૦ મળે છે. જ્યારે તેમની સાથે જોડાયેલા શ્રી. વી. બી. પટેલને સીનિયર ક્લાર્કના રૂ. ૩૫૮—૬૬૮ના પગારધોરણમાં રૂા. ૬૦૮—૦૦ મળે છે. તેથી તેમનો મૂળ માસિક પગાર તા. ૧—૭—૧૯૮૧થી રૂ. ૬૦૮—૦૦ કરી આપવા અંગેની તેમની તા. ૨૦—૯—૧૯૮૨ની અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—બંને જગ્યાનાં પગારધોરણો એક જ સરખાં છે અને આ સભ્યો એક જ તારીખે જુ. ક્લાર્ક તરીકે સરખા પગારથી જોડાયેલા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮—૮—૧૯૮૨ના ઠરાવ અન્વયે સેક્શન ઑફિસર તથા તેમની સમકક્ષના રૂ. ૬૫૦—૧૨૦૦ના પગારધોરણ ધરાવતા અન્ય કર્મચારીઓને બ્રીફ કેસ આપવાનું છે, તેના સંદર્ભમાં ડે. એન્જિનિયર (સિવિલ) અને ડે. એન્જિનિયર (ઈલેક્ટ્રિકલ) કે જેમનું પગારધોરણ રૂ. ૫૫૦—૯૦૦ કે તેમને પણ બ્રીફ કેસ આપવા અંગે તેમની તા. ૧૨-૧-૧૯૮૨ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ બાબત અંગે રાજ્ય સરકારના ઠરાવ જોતાં, સદરહુ વિનંતી સ્વીકારી તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૩. ગુજરાત યુનિવર્સિટી વર્ગ—૩ કર્મચારી મંડળના પગારધોરણ સુધારવા, બિલ્ડિંગ લોન એડવાન્સ આપવા, એજ્યુકેશન ભથ્થું આપવા, અભ્યાસ રજા વખતે લેવાતા ૪૫ દિવસના રજામાંથી તથા ટ્યુશન ફી તથા પરીક્ષા ફી માંથી મુક્તિ આપવા, દરેક કર્મચારીઓનો વીમો લેવા, ઘરભાડા ભથ્થું ૨૫ ટકા પ્રમાણે કરવા, લોકલ કોમ્પેન્સેટરી ભથ્થું વધારવા, કેકિંગ ભથ્થું આપવા, વાહન ભથ્થું આપવા, સબસિડાઈઝડ ભાવથી

ચા નાસ્તો આપવા, ડોક્ટરોની પેનલની રચના કરવા અંગે, આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ ડયુટી એલાઉન્સ આપવા, કેશ એલાવન્સ આપવા, ખાસ ભથ્થું આપવા, પેટી કેશ-ભથ્થું આપવા વિગેરે ૨૬ માગણીઓ અંગે મંડળના પ્રમુખશ્રીના તા. ૧૪—૧૦—૧૯૮૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ માગણીઓ સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૪. આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ(હવે એકાઉન્ટન્ટ)ની જગાનું તથા હેડ ક્લાર્કની (જુ. સુપ્રિ.) જગ્યાનું પગારધોરણ તા. ૧—૭—૧૯૮૧થી સમકક્ષ થયેલ હોવાથી હવે આ બન્ને જગ્યાઓને એક જ કેડરમાં સીનિયોરિટીના ધોરણે દર્શાવવા અંગેની તા. ૧૮—૧૦—૧૯૮૨ની શ્રી. એચ. સી. દોશી તથા શ્રી. એન. ડી. ભટ્ટની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૫. યુનિવર્સિટીના બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણો વિગેરે અંગે રાજ્ય સરકારે નીમેલા પગારપંચ તરફથી આવેલ પ્રશ્નોત્તરીના જવાબો તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશ્નોત્તરીના જવાબો તૈયાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી અને તે પરત્વે તેનો હેવાલ આવેથી તે બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા :

(૧) શ્રી. એમ. એન. દેસાઈ
(૨) શ્રી. કનુભાઈ શાહ
(૩) આચાર્ય ઘનશ્યામભાઈ પરીખ
(૪) શ્રી. એ. આર. શાહ.

૧૬. યુનિવર્સિટી કાર્યાલયમાં કાયમી પટાવાળા તરીકે કામ કરતા સર્વશ્રી એમ. કે. પારધી અને જે. કે. વાઘેલાને જૂન ૧૯૮૨થી હંગામી જુ. ક્લાર્ક તરીકે નિમણૂક થતાં વધારાના કામ માટે પાંચ ઈજાફા અથવા ઑફિસિયેટિંગ આપવા અંગેની તા. ૨૦—૧૨—૧૯૮૨ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે જણાવવું.

૧૭. ભૂગોળ ભવનમાં કાયમી જુ. ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી હર્ષા સી. શુક્લને લેબોરેટરી ક્લાર્ક તરીકે નિમણૂક આપવા અંગે તેમની તા. ૩—૧—૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૮. યુનિવર્સિટીમાં તા. ૩૧—૧૨—૧૯૭૬ પછીના જોડાયેલા કર્મચારીઓને કોન્ટ્રિબ્યુટરી પ્રૉવિડંટ ફંડનો લાભ આપવા અંગે શ્રી. કે. એચ. પટેલ તથા અન્ય કર્મચારીઓની તા. ૧૦—૧૨—૧૯૮૨ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયા પછી સ્નાતક થયેલા કર્મચારીઓને પણ એસ. એસ. સી. થયેલા કર્મચારીઓને ૩ અને ૫ વધુ ઈંજાફાનો જે લાભ આપ્યો છે તે આપવા અંગે સુપરવાઈઝરી સ્ટાફના ચાર સભ્યોની તા. ૨૯—૧—૧૯૮૩ની સંયુક્ત અરજી પર તથા શ્રી. એમ. ડી. ત્રિવેદી, મદદનીશ કુલસચિવશ્રીની તા. ૪—૨—૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૦. એસ્ટેટ વિભાગમાં ઈલેક્ટ્રિક વાયરમેન તરીકે કામ કરતા શ્રી. દશરથભાઈ વ્યાસને રાજ્ય સરકાર પ્રમાણે ઈલેક્ટ્રિકલ સુપરવાઈઝરનું નામાભિધાન આપવા અંગે તેમની તા. ૧૪—૨—૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બે જગ્યાઓ પૈકી એક જગ્યાને અપગ્રેડ કરવા માટે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

૨૧. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રમાં લેબોરેટરી ટેકનિશિયન તરીકે કામ કરતા શ્રી. આર. એમ. પરદેશીને રાજ્ય સરકારના નાણા વિભાગના તા. ૫—૮—૧૯૭૬, તા. ૧૧—૧—૧૯૮૦ તથા તા. ૧૮—૨—૧૯૮૦ના પત્ર અન્વયે રૂ. ૪૨૫—૭૦૦નું પગારધોરણ આપવા અંગે તેમની તા. ૧૮—૧—૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. આર. એમ. પરદેશી, લેબોરેટરી ટેકનિશિયનને રાજ્ય સરકારમાં પ્રવર્તમાન રૂ. ૪૨૫—૭૦૦નું પગારધોરણ આપવા માટે રાજ્ય સરકારશ્રીને પોતાની અનુમતિ આપવા વિનંતી કરવી.

ઉપરની બાબતો અંગે વિચારણા કરી સભાનું કામકાજ સમયના અભાવે મોકૂફ રાખવામાં આવેલ અને બાકીના કામકાજની વિચારણા તા. ૧૨—૧૦—૧૯૮૩ની સભામાં કરવામાં આવી હતી.

તા. ૨૮—૭—૧૯૮૩ની સભા ત્યાર બાદ મુલતવી રહી હતી અને તે બાકીના કામકાજની યાદી તા. ૧૨—૧૦—૧૯૮૩ની સભામાં વિચારણા માટે લેવામાં આવી.

૨૨. ઈ.એસ.આઈ. યોજનામાં બાકી રહેલા યુનિવર્સિટી પ્રેસના ૨૨ કર્મચારીઓને આ યોજનામાંથી મુક્તિ આપી યુનિવર્સિટીની તબીબી સહાય યોજનાનો લાભ આપવા પ્રેસ વ્યવસ્થાપકશ્રીના તા. ૭—૨—૧૯૮૩ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ યોજનામાં કુલ ૫૫ કર્મચારીઓ પૈકી ૩૭ કર્મચારીઓને તેઓને માસિક રૂ. ૧૦૦૦થી વધુ વેતન મળવાથી આ યોજનામાંથી મુક્તિ મળેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઈ.એસ.આઈ. યોજનામાંથી મુક્તિ આપવા માટે રાજ્ય સરકારશ્રીને વિનંતી કરવી. અને તેવી મુક્તિ મળેથી ઘટતી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૩. રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગના તા. ૩—૮—૧૯૭૭ના ઠરાવ પ્રમાણે યુનિયનના હોદ્દેદારોને ૧૦ દિવસની અને કારોબારીના સભ્યોને ચાર દિવસની રજા મંડળને લગતી બેઠકો—પરિષદો અને તેવી બીજી પ્રવૃત્તિઓમાં હાજરી આપવા માટે મંજૂર કરવા ગુજરાત યુનિવર્સિટી બિનશિક્ષક કર્મચારી સંઘના તા. ૫—૨—૧૯૮૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયર તરીકે કામ કરતા શ્રી એમ. એસ. ભટ્ટને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬—૬—૧૯૮૨ની સભામાં યુનિવર્સિટી એન્જિનિયરનું પગારધોરણ સુધારવા રાજ્ય સરકારને જે ભલામણ કરેલી તેના સંદર્ભમાં તેમનું પગારધોરણ સુધારીને રૂ. ૧૩૦૦—૧૬૦૦નું પગારધોરણ આપવા અંગેની તેમની તા. ૨૧—૨—૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક ૧૫ અંગે નીમેલી પેટાસમિતિને, પગારપંચ જ્યારે યુનિવર્સિટીને રજૂઆત કરવા જણાવે તે વખતે આવા કેસો જોઇતપાસીને પંચ સમક્ષ ઘટતી રજૂઆત કરવા સૂચવવું.

૨૫. યુનિવર્સિટી કાર્યાલયના હિસાબ વિભાગના કાઉન્ટર પર પટાવાળા તરીકે કામ કરતા શ્રી એસ. કે. શર્માને કાઉન્ટર એટેન્ડન્ટનું નામાભિધાન આપવા અંગેની તેમની તા. ૨—૩—૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૨૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગમાં પટાવાળા તરીકે કામ કરતા કર્મચારીઓનું નામાભિધાન લેબોરેટરી એટેન્ડન્ટ આપવા અંગે તેઓની તા. ૩—૩—૧૯૮૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૨૬(અ) યુનિવર્સિટી ગ્રંથાલયના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર ફરજ બજાવતા પટાવાળાઓનું નામાભિધાન કાઉન્ટર એટેન્ડન્ટ કરી આપવા અંગે ગ્રંથાલયના છ પટાવાળાઓની તા. ૨૪—૨—૧૯૮૩ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૨૭. રાજ્ય સરકારે આરોગ્ય કેન્દ્રમાંની વોર્ડ બોયની બે કાયમી જગ્યાઓ પૈકી એક ડ્રેસરની એક જગ્યા રૂ. ૨૧૦—૨૭૦ના પગારધોરણમાં મંજૂર કરી છે પરંતુ યુનિવર્સિટીએ તા. ૧—૭—૧૯૮૧થી આ કેડરની સમકક્ષ કેડરની બીજી જગ્યાઓનું પગારધોરણ રૂ. ૨૬૭—૩૬૫ સુધારેલ હોઇ શ્રી. બી. એમ. વૈશ્યને રૂ. ૨૬૭—૩૬૫નું પગારધોરણ આપવા અંગે તેમની તા. ૧૦—૮—૧૯૮૨ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રીએ જે તારીખ એટલે કે તા. ૧૪—૭—૧૯૮૨થી એક ડ્રેસરની જગ્યાની મંજૂરી આપી છે તે તારીખથી ડ્રેસર શ્રી. બી. એમ. વૈશ્યને રૂા. ૨૩૫—૩૩૭નું પગારધોરણમાં મૂકવા.

૨૮. આરોગ્ય કેન્દ્રના વોર્ડબોય શ્રી. ડી. એમ. પાટીલનું નામાભિધાન ડિસ્પેન્સરી આસિસ્ટન્ટ કરી આપવા અંગે તેમની તા. ૨—૩—૧૯૮૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૯. વિજ્ઞાન વિદ્યાભવનના કીટાણુ વિભાગમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એસ. એન. રાજપૂતને તા. ૨૪-૧-૧૯૮૩થી તા. ૨૩-૪-૧૯૮૩ સુધીની ક્ષયરોગની રજાઓનો તથા આર્થિક સહાયની રાજ્ય સરકારના ધોરણે લાભ આપવા અંગે તેમની તા. ૨૪-૧-૧૯૮૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે આવી અસાધ્ય રોગો માટેની ખાસ રજાઓ અને આર્થિક સહાય રાજ્ય સરકારના ધોરણે મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[**નોંધ.**— વધુમાં તે પ્રમાણે મંજૂર થયેલ કેસો આ સમિતિ સમક્ષ જાણ માટે મૂકવાનું રાખવું.]

૩૦. યુનિવર્સિટી કાર્યાલયમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રીમતી રેણુકાબહેન ચોકસીને રાજ્ય સરકારના નિયમો મુજબ ક્ષયરોગ (પ્લુરસી) માટે તા. ૭-૧૨-૧૯૮૨થી તા. ૮-૪-૧૯૮૩ સુધીની ખાસ રજાઓ આપવા તથા આર્થિક સહાય આપવા અંગે તેમની તા. ૧૧—૨—૧૯૮૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે આવી અસાધ્ય રોગો માટેની ખાસ રજાઓ અને આર્થિક સહાય રાજ્યસરકારના ધોરણે મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[**નોંધ.**—વધુમાં તે પ્રમાણે મંજૂર થયેલ કેસો આ સમિતિ સમક્ષ જાણ માટે મૂકવાનું રાખવું.]

૩૧. સ્ટેનોગ્રાફરના પગારધોરણમાં પ્રવર્તતી વિસંગતતા દૂર કરવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી વર્ગ ૩ કર્મચારી મંડળના તા. ૧—૪—૧૯૮૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૨. યુનિવર્સિટીના ચોકીદાર, ડ્રાઈવર, કર્મચારીઓના કામકાજના કલાકો નક્કી કરવા અંગે ગુજરાત યુનિવર્સિટી બિનશિક્ષક કર્મચારી સંઘના તા. ૮—૨—૧૯૮૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચોકીદારના કામકાજના કલાકો અંગે વધુ માહિતી મેળવી સમિતિની આવતી સભા સમક્ષ રજૂ કરવી. વધુમાં ડ્રાઈવરના કામકાજના કલાકો નક્કી કરી ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૩. યુનિવર્સિટી કાર્યાલયમાં આસિ. એકાઉન્ટન્ટ(નવા નામાભિધાન પ્રમાણે એકાઉન્ટન્ટ)ની ખાલી પડેલી જગ્યા માટે યુનિવર્સિટીએ નક્કી કરેલી ચેનલ પ્રમાણે કોઈ ઉમેદવાર નથી તો આ જગ્યાઓ કેવી રીતે પૂરવી તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ અંગે મદદનીશ કેશિયર શ્રી. એન. એન. શુક્લ, આસિસ્ટન્ટ શ્રીમતી આશાબહેન છાયા, સી. આસિ. શ્રી. એમ. કે. મોદી, સી. આસિ. શ્રી. એ. સી. ત્રિવેદી અને સીનિયર આસિ. શ્રી. યુ. જે. ત્રિવેદીએ તેમને આ જગ્યા પર બઢતી આપવા લેખિત રજૂઆત કરેલી છે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલને તેની તા. ૨૬—૩—૧૯૮૩ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન એનાલિટિકલ કેમિસ્ટ્રી તરીકે કામ કરતા ડૉ. સી. બી. શાહ ભવનમાં તા. ૧—૮—૧૯૭૮થી જોડાયા તે પહેલાં એમ. જી. સાયન્સ કોલેજમાં ચાલુ રહ્યા હોત તો તેમનો મૂળ માસિક પગાર તા. ૧૬—૬—૧૯૭૩ના રોજ રૂ. ૭૪૦—૦૦ મળતો હોત તેના સંદર્ભમાં તેમને તેઓ તા. ૧—૮—૧૯૭૮થી જોડાયા તે તારીખથી રૂ. ૭૦૦ બદલે રૂ. ૭૪૦નો મૂળ માસિક પગાર આપવા અંગેની તેમની તા. ૧૪—૨—૧૯૮૩ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રસાયણ વિજ્ઞાન વિભાગના શિક્ષકોના પગાર અંગેની માહિતી વિભાગના વડા પાસેથી મંગાવીને આ બાબતમાં ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૫. મનોવિજ્ઞાનભવનના લે. આસિસ્ટન્ટ શ્રી જી. ડી. નાયક, ગ્રંથાલયના આસિ. શ્રી. જે. એમ. દવે અને પ્રેસના આસિ. કલાર્ક શ્રી. કે. બી. પંડ્યા સ્નાતકવર્ગનાં કર્મચારીઓને તેમના પછી જોડાયેલા કોઈ કર્મચારી બીજા વર્ગના સ્નાતક ન હોવાથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૮—૧૨—૧૯૮૨ની સભાના ઠરાવ અન્વયે અન્ય એસ.એસ.સી. કર્મચારીઓને ઈજાફાનો જે લાભ મળ્યો છે તે તેમને મળતો નથી તેના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૩૬. વિજ્ઞાન વિદ્યાભવનોના સ્ટોરકીપરો કે જેઓનું પગારધોરણ દેસાઈધંધે તા. ૧—૧—૧૯૭૩થી રૂ. ૪૨૫—૭૦૦ કરેલ છે તેમને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૨૮—૧૨—૧૯૮૨ના ઠરાવ પ્રમાણે એસ.એસ.સી. કર્મચારીઓને બીજા વર્ગના સ્નાતક કર્મચારીઓને ઈજાફાનો જે લાભ આપવામાં આવેલો તે પ્રમાણેનો લાભ તેઓને આપવા અંગે સ્ટોરકીપરોની તા. ૨૮—૨—૧૯૮૩ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૭. યુનિવર્સિટીના વિદ્યાભવનોના સ્ટોરકીપરોનું નામાભિધાન જુનિયર સુપરિન્ટેન્ડેન્ટ (સ્ટોર) કરી આપવા અંગે તેઓની તા. ૧૬—૩—૧૯૮૩ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારી શકાય તેમ નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જણાવવું.

૩૮. ચોથા વર્ગના કર્મચારીઓને પોલિયેસ્ટર ખાદીના ગણવેશ અને બૂટ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૬—૫—૧૯૮૩ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ચોથા વર્ગના કર્મચારીઓને પોલિયેસ્ટર ખાદીનો ગણવેશ આપવો જેના અમલ તા. ૧—૪—૧૯૮૪થી કરવો તથા તેમને બૂટ પણ આપવા, જેનો અમલ તા. ૧—૪—૧૯૮૩થી કરવો. વધુમાં ઠરાવવામાં આવે છે કે ગણવેશ અને બૂટ આપવા અંગે રાજ્ય સરકારનાં ઠરાવમાં જે શરતો છે તે પ્રમાણે તે સ્વીકારીને તેનો અમલ કરવો તે પ્રમાણે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૯. હાલ જે કર્મચારીઓ રોજિંદા અને લાંબામાં ધોરણે દૈનિક વેતનથી કામ કરે છે તેઓને કારમી મોંઘવારી લક્ષમાં લઈને જુલાઈ ૧૯૮૩થી અમલમાં આવે તેવી રીતે તેઓને દરમાં યોગ્ય વધારો કરી આપવા ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઈઝ યુનિયનના તા. ૧૭—૬—૧૯૮૩ના પત્રમાં ક્રમાંક (૧)માં દર્શાવેલ માંગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪૦. યુનિવર્સિટીમાં દૈનિક વેતનથી કામ કરતા સુથાર શ્રી. વાલજીભાઈ પી. મિસ્ત્રીને એવોર્ડના સંદર્ભમાં તા. ૨૮—૧—૧૯૮૩ના રોજ કાયમ કરેલા અને તેઓને યુનિવર્સિટીએ રૂ. ૨૬૦—૪૦૦નું પગારધોરણ આપેલ પણ ત્યારબાદ મિસ્ત્રી તરીકે કામ કરતા શ્રી નાથાભાઈ સોલંકીને યુનિવર્સિટીએ રૂ. ૨૬૦—૩૫૦નું પગારધોરણ આપવાનું નક્કી કરેલ હોઈ અને રાજ્ય સરકારના જાહેર બાંધકામ ખાતામાં આ બન્ને જગ્યાનું પગારધોરણ રૂ. ૨૬૦—૩૫૦ હોવાથી યુનિવર્સિટીએ શ્રી. વાલજીભાઈને રૂ. ૨૬૦—૪૦૦નું પગારધોરણ આપેલ તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે આ બન્ને જગ્યાઓનું (સુથાર અને મિસ્ત્રી) પગારધોરણ રૂ. ૨૬૦—૪૦૦ રાખવું. અને તે પ્રમાણે આ બન્ને સભ્યોને તેમની કાયમી જગ્યાની નિમણૂકની તારીખથી આપવું.

૪૧. કાયમી ધોરણે અટકાવેલું ઇન્ક્રિમેન્ટ મૂકત કરવા અંગે સર્વશ્રી એ. બી. દવે અને શ્રી. આઈ. બી. સાડીવાલાની તા. ૧૧—૭—૧૯૮૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. સી. ટાઇપિસ્ટની જગ્યાના લાયકાતનાં ધોરણો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સીનિયર ટાઇપિસ્ટની જગ્યા માટે લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

"H.S.C. or Old S.S.C. with speed of 40 w.p.m. in English Typing & 25 w.p.m. in Gujarati Typing & 5 years experience."

૪૩. શ્રમિક વિદ્યા કેન્દ્રના સ્ટેનોગ્રાફર અને હેડક્લાર્કના પગારધોરણ યુનિવર્સિટીના જે તે હોદ્દાના પગારધોરણ આપવા અંગે તા. ૨૧—૩—૧૯૮૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રમિક વિદ્યા કેન્દ્રના સ્ટેનોગ્રાફર અને હેડક્લાર્કનું પગારધોરણ અનુક્રમે યુનિવર્સિટીના હેડક્લાર્ક અને સ્ટેનોગ્રાફરના પગારધોરણ સમકક્ષ રાખવું.

૪૪. ભવનના ચોથાવર્ગના પટાવાળા ભાઈઓ કે જેઓ પાણી પાવાનું કામ કરે છે. તેમને રૂ. ૨૦/—નું ભથ્થું આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી બિનશિક્ષક કર્મચારી સંઘના તા. ૨૬—૭—૧૯૮૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં વર્કશોપ મિકેનિક તરીકે કામ કરતા શ્રી. એ. બી. પટેલનું નામાભિધાન બદલી આપવા અંગેની તા. ૧૧—૪—૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪૬. આસિસ્ટંન્ટનું નામાભિધાન ધરાવતા કર્મચારીઓને વેઈટેજ સાથે પગાર નક્કી કરવા અંગે ૧૨ કર્મચારીઓની તા. ૧૪—૭—૧૯૮૩ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪૭. વિજ્ઞાન વિદ્યાભવનના લેબોરેટરી આસિસ્ટંટ શ્રી. આર. બી. શાહને હાલ માસિક રૂ. ૧૦—૦૦નું ટાઇપિંગ ભથ્થું આપવામાં આવે છે તેને વધારીને માસિક રૂ. ૨૦—૦૦નું ટાઇપિંગ ભથ્થું આપવા અંગે તેઓની તા. ૨૩—૬—૧૯૮૩ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. બી. શાહની સદરહુ વિનંતી મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉઉન્સિલને ભલામણ કરવી.

એજન્ડા પરથી બાકીની બાબતો ક્રમાંક ૪૮થી ૫૯ ઉપરની વિચારણા સમયનાં અભાવે થઇ શકી ન હતી તેથી તે બાબતોની વિચારણા મોકૂફ રહી હતી.

ત્યારબાદ સભાનું કામકાજ પુરૂં થયું હતું.

વી. વી. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "છ"

કામકાજ ક્રમાંક ૧૧૧

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૬—૯—૧૯૮૩ને સોમવારના રોજ સાંજના ૪—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતાં :

૧. કુલપતિશ્રી	હાજર
૨. ઉપકુલપતિશ્રી	હાજર
૩. ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૪. ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૫. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૬. શ્રી. પી. બી. પટેલ	ગેરહાજર
૭. શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૯—૭—૧૯૮૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૯—૭—૧૯૮૩ને રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. લૉ ભવનના મકાનમાં ધાબા પર ચેનલમાં વોટર પ્રૂફિંગની થીકનેસ જાડાઈ વધુ થાય છે. આથી તે અંગે વધારાનું ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ માટે રેઈટ એનેલિસિસ સહિત વધારાના ભાવ અને ખર્ચ અંગેની વિસ્તૃત વિગતો કંત્રાટી પાસેથી મંગાવીને આગામી સભાગૃહ સમક્ષ તે રજૂ કરવી.

૩. યુનિવર્સિટી કાર્યાલયમાં ઉનાળાની ગરમીના કાયમી ઉકેલ તરીકે કાર્યાલયના કુલપતિશ્રીના અંગત સચિવશ્રીની રૂમમાં એક એરકૂલર મૂકી આપવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—યુનિવર્સિટી કાર્યાલયમાં ઉનાળાની ગરમીના કાયમી ઉકેલ તરીકે કાર્યાલયના વિભાગોમાં એરકૂલર પૂરા પાડવાની બાબત તા. ૨૯—૭—૮૩ની બાંધકામ સમિતિ સમક્ષ મૂકી હતી તેમાં નીચે પ્રમાણે ઠરાવ થયો હતો.

આથી ઠરાવવામાં આવે છે કે હાલ ખસની ચટ્ટાઈની જે વ્યવસ્થા ઉનાળામાં કરવામાં આવે છે તે ચાલુ રાખવી.]

આથી ઠરાવવામાં આવે છે કે આ રૂમમાં "એક્ઝોસ્ટ ફેન" મૂકવાનું રાખવું.

કુલપતિશ્રીની મંજૂરીથી નીચેની ત્રણ બાબતો રજૂ કરવામાં આવી.

૪. ગુરુ નાનક ભવનમાં મકાનમાં ટી. વી. સ્ટુડિયો તરીકે ઉપયોગ કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડેવલેપમેન્ટ કોમ્યુનિકેશનમાં વર્ગો માટે સહાયભૂત થવા ગુરુ નાનક ભવનમાં મકાનનો ટી. વી. સ્ટુડિયો તૈયાર કરવા માટેનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને આ અંગે ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. બોયઝ હોસ્ટેલ જી બ્લૉકના ઇલેક્ટ્રિક વાયરિંગના કંત્રાટીની ભાવ વધારાની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેન્ડરના ભાવો અને હાલના બજાર ભાવોનું તુલનાત્મક તારણ કંત્રાટી પાસેથી મંગાવવું. આ ભાવ વધારાની માહિતી મંગાવીને આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૬. બોયઝ હોસ્ટેલ જી બ્લૉકના બાંધકામમાં આવેલ સીમેન્ટ ઓછી તાકાત ધરાવતો હોઈ તેનું પ્રમાણ વધારવા અંગે સ્ટ્રકચરલ એન્જિ. મે. વી. એમ. એસ.ની સલાહ પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧ : ૨ : ૪ ને બદલે સીમેન્ટનું ૧ : ૧૫ : ૩ પ્રમાણ રાખવા મે. વી. એમ. એસ. ની સલાહ છે અને તે મુજબ વધારે સીમેન્ટ વપરાય તો લગભગ રૂ. ૨૫,૦૦૦નું ખર્ચ વધારે થાય તેમ છે.]

(અ) આથી ઠરાવવામાં આવે છે કે સીમેન્ટની તાકાત (સ્ટ્રેંગનથ) અંગે ગુજરાત સિવિલ સપ્લાઈઝ કોર્પોરેશનને લખવાનું રાખવું.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે પહેલાંના સીમેન્ટ છે તે ટેસ્ટ કરાવીને તેનો ટેસ્ટ રિપોર્ટ તપાસવો.

(ક) સ્ટ્રકચરલ એન્જિ. મે. વી. એમ. એસ.ની સલાહ મુજબ સીમેન્ટ કોન્ક્રિટનું પ્રમાણ જ્યાં જરૂર હોય ત્યાં જ ૧ : ૧૫ : ૩નું રાખવું અને તે માટે રૂ. ૨૫,૦૦૦—૦૦નું વધારાનું ખર્ચ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[નોંધ.—આ સીમેન્ટ ચણતર પ્લાસ્ટર વિ. બીજા કામકાજ માટે વાપરવો તેમ સભાગૃહમાં સૂચન થયું હતું.]

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૫૬

ગુજરાત રાજ્ય સરકારની તેમ જ યુ.જી.સી.ની રિસર્ચ ફેલોશિપ આપવા અંગે વિચારણા કરીને એકિઝક્યુટિવ કાઉન્સિલે ભલામણ કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલે નીમેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની એક સભા મંગળવાર, તા. ૪—૧૦—૧૯૮૩ના રોજ બપોરના ૩—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રી કે. એસ. શાસ્ત્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. કે. એસ. શાસ્ત્રી કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. જે. એ. યાજ્ઞિક	હાજર
૩. ડૉ. એ. એસ. નાગર	હાજર
૪. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૫. ડૉ. વી. સી. શાહ	ગેરહાજર
૬. આચાર્યશ્રી દર્શનસિંગ શીખ	ગેરહાજર
૭. શ્રી. એમ. પી. ભટ્ટ	હાજર.

૧. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૧૯—૮—૧૯૮૩ના રોજ મળેલ આગામી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૧૯—૮—૧૯૮૩ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. પીએચ.ડી પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ તરફથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રિસર્ચ ફેલોશિપ મેળવવા આવેલ અરજીઓના સંદર્ભમાં રિસર્ચ ફેલોશિપ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવ્યું સદરહુ રિસર્ચ ફેલોશિપ મેળવવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ જે તા. ૩—૯—૧૯૮૩ હતી તે લંબાવીને ૨૫—૧૦—૧૯૮૩ કરવામાં આવી છે તેમ પરિપત્ર દ્વારા લાગતી વળગતી સંસ્થાઓએ જાણ કરવી.

૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદના ડૉ. સી. કે. શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. ભાનુકુમાર જૈનને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ૮ પૈકીની રિસર્ચ ફેલોશિપ જે તા. ૧—૧૦—૧૯૭૯થી તા. ૩૦—૯—૧૯૮૩ સુધી આપવામાં આવી છે, તેની ચાર વર્ષની મુદત તા. ૩૦—૯—૧૯૮૩ના રોજ પૂરી થતી હોઈ તેની મુદત વધુ છ માસ લંબાવવા માટે તેમના માર્ગદર્શક શિક્ષકે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નિયત કરેલ કાર્યવાહી કરી હોઈ તેમની ફેલોશિપની મુદત લંબાવવાના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદના ડૉ. સી. કે. શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. ભાનુકુમાર જૈનને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની તા. ૧—૧—૧૯૭૯થી તા. ૩૦—૯—૧૯૮૩ સુધી આપવામાં આવતી રિસર્ચ ફેલોશિપ તેમના માર્ગદર્શક શિક્ષક ડૉ. સી. કે. શાહની ભલામણના સંદર્ભમાં વધુ છ માસ માટે લંબાવી આપવી,

૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદના ડૉ. સી. કે. શાહના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. દિનેશકુમાર શ્રીવાસ્તવને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સામાન્ય રિસર્ચ ફેલોશિપ જે તા. ૧—૧૦—૧૯૭૯થી તા. ૩૦—૯—૧૯૮૩ સુધી આપવામાં આવી છે, તેની મુદત તા. ૩૦—૯—૧૯૮૩ના રોજ પૂરી થતી હોઈ તે વધુ છ માસ માટે લંબાવવા તેમના માર્ગદર્શક શિક્ષકે ભલામણ કરેલ હોઈને આંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાનભવન, અમદાવાદના ડૉ. સી. કે. શાહના માર્ગદર્શનહેઠળ પીએચ.ડી. માટે નોંધાયેલા શ્રી. દિનેશકુમાર શ્રીવાસ્તવને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની તા. ૧—૧૦—૧૯૭૯થી તા. ૩૦—૯—૧૯૮૩ સુધી આપવામાં આવતી રિસર્ચ ફેલોશિપ તેમના માર્ગદર્શક ડૉ. સી. કે. શાહની ભલામણના સંદર્ભમાં વધુ છ માસ માટે લંબાવી આપવી.

૫. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન અમદાવાદના ડૉ. એસ. જી. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. બળદેવ વી. પટેલને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની (૮ પૈકીની) રિસર્ચ ફેલોશિપ તા. ૧૦—૯—૧૯૭૯થી તા. ૯—૯—૧૯૮૩ સુધી આપવામાં આવી હતી. તેમને લેક્ચરર તરીકે નોકરી મળતા તા. ૧—૮—૧૯૮૩થી રિસર્ચ ફેલો તરીકે રાજીનામું આપેલ છે તેની નોંધ લેવા બાબત.

[**નોંધ.**—મહાનિબંધ (થિસિસ) તા. ૧૫—૭—૧૯૮૩ના રોજ યુનિવર્સિટીમાં સુપરત કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામ પૂરું થયું હતું.

રજની દેસાઈ
કલસચિવ વતી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૭૦

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૧૪—૧૦—૧૯૮૩ને શુક્રવારના રોજ બપોરના ૩—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ ઉપકુલપતિશ્રી	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૫. શ્રી સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૨૯—૭—૧૯૮૩ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના ચંદ્રકો બનાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ૧૧૦ (એકસો દસ) ચંદ્રકો બનાવવા માટે એક ચંદ્રકના રૂ. ૧૭૦—૦૦ રૂપિયા એકસોને સીત્તેરના ભાવે અને ટેન્ડરની શરતો મુજબ મે. કોહિનૂર જવેલર્સને કામ સોંપવું.

૩. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના આઢાર ડુપ્લિકેટિંગ મશીનો માટે વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ મે. ઈન્ડિયન ડુપ્લિકેટર કંપની (ગેસ્ટેનર) સાથે કરવા વિચારણા કરવા અને આ અંગે રૂ. ૬,૨૦૦/—(રૂપિયા છ હજાર બસોના) ખર્ચની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં આઢાર ડુપ્લિકેટિંગ મશીનનો મે. ઈન્ડિયન ડુપ્લિકેટર કંપની લિમિટેડ સાથે સર્વિસ કોન્ટ્રાક્ટ તા. ૩૧—૮—૧૯૮૪ સુધી કંપનીના તા. ૯—૮—૧૯૮૩ના પત્ર નંબર ૧૩૨૦માં જણાવ્યા પ્રમાણે અને શરતોએ કરવા અને આ અંગે રૂ. ૬,૨૦૦/—(રૂપિયા છ હજાર બસો)નો ખર્ચ મંજૂર કરવો.

૪. મે. હેક એન્જિનિયરિંગ વર્કસને સ્ટીલ ફર્નીચર પૂરું પાડનાર માન્ય વેપારીઓની યાદીમાં મૂકવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ અંગે હાલ કોઈ વિચારણા કરવાની જરૂરત નથી.

૫. યુનિવર્સિટી માટે ૪૮૦ (ચારસોને એંસી) નંગ ટ્યૂબ બાર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મે. ઓરિયન્ટ ડિસ્ટિબ્યુટર્સ પાસેથી ૪૮૦ (ચારસોને એંસી) નંગ ટ્યૂબ બાર ઈલેક્ટ્રોન બનાવટના રૂ. ૨૪—૫૦ (રૂપિયા ચોવીસ અને પચાસ પૈસાના) દરે ખરીદવાં.

૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૩૦—૭—૧૯૮૩ની સભાએ નીચેની બાબત ફાઈનાન્સ સમિતિની વિચારણા માટે મોકલેલ હોવાથી તે પર વિચારણા કરવા બાબત.

"યુવક મહોત્સવમાં કૉલેજોને ટોકન સહાય આપવાની ક્ષમતા તપાસવી"

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુવક મહોત્સવમાં કૉલેજોને ટોકન સહાય આપવાની માગણી હાલ સ્વીકારી શકાય તેમ નથી.

[**નોંધ.**—૧૯૮૨—૮૩ના વર્ષમાં યુવક મહોત્સવમાં કુલ આવક રૂ. ૮૩,૧૦૮/— જેની સામે **વર્ષ** ૧૯૮૩—૮૪ના વર્ષમાં રૂ. ૮૬,૪૦૭/— પડનાર છે.]

૭. યુનિવર્સિટી ગ્રંથાલયના પુસ્તકો ૧૯૮૩—૮૪નાં વર્ષ માટે બાઈન્ડિંગ કરાવવા માટેના મંગાવેલ ટેન્ડરોના નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ અંગે ગયા વર્ષના ભાવ વગેરે તપાસી સદરહુ બાબત માટે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના વિભાગો માટે 'ટ્રાન્સન પ્રોડક્ટસ'ના પ્લાસ્ટિકના લેબોરેટરી સાધનો ખરીદવા અંગે કંપની સાથે રેઈટ કોન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે પ્લાસ્ટિકના લેબોરેટરી સાધનો ખરીદવા માટે "મે. ટારસન્સ પ્રોડક્ટ"— કલકત્તા સાથે કંપનીના તા. ૧૪—૩—૧૯૮૩ના પત્રમાં જણાવેલ શરતો મુજબ કરવો.

૯. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણી વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોના નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પ્રાણી વિજ્ઞાન વિભાગ માટે આ સાથેના **પરિશિષ્ટ 'ક'**માં જણાવ્યાં પ્રમાણેના વૈજ્ઞાનિક સાધનો ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવા અને આ અંગે રૂ. ૪૯,૮૯૭/—(રૂપિયા ઓગણ પચાસ હજાર આઠસોને સત્તાણું) સુધીના ખર્ચ મંજૂર કરવો.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરેટરીના "પાર્કના ઓલ્પર ડીઓસસી-૨-ને મે. બ્લુ સ્ટાર લિમિટેડ પાસે ઈન્સ્ટોલ કરાવા અંગે રૂ. ૩,૦૦૦/—(રૂપિયા ત્રણ હજારના) ખર્ચની મંજૂરી આપવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરેટરીના "પાર્કોન ઓલ્પર ડીઓસસી-૨" સાધનને મે. બ્લુ સ્ટાર લિમિટેડ વડોદરા પાસે ઈન્સ્ટોલ કરાવવું અને આ અંગે રૂ. ૩૦૦૦/—(રૂપિયા ત્રણ હજાર) સુધીના ખર્ચ મંજૂર કરવો.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિજ્ઞાન વિભાગ માટે "ઈથર સોલયન્ટ" મે. અમદાવાદ એલમ્બિક ડિપો પાસેથી ખરીદવા અંગે રૂ. ૧,૫૦૦/—(રૂપિયા એક હજાર પાંચસો)ના ખર્ચને મંજૂરી આપવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે રસાયણ વિજ્ઞાન વિભાગ માટે જરૂરી ઈથર સોલયન્ટનો જથ્થો ધી અમદાવાદ એલમ્બિક ડિપો પાસેથી રૂ. ૧૩—૧૧ પૈસાની ભાવે વત્તા ૨.૫ ટકા ઓક્ટ્રોય ડ્યૂટીના વિ. ભાવે ખરીદવો અને આ અંગે રૂ. ૧,૫૦૦/—(રૂપિયા એક હજાર પાંચસોના) ખર્ચની મંજૂરી આપવી.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાન વિભાગના માઇક્રોમીટરની આઇ.પીસીસ. મે. સી. ઝેડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ ઇન્ડિયા પ્રા. લિ. પાસેથી ખરીદવા માટે રૂ. ૩,૩૭૫/–(રૂપિયા ત્રણ હજાર ત્રણસોને પંચોતેર)ના ખર્ચની મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વનસ્પતિ વિજ્ઞાન વિભાગના માઇક્રોમીટરની આઇપીસીસ પે. સી. ઝેડ. ઇન્સ્ટ્રુમેન્ટ્સ ઇન્ડિયન પ્રા. લિમિટેડ મુંબઇ પાસેથી તેમના તા. ૨૨–૮–૧૯૮૩ના પત્રમાં જણાવેલ ભાવે અને શરત મુજબ ખરીદવી અને આ અંગે રૂ. ૩,૩૭૫/–(રૂપિયા ત્રણ હજાર ત્રણસોને પંચોતર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો મે. ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, હૈદ્રાબાદ પાસેથી ખરીદવા રૂ. ૨૨,૦૦૦/–(રૂપિયા બાવીસ હજારના) ખર્ચની મંજૂરી આપવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિજ્ઞાન વિભાગ માટે જરૂરી લેબોરેટરીના વૈજ્ઞાનિક સાધનો– મે. ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ હૈદ્રાબાદ જે સરકારી કંપની છે. તેમની પાસેથી તેમના તા. ૨૯–૮–૧૯૮૩માં પત્રમાં જણાવેલ ભાવે અને શરતોએ ખરીદવાં અને આ અંગે રૂ. ૨૨,૦૦૦/–(રૂપિયા બાવીસ હજાર) સુધીના ખર્ચની મંજૂરી આપવી.

૧૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેનાં કાર્યો (જાણ માટે) :

૧. યુનિવર્સિટીના સબમર્શિબલ પમ્પને મે. કે. બી. એસ. એન્જિનિયરિંગ વર્કસ પાસે રિપેર કરાવવા માટે રૂ. ૫,૦૦૦ (રૂપિયા પાંચ હજારના) ખર્ચની મંજૂરી આપી.

૨. યુનિવર્સિટી મોટરકાર તેમ જ જીજેવી. ૯૪૫૨ને સુપર ગેરેજમાં રિપેર કરાવવા માટે રૂ. ૨,૧૪૪/– (રૂપિયા બે હજાર એકસો ચુંવાલીસના) ખર્ચની મંજૂરી આપી.

૩. યુનિવર્સિટીના કોપિયર મશીન માટે ડેવલપર ખરીદવા માટે રૂ. ૧,૦૪૦ (રૂપિયા એક હજાર ચાલીસ)ના ખર્ચની મંજૂરી આપી.

૪. યુનિવર્સિટી આંતર યુનિવર્સિટી હરીફાઈ માટે ક્રેસ્ટ બનાવવા માટે કુલપતિશ્રીએ રૂ. ૨,૫૦૦/– (રૂપિયા બે હજાર પાંચસોના) ખર્ચની મંજૂરી આપી.

૫. યુનિવર્સિટીની આંતર યુનિવર્સિટી જલસ્પર્ધા માટે બેજ બનાવવા માટે કુલપતિશ્રીએ રૂ. ૧,૯૦૦/– (એક હજાર સાતસોના) ખર્ચની મંજૂરી આપી.

૧૫. યુનિવર્સિટી કાર્યાલય માટે બે બ્રીફ સાઈઝ ગુજરાતી ટાઈપરાઈટર ને રેમિંગ્ટન રેન્ડ ઓફ ઈન્ડિયા પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે બે નંગ ગુજરાતી ટાઈપ રાઈટર બ્રીફ સાઈઝના રેમિંગ્ટન રેન્ડ ઓફ ઈન્ડિયા પાસેથી કંપની ભાવે અને કંપનીની શરતોએ ખરીદવાં.

૧૬. યુનિવર્સિટીના ટાઈપ રાઈટર મિકેનિકનું મહેનતાણું વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ટાઈપ રાઈટર મિકેનિક ને માસિક ઉચ્ચક મહેનતાણું રૂ. ૬૦૦/– (રૂપિયા છસો પૂરા) આપવું અને આ સિવાયનું બીજું કાંઈ મહેનતાણું આપવું નહીં.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાન વિભાગ માટે "ડીપ ફ્રોર પેસ્ટ બોર" ન્યુન્ડોન સાયન્ટિફિક પ્રોડક્ટસ-લખનૌ પાસેથી રૂ. ૧૭,૦૦૦/–(રૂપિયા સત્તર હજાર) સુધીમાં ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ભલામણને કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાન વિભાગ માટે "ડીપ ફ્રોર પેસ્ટ બાર" નંગ–બે સ્ટેઈનલેસ સ્ટીલનાં મે. ન્યુટ્રોન સાયન્ટિફિક પ્રોડક્ટસ કં. લખનૌ પાસેથી તેમના તા. ૧–૯–૧૯૮૩નાં પત્રમાં જણાવેલ ભાવે અને શરતોએ ખરીદવા અને આ અંગે રૂ. ૧૭,૦૦૦/–(રૂપિયા સત્તર હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૮. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાન વિભાગ માટે "ફિલ્ડફિટ અને ઈક્વિપમેન્ટસ" મે. સુપ્રિમ માઉન્ટેનિયરિંગ ઈક્વિપમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ (પ્રા) લિમિટેડ દિલ્હી પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિજ્ઞાન વિભાગ માટે જરૂરી "ફિલ્ડ કીટ્સ" અને તે માટેના સાધનો સુપ્રીમ માઉન્ટેનિયરિંગ ઈક્વેપમેન્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ (પ્રા.) લિમિટેડ-દિલ્હી પાસેથી અધ્યક્ષશ્રીના તા. ૨૪–૯–૧૯૮૩ના પત્રમાં જણાવેલ શરતે અને ભાવે ખરીદવાં અને આ અંગે રૂ. ૧૦,૦૦૦/–(રૂપિયા દસ હજાર) વત્તા અન્ય ખર્ચ જુદા એ ભાવે ખરીદવાં.

૧૯. યુનિવર્સિટી કાર્યાલય માટે સ્નેકર મશીન માટેના સ્ટેન્સિલ ૧૦૦ (એકસો) બોક્સ મે. ઈન્ડિયન ડુપ્લિકેટર કંપની લિમિટેડ (ગેસ્ટનર) પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય માટે ૧૦૦ (એકસો) બોક્સ–૨૦૦ ક્વાર્ટર્સ સ્ટેન્સિલ સ્કેનર મશીનના મે. ઈન્ડિયન ડુપ્લિકેટર કં. લિમિટેડ પાસેથી તેમના તા. ૨૯–૮–૧૯૮૩ના પત્રમાં જણાવેલ ભાવે અને શરતોએ ખરીદવા.

૨૦. યુનિવર્સિટી કાર્યાલયના વીકી-મોપેડ વાહન નંબર ૧. જી.આર.એ. ૩૬૫૯ ૨. જી.આર.એસ. ૨૩૯૮ અને ૩. જી.આર.એફ. ૭૩૧૩ને રિપેર કરાવવા અંગે વિચારના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વીકી મોપેડ જી.આર.એ. ૩૬૫૯ અને જી. આર. એફ. ૭૩૧૩ને રિપેર કરાવવા અને આ અંગે રૂ. ૪,૦૦૦ (રૂપિયા ચાર હજાર) સુધીનાં ખર્ચ મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જી. આર. એસ. ૨૩૯૮ નંબર ડેડસ્ટોક રજિસ્ટરમાંથી રદ કરી તેના ભાવ મંગાવીને તેને નિકાલ કરવો અને તેની જગ્યાએ એક નવું લ્યૂના મોપેડ કંપનીના ભાવે અને કંપનીની શરતો મુજબ ખરીદવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જાડેજા
કુલસચિવ વતી

परिशिष्ट "क"

DEPARTMENT OF ZOOLOGY
UNIVERSITY SCHOOL OF SCIENCES,
GUJARAT UNIVERSITY,
AHMEDABAD-9.

Statement for Instruments to be purchased

No.	*Item*	*From*	*Amount*
I.	Clarinet System 555	Clarion Polyester laninattes Bangalore	Rs. 16,005=00
II.	Research Cooling Centrifuge	Labtronik Ahmedabad	Rs. 24,770=00
III.	Seitz Filter Assembly with Seitz filter pods	Labtronik Ahmedabad	Rs. 1,385=00
			Rs. 42,160=00

+ All Taxes and other expenses

Prof. V. C. Shah
Professor & Head
Department of Zoology

DEPARTMENT OF ZOOLOGY
UNIVERSITY SCHOOL OF SCIENCES
GUJARAT UNIVERSITY,
AHMEDABAD-9.

Statement for purchase of Instruments as belows :

FOR

	Deptarment of Zoology	*For ICMR Project*
Item No. I	Rs. 16,005=00	—
Item No. II	—	Rs. 24,770=00
Item No. III	Rs. 1,385=00	—
Total	Rs. 17,390=00	Rs. 24,770=00
	+ All taxes and other expenses extra	+ All taxes and other expenses extra

N.B.— For Item No. II amount sanctioned by ICMR is Rs. 30,000/-

V. C. Shah
Prof. & Head

FUME CHAMBER

	T 1/6	*T* 3/6
Prices	15,765=00	20,500=00
Ducting system 5 meters	240=00	2,125=00
	16,005=00	22,625=00
Apro. Freight	320=00	
Packing	900=00	
Instalation	750=00	
Apro. Insurence	320=00	Exise Extra 1% 226=00
Octroi duty	160=00	
Price Rs.	18,455=00	
Taxes Extra	1,600=00	2,262=00
Net Price	20,055=00	25,113=00

Prof. V. C. Shah
Head,
Dept. of Zoology

DEPARTMENT OF ZOOLOGY
UNIVERSITY SCHOOL OF SCIENCES
GUJARAT UNIVERSITY,
AHMEDABAD–9

	T 3/6	*T* 4/6	*T* 5/6	*T* 6/6
Total Price	28,800=00	26,362=00	25,090=00	24,770=00
Taxes	2,880=00	2,636=00	2,509=00	2,470=00
Excise	288=00	—	—	84=00
Octroi	288=00	—	—	247=70
Total	32,256=00	28,998=00	27,599=00	27,562=20
Payment	Through Bank	30 days	15–20 days	15 days

V. C. Shah
Prof. & Head

પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૭૬

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the Gujarat University certify————————————that the withinsigned————————————of————————————having been examined for the Post-Graduate Diploma in Computer Training and having passed the Examination in the————————Class the Diploma in

COMPUTER TRAINING

has been conferred on h at Ahmedabad, on the————day of the month of————————in the year one Thousand Nine hundred and————. In Testimony whereof are set the seal of the University and the signature of the said Chancellor.

.....

CHANCELLOR.

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૮૫

B.ED. ADMISSION CELL
GUJARAT UNIVERSITY
AHMEDABAD-9.

Summary of statements of Remunerations payable to teaching and non-teaching staff members of affiliated colleges who were engaged for B.ED. Admission Cell during 1983-84.

Sr. No.	*Name*	*College/Place*	*Nature of work*	*Attendance*	*Total Remuneration*
1	2	3	4	5	6
1	Prof. C. S. Raval	Prakash College Ahmedabad	Guidance, Form checking	39	820/-
2	Prof. S. P. Trivedi	S. U. G., Ahmedabad	—do—	13	375/-
3	Prof. C. B. Valand	Vivekandand, Ahmedabad	—do—	9	275/-
4	Prof. M. L. Joshi	Modasa	Form checking	8	235/-
5	Prof. G.N. Patel	Mehsana	—do—	7	200/-
6	Prof. R. R. Joshi	Borsad	—do—	6	160/-
7	Prof. S. A. Patel	Mensana	—do—	10	310/-
8	Kum. K. K. Dave	Borsad	—do—	8	210/-
9	Prof. M. B. Patel	Visnagar	Misc. Work, form checking	25	460/-
10	Prof. J. N. Pandya	Vaidya College, Ahmedabad	—do—	27	460/-
11	Prof. S. P. Dixit	—do—	Form checking	8	220/-
12	Prof. P. L. Prajapati	Patan	—do—	7	215/-
13	Prof. I. N. Patel	Patan	—do—	7	200/-
14	Prof. G. G. Chaudhary	Modasa	—do—	5	140/-
15	Smt. Sohiniben Dhruv	S. L. U., Ahmedabad	—do—	5	125/-
16	Smt. Rasagnaben Badsha	—do—	—do—	3	75/-
17	Smt. Brahmagnaben M. Trivedi	—do—	—do—	5	125/-

1	2	3	4	5	6
18	Prof. B. B. Patel	Vaidya College, Ahmedabad	—do—	7	180/-
19	Prof. A. G. Patel	S. U. G.College, Ahmedabad	—do—	8	180/-
20	Prof. P. K. Parekh	—do—	Misc. Work, form checking	11	230/-
21	Prof. N. P. Shukla	Godhra	Form checking	5	130/-
22	Prof. A. L. Pathak	—do—	—do—	4	120/-
23	Prof. H. J. Vyas	Shukla College, Ahmedabad	Supervision & scrutiny work Guidance	121	3,210/-
24	Prof. C. Jodhani	Vivekanand, Ahmedabad	—do—	100	2,580/-
25	Prof. N. K. Patel	Prakash College, Ahmedabad	—do—	93	2,405/-
26	Shri A. B. Amin	Vaidya College, Ahmedabad	Clerical work	43	645/-
27	Shri N. B. Amin	—do—	—do—	21	315/-
28	Shri P. O. Patel	—do—	—do—	112	1,680/-
29	Shri H. P. Chauhan				2,500/-
					18,855/-

The above-mentioned all the members have been so far paid T. A. and D. A. asper rules. The above amount is to be paid only as a lum-sum remuneration to each member for the work done.

In addition to the above amount of remuneration proposed for the various members who performed different type of duties, I, as the Convener of the B.Ed. admissions Cell– recommend that Shri H. P. Chauhan in addition to his normal work as the member of the B. Ed. admission Committee, has attended the Cell full-time, organised the work, looked after all the work of the Cell, spared a lot of time for which he should be offered conveyance allowance for his attendance and Rs. 2,500/- as a token of appreciation for all the pains he has taken for the completion of this work.

(G. B. Parikh)
Convener
B.Ed. admission, Cell, Gujarat University,
Ahmedabad–380 009.

Statements of Remunerations

B.ED. ADMISSION CELL
GUJARAT UNIVERSITY
AHMEDABAD-9.

Statement showing the remunerations proposed to sanction to University non-teaching staff members who have work during B.Ed. Admission Cell.

Sl. No.	*Name*	*Department*	Rs. 600.00
1	Shri S. R. Parmar	Senior Assistant School of Psy. Edu. & Philosophy.	600-00
2	Smt. M. B. Patel	Junior Clerk (Lib.) School of Psy. Edu. & Philosophy.	200-00
3	Shri P.M. Makwana	Peon School of Psy. Edu. & Philosophy.	150-00
4	Shri N. N. Shukla	Asstt. Cashier University office	250-00
5	Shri D. J. Shah	Senior Assistant University office	200-00
6	Shri M. B. Dave	Head Clerk University office	300-00
7	Shri U. J. Trivedi	Senior Assistant University office	200-00
8	Shri R. N. Soni	Junior Clerk School of Psy. Education and Philosophy.	100-00
		Total :	2,000-00

Ahmedabad-9
27th October, 1983.

Convener
Admission Committee for
B.Ed. in Education Colleges,
Gujarat University, Ahmedabad-9.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯